# પુલ્પિટ હેલ્પ્સ

## ભાગ - ૨



રેવ. બી. એસ. પરમાર

28BGP2

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

# Pulpit Helps

## પુલ્પિટ હેલ્પ્સ

### ભાગ - ૨

[ઉપદેશ માટે ઉપયોગી ઉદાહરણો]

: સંકલનકાર :

રેવ. બી. એસ. પરમાર

- **પુલ્પિટ હેલ્પ્સ ભાગ - ૨**

- સંકલનકાર :
**રેવ. બી. એસ. પરમાર**

- પ્રકાશક
**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી**
સાહિત્ય સેવાસદન એલિસબ્રિજ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૬.
ફોન : ૬૪૪૫૨૮૧

- પ્રથમ આવૃત્તિ ૧૯૯૫
બીજી આવૃત્તિ જૂન, ૨૦૦૦

- **મૂલ્ય** : રૂા. ૩૦-૦૦

- **પ્રત** : ૧૦૦૦

- મુદ્રક
**ફોટ્રોનિક્સ**
ભરવાડા હાઉસ,
જૂની હાઇકોર્ટ રેલવે ક્રોસિંગ પાસે, નવરંગપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૦૯. ફોન : ૬૪૨૭૪૪૮



**શ્રી મોઝીસ કહાનજી પેટ્રિક (એમ. સી. પેટ્રિક)**

તેમના પિતાશ્રી રેવ. કહાનજીભાઈ પ્રેમાભાઈનો જન્મ ૧૮૬૧માં ખઢાણા તાબે પંડોળી નામના ગામમાં થયો હતો. તેમના પિતાશ્રી પ્રેમાભાઈએ સ્વ. જે. વી. એસ. ટેલર સાહેબને પંડોળીમાંનું પોતાનું ઘર અર્પણ કરેલું જેમાં નિશાળ શરૂ કરવામાં આવેલ.

ઈશ્વર વિદ્યાશાળા ૧૮૯૨માં શરૂ થઈ ત્યારે રેવ. કહાનજીભાઈ પ્રથમ ૧૪ વિદ્યાર્થીમાંના એક હતા. ડૉ. બાર્કલી સાહેબે ધર્મોપદેશકનું કામ કરવાનો પરવાનો ૧૯૦૦માં આપ્યો ત્યારે ખંભાત, બોરસદ, આમોદ, પંડોળી, ડીસાકેમ્પ, ભાવનગર, વાલેસપુર વગેરે ગામોમાં કાર્ય કર્યું. ખંભાતમાં રહ્યા ત્યારે ઉર્દૂનો અભ્યાસ કરી "જૈનબ"નો ગુજરાતી તરજૂમો કરી પુસ્તક ટ્રાક્ટ સોસાયટીને અર્પણ કર્યું, જે

ગુજરાતીમાં પ્રગટ થઈ. ૧૯૧૨માં ખઢાણા મંડળીના પાળક તરીકે સેવા કરી નિવૃત્ત થયાં.

આવા પાળક પિતાના મોટા દીકરા તે મોઝીસભાઈ સને ૧૮-૨-૧૮૯૭માં તેમનો જન્મ થયો. મેટ્રિક થઈ સ્ટેનોગ્રાફરનો કોર્સ કર્યો. ૧૯૨૦ની સાલમાં દક્ષિણપર્સીયામાં કીરકી મીલીટરી કેમ્પમાં બે વર્ષ કાર્ય કર્યું. પછી મેટ્રોપોલીટન વીકર્સ ઇલેક્ટ્રિકલ કાું. અમદાવાદમાં જોડાયા. શ્રી રણછોડલાલ અમૃતલાલ શોધન સાથે ૭ વર્ષ કાર્ય કર્યું. ૧૯૩૯માં ધ ઓરીએન્ટલ કં. (લાઈફ ઈન્સ્યુરન્સ કં.)માં જોડાયા અને ૧૯૫૭માં રિટાયર્ડ થયા. સ્વભાવે નમ્ર, પ્રામાણિક, અન્યને મદદરૂપ થવાની ભાવના રાખી કાર્ય કરતા જેથી તેમના દરેક કાર્યક્ષેત્રમાં બધાં તેમનું માન રાખતા. પોતાની બહેનોના બાળકો ઉપર ખૂબ જ હેત રાખી તેમને દરેક રીતે મદદ કરતાં.

તેમનાં પ્રથમ લગ્ન ૧૯૨૫માં સોનાબહેન સાથે થયાં. તેમનાથી તેમને બે દીકરા થયાં. ૧૯૩૪માં સોનાબહેન પ્રભુમાં ઊંઘી ગયા.

તેમના બીજા લગ્ન ૨૫-૫-૧૯૩૫માં જયકુંવરબહેન સાથે રાણીપુર થયાં. તેમનાથી એક દીકરો અને બે દીકરીઓ થયાં.

મોઝીસભાઈ ૨૨-૧૦-૬૮ના રોજ પ્રભુમાં સદાના વિસામામાં પ્રવેશ્યા.



**શ્રીમતિ જયકુંવરબહેન મોઝીસ પેટ્રિક**

સને ૧૮૫૫માં રેવ. મૂર સાહેબની નિમણૂક અમદાવાદ થઈ. તેમણે અમદાવાદની નજીક દક્ષિણે ચારેક ગાઉ ઉપર સરકાર પાસેથી શાહવાડી ગામ પાસે ૩૦૦ એકર જમીન મેળવી. તેમાં પ્રથમ બોરસદથી ૧૩ કુટુંબોને ત્યાં વસવા મોકલ્યા. મહારાણી વિકટોરીયાના શાંતિ ભરેલા અમલમાં આ પુર બાંધવામાં આવ્યું. આથી તેનું નામ રાણીપુર પડયું. તેમાંના કાળીદાસભાઈના કુટુંબના વડા દીકરા દાનિયેલ સાથે વાલેસપુર મંડળીના દયાકુંવરબહેનના લગ્ન થયાં અને તે કુટુંબમાં ૩-૩-૧૯૧૩ના દિવસે દીકરીનો જન્મ થયો તેમનું નામ જયકુંવર પાડવામાં આવ્યું.

નાનપણમાં પિતાનું અવસાન થતાં તેમને આણંદ મિશનમાં મૂકવામાં આવ્યા, જ્યાં ૧૯૨૯માં વર્નાક્યુલર ફાઈનલ પરીક્ષા

પાસ કરી પછી, ધ મેરી બ્રાઉન મેમોરીયલ ટ્રેનિંગ કોલેજ, બોરસદમાં પ્રાયમરી ટીચર્સ બીજું વર્ષ ૧૯૩૨માં સંગીત વધારાના વિષય સાથે પાસ કરી અને તરત જ સૂરત મિશન હાઇસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા. ૧૯૩૫માં શિક્ષિકા તરીકે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદમાં જોડાયા. ૧૯૫૪માં એસ.એસ.સી. પરીક્ષા પાસ કરી ૧૯૬૦ સિનિયર અધ્યાપન પરીક્ષા પાસ કરી. ગુજરાત વિદ્યાપીઠમાં ઉદ્યોગની અને વ્યાયામ વિદ્યાલયમાં વ્યાયામની તાલીમ લીધી. સને ૧૯૫૮માં આચાર્યા બન્યા. બાર વર્ષ આચાર્યાનું પદ શોભાવ્યું. તેમાં છેલ્લા પાંચ વર્ષ પ્રયોગશાળા સ્કૂલમાં રહ્યા. ૧૯૭૧માં રિટાયર્ડ થયા.

તા. ૨૫-૫-૧૯૩૫માં તેમના લગ્ન શ્રી મોઝીસભાઈ સાથે થયાં. લગ્નબાદ આઈ. પી. મિશન ચર્ચ, રાયખડમાં મંડળીની દર રવિવારની સવારની ભજનસેવામાં ગીત ઉપાડવાનું કાર્ય તેઓ પોતાના સુમધુર રાગથી કરતા. મંડળીમાં સુવાર્તા પ્રચારના કાર્યમાં હમેશાં જોડાતા અને કાર્ય કરતા. ૧૯૫૦ની સાલથી પંચ તરીકે ઘણાં વર્ષો કાર્ય કર્યું. રાયખડ સન્ડે સ્કૂલમાં શિક્ષક તરીકે અને ત્યારબાદ ખાનપુરમાં સન્ડે સ્કૂલ શરૂ કરી ત્યારે તેમાં કાર્ય કર્યું. એડહોક સમિતિમાં પણ ઘણા વર્ષો કાર્ય કર્યું. ૧૯૮૧માં સી. એન. આઈ. રાયખડમાં અને ૧૯૮૩માં રાણીપુર સી. એન. આઈ. ચર્ચમાં વી. બી. એસ. ડાયરેક્ટર તરીકે સેવા કરી.

હસમુખો સ્વભાવ અને સ્પષ્ટવક્તા, મિલનસાર હતા. તેમના ઓરમાન અને પોતાના બાળકો વચ્ચે ભેદભાવ રાખ્યો ન હતો. તેમજ તેમના નણંદોના બાળકોને પણ પ્રેમથી દરેક પ્રકારની મદદ કરતા.

૨૭-૩-૧૯૮૬માં તેઓ પ્રભુના સદાના વિસામામાં પ્રવેશ્યા અને ૨૮-૩-૮૬ના શુભ શુક્રવારે તેમની દફનક્રિયા કરવામાં આવી.

# પ્રસ્તાવના

તેઓ એક સફળ પ્રભુના સેવક હતા, પાળક તરીકે અને સુવાર્તિક તરીકે. એક દિવસે તેમણે તેમના બીજા એક પાળક મિત્રને ફોન કર્યો. જોન, સંદેશા દ્વારા જે સત્ય હું મારા લોકોને સમજાવવા માગું છું, તેને માટે એક એક સરસ પુલ્પિટ ઉદાહરણ આપ, અને કોઈ દિવસે હું તને એના પાંચ ડૉલર આપીશ. પરંતુ એ ઉદાહરણ એવું હોવું જોઈએ કે, જેના દ્વારા હું જે બાઇબલનું સત્ય લોકોને સમજાવવા માગું છું, તે તેઓ સરળતાથી સમજે, તેમનાં મન ખુલ્લાં થાય, અને તેમનાં હૃદયનો સ્પર્શી શકે.

"A good pulpit sotry."

પાળકને - ઉપદેશકને માટે સારું ઉદાહરણ પાંચ રૂપિયા કે પાંચ ડૉલરથી વધારે મહત્ત્વનું છે.

ઘણા બધા પાળક મિત્રોએ મૌખિક રીતે તેમ જ પત્રો દ્વારા જણાવ્યું કે, ૧૯૯૩ના અંત ભાગમાં બહાર પડેલું ''પુલ્પિટ હેલ્પ્સ'' તેઓને ઘણી બધી રીતે ઉપયોગી સાબિત થયું છે; અને મને તેનો હૈયે આનંદ છે. પ્રભુમાં કોઈ કામ નિરર્થક જતું નથી. ત્યાર પછીના સમયમાં શ્રી ભગવતપ્રસાદ ચૌહાણ અને શ્રી કેલ્વીન સી. માસ્ટર વારંવાર ઉત્તેજન આપતાં કહેતા, કે હવે ''પુલ્પિટ હેલ્પ્સ''નો બીજો ભાગ લખો. પ્રથમ પુસ્તકને મળેલો આવકાર અને આ મિત્રોના ઉત્તેજનથી, ઘણાં મનોમંથનો બાદ, આ બીજો ભાગ તૈયાર થયો. જે આપની સમક્ષ મૂકું છું. આશા છે કે તેને પણ પાળકો, સુવાર્તિકો, ઉપદેશકો અને વાચકો દ્વારા આવકાર મળી જ રહેશે.

આ બીજા ભાગમાં ૧૦૧ ઉપયોગી અને અસરકારક ઉદાહરણો ટાંકવામાં આવ્યા છે. ઉપરાંત પાળકોને ઉપયોગી થઈ શકે એ હેતુથી થોડાક સંદેશાઓની રૂપરેખા પણ આપવામાં આવી છે. આ રૂપરેખાની મદદ લઈ - તેમાં યોગ્ય ઉદાહરણ મૂકી, સંદેશો તૈયાર કરવામાં પાળકોને મદદ મળી રહે એ જ માત્ર હેતુ છે.

આ પુસ્તકનું નામ જ "પુલ્પિટ હેલ્પ્સ" રાખવામાં આવ્યું છે, એટલે કે પુલ્પિટ ઉપર જનાર સેવકને થોડી ઘણી સહાય-મદદ મળે એ જ આ પુસ્તકનો હેતુ છે. ખરી સહાય અને દોરવણી તો પવિત્ર આત્માની છે.

આ પુસ્તકમાં સમાયેલા ઉદાહરણો એ બાળકો માટેની મનોરંજન પીરસતી વાર્તાઓ નથી; પરંતુ એમાં સંદેશો સમાયેલો છે, એમાં સત્ય ઢંકાયેલું છે. આથી પ્રાર્થનાપૂર્વક અને મન ખુલ્લું રાખીને વાંચવા અને એનો ઉપયોગ કરવા વિનંતી છે. આશા છે કે તમને ગમશે.

પુલ્પિટ હેલ્પ્સ ભાગ - ૧ લો અને ભાગ - ૨જાની આમુખ લખવા માટે ડૉ. રેવ. આર. એમ. રાઠોડ સાહેબનો આભાર માનું છું. તે ઉપરાંત પુલ્પિટ હેલ્પ્સનો બીજો ભાગ છપાવી - પ્રસિદ્ધ કરવા બદલ ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીનો આભાર માનું છું.

**રેવ. બી. એસ. પરમાર**
મેથોડિસ્ટ ચર્ચ
શાહપુર, અમદાવાદ.

# પ્રથમ આવૃત્તિ - આમુખ

બહુ જ થોડા સમય પહેલાં ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી દ્વારા રેવ. બી. એસ. પરમારે લખેલું "પુલ્પિટ હેલ્પ્સ" નામનું પુસ્તક બહાર પાડવામાં આવ્યું. આ પુસ્તકને ગુજરાતની તમામ મંડળીઓએ બહુ જ ઉમંગથી વધાવી લીધું - ખાસ કરીને પાળક વર્ગે.

ફરી એક વાર રેવ. બી. એસ. પરમાર આપણા અભિનંદનના પાત્ર બન્યા છે, અને પુલ્પિટ હેલ્પ્સનો બીજો ભાગ તૈયાર કરી છપાવવા માટે ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીને આપ્યો છે.

આ પુસ્તક પણ મેં બહુ જ ધ્યાનથી અને આનંદથી વાંચ્યું. ખૂબ જ ગમ્યું. પાળક વર્ગને ઘણું જ ઉપયોગી બની રહેશે તેમાં જરા પણ શક નથી.

આ વખતે રેવ. પરમાર તેમાં એક નવીનતા લાવ્યા છે. પાળકોને ઉપયોગી બને - સમય બચે માટે ઘણા જ અસરકારક એવા થોડા સંદેશાઓની રૂપરેખા પણ આપી છે. રેવ. પરમાર પોતે પણ એક સારા લેખક છે અને ઉત્તમ વક્તા પણ છે.

આ પુસ્તકનું આમુખ લખતાં મને આનંદ થાય છે, કારણ કે ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના પ્રમુખ તરીકે હું ગૌરવ અનુભવું છું. તે ઉપરાંત મરહૂમ પ્રો. ધનજીભાઈ ફકીરચંદનું જે ટ્રસ્ટ છે. જેનો હું શરૂઆતથી જ ટ્રસ્ટી છું, તે ટ્રસ્ટનો વહીવટ પણ હવે મહેરબાન ચેરિટી કમિશ્નર સાહેબે ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીને સોંપ્યો છે.

આ પુસ્તકની છપામણી માટે આ ટ્રસ્ટમાંથી રૂપિયા દશ હજારનું ઉદાર દાન આપવામાં આવ્યું છે. આ ટ્રસ્ટ દ્વારા આ પ્રથમ પુસ્તક પેટે દાન આપવામાં આવ્યું છે જે નોંધપાત્ર છે. મરહૂમ પ્રો. ધનજીભાઈની ઇચ્છા હતી કે તેમના ટ્રસ્ટ દ્વારા આત્મિક તથા નૈતિક બાબતોને લગતાં પુસ્તકો છપાવવામાં આવે.

આ પુસ્તક ગુજરાતની તમામ મંડળીઓને ઘણું જ ઉપયોગી બનશે એ આશા સાથે વીરમું છું.

લિ. ખ્રિસ્તમાં સેવક
**આર. એમ. રાઠોડ**
પ્રમુખ
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

# દ્વિતીય આવૃત્તિની પ્રસ્તાવના

'પુલ્પિટ હેલ્પ્સ' ભાગ-૨નું પુનઃ પ્રકાશન કરતાં ઈશ્વરપિતા પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ. રેવ. બી. એસ. પરમારસાહેબ દ્વારા સંકલિત આ પુસ્તકની બીજી આવૃત્તિ એ બાબતની ખાતરી આપે છે કે, આ પુસ્તક દ્વારા લાંબા સમયની આપણી મંડળીની એક મહત્ત્વની જરૂરિયાત પૂરી પાડવામાં આવી છે.

જાહેરમાં સંદેશો કે શિક્ષણ આપવું એ ઈશ્વર દ્વારા સોંપાયેલ એક મહત્ત્વની સેવા છે. જાહેર ભજનસેવા, બાઇબલ અભ્યાસ અને વિવિધ રજૂઆતોમાં ઉદાહરણો અને અવતરણો જે તે રજૂઆતને સમજવા અને સ્વીકારવા માટે ખૂબ મહત્ત્વનું સાધન પુરવાર થાય છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તે પોતે પણ ઈશ્વરના રાજ્યની સુવાર્તા પ્રગટ કરતાં રોજબરોજના બનાવો, આજુબાજુની વસ્તુઓ અને વ્યક્તિઓનો ઉપયોગ કરીને સંદેશો પહોંચાડવાનો ઉત્તમ માર્ગ સ્વીકાર્યો હતો. તે દિશામાં આ પુસ્તક પુનઃપ્રકાશિત થઈ રહ્યું છે તેનો અમને ખૂબ ખૂબ આનંદ છે. તે બદલ લેખકને ફરી અભિનંદન પાઠવીએ છીએ અને આ પુસ્તકનો ઉપયોગ અન્ય બે પુસ્તક પુલ્પિટ હેલ્પ્સ, ભાગ-૧ અને ભાગ-૩ની સાથે સાથે વિસ્તરતો જશે એવી અમને ખાતરી છે. અને આમ આપણી પુલ્પિટોની ઉપદેશ અને શિક્ષણની સેવા વધુ અસરકારક અને પરિણામદાયી બની રહેશે તેવી પ્રાર્થના પરમકૃપાળુ ઈશ્વરપિતાને અમે કરીએ છીએ.

આ પુસ્તક પ્રકાશન માટે અમદાવાદના શ્રીમતી જોઇસબહેન પેટ્રિક તરફથી સ્વ. માતા જયકુંવરબહેન પેટ્રિક અને પિતા સ્વ. શ્રી મોઝીસ સી. પેટ્રિકના સ્મરણાર્થે રૂા. ૧૦,૦૦૦/-નું ઉદાર દાન પ્રાપ્ત થયું છે તે બદલ સર્વ સ્નેહીજનોનો અંતરના ઊંડાણથી આભાર માનીએ છીએ. ઈશ્વરપિતા તે બદલ તેમને અનેકવિધ આશીર્વાદોથી વેષ્ટિત કરો એજ હૃદયની પ્રાર્થના છે.

એજ સાથી સેવક,
**રેવ. નિકોલસ પરમાર**
સેક્રેટરી
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

મે-૨૦૦૦

# અનુક્રમણિકા


| ક્રમ | | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૧ | વિજય પથ | ૧ |
| ૨ | બિથૂનિયા કે ત્રોઆસ | ૩ |
| ૩ | રૂમાનિયાનાં નિરાધાર બાળકો | ૫ |
| ૪ | પરફેકટ ક્રાઈમ | ૬ |
| ૫ | ઈશ્વરનાં વચનોનું પરાક્રમ | ૮ |
| ૬ | શિષ્યોની પસંદગીનો આધુનિક માપદંડ | ૧૦ |
| ૭ | શાંતિ, શ્રદ્ધા અને સામર્થ્ય | ૧૩ |
| ૮ | મેં મારી ફરજ બરાબર બજાવી છે | ૧૫ |
| ૯ | નોર્વેજિયનની પ્રાર્થના | ૧૯ |
| ૧૦ | ચાર્લ્સ ડારવિન | ૨૦ |
| ૧૧ | તારાં સગાંઓની પાસે જા | ૨૧ |
| ૧૨ | ચર્ચમાં આગ લાગી | ૨૨ |
| ૧૩ | દાન આપવાની રીત | ૨૩ |
| ૧૪ | વ્લાડીમીર લેનીન નાસ્તિક કેમ બન્યો? | ૨૪ |
| ૧૫ | બિશપ આમોનાની હમદર્દી | ૨૫ |
| ૧૬ | તમે પણ એવું જ કર્યું હોત! | ૨૬ |
| ૧૭ | ગુરુનોય ગુરુ | ૨૮ |
| ૧૮ | યૂસફની સુંદરતા | ૩૧ |

| | | |
|---|---|---|
| ૧૯ | તમારાં પગલાં | ૩૩ |
| ૨૦ | તેં તારી પત્નીની વાત માની | ૩૫ |
| ૨૧ | વી. આઈ. પી. | ૩૭ |
| ૨૨ | ચિંતા શાને? | ૩૯ |
| ૨૩ | સુખની વ્યાખ્યા શી? | ૪૦ |
| ૨૪ | અડધું બાઇબલ | ૪૧ |
| ૨૫ | યહોવાની મરજી તેને કચરવાની હતી | ૪૨ |
| ૨૬ | એક કોયડો | ૪૪ |
| ૨૭ | સ્વર્ગનું સંગીત | ૪૫ |
| ૨૮ | પસંદગી | ૪૭ |
| ૨૯ | કદરૂપા માણસો - મહાન માણસો | ૪૯ |
| ૩૦ | ઘા | ૫૧ |
| ૩૧ | બીજાં બધાં વાનાં | ૫૨ |
| ૩૨ | અને તે મરી ગયો | ૫૩ |
| ૩૩ | સ્વપ્ન | ૫૪ |
| ૩૪ | પ્રેમમાં ભય નથી | ૫૫ |
| ૩૫ | કબરસ્તાનને પેલે છેડે | ૫૭ |
| ૩૬ | ચેતવણી | ૫૯ |
| ૩૭ | એકલાપણું | ૬૦ |
| ૩૮ | આકાશમાંથી પાણી રેડયું | ૬૨ |
| ૩૯ | નાયગરાનો ધોધ | ૬૪ |

| | | |
|---|---|---|
| ૪૦ | મહાન અપંગ માનવી | ૬૪ |
| ૪૧ | પ્રકાશતો દીવો | ૬૬ |
| ૪૨ | મેં એનો કદી વિચાર કર્યો નથી | ૬૭ |
| ૪૩ | ડ્રાઉં ડ્રાઉં કરતાં દેડકાં | ૬૯ |
| ૪૪ | પ્રાર્થનામાં જોડાયેલા હાથ | ૭૦ |
| ૪૫ | હેન્ડલનું પ્રખ્યાત મસાયા સંગીત | ૭૨ |
| ૪૬ | આપો અને તમને અપાશે | ૭૪ |
| ૪૭ | વૃદ્ધ માણસનું માયાળુપણું | ૭૬ |
| ૪૮ | ભેટ | ૭૮ |
| ૪૯ | પ્રિન્સ ઓફ પીસ | ૮૦ |
| ૫૦ | બાળવાને સારુ તૈયાર | ૮૧ |
| ૫૧ | વરસાદ માટે પ્રાર્થના | ૮૩ |
| ૫૨ | નવ ડોલરની મૂંઝવણ | ૮૫ |
| ૫૩ | ભંગીત હૃદય | ૮૭ |
| ૫૪ | સર્જનના હાથ | ૮૯ |
| ૫૫ | વિજયવંત જીવન | ૯૧ |
| ૫૬ | ડેડી પરિસ્થિતિ સંભાળી શક્યા નહિ | ૯૩ |
| ૫૭ | મરણની બીક | ૯૫ |
| ૫૮ | સેવાનું પરિણામ | ૯૭ |
| ૫૯ | ભૂલ સુધારી લો | ૯૯ |
| ૬૦ | પૃથ્વી પરનો છેલ્લો દિવસ | ૧૦૧ |

| | | |
|---|---|---|
| ૬૧ | તોલ - માપ | ૧૦૩ |
| ૬૨ | ટેલિફોન ઓપરેટર | ૧૦૪ |
| ૬૩ | શાબાશ, વિશ્વાસુ ચાકર | ૧૦૬ |
| ૬૪ | જાત અનુભવ | ૧૦૮ |
| ૬૫ | વધતું જતું અંતર | ૧૧૦ |
| ૬૬ | નર્કની શિક્ષા | ૧૧૧ |
| ૬૭ | સફળ સેવાનું રહસ્ય | ૧૧૩ |
| ૬૮ | હું તને ઘણા પર ઠરાવીશ | ૧૧૪ |
| ૬૯ | થોડામાં વિશ્વાસુ | ૧૧૬ |
| ૭૦ | ઈશ્વર, હાથમાં રૂમાલ સાથે | ૧૧૮ |
| ૭૧ | દેવની શાંતિ | ૧૨૦ |
| ૭૨ | મદદગાર | ૧૨૧ |
| ૭૩ | ખ્રિસ્તની પ્રીતિ ફરજ પાડે છે | ૧૨૩ |
| ૭૪ | માણસ માત્ર, ભૂલને પાત્ર | ૧૨૪ |
| ૭૫ | સમ્રાટ નેપોલિયનનો કરુણ અંત | ૧૨૭ |
| ૭૬ | મનાશ્શેહ | ૧૩૦ |
| ૭૭ | દેવનું અવાચ્ય દાન | ૧૩૨ |
| ૭૮ | ઈશ્વર જ્યારે પીઠ ફેરવે છે | ૧૩૪ |
| ૭૯ | બાબેલનો ટાવર | ૧૩૬ |
| ૮૦ | સઘળું હિતકારક | ૧૩૮ |
| ૮૧ | વારસો | ૧૪૦ |

| | | |
|---|---|---|
| ૮૨ | અંધકારના ઓળા | ૧૪૧ |
| ૮૩ | તેનાં ચંપલ ઊંચકવા હું યોગ્ય નથી | ૧૪૩ |
| ૮૪ | કાયર ન થઈએ તો | ૧૪૫ |
| ૮૫ | બેવડી નાગરિકતા | ૧૪૬ |
| ૮૬ | સંતોને ઓગાળી નાખો | ૧૪૭ |
| ૮૭ | માતાઓ અને પિતાઓને | ૧૪૮ |
| ૮૮ | તમે મને સાંભળી શકો છો? | ૧૪૯ |
| ૮૯ | દૂધમાં અને દહીંમાં | ૧૫૧ |
| ૯૦ | ધનવાન ગરીબ | ૧૫૩ |
| ૯૧ | સંતોષી સદા સુખી | ૧૫૪ |
| ૯૨ | અંત સુધી | ૧૫૬ |
| ૯૩ | ધન્યતા ભરેલી ખાતરી | ૧૫૮ |
| ૯૪ | એ ઘડી અને એ સમય | ૧૬૦ |
| ૯૫ | શરીર યંત્ર | ૧૬૨ |
| ૯૬ | પ્રામાણિક ગાય | ૧૬૪ |
| ૯૭ | અને શાસ્ત્રીજી રડી પડયા | ૧૬૬ |
| ૯૮ | ઝીણો તોપણ રાઈનો દાણો | ૧૬૭ |
| ૯૯ | બિશપનું જૂઠાણું | ૧૬૮ |
| ૧૦૦ | નમ્રતા | ૧૭૦ |
| ૧૦૧ | પ્રેરિત પાઉલની નમ્રતામાં વૃદ્ધિ | ૧૭૧ |
| ૧૦૨ | સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ હોતી નથી | ૧૭૨ |

# સંદેશાની રૂપરેખા


| ક્રમ | | પાન નંબર |
|---|---|---|
| ૧ | ગુડફ્રાઈડે માટે જવાબદાર કોણ? | ૧૭૬ |
| ૨ | દુઃખ સહન સપ્તાહની વ્યક્તિઓ | ૧૭૭ |
| ૩ | શેતાનનાં જૂઠાણાં | ૧૭૯ |
| ૪ | મફીબોશેથ | ૧૮૧ |
| ૫ | શું માણસ ઈશ્વરને લૂંટે? | ૧૮૩ |
| ૬ | સંગત | ૧૮૫ |
| ૭ | ભાંગેલી વસ્તુઓ | ૧૮૭ |
| ૮ | ઓનેસિફરસ | ૧૮૯ |
| ૯ | ફેલિક્સ | ૧૯૨ |
| ૧૦ | જયેષ્ઠપણું | ૧૯૫ |
| ૧૧ | ચારનો આંકડો | ૧૯૮ |
| ૧૨ | નવું વર્ષ - વર્ષનો પ્રથમ દિવસ | ૨૦૦ |
| ૧૩ | ઇસ્ટર - ઇતિહાસનો સૌથી મહાન બનાવ | ૨૦૨ |
| ૧૪ | પામ સન્ડે - ઈસુ રડયો - ઈસુ ગુસ્સે થયો | ૨૦૪ |
| ૧૫ | મૂસા | ૨૦૬ |
| ૧૬ | કરિંથનું નાળું | ૨૦૮ |
| ૧૭ | ત્રણ બદલાણ | ૨૧૦ |
| ૧૮ | પિતૃદિન | ૨૧૨ |

| | | |
|---|---|---|
| ૧૯ | પ્રભુ પક્ષપાત કરતો નથી | ૨૧૫ |
| ૨૦ | ત્રણ આપઘાત | ૨૧૭ |
| ૨૧ | ચાર માર્ગ | ૨૧૮ |
| ૨૨ | ઈસુની વંશાવળી | ૨૨૦ |
| ૨૩ | ઈસુનું મન | ૨૨૨ |
| ૨૪ | ત્રણ રાજ્યાભિષેક - ત્રણ મુગટ | ૨૨૪ |
| ૨૫ | લુતની વહુને સંભારો | ૨૨૬ |
| | વિધાનો | ૨૨૮ |

# ૧. વિજય પથ

એક ગરીબ છોકરો હતો. મા વગરનો છોકરો હતો. નાનપણમાં જ એની મા મરણ પામી હતી, અવસ્થા ગરીબ હતી. સ્કૂલની ફી અને પુસ્તકોના પૈસા હતા નહિ. રહેવા માટે નાની ઝૂંપડી હતી, છતાં ખૂબ મહેનત કરીને આ છોકરો ભણ્યો, ખૂબ ભણ્યો અને વકીલ બન્યો.

વર્ષો પછી રાજ્યસભાની ચૂંટણી લડયો પણ હારી ગયો.

ત્યાર બાદ ધંધો શરૂ કર્યો, પણ એમાં એના ભાગીદારે એને દેવામાં ઉતારી દીધો.

આ માણસ એક છોકરીના પ્રેમમાં પડયો, પણ એનાં લગ્ન થાય એ પહેલાં જ આ છોકરી મરણ પામી.

ત્યાર બાદ કોંગ્રેસમાં દાખલ થઈને એક ટર્મ સુધી રહ્યો, પણ બીજી ટર્મમાં ચૂંટણી હારી ગયો.

અમેરિકાની લેન્ડ ઓફિસમાં નોકરી માટે તેણે પ્રયત્નો કર્યાં, પણ તેમાં તે નિષ્ફળ ગયો, એ નોકરી તેને મળી નહિ.

ત્યાર બાદ વિવ્યાનોના મંડળમાં લેકચરર તરીકે જવા પ્રયત્નો કર્યા પણ એમાં સ્થાન મળ્યું નહિ.

ત્યાર પછી અમેરિકાની યુનાઈટેડ સ્ટેટના સેનેટ બનવા પ્રયત્નો કર્યા, ચૂંટણી લડયો પણ હારી ગયો.

પછી યુનાઈટેડ સ્ટેટ ઑફ અમેરિકાના ઉપ-પ્રમુખ બનવા પ્રયત્નો કરી જોયા, ચૂંટણીમાં ઝંપલાવ્યું પણ નિષ્ફળતા મળી.

અને છેલ્લે... તેને એસેસીન બુલેટથી વીંધી નાખવામાં આવ્યો, તેનું ખૂન કરવામાં આવ્યું.

આ વ્યક્તિએ જીવનમાં હાર અને નિષ્ફળતાઓ પચાવી અને જગતના ઇતિહાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.

આ વ્યક્તિ કોણ? વિજય પથ ઉપર ડગલાં ભરનાર અમેરિકાના મહાન પ્રમુખ અબ્રાહમ લીંકન. ગુલામીની પ્રથા નાબુદ કરાવનાર અબ્રાહમ લીંકને દુનિયાને બતાવી આપ્યું, કે નિષ્ફળતાઓ વિજયનું પગથિયું બની શકે છે. વિજય પથ પર આગળ વધવા માટે એક એક નિષ્ફળતા એ એક એક પગથિયું છે.

## ૨. બિથૂનિયા કે ત્રોઆસ

પ્રેરિત પાઉલ અને તેના સાથીઓ સુવાર્તા પ્રચારની મુસાફરીમાં નીકળ્યા છે. પાઉલની બહુ ઇચ્છા હતી કે તે બિથૂનિયા જાય. પણ પવિત્ર આત્માએ તેઓને ત્યાં જવાની મના કરી અને તેમને ત્રોઆસ જવું પડયું. ત્રોઆસ જવાની ઇચ્છા નહોતી છતાં ત્યાં જવું પડયું. (પ્રે. કૃત્ય ૧૬; ૬-૧૦)

બોસ્ટન શહેરમાં ઘણા પ્રભુમંદિરો આવેલાં છે. એમાંના એક ટ્રીનીટી ચર્ચના કંપાઉન્ડમાં એક પૂતળું મૂકવામાં આવ્યું છે. આ પૂતળું એ મંડળીના પાળક ફિલિપ્સ બ્રુક્સનું છે. કોઈ મંડળીએ પોતાના પાળકનું સ્ટેચ્યુ ચર્ચના કંપાઉન્ડમાં મૂક્યું હોય એવા દાખલા નથી. પણ બોસ્ટન શહેરના ટ્રીનીટી ચર્ચના કંપાઉન્ડમાં છે.

આ ફિલિપ્સ બ્રુક્સનું સ્વપ્ન હતું શિક્ષક બનવાનું. આ તેની ઇચ્છા હતી, આ તેનું ધ્યેય હતું. આ એનું બિથૂનિયા હતું. તે તાલીમ લઈને શિક્ષક તો બની ગયો પણ તેમાં નિષ્ફળતા મળી, અને તેને પાળક થવું પડયું. ત્રોઆસ જવું પડયું. પરંતુ પાળક તરીકે તે ખૂબ સફળ રહ્યો અને ઘણા આત્માઓને બચાવી શક્યો.

★ ★ ★

જ્યોર્જ હોવ નામના એક જુવાનને પાળક થવું હતું. આ એનું ધ્યેય હતું. આ એનું બિથૂનિયા હતું. તે પ્રાર્થના સાથે ઈશ્વરવિદ્યાની તાલીમ માટે સેમીનરીમાં ગયો. તે હોંશિયાર હતો, અભ્યાસમાં ઘણાં ઈનામો જીત્યો અને પાળકની સેવા માટે પોતાને તૈયાર કર્યો, પરંતુ બિથૂનિયાને બદલે તેને ત્રોઆસ જવું પડયું. ધર્મસેવામાં પોતાની નિમણૂક પર જવાને બદલે તેને હોસ્પિટલમાં

જવું પડયું. ત્યાં ઘણો વખત રહેવું પડયું. ઉપદેશ કરવાની તેની ઘણી ઇચ્છા હતી, પરંતુ એક પણ ઉપદેશ કર્યા વગર જ હોસ્પિટલની પથારીમાં તે મરણ પામ્યો.

દુનિયાના રેકોર્ડમાં જ્યોર્જ હોવનો રેકોર્ડ તદ્દન કોરો છે. એક પણ ભાષણ વગરનો તદ્દન કોરો રેકોર્ડ. પરંતુ ઈશ્વરના રેકોર્ડમાં કદાપી મહાન ઉપદેશક તરીકે નોંધાઈ ગયો હશે.

બિથૂનિયા જવાની ઇચ્છા હોય અને ત્રોઆસ જવું પડે તો નિરાશ થશો નહિ.

## ૩. રૂમાનિયાનાં નિરાધાર બાળકો

૧૯૮૯ની સાલમાં રૂમાનિયામાં નિકોલા કેસેક્યુ નામનો આગેવાન થઈ ગયો. તેના વખતમાં રૂમાનિયાના અનાથાશ્રમો ગરીબ, ગંદાં, ભૂખ્યાં અને માંદાં બાળકોથી ઊભરાઈ રહ્યાં હતાં. કોઈ એમની દરકાર કરતું નહિ. નીકોલાના પતન પછી આવા નિરાધાર, માંદાં અને ભૂખ્યાં બાળકોના સમાચારો બધે ફેલાવા લાગ્યા. આખી દુનિયામાંથી લોકો અને સંસ્થાઓ આવાં બાળકોની મદદે દોડી આવવા લાગ્યા. પણ સૌથી અગત્યની બાબત એ બની કે ઘણા લોકો આવાં બાળકોને દત્તક તરીકે પોતાની સાથે લઈ ગયાં. પોતાના દીકરા કે દીકરી તરીકે તેમને ઉછેરવા લાગ્યા. નિરાધાર બાળકોને માટે બહુ આનંદની વાત એ બની, કે તેઓને પ્રેમાળ માતા-પિતા મળ્યાં. તેઓને કુટુંબ મળ્યું. પ્રેમ મળ્યો, હૂંફ મળી, વારસો મળ્યો.

ઈશ્વરે પણ કંઈક આવું જ કર્યું છે. "જુઓ, પિતાએ આપણા પર કેટલો બધો પ્રેમ રાખ્યો છે કે આપણે દેવનાં છોકરાં કહેવાઈએ અને ખરેખર આપણે તેનાં છોકરાં છીએ." ૧ યોહાન ૩; ૧.

"હવેથી તું દાસ નથી, પણ પુત્ર છે, અને જો પુત્ર છે તો દેવને આશરે વારસ પણ છે." ગલાતી ૪; ૪-૭.

## ૪. પરફેક્ટ ક્રાઈમ

૧૯૨૪માં રીચાર્ડ અને નાથાન શીકાગોની યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ હતા. બંને ધનવાન નબીરા હતા. શહેરના પ્રતિષ્ઠિત કુટુંબોનાં સંતાન હતાં. બંને અભ્યાસમાં તેજસ્વી હતા, પરંતુ બંને અભ્યાસથી કંટાળી ગયા હતા. મા-બાપથી કંટાળી ગયા હતા, તેમના રોજિંદા જીવનથી કંટાળી ગયા હતા.

કંઈક નવું કરવાની ભાવના તેમના મનમાં જાગી. કંઈક એવું કરવું કે લોકો જોતા જ રહી જાય, વિચારતા જ રહી જાય. તેમણે ખૂન કરવાનું નક્કી કર્યું. સામાન્ય ખૂન નહિ પણ અસામાન્ય રીતે ખૂબ સાવધાનીથી જેથી કોઈને ખબર પડે નહિ. પકડાઈ જવાય નહિ. પોલીસ શોધતી જ રહી જાય, પણ ખૂનનો ભેદ ઉકેલી શકે નહિ. યોજના કરીને આવું ખૂન કરવાનું નક્કી કર્યું.

બંનેએ પોતાનાં ભેજાં લડાવ્યાં, તરકીબ ઘડી કાઢી. ખૂનની પાછળ કોઈ ઉદ્દેશ હોય નહિ. કોઈ કારણ મળી આવે નહિ. આથી વિચાર કરીને તેમણે નક્કી કર્યું કે, સ્કૂલના કોઈ છોકરાનું ખૂન કરવું. આ છોકરો અને તેનું કુટુંબ જાણીતું હોય તેમની સાથે સારા સંબંધો હોય, જેથી કોઈને શક પડે નહિ.

એક દિવસ સ્કૂલ છૂટવાના સમયે બંને જણા કંપાઉન્ડની બહાર ઊભા રહ્યા. બધા છોકરાઓ બહાર નીકળી ગયા પણ કોઈ ઓળખીતો છોકરો મળ્યો નહિ. એવામાં છેલ્લે એક છોકરો નીકળ્યો જેની ઉંમર ૧૪ વર્ષની અને નામ હતું બોબી ફ્રેન્ક. આ છોકરાને અને તેનાં મા-બાપને તેઓ ઓળખતા હતા. પછી બંને જણે છોકરાને પોતાની મોટરમાં ઘેર મૂકી જવાની લાલચ આપી. પેલો

છોકરો પણ બંનેને ઓળખતો હતો, એથી ખુશીથી તેમની સાથે મોટરમાં બેઠો.

અડધા કલાક પછી ૧૪ વર્ષનો બોબી ફ્રેન્ક રસ્તા પરના એક નાના તળાવની પાળે મરેલો પડયો હતો, અને ૨૪ કલાકમાં રીચાર્ડ અને નાથાન શીકાગોની જેલમાં હતા. બંનેને પોલીસે પકડી પાડયા હતા. બંનેને આજીવન કેદની સજા થઈ હતી. થોડાં વર્ષો પછી રીચાર્ડનું જેલમાં જ ખૂન થઈ ગયું, અને ૩૩ વર્ષ પછી નાથાનને જેલમાંથી પેરોલ પર છોડવામાં આવ્યો ત્યારે તે બુઢ્ઢો થઈ ગયેલો લાગતો હતો.

સાવધાન રહો, નિશ્ચે જાણો, તમારું પાપ તમને પકડી પાડશે. પાપને સંતાડી શકાતું નથી. માણસ ઈશ્વરથી દૂર ભાગી જઈ શકતો નથી. ગી. શા. ૧૩૯માં દાઉદ ભક્ત લખે છે કે "હે યહોવા, તારી પાસેથી હું કયાં નાસી જાઉં, તારી હાજરીમાંથી કયાં નાસી જાઉં. જો આકાશમાં ચઢી જાઉં તો તું ત્યાં છે. શેઓલમાં મારી પથારી નાખું તો ત્યાં પણ તું છે, સમુદ્રને પેલે પાર જઈને વસું તો ત્યાં પણ તારી હાજરી છે. અંધકાર પણ મને તારાથી સંતાડી શકતો નથી."

## ૫. ઈશ્વરનાં વચનોનું પરાક્રમ

ટ્રેઈનમાં કેટલાક ઉચ્ચ વર્ણના ગણાતા બ્રાહ્મણો એક કંપાર્ટમેન્ટમાં મુસાફરી કરી રહ્યા હતાં. એક સ્ટેશને ગાડી ઊભી રહી. કેટલાક પરદેશી મિશનરીઓ એ ડબ્બામાં ચઢયા.

આ ખ્રિસ્તી મિશનરીઓ તો માંસ-મચ્છી ખાનારા, એમની સાથે બેસાય નહિ, એમ ઘૃણા બતાવી પેલા બ્રાહ્મણો પાસેના બીજા કંપાર્ટમેન્ટમાં જતા રહ્યા. વારેવારે આ બ્રાહ્મણો ઘૃણાથી અને ગુસ્સાથી પેલા ખ્રિસ્તી મિશનરીઓ તરફ જોઈને મોં મચકોડતા હતા.

એક જુવાન મિશનરી હિંમત કરી ઊભો થયો, અને નવો કરાર કાઢી તેઓને આપતાં કહ્યું કે, "લો, વાંચો, અને બે વર્ષમાં તમે ખ્રિસ્તી ધર્મ સ્વીકારવા તૈયાર થશો."

પેલા બ્રાહ્મણો તો સમસમી ઊઠયા. આ પરદેશી માણસો અમને પડકાર આપે છે?

એક જુવાન બ્રાહ્મણ જે વકીલ હતો તેણે ગુસ્સામાં રાડ પાડી, "અમને પડકાર આપનાર આ કોણ છે? હું તેને ખોટો સાબિત કરી બતાવીશ. હું આ ચોપડી વાંચીશ અને સાબિત કરી આપીશ કે એ વાંચ્યા પછી પણ હું તેમના ધર્મનો અંગીકાર કરતો નથી."

આ જુવાન બ્રાહ્મણ વકીલે પડકાર ઝીલી લીધો. અને નવો કરાર વાંચવાની ભૂલ કરી બેઠો. છ માસ પછી તેણે બાપ્તિસ્મા લીધું અને ખ્રિસ્તી ધર્મનો અંગીકાર કર્યો.

આ જુવાન વકીલ કોણ?

નારાયણ વામન તિલક.

ત્યાર પછી તો તેમણે અનેક ખ્રિસ્તી પુસ્તકો અને ગીતો લખ્યાં.

ઈશ્વર કહે છે; જે કામને માટે મેં મારું વચન મોકલ્યું છે, તે કામ પૂરું કર્યા વગર મારું વચન પાછું ફરશે નહિ.

દેવનાં વચનોમાં સામર્થ્ય છે, પરાક્રમ છે, બદલાણ કરવાની શક્તિ છે.

"દર્પણસમાં વચનો તણા,
સૌ ભેદને સમજાવજો;
અવલોકવા એ દર્પણો,
ચક્ષુ અમારાં ખોલજો.
આતુર મૃગશી આંખડીમાં,
દિવ્ય અંજન આંજજો;
આતુર અંતરમાં અગનની
ચિનગારી ચાંપજો."

# ૬. શિષ્યોની પસંદગીનો આધુનિક માપદંડ

ઈસુએ બાર શિષ્યોને પસંદ કર્યા. એ શિષ્યો જો આજના જમાનામાં આધુનિક આગેવાની માટે અરજી કરે તો કેવો હેવાલ મળે?

આ શિષ્યો આજના આધુનિક જમાના પ્રમાણે આગેવાન બનવાને લાયક છે કે નહિ, તેની ચકાસણી માટે ઈસુએ તેઓને જોર્ડન મેનેજમેન્ટ કન્સલટન્ટ કંપની પાસે મોકલ્યા. આ કંપનીએ બારે માણસોનો બેટરી ટેસ્ટ લીધો, આઈ. ક્યુ. ટેસ્ટ લીધો, કોમ્પ્યુટરથી ચકાસણી કરી, પર્સનલ ઈન્ટરવ્યુ લીધો, સાઈકોલોજીસ્ટોએ અને વોકેશનલ કન્સલટન્ટોએ તપાસ્યા, અને તેનો હેવાલ ઈસુ પર મોકલ્યો, જે આવો હતો :

નાઝરેથના ઈસુ,

તમે જે માણસોને પસંદ કરવા માગો છો, તેઓનો અમે બધી રીતે ટેસ્ટ લીધો અને અમે એવા તારણ પર આવ્યા છીએ, કે તમે તમારા જે કામને માટે આ માણસોને લેવા માગો છો તેઓ કોઈ પણ રીતે યોગ્ય નથી.

મોટા ભાગના માણસોની બેકગ્રાઉન્ડ તદ્દન નબળી છે. અભ્યાસ કે ડિગ્રીઓ નથી, તમે જે કામ-ધંધા માટે તેમને નીમવા માગો છો તે કામનું તેમને જરાપણ જ્ઞાન નથી, કોઈ સમજ નથી; કશો જ અનુભવ નથી. ઉપરાંત તેઓમાં ટીમ સ્પિરિટ નથી, સાથે મળીને કામ કરી શકશે નહિ. અમારી ભલામણ છે કે તમે બીજા માણસોની શોધ શરૂ કરી દો.

**સીમોન પિતર :** બહુ ઉતાવળીયો માણસ છે. પહેલાં બોલે છે અને પછી વિચાર કરે છે. જલદી ગુસ્સે થઈ જાય છે. બહુ લાગણીશીલ માણસ છે, વળી બીકણ પણ છે. તે ચાલશે નહિ.

**આન્દ્રિયા :** તેનામાં આગેવાન થવાના કશાં જ ગુણ નથી. કોઈ લાયકાત નથી. તે આગળ જવાનું પસંદ કરતો નથી, પાછળ રહેવામાં જ માને છે, આવો માણસ આગેવાન બની શકશે નહિ.

**યોહાન - યાકૂબ :** આ બંને ભાઈઓ બહુ મહત્ત્વકાંક્ષી છે. એમનાથી સંભાળજો. તેઓ પોતાનો સ્વાર્થ પહેલો જોનારા છે. કંપની કરતાં વ્યક્તિગત ફાયદો વધારે જુએ છે.

**થોમા :** આ માણસ વિચિત્ર છે. એક તો એનો સ્વભાવ શંકાશીલ છે. વારંવાર પ્રશ્નો પૂછવાની આદત છે, અને દરેક બાબતની ખાતરી માગે છે. એના ઉપર ભરોસો રાખી શકાય નહિ.

**યાકૂબ :** એનામાં ઉદામવાદી વલણ છે. તે બીજા લોકો ઉપર આધાર રાખનારો છે, અને માનસિક વલણમાં દબાઈ જાય એવો છે.

ફક્ત એક જ માણસ અમને ગમ્યો છે. બારમાંથી આ એક જ માણસમાં યોગ્યતા અને લાયકાત છે. તેનામાં ઘણી શક્તિઓ છે. તેનામાં લોકોમાં ભળી જવાની ધંધાદારી લાયકાત છે. તે પણ જો કે મહત્ત્વકાંક્ષી છે પણ એટલો જ ચાલાક અને હોંશિયાર છે. મોટા મોટા લોકો સાથે એને સારી ઓળખ છે અને ઊઠ-બેસ છે.

આથી બારમાંથી અમે આ એક જ માણસની ભલામણ કરીએ છીએ. એનું નામ છે - **યહુદા ઇસ્કારીઓત.**

ઈસુએ આ માછીમારોને પસંદ કર્યાં અને કહ્યું, મારી પાછળ આવો. તેઓ તેની પાછળ ચાલ્યા અને જગતને ઉથલ-પાથલ કરી નાખ્યું.

માણસો બહારના દેખાવ તરફ જુએ છે, પણ યહોવા હૃદય તરફ જુએ છે.

★ ★ ★

ઝેનોફસ અને સોક્રેટીસની મુલાકાત કેવી રીતે થઈ તે વિષે ગ્રીક લોકો કહે છે, કે એક દિવસે એક સાંકડા માર્ગ પરથી ઝેનોફસ જતા હતા અને સામેથી સોક્રેટીસ આવતા હતા. સોક્રેટીસે હાથમાંની લાકડી વતી ઈશારો કરી ઝેનોફસને ઊભા રાખી પૂછયું, કે ફલાણી-ફલાણી વસ્તુઓ ક્યાં મળે? ઝેનોફસે એ બધું ક્યાંથી મળે તે ઠેકાણું બતાવ્યું.

પછી સોક્રેટીસે બીજો સવાલ કર્યો કે એવું ઠેકાણું કયું છે, જ્યાં માણસોને સારા અને લાયકાતવાળા બનાવી શકાય છે? જુવાન ઝેનોફસે કહ્યું, મને એની ખબર નથી. સોક્રેટીસે કહ્યું, મારી પાછળ આવ અને જો.

ઈસુએ શિષ્યોને કહ્યું, મારી પાછળ આવો. હું તમને માણસોને પકડનારા કરીશ.

## ૭. શાંતિ, શ્રદ્ધા અને સામર્થ્ય

લેખક એફ. ડબલ્યુ બોરેહામ, એક પાળકની વિદાય વિષે લખતાં કહે છે કે આ પાળક ૨૦ વર્ષથી એક મંડળી પર હતા. તેમની વિદાયનો સમય આવી ગયો. વિદાય સભામાં મંડળીના લોકો ઉપરાંત બીજા ઘણાં પાળકો અને સુવાર્તિકો હાજર રહ્યા હતા. જેઓને પાળકની વિદાય વિષે બોલવાનું કહેવામાં આવ્યું હતું, તે બધા જ લોકોએ પાળકના કામનાં, તેમના સ્વભાવનાં મુક્ત કંઠે વખાણ કર્યા. લેખક બોરેહામ લખે છે, કે આ બધા લોકો જે બોલ્યા તે બધું હું ભૂલી ગયો છું, પણ એક માણસ, જેને બોલવાનું કહેવામાં આવ્યું નહોતું પણ પ્રમુખ પાસે રજા માગીને ૧ મિનિટમાં તેણે એક વાક્યમાં જ વાત કહી તે મને હજી યાદ છે. એ માણસે ઊભા થઈને પાળક વિષે આ પ્રમાણે કહ્યું :

"૨૦ વર્ષથી દરરોજ હું આપણા પાળકને જોતો આવ્યો છું, પણ મેં તેમને કદી ઉતાવળા થતા કે ધીરજ ગુમાવતા જોયા નથી."

"I have never seen him in a hurry!

સભા પૂરી થયા પછી પાળકે પણ આ માણસની સાક્ષીને મહત્ત્વની ગણાવતાં કહ્યું, કે યશા. ૩૦; ૧૫ને મેં મારા જીવનમાં ઉતાર્યું છે.

"શાંત રહેવાથી અને શ્રદ્ધા રાખવાથી તમે સામર્થ્ય પામશો."

★ ★ ★

એક સ્ત્રી એક પાળક પાસે આવી. તેના કુટુંબમાં ઝઘડો હતો અને પાળકની સલાહ લેવા આવી હતી. બધું સાંભળ્યા પછી પાળકે કહ્યું, જુઓ બહેન, બે રસ્તા છે.

પહેલો રસ્તો એ છે, કે આખો પ્રશ્ન તમે તમારા હાથમાં લઈ લો અને તમારી રીતે પતાવી દો. પરિણામ બહુ જલદી આવી જશે. પરંતુ એ પરિણામ કદાપી એવું હોઈ શકે કે તમારું ઘર ભાંગી જાય.

બીજો રસ્તો એ છે, કે આખો પ્રશ્ન ઈશ્વરને સોંપી દો, તેના ઉપર છોડી દો અને ઈશ્વર તેની રીતે કામ કરશે અને આખો પ્રશ્ન પતાવશે અને નિરાકરણ લાવશે. પણ હા, જો કે એમાં સમય લાગશે. તમારે ધીરજ રાખવી પડશે. પણ તમારું ઘર-કુટુંબ બચી જશે.

શાંત રહેવાથી, શ્રદ્ધા રાખવાથી તમે સામર્થ્ય પામશો.

યહોવા પોતાના પવિત્ર મંદિરમાં છે. આખી પૃથ્વી તેની આગળ ચૂપ રહો. (હબાકૂક ૨; ૨૦).

ઈશ્વરની આગળ શાંત રહો, ધીરજ ધરો, રાજ જુઓ, તમારા પ્રશ્નનો ઉત્તર જરૂર મળશે.

## ૮. મેં મારી ફરજ બરાબર બજાવી છે.

એક રવિવારની ભજનસેવા શરૂ થવાની તૈયારી હતી. પાળક પ્રાર્થનાની ઓરડીમાં હતા. એવામાં મંડળીના એક આગેવાને અંદર આવી પાળકને ઠપકો આપતાં કહ્યું, કે "પાળક સાહેબ, તમારા સંદેશાઓમાં કંઈક ખામી હોય એવું લાગે છે. કારણ કે છેલ્લાં પાંચ વર્ષમાં એક જ વ્યક્તિ મંડળીમાં ઉમેરાઈ છે અને તે પણ એક નાનો છોકરો. તમારા સંદેશાની અસર આ એક જ છોકરાંને થઈ અને તે મંડળીમાં ઉમેરાયો, એ સિવાય બીજું કોઈ ઉમેરાયું નથી."

આ સાંભળી પાળકને બહુ માઠું લાગ્યું. તેમની આંખોમાં આંસુ આવ્યાં. પછી ધ્રૂજતો હાથ ઊંચો કરીને ધીમા અવાજે તેમણે પેલા આગેવાનને કહ્યું, "તમારી વાત સાચી છે. પણ ઈશ્વર જાણે છે, કે મેં મારી ફરજ બરાબર બજાવી છે."

તે દિવસે પાળક પુલ્પિટ પર આવી સભાજનો આગળ ઊભા થયા પણ તેમનું હૃદય ખૂબ ભારે હતું. ભારે હૃદયે તેમણે સંદેશો આપ્યો. સંદેશા પછી એમને એવી લાગણી થઈ આવી, કે મારે રાજીનામું આપી દેવું જોઈએ. એમણે રાજીનામું આપવાનો નિર્ણય કરી લીધો.

સભા પૂરી થઈ. બધા લોકો દેવળની બહાર નીકળી ગયા, પરંતુ પાળક હજી પુલ્પિટ ઉપર જ બેસી રહ્યા હતા. એવામાં પેલો નાનો છોકરો જે એમના સંદેશાની પ્રેરણાથી મંડળીમાં ઉમેરાયો હતો તે ધીમે ધીમે પાળકની પાસે આવ્યો અને પૂછ્યું, "સાહેબ, શું તમે એવું માનો છો કે હું બહુ મહેનત કરીને ભણું તો તમારી જેમ પાળક કે ઉપદેશક બની શકું! કદાપી મિશનરી બની શકું!"

ફરી પાળકની આંખોમાં આંસુ આવ્યાં. તેમણે પેલા છોકરાને કહ્યું, "હાશ, મારા ઘાનું દુ:ખ થોડું ઓછું થયું. રોબર્ટ, અત્યારે હું દૈવી હાથને કામ કરતો જોઈ રહ્યો છું. મારા દીકરા રોબર્ટ, ઈશ્વર તને આશીર્વાદ આપો. હા, હું માનું છું કે તું ઉપદેશક બની શકે છે."

આ વાતને ઘણા વર્ષો થઈ ગયાં. પેલા પાળક મરણ પામ્યા. વર્ષો પછી એક વૃદ્ધ મિશનરી પોતાની સેવા પૂરી કરીને આફ્રિકાથી લંડન પાછા આવ્યા. લોકો આ મિશનરીને બહુ માન આપતા હતા. ધનવાન અને આગળ પડતા માણસો આ મિશનરીને પોતાને ઘેર આમંત્રણ આપવા લાઈન લગાવીને ઊભા હતા. આ મિશનરીએ તેમની સેવા દરમિયાન આફ્રિકામાં ઘણા બધા લોકોને પ્રભુ ઈસુની મંડળીમાં ઉમેર્યા હતા. આફ્રિકાના જંગલી લોકોના ઘણા આગેવાનો પણ મંડળીમાં ઉમેરાયા હતા.

આ મિશનરીનું નામ જાણો છો? મિશનરી હતા રોબર્ટ મોફેટ. આ એ જ રોબર્ટ હતા, જેમણે વર્ષો અગાઉ પેલા પાળકની આગળ ઉપદેશક થવાની ઇચ્છા બતાવી હતી.

કેટલીક વાર આપણને લાગે, કે મારી સેવાનાં, મારા સંદેશાનાં કોઈ પરિણામ દેખાતાં નથી. પણ પ્રેરિત પાઉલ ૧લા કોરિંથીઓના પત્રના ત્રીજા અધ્યાયમાં લખે છે તેમ,

"એક જણ વાવે છે,
બીજો પાણી પાય છે,
પણ દેવ વૃદ્ધિ આપે છે."

છોડને વૃદ્ધિ આપવાનું કામ દેવનું છે, માણસોનું નહિ.

હજી આગળ વાંચો -

રોબર્ટ મોફેટ આફ્રિકામાં મિશનરી હતા, ત્યારે ત્યાંથી એક વાર ફર્લો પર ઇંગ્લાંડ આવ્યા અને ત્યાં એક મોટી સભામાં આફ્રિકાના મિશનરી કામની વાત કરી રહ્યા હતા. તેમણે કહ્યું, રોજ સવારે હું આફ્રિકાનાં હજારો ગામડાઓમાંથી નીકળતો ધૂમાડો જોઉં છું, જ્યાં કદી કોઈ મિશનરી પહોંચ્યા નથી.

આ સભામાં એક જુવાન બેઠો હતો, તે ધ્યાનથી મોફેટને સાંભળી રહ્યો હતો. તે પોતે મેડિકલ શાખાનો વિદ્યાર્થી હતો. સભા પૂરી થયા બાદ તે રોબર્ટ મોફેટની પાસે આવ્યો અને પૂછયું, શું હું આફ્રિકામાં જઈ શકું? અને તે જુવાન ડૉક્ટર આફ્રિકામાં મિશનરી બનીને ગયો. આ જુવાન ડૉક્ટર બીજો કોઈ નહિ, પણ આફ્રિકાનો મહાન મિશનરી ગણાતો ડૉ. ડેવિડ લિવિંગસ્ટન, જેની અજાયબ સેવાઓ દ્વારા હજારો માણસો પ્રભુ ઈસુની મંડળીમાં ઉમેરાયા છે.

તમને શું લાગે છે? પેલા પાળક, જેમનું નામ પણ આપણે જાણતા નથી, તેમની સેવાઓ, તેમના સંદેશા નકામા ગયા હતા?

પેલા આગેવાને જે ઠપકો આપ્યો હતો, કે તમારા સંદેશાની કોઈ અસર જણાતી નથી એ સાચી વાત હતી? શું તેમના સંદેશા વ્યર્થ ગયા એમ કહી શકાય?

ના, એમની સેવા અને સંદેશા વ્યર્થ ગયા નથી. એનાં હજારો અને લાખો ગણાં ફળો આવ્યાં છે. એમના સંદેશાથી એક નાનો છોકરો જ નહિ પણ એમાં નવી નવી કડીઓ ઉમેરાતી ગઈ અને પરિણામે હજારો લોકો મંડળીમાં ઉમેરાયા છે.

આપણું કામ વાવવાનું અને પાણી પીવડાવવાનું છે. વૃદ્ધિ આપવાનું કામ ઈશ્વરનું છે.

પ્રેરિત પાઉલ ૧ કોરિંથીના ૧૫માં અધ્યાયમાં લખે છે કે "પ્રભુના કામમાં સદા મચ્યા રહો, કેમ કે તમારું કામ પ્રભુમાં નિરર્થક નથી."

આપણે આપણી ફરજ બરાબર વિશ્વાસુપણે બજાવીએ તો બસ!

## ૯. નોર્વેજીયનની પ્રાર્થના

નોર્વેજીયન થીઓલોજીયન ઓલે હેલેસ્વી કહે છે, કે આપણે આવી પ્રાર્થના કરવી જોઈએ :

પ્રભુ, જો તમને મહિમા મળવાનો હોય, તો મને તરત માંદગીમાંથી સાજો કરી દો.

જો એથી વધારે મહિમા મળતો હોય, તો મને ધીમે ધીમે સાજાપણું આપજો.

જો એથી પણ વધારે મહિમા થવાનો હોય, તો મને થોડો વખત માંદો જ રહેવા દો.

અને જો એનાથી પણ તમારા નામનો મહિમા વધારે થવાનો હોય, તો મને તમારી પાસે સ્વર્ગમાં તેડાવી લો.

# ૧૦. ચાર્લ્સ ડારવિન

જગતને ઉત્ક્રાંતીવાદનું શિક્ષણ આપનાર ડારવિન પોતે સુવાર્તા દ્વારા માણસોનાં જીવનો બદલાય છે તેમાં વિશ્વાસ ધરાવતો હતો.

તેમણે એક પાળકને લખ્યું :

''ઘણાં વર્ષોની મહેનત પછી પણ અમે જે ના કરી શક્યાં તે તમે થોડા મહિનામાં જ કરી બતાવ્યું. અમે કોઈ દારૂડીયાને દારૂ છોડાવી શકયાં નથી, પણ તમે તમારી સેવાથી ઘણા બધાને વ્યસનોમાંથી મુક્ત કરાવ્યા છે. અને મને લાગે છે કે હવે ગામમાં કોઈ એવો માણસ બાકી રહ્યો નથી.''

ડારવિને સાઉથ અમેરિકાના એક ટાપુની મુલાકાત લીધી અને ત્યાંના લોકોનાં બદલાયેલાં જીવનો જોઈને તેને ખૂબ નવાઈ લાગી. તેણે સ્વીકાર્યું કે, સુવાર્તા જીવનોને બદલી શકે છે. આ ટાપુ પરના લોકોનાં બદલાયેલાં જીવનો જોઈને એને એટલી બધી અસર થઈ કે તે જીવ્યો ત્યાં સુધી મિશનરી કાર્ય માટે નાણાં આપતો રહ્યો.

એક માનસશાસ્ત્રીએ કબૂલાત કરી કે, "I can cure a person's madness, but not his badness."

સુવાર્તા જ બદલાણ લાવી શકે છે, સાજાપણું આપી શકે છે.

## ૧૧. તારાં સગાંઓની પાસે જા

એક જુવાન બહેનને તારણનો અનુભવ થયો. પોતાના અનુભવ વિષે બીજાઓને સાક્ષી આપવા એ બહેન બહુ આતુર હતી. તે પોતાના પાળક પાસે ગઈ અને પૂછયું કે સાહેબ, હું અસરકારક રીતે સાક્ષી આપી શકું માટે ક્યાં જાઉં અને સેવા કરું?

પાળકે જણાવ્યું કે કાલે સવારે તમે ફરી આવજો ને હું તમને જગા બતાવીશ. બીજા દિવસે પેલી બહેન પાછી આવી. પાળકે તેને એક કવર આપ્યું અને જણાવ્યું કે આ જગતમાં જેને તમારી સાક્ષીની સૌથી વધુ જરૂર છે એ નામ મેં આમાં લખ્યું છે, ત્યાં જાઓ અને સાક્ષી આપો. સેવા કરો.

યુવતી બહુ ઇન્તેજાર હતી. પાળક સાહેબે આમાં શું લખ્યું હશે, મારે ક્યાં જવાનું હશે. કયાં દેશમાં જવાનું હશે અને કેવા લોકો મધ્યે કામ કરવાનું હશે. ખૂબ ઇન્તેજારીપૂર્વક તેણે પત્ર ઉઘાડયો. તેમા પાળકે બે જ શબ્દો લખ્યા હતા - **તમારા પિતા.**

યુવતી કોઈ દૂરના સ્થળે જઈને સાક્ષી આપવા ઇન્તેજાર હતી, પણ પાળકે તેને સાચી સ્થિતિનું ભાન કરાવ્યું.

તેના પિતા વૃદ્ધ હતા, ગરીબ હતા અને એકલવાયું જીવન જીવતા હતા. હજી તેઓએ ઈસુનો સ્વીકાર કર્યો નહોતો. અહીં જ યુવતીની જરૂર હતી. તેણે તેના બાપની મુલાકાત લીધી, તેમની સેવા કરવા લાગી. પ્રેમ, હૂંફ, સેવા અને સાક્ષી દ્વારા તેમને જીતી શકી.

ઈસુએ પેલા સાજા થયેલા માણસને શું કહ્યું? માર્ક ૫; ૧૯.

## ૧૨. ચર્ચમાં આગ લાગી.

એક મંડળી,

નાની મંડળી,

મંદ મંડળી.

એક સાંજે મિટિંગ પછી આ મંડળીના દેવળમાં આગ લાગી. આગની જ્વાળાઓ અને ધુમાડો ઊંચે આકાશ સુધી પહોંચવા લાગ્યાં. આ જોઈને આજુબાજુના બીજા લોકોનું ટોળું ત્યાં જમા થઈ ગયું.

આ ટોળામાં એક માણસને જોઈને મંડળીના એક સભાસદે કહ્યું, કે આ અગાઉ મેં તમને કદી અહીં દેવળમાં જોયા નથી.

પેલા માણસે જવાબ આપ્યો કે, બરાબર છે, અને મેં પણ આ અગાઉ કદી ચર્ચમાં આગ જોઈ નથી.

"I never saw this Church on fire before."

મંડળી માટે આ બહુ મોટો પડકાર છે. પચાસમાંના દિવસે પવિત્ર આત્મા મંડળી પર ઊતરી આવ્યો, અને મંડળી પવિત્ર આત્માના અગ્નિથી સળગી ઊઠી. મંડળીઓ સળગતી થાય એ જરૂરી છે. જ્યારે મંડળીઓમાં પવિત્ર આત્માની આગ લાગશે ત્યારે એ જોઈને લોકો ભેગા થઈ જશે.

સળગતી અને પ્રકાશતી મંડળી.

Church on fire - શાબાશ.

## ૧૩. દાન આપવાની રીત

બે મિત્રો વાત કરે છે. પહેલા મિત્રએ બીજા મિત્રને કહ્યું, "કે મારે કેટલું દાન આપવું તે હું અગાઉથી નક્કી કરી રાખું છું અને તે પ્રમાણે આપું છું. આ બાબતે તમારી શું રીત છે? તમે શું કરો છો?"

બીજા મિત્રએ જવાબ આપ્યો, "કે પહેલાં હું ઘૂંટણે પડી પ્રાર્થના કરું છું, અને ઈશ્વરનો આભાર માનું છું. મંડળી માટે, પાળક માટે પ્રાર્થના કરું છું. પછી ઈશ્વરની દોરવણી પ્રમાણે મારે કેટલું દાન આપવું જોઈએ તે પ્રમાણે નક્કી કરીને આપું છું."

થોડા સમય પછી બંને મિત્રો ફરી મળ્યા. પહેલા મિત્રએ બીજા મિત્રને કહ્યું, "તમારી દાન આપવાની રીત તો અજાયબ છે. મેં તમારી રીત અપનાવી. આપતાં પહેલાં ઈશ્વરનો આભાર માનીને તેની દોરવણી પ્રમાણે આપવા લાગ્યો તો ખબર પડી, કે અગાઉ હું કેટલું ઓછું દાન આપતો હતો. હવે મેં દાનમાં વધારો કર્યો છે અને ઈશ્વરે પણ મને આપવાના આશીર્વાદોમાં વધારો કર્યો છે."

તમે કેવી રીતે દાન - દશાંશ આપો છો? માલાખી પ્રબોધક દ્વારા ઈશ્વર માગે છે, કે તમારાં દશાંશો ભર્યાપૂરા ભંડારમાં લાવો. અને એમ કરીને મારું પારખું કરી જુઓ કે આકાશની બારીઓ ખોલીને સમાવેશ કરવાને જગા નહિ હોય એટલો બધો આશીર્વાદ આપીશ - એમ સૈન્યોનો દેવ યહોવા કહે છે. માલાખી ૩; ૧૦.

## १४. વ્લાડીમીર લેનીન નાસ્તિક કેમ બન્યો?

રશિયામાં વ્લાડીમીર લેનીનનો જન્મ થયો. ૧૬ વર્ષની ઉંમરે તે નાસ્તિક બની ગયો. નાસ્તિક બનવાનું કારણ જાણો છો?

કેટલાક જુવાનોની માફક વ્લાડીમીર દેવળમાં જવાનું ટાળતો, મિત્રોની સંગતમાં મોટાભાગનો સમય ગાળતો. તેના પિતાએ એક પ્રિસ્ટની સલાહ માગી કે વ્લાડીમીરને સુધારવા માટે શું કરવું? ચર્ચમાં આવતો થાય માટે શું કરવું? પેલા પ્રિસ્ટે સલાહ આપી કે તેને મારો, મારો અને બસ મારો. આજ તેને સુધારવાનો ઉપાય છે. વ્લાડીમીરે આ જાણ્યું ત્યારે તે ક્રોધમાં આવી ગયો અને ગળામાં પહેરેલો ક્રોસ કાઢીને ફેંકી દીધો અને મનમાં સંકલ્પ કર્યો, કે હવે મારે ધર્મ સાથે કોઈ સંબંધ રાખવો નથી. જે ધર્મ પાસે માણસને સુધારવા માટે મારવા સિવાય બીજો કોઈ માર્ગ જ ના હોય એવો ધર્મ મારે ના જોઈએ. તેણે ધર્મ સાથેનો છેડો ફાડી નાખ્યો, ને ધર્મને ધિક્કારવા લાગ્યો. આ બળવાના પરિણામે એણે જે સંગઠન સ્થાપ્યું. એ સંગઠન દ્વારા લાખો ખ્રિસ્તીઓને મારી નાખવામાં આવ્યા છે.

કાશ, જો પેલા પ્રિસ્ટે વ્લાડીમીરના પિતાને ડહાપણભરી, સમજપૂર્વકની અને પ્રેમાળ વર્તાવની સલાહ આપી હોત તો કદાપી આવું કદી ના બન્યું હોત.

બાળકે જે માર્ગમાં ચાલવું જોઈએ તેમાં ચાલવાનું તેનું શિક્ષણ તેને આપ.

# ૧૫. બિશપ આમોનની હમદર્દી

કેટલાક ખ્રિસ્તીઓની જાણમાં આવ્યું કે મંડળીનો અમુક સભાસદ વ્યભિચારના પાપમાં છે. તેઓએ બિશપ આમોનને જાણ કરી અને કહ્યું, કે "ચાલો અમારી સાથે - આપણે પેલા પાપી માણસને ઘેર જઈએ અને તેને રંગે હાથ પકડી પાડીએ. તમે તેને ખુલ્લો પાડો અને મંડળીમાંથી આવા દુષ્ટ માણસને દૂર કરો."

તેઓ બધા પેલા માણસને ઘેર ગયા. તેઓને ઘરમાં આવતા જોઈને પેલા માણસે જે સ્ત્રી તેના ઘરમાં હતી એને એક મોટા ખોખામાં સંતાડી દીધી. બિશપના ધ્યાનમાં આ વાત આવી ગઈ. તેઓ ઘરમાં જઈને એ ખોખા ઉપર બેઠા. સાથે આવેલા માણસોને કહ્યું કે, તમે ઘરમાં જઈને બધે તપાસ કરો. કોઈ પરાઈ સ્ત્રી ઘરમાં મળી આવે તો મારી પાસે લાવો. બધે જ તપાસ કરી, પણ ઘરમાં કોઈ સ્ત્રી મળી નહિ. બધાના મોં ઊતરી ગયાં. આથી બિશપે તેઓને કહ્યું કે, "તમે આ માણસ ઉપર શંકા કરી તે માટે પ્રભુ તમને માફ કરે. ચાલો હવે જઈએ." બધા ઘરની બહાર નીકળ્યા, પણ બિશપ એકલા ઘરમાં રહ્યા. પછી બિશપે પેલા માણસને ઠપકો આપતાં કહ્યું કે, "હું બધું જાણું છું, પણ તમારી ફજેતી ના થાય માટે મેં ચૂપ રહેવાનું પસંદ કર્યું, પણ તમને ચેતવણી આપું છું કે શેતાનથી સાવચેત રહો." પાપને તજી દો. આમ કહી બિશપ બહાર નીકળી ગયા.

બિશપ આમોનના સમજપૂર્વકના અને હમદર્દીભર્યા વલણની ભારે અસર પેલા માણસને થઈ. તે સુધરી ગયો અને બિશપ તેને જીતી શક્યા.

## ૧૬. તમે પણ એવું જ કર્યું હોત

બે મિત્રો દરિયા કિનારે ફરવા ગયા. એક મિત્ર પાણીમાં નહાવા પડયો. નહાતાં નહાતાં ડૂબવા લાગ્યો. ગભરાઈને બચાવ માટે બૂમો પાડવા લાગ્યો.

"બચાવો, બચાવો, મને મદદ કરો, મને બહાર કાઢો, મને તરતાં આવડતું નથી." બહાર ઊભેલા મિત્રએ તેને ધમકાવતાં કહ્યું, "આમાં આટલી બૂમો શેની પાડે છે, બૂમો પાડવાની શી જરૂર છે? એમ તો મને પણ તરતાં આવડતું નથી, પણ હું તારી જેમ બૂમો પાડતો નથી."

મુશ્કેલીમાં, પરીક્ષણમાં કે પાપમાં પડી ગયેલી વ્યક્તિ પ્રત્યે કઠોર બની એને ધુતકારી કાઢશો નહિ. એના જેવી પરિસ્થિતિમાં તમે આવી પડયા હોત તો તમે શું કરત! તમે પણ એવું જ કરત જે સામી વ્યક્તિ કરે છે.

શેકસપિયરે ખરું જ કહ્યું છે કે, તમે બીજાઓના કાર્યની તથા જેઓ પરીક્ષણમાં પડી ગયા છે તેઓની ટીકા ના કરો, કારણ કે જે સંજોગો અને પરિસ્થિતિમાંથી તેઓ પસાર થાય છે એવા જ સંજોગો અને પરિસ્થિતિમાં તમે પણ એવું કર્યું હોત જે તેઓએ કર્યું.

માર્ક ૨; ૨૫, ૨૬ પ્રમાણે દાઉદ અને તેના સાથીઓએ અર્પિત રોટલી ખાધી, જે ફક્ત યાજક માટે જ હતી. કેટલાક આમાં દાઉદનો ન્યાય કરે છે, પરંતુ દાઉદ અતિશય ભૂખને કારણે જે પરિસ્થિતિમાં આવી પડયો હતો, એવી જ પરિસ્થિતિમાં તમે

પણ જો આવી પડો તો તમે પણ એવું જ કર્યું હોત જે દાઉદે કર્યું.

ઉત્પત્તિ ૯; ૨૩ પ્રમાણે શેમ અને યોફેથે પોતાના પિતાની નગ્નતાને ઢાંકી.

બીજાની નબળાઈઓ અને નિષ્ફળતાઓને સમજપૂર્વક નિહાળો, તૂટી પડશો નહિ.

પોતાની એબ ઢાંકવી એ ડહાપણ છે, પરંતુ બીજાની એબ ઢાંકવી એ ઉદારતા છે.

## ૧૭. ગુરુનોય ગુરુ

પ્રાચીન સમયમાં સાધુઓ અરણ્યમાં રહેતા. આવા બે સાધુ ગુરુઓની આ વાત છે.

આવા યોહાને નામના એક સાધુ ગુરુએ પર્વત ઉપરની પોતાની ઝૂંપડી આવા જ્યોર્જ નામના સાધુને આપી દીધી અને પોતે ખીણમાં બીજી ઝૂંપડી બાંધીને રહેવા લાગ્યો.

થોડા વખત પછી તેણે જોયું કે આવા જ્યોર્જની પાસે ઘણા બધા લોકો તેનો ઉપદેશ સાંભળવા અને શિક્ષણ લેવા આવવા લાગ્યા. આથી આવા યોહાનને ગુસ્સો આવ્યો અને આવા જ્યોર્જ પ્રત્યે અદેખાઈ અને દ્વેષ ઉત્પન્ન થયાં. આથી તેણે પોતાના એક શિષ્યને જ્યોર્જની પાસે સંદેશો લઈને મોકલ્યો કે, જ્યોર્જને જઈને કહે કે, તાત્કાલિક મારી ઝૂંપડી ખાલી કરી દે.

પેલા શિષ્યએ જ્યોર્જની પાસે જઈને કહ્યું, કે ફાધર યોહાનેએ મને શાંતિનો સંદેશો લઈને તમારી પાસે મોકલ્યો છે અને તમે તેમને માટે પ્રાર્થના કરો એવી વિનંતી કરી છે. તમારી પ્રાર્થનાની અને પવિત્રતાની તેઓ કદર કરે છે.

જ્યારે શિષ્ય પાછો આવ્યો ત્યારે યોહાનેએ તેને પૂછયું કે તેં મારો હૂકમ જ્યોર્જને કહી સંભળાવ્યો? ત્યારે શિષ્યએ જવાબ આપ્યો, જી. જ્યોર્જને મારે જે કહેવું જોઈએ તે બધું જ મેં તેમને કહી સંભળાવ્યું છે.

થોડો સમય રાહ જોઈ, પણ જ્યોર્જે હજી પોતાની ઝૂંપડી ખાલી કરી નથી અને વધુ ને વધુ લોકો તેની પાસે આવતા જાય છે. આ જોઈને યોહાનેએ બીજી વખત પોતાના શિષ્યને મોકલ્યો

અને કહેવડાવ્યું કે પેલા ઢોંગીને જઈને કહે કે સમય બગાડયા વગર જલદી મારી જગા ખાલી કરી આપે. જો એમ નહિ કરે તો મારી લાકડી લઈને ત્યાં જઈશ અને તેને મારીને ત્યાંથી હાંકી કાઢીશ.

શિષ્ય ફરી જ્યોર્જની ઝૂંપડીએ ગયો અને કહેવા લાગ્યો કે ફાધર યોહાનેએ કહેવડાવ્યું છે કે તેઓ તમારા ઉપર ખૂબ પ્રેમ કરે છે અને તમારે માટે પ્રાર્થના કરવાનું કદી ચૂકતા નથી.

શિષ્ય પાછો આવ્યો ત્યારે યોહાનેએ પૂછયું, કે મારો સંદેશો પેલાને પહોંચાડયો? શિષ્યએ જવાબ આપ્યો કે જી, એમને જે કંઈ કહેવાની જરૂર હતી તે બધું જ મેં તેમને કહ્યું છે.

ત્રીજી વખત પણ શિષ્યને મોકલ્યો છતાં જ્યોર્જે ઝૂંપડી ખાલી કરી નથી, એ જોઈને યોહાને ખૂબ ગુસ્સે થયો અને પોતાની લાકડી લઈને જ્યોર્જને ત્યાંથી હાંકી કાઢવા ચાલી નીકળ્યો. પેલા શિષ્યએ જોયું કે યોહાને પોતે જાય છે તેથી તે બીજા ટૂંકા માર્ગે થઈને વહેલો જ્યોર્જની પાસે પહોંચી ગયો, અને તેને કહ્યું કે મારા ગુરુ ઘરડા થયા હોવા છતાં પર્વત ચઢીને તમને આશીર્વાદ આપવા માટે આવી રહ્યા છે.

જ્યોર્જે આ જાણ્યું ત્યારે તેને યોહાને માટે ખૂબ માન ઉત્પન્ન થયું અને એકદમ ઊઠીને તેમને સામો મળવા ગયો. તેની આગળ ઘૂંટણે પડીને કહેવા લાગ્યો, કે તમારા પ્રેમના સંદેશાઓ જે તમે તમારા શિષ્ય મારફતે કહેવડાવ્યા હતા તેને માટે હું તમારો ખૂબ આભાર માનું છું. તમે આટલી ઉંમરે પર્વત ચઢીને મને આશીર્વાદ આપવા માટે અહીં સુધી આવો તેને હું લાયક નથી.

આવા યોહાનેને હવે સમજાયું કે તેના શિષ્યએ પોતે મોકલેલા સંદેશાઓ કેવી રીતે પહોંચાડયા હતા. ગુરુ યોહાને ગુરુ જ્યોર્જને ભેટી પડયો અને પોતાના મનમાંની સર્વ કડવાશ કાઢી નાખી. પાછા પોતાની ઝૂંપડીએ આવીને પેલા શિષ્યને કહ્યું,

"અત્યાર સુધી હું તારો ગુરુ હતો અને તું મારો ચેલો હતો, પણ હવેથી તું મારો ગુરુ ગણાશે, કારણ કે પ્રેમના માર્ગને તું વધારે સારી રીતે સમજી શકયો છે."

"પ્રીતિ અદેખાઈ કરતી નથી, આપવડાઈ કરતી નથી." "પ્રીતિ ન હોય તો હું કંઈ નથી." ૧ કોરિંથી ૧૩મો અધ્યાય.

## ૧૮. યૂસફની સુંદરતા

યહૂદીઓના એક પુસ્તકમાં જૂના કરારના યૂસફ અંગેની વાત આ પ્રમાણે છે.

યૂસફ સુંદર અને ફૂટડો જુવાન હતો. એની સુંદરતાની વાત બધે ફેલાઈ ગઈ હતી. સ્ત્રીઓ એને જોવા માટે તલસતી હતી. એક દિવસે ઊંચા અને અમીર કુટુંબની કેટલીક ઇજીપ્સીયન સ્ત્રીઓ પોટીફારને ત્યાં તેના હેબ્રી નોકરની સુંદરતા જોવા માટે આવી. પોટીફારની સ્ત્રીએ તેમને આવકાર આપ્યો અને દરેકને ખાવા માટે સફરજન અને સાથે ચપ્પુ આપ્યાં. દરેક સ્ત્રી ચપ્પુથી સફરજન કાપીને ખાતી હતી અને વાતો કરતી હતી. એટલામાં હેબ્રી નોકર યૂસફ શરબતના ગ્લાસ લઈને તેમને આપવા માટે ઓરડામાં આવ્યો. ત્યાં બેઠેલી દરેક સ્ત્રીની નજર યૂસફ ઉપર પડી. તેની સુંદરતા અને તેનું આકર્ષણ જોયું અને એમાં એવી ખોવાઈ ગઈ, અને ભાન ભૂલી ગઈ કે અજાણતાં જ હાથમાંના ચપ્પુથી સફરજનને બદલે તેમની આંગળીઓ કપાઈ ગઈ.

પોટીફારની સ્ત્રીએ આ જોયું અને કહ્યું, તમે બધાએ માત્ર થોડી મિનિટો માટે જ તેને જોયો અને એટલી બધી આકર્ષિત બની ગઈ કે સફરજનને બદલે તમારી આંગળીઓ કાપી નાંખી; તો હું તો આખો દિવસ તેને મારામાં ઘરમાં જોઉં છું અને મને શા માટે એના પ્રત્યે આટલું બધું આકર્ષણ થાય છે એ હવે તમે સમજી શકશો.

સ્ત્રી અને પુરુષનું એકબીજા પ્રત્યેનું જાતીય આકર્ષણ એ

સહજ અને કુદરતી છે. સામાન્ય વ્યક્તિ એની શક્તિ આગળ ટકી શકતી નથી.

ઉત્પત્તિ ૨; ૬ પ્રમાણે "દેવના દીકરાઓએ માણસોની દીકરીઓ જોઈ કે તેઓ સુંદર છે." દેવના આ દીકરાઓ (ગમે તે હોય, તેના અનેક ખુલાસાઓ આપવામાં આવે છે) પણ આ પરીક્ષણ આગળ ટકી શક્યાં નહિ.

આવા પરીક્ષણમાં પડેલી વ્યક્તિ પ્રત્યે કઠોર બનીને એનો ન્યાય કરવાને બદલે એની પરિસ્થિતિ અને સંજોગોનો અભ્યાસ કરી હમદર્દીપૂર્વક વર્તવાથી તેને મદદરૂપ બની શકશો.

"મારા ભાઈઓ, જો તમારામાંનો કોઈ સત્ય માર્ગ મૂકીને આડે માર્ગે જાય, અને કોઈ તેને પાછો ફેરવે; તો તેણે જાણવું કે પાપીને તેના ભૂલભરેલા માર્ગથી જે પાછો ફેરવે છે, તે એક પ્રાણને મોતથી બચાવશે, અને પાપના પૂંજને ઢાંકશે." યાકૂબનો પત્ર ૫; ૧૯, ૨૦.

# ૧૯. તમારાં પગલાં

એક સાંજે એક પિતા કોઈ એક દુકાને ગયા. થોડી વારમાં જ તેનો નાનો છોકરો પણ ત્યાં પહોંચી ગયો. પિતાએ પૂછયું, "દીકરા, તને કેવી રીતે ખબર પડી કે હું અહીં છું?" છોકરાએ જવાબ આપ્યો કે, "સ્નોમાં પડેલાં તમારાં પગલાંની નિશાનીએ જોતો જોતો અને એમાં ચાલતો ચાલતો હું અહીં આવી પહોંચ્યો."

તમારાં પગલાં તમારાં બાળકોને કયાં દોરી જાય છે?

એક જેલમાં એક માણસને ફાંસી આપવાની હતી. તેને સાંકળોથી બાંધવામાં આવ્યો હતો, કારણ કે તે ભયંકર ખૂની હતો. થોડી વારમાં બીજા કેટલાએક ગુનેગારોને લઈને પોલીસની વાન આવી પહોંચી. આ નવા આવેલા ગુનેગારોમાં પેલા ખૂનીનો દીકરો પણ હતો, જે પોતે પણ ખૂની હતો અને તેને પણ ફાંસીની સજા ફરમાવવામાં આવી હતી. બાપ અને દીકરાનું ત્યાં મિલન થયું.

દીકરાએ પોતાના સાંકળોથી બાંધેલા હાથ ઊંચા કરીને બાપને કહ્યું, "શું આટલા ખાતર તું મને જગતમાં લાવ્યો હતો?" બાપ જવાબ આપી શક્યો નહિ.

ઇબ્રાહીમ જે પગલાં પાડી ગયો તેમાં હજારો વર્ષો પછી પણ યહૂદીઓ, ખ્રિસ્તીઓ અને મુસ્લિમો ચાલે છે. પવનની આંધી અને પાણીનું પૂર તે પગલાંને મીટાવી શક્યાં નથી.

ઈસુ ખ્રિસ્તનાં લોહીથી ખરડાયેલાં પગલાંમાં સંત પાઉલ ચાલ્યો. બે હજાર વર્ષો વીતી ગયાં છતાં આજે પણ ખ્રિસ્તીઓ તેના નમૂનાને અનુસરે છે.

તમારાં પગલાં વિષે સાવધ રહો. તમારાં પગલાંમાં ચાલનાર તમે એકલાં નથી, તમારી પાછળ બીજા ઘણા એ પગલાં જોઈને તેમાં ચાલશે.

તમારાં પગલાં ક્યાં દોરી જાય છે?

પ્રેરિત પાઉલ લખે છે : ''એ માટે હું તમને વિનંતી કરું છું કે મારા અનુયાયી થાઓ.'' ૧ કોરિંથી ૪; ૧૬.

## ૨૦. તેં તારી પત્નીની વાત માની

Abraham hearkened to the voice of Sarah. ઉત્પત્તિ ૧૬; ૨.

Adam, because you have hearkened to voice of your wife. ઉત્પત્તિ ૩; ૧૭.

"Hearkened to the voice." કહેવું માન્યું - આ શબ્દ માટે હેબ્રી ભાષામાં જે શબ્દ વપરાયો છે તે Shamoa Lekol શામોઆ લેકોલ. આ શબ્દ ત્યારે જ વપરાય છે જ્યારે કોઈ વ્યક્તિ કશી વાત કરે, ચર્ચા કરે અને સામેની વ્યક્તિએ ફક્ત સંમતિ જ આપવાની હોય, હા, જ ભણવાની હોય - ત્યારે આ શબ્દ વપરાય છે. અહીં બંને જગાએ આ જ શબ્દ વપરાયો છે, એનો અર્થ કે આદમ અને ઇબ્રાહીમે પોતાની પત્નીઓએ જે વાત કહી તેમાં સંમતિ આપી, હા ભણી. તેઓએ સામે કોઈ દલીલ કરી નહિ, ના પાડી શકયા નહિ, વિરોધ કરી શકયા નહિ. પોતાની પત્નીઓના સત્તાવાહી અવાજ કે હુકમ આગળ બંને જણા ઢીલા પડી ગયા.

[ઘણા પતિઓ આમ જ પત્ની આગળ ઢીલા પડી જતા હોય છે.]

"સારાહે ઇબ્રાહીમને કહ્યું, હવે જો યહોવાએ મને જણવાથી અટકાવી છે, માટે મારી દાસી હાગાર પાસે જા, કદાચ એનાથી હું છોકરાં પામીશ" **અને ઇબ્રાહીમે સારાહનું કહેવું માન્યું.**

પરિણામ શું આવ્યું? હાગારથી ઇસ્માઇલ થયો, તેનાથી એક કોમ-જાતિ ઉત્પન્ન થઈ. જેઓ ઇસ્હાકથી થયેલી જાતિ સાથે હંમેશા

વેર રાખતા આવ્યા છે. આજે પણ આરબો અને ઇઝરાયેલીઓ વચ્ચે વેર ચાલે છે.

હવા ફળ લઈને આદમને આપવા આવી ત્યારે આદમ ના પાડી શક્યો હોત, ઈશ્વરની આજ્ઞાની યાદ અપાવી શક્યો હોત, પણ ના. એવું કશું તેણે કર્યું નહિ, પરિણામે જગતમાં પાપનો પ્રવેશ થયો.

"અને આદમને દેવે કહ્યું, કે તેં તારી વહુની વાત માની, ને જે સંબંધી મેં તને આજ્ઞા આપી, કે તારે ન ખાવું તે વૃક્ષનું ફળ તેં ખાધું; એ સારુ તારે લીધે ભૂમિ શાપિત થઈ છે..." ઉત્પ. ૩; ૧૦.

યહૂદી રાબ્બીઓમાં કહેવત હતી કે,

"There is nothing in this world as good as a good woman, and nothing as bad as a bad woman."

# ૨૧. વી. આઈ. પી.

જ્યારે તમને લાગે કે તમે ખૂબ જ અગત્યની વ્યક્તિ છો, જ્યારે તમને લાગે કે તમારા વગર દુનિયા ચાલી શકશે નહિ અથવા તમારું સ્થાન બીજો કોઈ લઈ શકે એમ જ નથી –

ત્યારે પાણી ભરેલી ડોલમાં તમારો હાથ ઊંડે સુધી પાણીમાં નાખો અને પછી બહાર કાઢી લો. હવે જુઓ કે તમે પાણીમાં હાથ નાખ્યો એને કારણે પાણીમાં બાકોરું પડી ગયું? છેદ પડયો? પાણીમાં કોઈ અસર થઈ? નહિ ને? હવે તમને ખાતરી થઈ કે તમારું મહત્ત્વ કેટલું છે? તમારા હાથની કોઈ નિશાની પાણીએ રહેવા દીધી નહિ.

કેટલાક લોકો હતા જેમણે મંડળીના ઇતિહાસમાં અને તેની વૃદ્ધિમાં બહુ મોટો ફાળો આપ્યો છે, પણ એને કારણે જ્યારે તેમને જેલમાં પૂરવામાં આવ્યા ત્યારે તેમની ગેરહાજરીમાં પણ મંડળી તો ચાલતી જ હતી.

મંડળીમાં ખૂબ ઉપયોગી ગણાતા એવા માણસો મરણ પામ્યા છે છતાં તેમના વગર પણ મંડળી ચાલે છે, તેમના વગર પણ સૂર્ય ઊગે છે, ફૂલો ખીલે છે, પક્ષીઓ ગાય છે અને ઊડે છે, અને વરસાદ પણ પડે છે. તમે પોતાને અગત્યની અને મહત્ત્વની વ્યક્તિ ગણો છો?

સંતો એ સંતો કહેવાયા, કારણ કે જગતમાં તેમનું રહેવું અનિવાર્ય છે અથવા તેમના વગર ચાલશે નહિ એવું એમણે કદી માન્યું નહિ.

બાસીલ ધ ગ્રેટ, આ વાત સમજતા હતા. તેથી તેમણે તેમને સતાવનારાઓને બેધડક ઉત્તર આપ્યો કે "મને મરણની બીક

લાગતી નથી, આખું જગત પ્રભુનું છે, મારી પાસે કોઈ ખજાનો તમને મળશે નહિ, મરવું એ મારા માટે લાભ છે, કારણ એ દ્વારા જ હું મારા પ્રભુની સાથે મેળાપ પામીશ.''

પોતાને અગત્યના નહિ ગણાવાને કારણે જ સંતો અગત્યના બની ગયા.

★ ★ ★

બીજી એક્યુમીનીકલ ચર્ચ કાઉન્સિલ વખતે જોન ક્રિસોસ્ટમ કોન્સ્ટાન્ટીનોપલના બિશપ થાય એ બાબતે મતભેદ ઊઠયો, ત્યારે જોન ક્રિસોસ્ટમે ખૂબ નમ્રતાથી બધાને જણાવ્યું કે, ''પ્રબોધક યૂના કરતાં હું જરા પણ સારો નથી, મને દરિયામાં ફેંકી દો અને મતભેદ મીટાવી દો.'' અને આમ કહીને હંમેશને માટે બિશપની ઉમેદવારીમાંથી ખસી ગયા. તેઓ સત્ય સિવાય બીજું બધું છોડી દેવા તૈયાર હતા. તેમનો છેલ્લો સમય બંદીવાસમાં પૂરો થયો. તેમના છેલ્લા શબ્દો હતા : ''બધી બાબતો માટે ઈશ્વરની સ્તુતિ થાઓ.''

તેમણે કહ્યું હતું : ''મંડળીમાં પડતા ભાગલાથી ઈશ્વર જેટલો કોપાયમાન થાય છે, એટલો બીજાથી નથી થતો. આપણે બીજું ગમે તેટલું સારું કામ કરીએ, પણ જો મંડળીની એકતા તોડીએ છીએ તો આપણે શિક્ષાને પાત્ર છીએ.''

પોતાને મહત્ત્વની - અગત્યની વ્યક્તિ નહિ ગણવાને કારણે જ તેઓ અગત્યની વ્યક્તિ બની ગયા.

તમે પોતાને વી.આઈ.પી. ગણો છો?

## ૨૨. ચિંતા શાને?

તમે ચિંતા કરો છો? શા માટે? બે જ બાબતો એવી છે જેને માટે તમને ચિંતા થાય.

કાં તો તમે તંદુરસ્ત હો, અથવા માંદા હો. જો તમે તંદુરસ્ત હો પછી તો ચિંતા કરવાનું કોઈ કારણ રહેતું નથી.

પણ જો તમે માંદા હો, તો બે જ બાબતોની ચિંતા કરવાની રહે છે.

કાં તો તમે સાજા થઈ જશો, અથવા માંદગીમાં મરી જશો.

પણ જો તમે મરી જાઓ તો બે જ બાબતોની ચિંતા કરવાની રહેશે.

કાં તો તમે સ્વર્ગમાં જશો, અથવા નર્કમાં જશો.

હવે જો તમે કદાપી સ્વર્ગમાં જાઓ, તો તો કશી ચિંતા કરવાની રહેતી જ નથી.

પણ જો તમે નર્કમાં જાઓ તો ત્યાં તમને એટલા બધા જૂના મિત્રો, સગાંવહાલાં, અને ઓળખીતા લોકો મળશે કે તેમની ખબર-અંતર પૂછવામાં અને હસ્તધૂનન કરવામાં તમને ચિંતા કરવાનો સમય જ ક્યાં મળશે!

તો પછી ચિંતા શાને! લૂક ૧૨; ૨૨. ચિંતા કરવાથી તમારામાંનો કોણ પોતાનાં કદને એક હાથભર વધારી શકે છે. લૂક ૧૨; ૨૬.

## ૨૩. સુખની વ્યાખ્યા શી?

તા. ૨૪-૩-૧૯૯૪ના રોજ ગુજરાત સમાચારમાં નીચેની હકીકત પ્રગટ થયેલી.

બ્રુનેઈ ટાપુ, ૩ લાખની વસ્તી ધરાવતો મુસ્લિમ દેશ છે. દેશમાં ખૂબ સમૃદ્ધિ, સુખ અને સાયબી છે.

આ દેશનો રાજા ૪૬ વર્ષનો સુલતાન હાજી હસનલાલ.... ૩૭ અક્ષરનું લાંબું એનું નામ છે. એની પાસે ૧૬૫ રોલ્સરોય મોટરો છે. ૧૮૦૦ ખંડોનો વિશાળ મહેલ છે. ૩૭ બીલીયન ડોલરનો માલિક છે. નોકરો-ચાકરોનો ઢગલો છે.

...પણ, સંપૂર્ણ સુખ-સાયબી ભોગવનાર આ સર્વાધિક ધનિક સુલતાન મનમાં ખૂબ દુ:ખી છે.

તો પછી સુખી કોને કહેવો. સુખની વ્યાખ્યા શી?

Life is tragic for the person who has plenty to live on and nothing to live for.

પ્રભુ ઈસુ ખ્રિસ્તે કહ્યું છે, કે કોઈનું જીવન તેની પુષ્કળ માલમિલકતમાં રહેલું નથી. લૂક ૧૨; ૧૫.

સુખ વસ્તુઓમાં નહિ, પણ મનની સ્થિતિમાં રહેલું છે. ઈશ્વર સાથેના સંબંધમાં રહેલું છે.

"સગા દીઠાં શાહઆલમનાં, મેં ભીખ માગતાં શે'રીએ."

## ૨૪. અડધું બાઇબલ

એક સુવાર્તિક ખ્રિસ્તી સાહિત્ય સાથે એક કુટુંબમાં પહોંચ્યા. ઘરની સ્ત્રીએ બાઇબલ ખરીદવાની ના પાડી. સુવાર્તિકે તેને નવા કરાર મફતમાં આપવાની ઇચ્છા બતાવી. સ્ત્રીએ થોડી આનાકાની સાથે નવો કરાર લઈ લીધો.

એટલામાં ઘરમાંથી એનો પતિ બહાર આવ્યો. સુવાર્તિકને અને નવા કરારને જોઈને તે ગુસ્સામાં આવી ગયો. પછી સુવાર્તિકની મશ્કરી કરવા માટે તેણે કહ્યું, કે "અમે પરણેલાં છીએ તેથી પતિ-પત્ની તરીકે બાબતો અમારી અડધી અડધી હોવી જોઈએ. આ નવો કરાર પણ અમારે અડધો અડધો વહેંચી લેવો જોઈએ." આમ કહી તેણે નવા કરારને બે ભાગમાં ફાડી નાખ્યો. તેના બે ભાગ કર્યા. અડધો ભાગ તેની પાસે રહ્યો અને અડધો ભાગ તેની પત્ની પાસે.

કેટલાક દિવસો પછી તેણે તેની પત્નીને પૂછયું કે, "તારી પાસેનો નવા કરારનો અડધો ભાગ હતો તે ક્યાં છે? મારે તેની જરૂર છે." સ્ત્રીને નવાઈ લાગી ને કહ્યું કે, "તમારે એની શી જરૂર પડી?" પતિએ કહ્યું કે, "મારી પાસેના અડધા ભાગમાં મેં વાંચ્યું કે ઉડાઉ દીકરો પાછો ઘેર આવે છે અને તેના બાપને કંઈક કહે છે - પણ એણે એના બાપને શું કહ્યું એ વાત મારા અડધા ભાગમાં નથી, તારી પાસેના અડધા ભાગમાં એ વાત હોવી જોઈએ. મને એ જાણવાની બહુ ઇન્તેજારી છે."

અડધું બાઇબલ, અડધું સત્ય. બાઇબલના સત્યના બે ભાગ કરશો નહિ. દેવનો પૂરો મનોરથ જાણો. પ્રે.કૃ. ૨૦; ૨૭.

# ૨૫. યહોવાની મરજી તેને કચરવાની હતી.

૧૮મી સદીના એક મિશનરીની આ વાત છે.

સામ્યવાદીઓએ આ મિશનરીને પકડયો અને જેલમાં પૂર્યો. ખૂબ ત્રાસ આપવા લાગ્યા, છતાં તેણે ઈસુનો નકાર કર્યો નહિ.

પણ તેના મનમાં પ્રશ્ન ઊઠયો. એનો વિશ્વાસ સહેજ ડગી જતો લાગ્યો. ઈશ્વર કેમ ચૂપ છે? શા માટે મારી પ્રાર્થનાનો જવાબ આપતો નથી? મારું દુઃખ અને ત્રાસ કેમ અટકાવતો નથી? કેમ ઈશ્વર કશું કરતો નથી?

એક દિવસે તેની આગળ બીજા ૧૨-૧૫ ખ્રિસ્તીઓને ઊભા રાખવામાં આવ્યા અને પેલા મિશનરીને કહેવામાં આવ્યું, કે કાં તો તું ઈસુની આ છબી ઉપર પગ મૂકીને ચાલ અથવા તો એમ નહિ કરે તો આ ખ્રિસ્તીઓને અમે તારી આંખ આગળ જ મારી નાખીશું.

મિશનરી ભારે વિમાસણમાં આવી પડયા. શું કરવું? ઈસુના ચિત્રને પગ નીચે છૂંદવું અને તેનું અપમાન કરવું કે આ માણસોને બચાવવા? જો હું આ લોકોની મરજી પ્રમાણે ના કરું તો તેઓ તેમને મારી નાખશે, અને હું તેમને મારી નજરે મરતા જોઈશ.

આ વખતે પહેલી જ વાર તેણે ઈસુને બોલતા સાંભળ્યા. ઈસુની વાણી સાંભળી. આ વાણી એમ કહેતી હતી કે 'આ તારા ભાઈઓને બચાવ. જો તેઓ બચી જતા હોય તો હું તારા પગ નીચે કચરાવા ખુશી છું.'

યશાયા ૫૩; ૧૦માં પ્રબોધક લખે છે કે "તેણે અપકાર કર્યો નહોતો ને તેના મુખમાં કપટ નહોતું, તોપણ યહોવાની મરજી તેને કચરવાની હતી, તેણે તેને દુ:ખી કર્યો."

યહોવાની મરજી પોતાના પુત્રને કચરવાની હતી; એટલા માટે કે એ દ્વારા જગતનું તારણ થાય. માણસો પાપના દંડથી બચી જાય.

# ૨૬. એક કોયડો

પિતર અને યહુદા વિષે એક કોયડો - પ્રશ્ન મનમાં થાય છે.

પિતરને માફી મળી અને યહુદાને નહિ, એમ કેમ?

પિતર : પિતરે ત્રણ વખત ઈસુનો નકાર કર્યો, એને કારણે એને પસ્તાવો થયો, તે રડયો અને તેને માફી મળી અને ઈસુએ તેને પુનઃ સ્થાપિત કરીને મંડળીનો આગેવાન નીમ્યો.

યહુદા : તેણે ઈસુને પરસ્વાધીન કરાવ્યા, તેને પણ પાછળથી પોતાના દુષ્ટ કાર્યનો પસ્તાવો થયો, અને તેણે કબૂલાત કરી કે "નિરપરાધી લોહી પરસ્વાધીન કર્યાથી મેં પાપ કર્યું છે."

વળી લાંચના લીધેલા પેલા રૂપિયા ૩૦/- પણ તેણે પાછા આપી દીધા - તોપણ તેને માફી મળી નહિ અને ગળે ફાંસો ખાઈને આપઘાત કરવો પડયો.

પિતર કરતાં યહુદા એક ડગલું આગળ છે. યહુદાએ યાજકો અને વડીલો પાસે જઈને પોતાના દુષ્ટ કૃત્યની કબૂલાત કરી અને રૂપિયા પાછા આપી દીધા, આમાં એની હિંમત અને પસ્તાવો છે.

જ્યારે પિતરમાં એવી હિંમત દેખાતી નથી. પિતરે પેલી છોકરી આગળ ઈસુનો નકાર કર્યો હતો. એની પાસે પિતર પાછો ગયો નથી, એની આગળ પોતાનાં કૃત્યની કબૂલાત કરી નથી, માફી માગી નથી અને છતાં પિતરને માફી મળી, જ્યારે યહુદાને ના મળી. આમ કેમ?

માનવી બુદ્ધિ અને તર્કથી આ સમજાતું નથી.

## ૨૭. સ્વર્ગનું સંગીત

અમેરિકામાં સિવિલ વોર પૂરી થઈ ત્યારે એનો આનંદ મનાવવા માટે તેની ઉજવણીમાં ૧૮૬૯માં બોસ્ટન શહેરમાં એક ભવ્ય પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું. જે એક માણસ તે વખતે આ પ્રોગ્રામમાં હાજર હતો, તેણે પાછળથી તેના મિત્રને આ ઉજવણીનું વર્ણન કરતો પત્ર લખ્યો. પત્રમાં તેણે લખ્યું કે -

"આ ઉજવણીમાં એક મોટું ભવ્ય ક્વાયર હતું, જેમાં ૧૦,૦૦૦ ગાનારા ગવૈયા હતાં, ૧૦૦૦ ઓરકેસ્ટ્રા વગાડનારા હતા, વાયોલીન વગાડનારાના વિભાગમાં ૨૦૦ વાયોલીન વગાડનારા હતાં. આ મોટા ગાયકગણને આગેવાની આપનાર અને દોરનાર તે દુનિયાના પ્રખ્યાત અને મહાન, વાયોલીન વાદક અને ઉત્સાદ 'ઓલે બુલ' હતા. લોખંડની એરણ દ્વારા જે સંગીત ઉત્પન્ન કરવામાં આવતું હતું એમાં એક સાથે ૨૦૦ એરણો વપરાઈ હતી. અને જ્યારે સોલો ગાવામાં આવ્યો ત્યારે બધાં વાજિંત્રો ખૂબ ઊંચા સ્વરે વાગતાં હોવા છતાં સોલો ગાનારનો અવાજ એટલો ઊંચો અને સ્પષ્ટ હતો, કે બીજાં બધાં વાજિંત્રો એના અવાજ તળે દબાઈ જતાં હતાં."

આ પત્ર લખનાર છેલ્લે લખે છે, કે - "હવે હું વૃદ્ધ થવા આવ્યો છું. અને હવે સ્વર્ગનું સંગીત સાંભળવા માગું છું અને હું માનું છું કે તે દિવસે અમેરિકામાં મેં સંગીત સાંભળ્યું અને જોયું એના કરતાં સ્વર્ગનું સંગીત અનેકગણું ચઢિયાતું અને અજાયબ હશે."

હા, સ્વર્ગનું સંગીત જરૂર અજાયબ હશે. સ્વર્ગના ક્વાયરની આગળ અમેરિકાના ક્વાયરની કશી વિસાત નથી. સ્વર્ગના ક્વાયરમાં કેટલા જણ હશે? પ્રકટીકરણ ૫; ૧૧ પ્રમાણે લાખો લાખ અને હજારો હજાર દૂતો છે. તેઓ મોટે સાદે - ઊંચા અવાજે ગાય છે. વળી કલમ ૧૩ પ્રમાણે ઉત્પન્ન થયેલાં પ્રાણી - મનુષ્યો - આકાશમાંના, પૃથ્વી તળેનાં અને પૃથ્વી ઉપરનાં - એ બધાં આ સ્વર્ગીય ક્વાયરમાં જોડાયેલાં છે. કેટલું મોટું ક્વાયર!

સ્વર્ગમાં એમનું ગીત હશે - "હલવાનને સ્તુતિ, માન, મહિમા તથા સત્તા સદાસર્વકાળ હો... પવિત્ર, પવિત્ર, પવિત્ર, પ્રભુ દેવ, સર્વશક્તિમાન, જે હતો, જે છે અને આવનાર છે." પ્રકટીકરણ ૪; ૮.

રાહ જુઓ, એક દિવસે આપણે એકબીજાને સ્વર્ગના એ ક્વાયરમાં ગાતા સાંભળીએ - ત્યાં સુધી રાહ જુઓ.

## ૨૮. પસંદગી

એક અનાથાશ્રમમાં એક ધનવાન કપલ એક બાળકને દત્તક લેવા આવવાનું હતું. અનાથાશ્રમની મેટ્રન બહુ ઉત્સાહી બની ગઈ હતી. આ ધનવાન યુગલ કોને પસંદ કરશે? કયું બાળક થોડી જ વારમાં લાખોપતિ બની જશે? બરાબર ૧૦ના ટકોરે સફારી સૂટમાં સજ્જ એક યુવાન અને તેની સુંદર પત્ની  દરવાજામાં દાખલ થયાં. મેટ્રને એક પછી એક એમ બધાં બાળકો બતાવ્યાં. પછી પેલી યુવતીએ પૂછયું, કે "શું આ બધાં જ બાળકો છે, કે કોઈ બાકી રહી જાય છે?" મેટ્રને કહ્યું, "એક બાળક હજી જોવાનું બાકી છે, પણ તમે એને ના જુઓ તો સારું. એ તમને પસંદ પડશે નહિ." યુવતીએ આગ્રહ રાખ્યો કે મારે એને જોવું છે. પછી રસોડા પાસેની એક નાની અંધારી ઓરડીમાં તેઓ ગયાં. "જુઓ, આ બાળક, દેખાવમાં સુંદર નથી; એના માબાપને થોડા દિવસો પહેલાં જ કતલ કરી નાખવામાં આવ્યાં છે. અને બીજી મોટી વાત કે આ બાળક અંધ છે."

પેલી યુવતી આ બાળક પાસે ઊભી રહી, પછી તેના પતિ સામે જોયું, તેના પતિએ હકારમાં માથું નમાવ્યું, અને તરત એ સ્ત્રીએ નીચા વળીને બાળકને પોતાની ગોદમાં ઊંચકી લીધું. બાળકને છાતીએ વળગાડીને તેઓ બહાર આવ્યાં. યુવતીએ કહ્યું, "આ નાનો અંધ છોકરો મારો પુત્ર થશે."

પ્રભુના પ્રેમનું અને પ્રભુની પસંદગીનું આ કેવું મહાન ચિત્ર....!

પ્રભુએ જ્ઞાનીઓને શરમાવવા સારુ જગતના મૂર્ખોને પસંદ કર્યા અને શક્તિમાનોને શરમાવવા સારુ જગતના નિર્બળોને પસંદ કર્યા છે. દેવે આ જગતના અકુલીનોને, ધિક્કાર પામેલાઓને તથા જેઓ કંઈ પણ વિસાતમાં નથી તેઓને પસંદ કર્યા.

૧ કોરિંથી ૧; ૨૬ - ૨૯.

## ૨૯. કદરૂપા માણસો - મહાન માણસો

જગતમાં કદરૂપા પણ મહાન માણસો ઘણાં થઈ ગયા.

**બર્નાડ શૉ :** બર્નાડ શૉ કદરૂપો માણસ હતો. એક સ્ત્રીએ તેને કહ્યું, આપણે લગ્ન કરીએ. આપણો બાળક મારા જેવો સુંદર આવે અને તમારા જેવો બુદ્ધિશાળી આવે તો આપણું નામ રહી જાય.

શૉએ જવાબ આપ્યો, કે કદાપી, એ બાળક મારા જેવું કદરૂપું આવે અને તારા જેવી બુદ્ધિ એનામાં આવે તો શું થાય!

**સોક્રેટીસ :** આ મહાન તત્ત્વચિંતક, ફિલોસોફર ઘણો કદરૂપો હતો. દેખાવમાં તે કદરૂપો હતો પણ એના જ્ઞાને ઘણા બધાને પોતા તરફ આકર્ષ્યા હતા. આથેન્સના લોકો એનાથી એટલા બધા ગભરાતા હતા કે તેમણે તેને કેદમાં પૂરાવ્યો અને ઝેરી પીણું પીવડાવીને મારી નાખ્યો.

**આસોપ :** પ્રાણીઓની વાર્તાઓ કહેનાર પ્રખ્યાત શિક્ષક હતો. તે ગુલામ હતો અને અતિ કદરૂપો હતો. છતાં તેનું કામ સદીઓ સુધી અકબંધ રહ્યું છે.

**લુડવીંગ વાન બીથોવન :** આ પણ એક કદરૂપો માણસ હતો. તે અનેક વાર યુવતીઓના પ્રેમમાં પડયો, પણ કોઈ યુવતી તેની સાથે લગ્ન કરવા તૈયાર થઈ નહિ. આ માણસ પીઆનો અને વાયોલીનનો ઉસ્તાદ હતો. એને કારણે ઘણા લોકો તેને ચાહતા હતા. સંગીતમાં પ્રવિણ, પણ કદરૂપો.

**આઇઝેક વોટસ :** મહાન ગીતકાર હતો. સંગીત રચવામાં અને ગાવામાં પ્રવિણ હતો, પણ શરીરે કદરૂપો હતો. એનાં પ્રખ્યાત ગીતો આપણા ભજનસંગ્રહમાં છે. ૧૧૬, ૨૪૧ વિગેરે.

એક યુવતી તેના ગીતોની પ્રેમી હતી. તેણે તેને લખ્યું, કે આઇઝેક જેમ હું તમારા સંગીતને ચાહું છું એમ તમારા શરીરને પણ ચાહી શકું તો કેવું સારું!

આપણને જાણીને નવાઈ લાગશે પણ એક યહૂદી શિક્ષક, જે યહૂદીયામાં બહુ ટૂંકું જીવન જીવ્યો, જેનાં ચિત્રો ચિત્રકારોએ બહુ સુંદર દોર્યા છે, પણ ચિત્રોમાં જેટલો સુંદર એ દેખાય છે. એવો સુંદર અને હેન્ડસમ માણસ એ નહોતો. એથી જ યશાયા પ્રબોધકે લખ્યું છે કે "એનામાં કંઈ સૌંદર્ય નહોતું કે નહોતું લાવણ્ય. આપણે તેને જોયો ત્યારે તેનું સ્વરૂપ એવું નહોતું કે આપણે તેને ચાહીએ... જેને જોઈને આપણે મુખ અવળું ફેરવી લઈએ એવો તે ધિક્કાર પામેલો હતો." [યશાયા ૫૩મો અધ્યાય]. આમ છતાં તેનું કાર્ય અને નામ, આકાશ અને પૃથ્વી જતાં રહેશે તોપણ સદાકાળ ટકી રહેશે. એના ઉપર હજારો પુસ્તકો લખાયાં છે અને લખાતાં રહેશે. એના નામે હજારો સંસ્થાઓ સેવાનાં કાર્યો કરી રહી છે અને હજારો લોકોએ એના નામ ઉપર બલિદાનો આપ્યાં છે. **ધન્ય ઈસુ નામ.**

## ૩૦. ઘા

ઇમાનુએલ નેન નામનો માણસ કહે છે, કે જ્યારે હું સ્વર્ગમાં જઈશ અને મોટો ન્યાયાધીશ ઈસુ મને પૂછશે કે, તારા ઘા ક્યાં છે? ઘાની નિશાનીઓ ક્યાં છે? અને હું ઉત્તર આપીશ કે એવી કોઈ ઘાની નિશાનીઓ મારી પાસે નથી. ત્યારે ન્યાયાધીશ ઈસુ પૂછશે કે, શું તારે એવી કોઈ લડાઈ લડવી પડી નથી? ત્યારે હું શો જવાબ આપીશ?

ખ્રિસ્તી જીવન તો એક સૈનિકનું જીવન છે, આત્મિક યુદ્ધમાં જોતરાયેલું જીવન છે અને કોઈ જ ઘા નથી એ કેમ બની શકે! ઘા નથી એનું કારણ એ હોઈ શકે કે તેણે કોઈ લડાઈ લડી નથી અને યુદ્ધમાં સામેલ થયો નથી.

પ્રેરિત પાઉલ લખે છે કે મારા શરીર પર પ્રભુ ઈસુના ચિહ્નોની છાપ મારેલી છે - ઘાની નિશાનીઓ છે. ગલાતી ૬; ૧૭.

સંત ફ્રાન્સીસ ઓફ આસીસી વિષે કહેવાય છે કે એને ઈસુના વેઠેલાં દુ:ખોનો અનુભવ કરવો હતો. તેથી તે એક પર્વત ઉપર જઈને ઉપવાસ પર બેઠો ને વધસ્તંભ વિષે મનન કરવા લાગ્યો. એ એટલો બધો તલ્લીન બની ગયો કે એણે જાણે પોતે ખીલા ખાધા હોય અને ભાલાથી વીંધાયો હોય એટલું દુ:ખ થયું. ત્યાર પછી કહેવાય છે કે તેના હાથમાં ખીલા માર્યા હોય એવાં નિશાન પડી ગયાં જે તેના મરણ સુધી રહ્યાં.

"ચાલો ખ્રિસ્તી યોદ્ધા, જાણે યુદ્ધની માંય."

## ૩૧. બીજાં બધાં વાનાં

૧૯માં સૈકામાં જોન વેનામેકર નામના માણસે ફિલાડેલ્ફિયામાં એક સ્ટોર ખોલ્યો. ધીમે ધીમે કામ વધતું ગયું, અને થોડાં વર્ષોમાં તો એનો ધંધો ખૂબ જામી ગયો. તે સફળ ધંધાદારી માણસ ગણાવા લાગ્યો. પરંતુ આ સ્ટોર એજ એની જવાબદારી નહોતી. સ્ટોર ઉપરાંત એ શહેરનો પોતે જનરલ પોસ્ટ માસ્ટર પણ હતો અને એની મંડળીની સન્ડેસ્કૂલનો સુપ્રિન્ટેન્ડેન્ટ પણ હતો.

કોઈએ તેને પૂછયું કે આટલા બધા હોદ્દા અને જવાબદારીઓ તમે કેવી રીતે નીભાવી શકો છો? ત્યારે તેણે જવાબ આપ્યો કે ઈસુએ કહ્યું કે પહેલાં તમે દેવના રાજ્યને અને તેના ન્યાયીપણાને શોધો અને બીજાં બધાં વાનાં તમને ઉમેરી આપવામાં આવશે. સન્ડેસ્કૂલ એ મારું મુખ્ય કામ અને જવાબદારી છે, અને આ બીજાં બધાં [સ્ટોર અને પોસ્ટ ઓફિસ] વાનાં છે જે ઈશ્વરે મને ઉમેરી આપ્યાં છે. Sunday School is my business, all the rest are the things.

**વિલિયમ કેરી** - મહાન મિશનરી - અગાઉ મોચીનો ધંધો કરતા હતા. જૂનાં જૂતાં સાધવાનો ધંધો. એમણે કહ્યું હતું કે, "મારું મુખ્ય કામ સુવાર્તા પ્રચારનું છે, અને મારા ગુજરાન માટે હું મોચીનો ધંધો કરું છું." પ્રેરિત પાઉલનું મુખ્ય કામ સુવાર્તા પ્રચારનું અને ગુજરાન માટે તંબૂ સીવતો હતો.

# ૩૨. અને તે મરી ગયો.

ઉત્પત્તિનો ૫મો અધ્યાય તદ્દન નિરસ અને શુષ્ક લાગે એવો છે. વંશાવળી પાછળ આ શબ્દો આવે છે - "અને તે મરી ગયો."

હેનરી ગુડીઅર નામનો એક વેપારી. ધર્મ કરતાં વેપારમાં એને વધારે રસ. તે કદી દેવળમાં જાય નહિ કે ઘેર કદી બાઇબલ વાંચીને પ્રાર્થના પણ કરે નહિ. તેની એક નાની ભત્રીજી હતી. તેણે તેના કાકાને આગ્રહ કર્યો કે આપણે આ રવિવારે દેવળમાં જઈએ. જવાની ઇચ્છા તો નહોતી, પણ ભત્રીજીને ખુશ રાખવા માટે દેવળમાં જવાનું સ્વીકાર્યું. બંને રવિવારે ચર્ચમાં ગયાં. તે રવિવારે પાળકે ઉત્પત્તિનો ૫મો અધ્યાય વાંચ્યો, ને ભાષણ કર્યું. પેલી નાની છોકરી વિચારતી હતી કે આજે પાળકે આવો નિરસ ફકરો શા માટે વાંચ્યો. આજે પહેલી વખત જ મારા કાકા ચર્ચમાં આવ્યા છે અને પાળકે કોઈ સારો ફકરો વાંચીને જોરદાર ભાષણ કર્યું હોત તો સારું.

દેવળ પછી બંને પાછાં ફરતાં હતાં, ત્યારે રસ્તામાં હેનરીને આજ શબ્દો વારંવાર સંભળાતા હતા - "અને તે મરી ગયો." ઘેર જઈને પણ તે આજ વાત વિષે વિચારતો રહ્યો. તેને લાગ્યું કે એક દિવસે મારે પણ મરવાનું છે.

આખરે તે ઘૂંટણે પડયો, પાપની કબૂલાત કરી અને પોતાનું જીવન પ્રભુને સોંપ્યું.

નિરસ લાગતો ફકરો પણ માણસનું બદલાણ કરે છે, કારણ કે તે દેવનાં વચનો છે.

## ૩૩. સ્વપ્ન

"હું ઊંઘતી હતી પણ મારું મન જાગતું હતું." ગીતોનું ગીત ૫; ૨.

સ્વપ્નની આ પરિસ્થિતિ છે. શરીર ઊંઘતું હોય પણ મન-મગજ ચાલતું હોય, જાગતું હોય. આવી સ્થિતિમાં સ્વપ્નો આવે છે.

બાઇબલમાં સ્વપ્નોનું મહત્ત્વ ગણવામાં આવ્યું છે. બાઇબલમાં ૩૬ સ્વપ્નો અને તેના ખુલાસાની વાત મળે છે.

તાલ્મુદમાં લખ્યું છે કે જે સ્વપ્નોનો ખુલાસો - સમજૂતી નથી મળ્યાં તે એક એવા કાગળના જેવું છે જે કાગળ ટપાલમાં મળ્યો છે, પણ હજી ઉઘાડીને વાંચ્યો નથી.

રશિયન કેમિસ્ટ મીન્ડેલીવ ઘણા વખત સુધી પ્રયત્નો કરવા છતાં એક ચોક્કસ પ્રકારનો નમૂનો તૈયાર કરી શકતો નહોતો. એક દિવસે આખો દિવસ કામ કર્યા પછી તેની લેબોરેટરીમાં જ ઊંઘી ગયો. અને રાત્રે સ્વપ્નમાં તેને ચોક્કસ માહિતી મળી અને સવારે ઊઠીને તે બધું લખી લીધું ને નમૂનો તૈયાર કરી દીધો.

ઓપેરા સંગીતનું મોટા ભાગનું મ્યુઝિક રીમ્સ્કી કોરસાકોવને રાત્રે ઊંઘમાં મળ્યું હતું.

માનસશાસ્ત્રી બેચટેરેવ હમેશાં અઘરા પ્રશ્નો સાંજે વિચારતો અને સવારે ઊઠે ત્યારે એના જવાબો મળી જતા.

# ૩૪. પ્રેમમાં ભય નથી

ઇન્ડોનેશિયાના એક મિશનરી ત્યાંના લોકો કેવા ભયમાં જીવન જીવતા હતા તેની વાત કરે છે. જ્યારે તેઓએ ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો ત્યારે પાપમાંથી તો તેમને છોડાવવામાં આવ્યા, પણ સાથે સાથે આવા ભયમાંથી પણ તેઓને મુક્તિ મળી.

૧. જ્યારે આ લોકો જંગલમાં જતા હોય તેવે વખતે એક પ્રકારના પક્ષીનો અવાજ સાંભળે તો તેઓ ભય પામતા અને જંગલમાં આગળ જવાનું માંડી વાળતા. તેઓ માનતા કે આ પક્ષી તો 'ઇબ્લીસ' - શેતાન છે, અને તેઓ જો આ પક્ષીનો અવાજ સાંભળ્યા પછી પણ જંગલમાં જાય તો તેના ખરાબ પરિણામો આવે.

૨. મોસમની શરૂઆતે ચોખાના પાક માટે ખેતર સાફ કરતા હોય અને તે વખતે જો તેમને ખેતરમાં સાપ દેખાય તો તરત તેમણે ભૂંડ, ચોખા, પૈસા અને મરઘાંનાં બલિદાનો - અર્પણો ચઢાવવાં પડતાં. જો એમ ના કરે તો ઇબ્લીસનો ક્રોધ તેમને ગળી જાય. જો કોઈ ગરીબ હોય અને ઉપરોક્ત બધી વસ્તુઓ લાવી શકે એમ ના હોય તો તે વરસે તેણે પાક લેવાનો નહિ; નહિ તો ઇબ્લીસ એમને નુકસાન કરે.

૩. ખેતરની સાફસૂફી કરતાં, કચરો બાળતી વખતે જો કોઈ ઢોર-પ્રાણી તે આગમાં પડીને બળી જાય તો તેઓ માનતા કે આ વર્ષે પાક નિષ્ફળ જશે. આથી પાક નિષ્ફળ ના જાય માટે તેમણે ઇબ્લીસને કેટલાંક અર્પણો ચઢાવવાં પડતાં.

૪. કોઈ કુટુંબમાં બાળક માંદું હોય, તો તેમને ડર રહેતો કે આ બાળક મરી જશે. તેથી તે ન મરે માટે તેઓ લાકડાની એક નાની પેટી બનાવે, તેના ઉપર કબૂતરનું ચિત્ર દોરે, પેટીમાં એક નાનું કાણું પાડી તેના ઉપર પથ્થર મૂકે. આમ કરવાથી તેઓ એમ માનતા કે બાળકના આત્માને તેઓએ આ પેટીમાં સંતાડી દીધો છે જેથી તે મરી જાય નહિ. નાના પથ્થરને તેઓ બાળકનો આત્મા ગણતા અને કબૂતર એનું રક્ષણ કરે છે એવું માનતા.

૧ યોહાન ૪; ૧૮માં લખ્યું છે કે "પ્રેમમાં ભય નથી, પણ પૂરો પ્રેમ ભયને દૂર કરે છે." પ્રભુ ઈસુ ખ્રિસ્ત પરનો પ્રેમ માણસના ભયને દૂર કરે છે.

# ૩૫. કબરસ્તાનને પેલે છેડે

કબરસ્તાનની દેખભાળ રાખનાર માણસની નાની છોકરીને કોઈએ પૂછયું કે "તને કબરસ્તાનમાં થઈને જતાં - આવતાં બીક લાગતી નથી?" તેણે જવાબ આપ્યો કે "ના, કેમ કે કબરસ્તાનને પેલે છેડે મારું ઘર આવેલું છે."

જર્મનીનો એક મહાન ઇન્ડસ્ટ્રીયાલીસ્ટ મિ. ક્રૂપ થઈ ગયો; જેણે લડાઈ માટેના હથિયારો બનાવ્યાં હતાં, અને ઘણા દેશોમાં આ હથિયારો પહોંચાડયાં હતાં. આ હથિયારોના ઉપયોગથી લાખો લોકોને મારી નાખવામાં આવ્યા હતા.

પણ આ મિ. ક્રૂપ પોતે મરણથી બહુ બીતો હતો. એની આત્મકથામાં જણાવ્યા પ્રમાણે :

-- એના ઘરમાં 'મરણ' શબ્દ બોલવાની મના હતી. કોઈ સભ્યને મરણ વિષે બોલવાની રજા નહોતી, વાત કરવાની મના હતી.

— એક વખતે એના ઘરમાં કોઈ સગાનું મરણ થયું ત્યારે તે થોડા દિવસ ઘર છોડીને જતો રહ્યો હતો.

— એની પત્નીએ આ બાબત માટે એને ઠપકો આપ્યો ત્યારે તેણે પોતાની પત્નીને ફારગતી આપી દીધી.

— જ્યારે તે પોતે માંદો પડયો ત્યારે તેની સારવાર કરી રહેલા ડૉક્ટરને તેણે ઓફર કરી, કે જો તમે મને દસ વર્ષ વધુ જીવાડી શકો તો એક મિલીયન માર્કસ આપવા તૈયાર છું - પણ બધું વ્યર્થ ગયું.

આજે ઘણા માણસોને મરણની બીક લાગે છે, મરણનો ભય સતાવે છે. બાઇબલમાં "બીશો મા" એ શબ્દો ૩૬૬ વખત મળે છે, દરરોજની હિંમત માટે.

આપણને - જેઓ ઈસુ ખ્રિસ્તમાં છે, તેઓને મરણની બીક લાગતી નથી, કારણ કે મરણની સડક ઓળંગ્યા પછી, યરદન નદી ઓળંગ્યા પછી સામે છેડે આપણું ઘર આવેલું છે.

"મારા બાપના ઘરમાં રહેવાનાં ઠેકાણાં ઘણાં છે, હું તમને ત્યાં લઈ જઈશ, જેથી જ્યાં હું છું ત્યાં તમે પણ રહો." યોહાન ૧૪ : ૧-૩.

ખ્રિસ્તના પ્રેમથી આપણને કોઈ જુદાં પાડી શકશે નહિ, હા, મરણ પણ નહિ.

# ૩૬. ચેતવણી

ગ્રીક આકૉકસ નામનો માણસ એક પાર્ટીમાં જઈ રહ્યો હતો. રસ્તામાં એક માણસે તેને ઊભો રાખી એક કવર તેના હાથમાં આપ્યું અને કહ્યું, આ ખૂબ અગત્યનો કાગળ છે, વાંચજો.

આકૉકસે કહ્યું, અગત્યની આ વાતને હું આવતી કાલ ઉપર મુલતવી રાખું છું, ઘેર જઈને શાંતિથી વાંચીશ. અત્યારે તો હું બહુ અગત્યના કામે જવા નીકળ્યો છું અને મને ઉતાવળ છે.

ત્યાર બાદ એ ઉતાવળે પેલી પાર્ટીમાં ગયો. ત્યાં ખૂબ દારૂ પીધો, અને દારૂના નશામાં હતો એવે સમયે તેના એક હરીફે અગાઉથી ઘડેલી યોજના પ્રમાણે તેના એક માણસ દ્વારા તેને મારી નંખાવ્યો. તેનું લોહી પેલા કાગળ ઉપર પડયું. કાગળ લોહીથી ભીનો થઈ ગયો.

એ કાગળમાં શું હતું?

આકૉકસને આ પાર્ટીમાં કેવી રીતે મારી નાખવો એ વિષે હરીફ દ્વારા ઘડાયેલી યોજનાની માહિતી તેના કોઈ શુભેચ્છકે તેને આ કાગળમાં લખીને મોકલી હતી.

અફસોસ, આકૉકસે આ કાગળ તરત વાંચ્યો હોત તો કેવું સારું! પણ તેણે તરત વાંચ્યો નહિ, મુલતવી રાખ્યું અને પરિણામે પોતાનો જીવ ગુમાવ્યો.

દેવનું વચન આપણા ઉપરનો દેવનો પત્ર છે. તેમાં ચેતવણી છે, નિષેધ છે, સુધારો છે. પત્ર મુલતવી રાખશો નહિ. વાંચો ૨ તીમોથી ૩; ૧૬.

# ૩૭. એકલાપણું

તોફાની દરિયા કરતાં શાંત દરિયો ઘણું શીખવી જાય છે. જીવનની શાંત અને એકલવાયાપણાની પળોમાં માણસ ઘણું શીખી શકે છે, ઘણું મેળવી શકે છે. ઈશ્વર સાથે એકલા ગાળેલો એક કલાક, માણસો સાથે ગાળેલી આખી જિંદગી કરતાં મહાન છે.

પ્રેરિત પાઉલના સાથીદારો વહાણ મારફતે આસસ ગયા, પણ પાઉલે એકલા પગરસ્તે જવાનો નિર્ણય કર્યો. પ્રે. કૃ. ૨૦; ૧૩.

બેથેલ આગળ યાકૂબ એકલો હતો, ત્યારે તેને યહોવાનું દર્શન થયું.

અરણ્યમાં મૂસા એકલો હતો, ત્યારે બળતા ઝાડવામાં તેને દર્શન અને તેડું મળ્યાં.

રાત્રે એકલો યહોશુઆ યરેખોના કોટ આગળ ચાલતો જતો હતો, ત્યારે તેને દર્શન થયું.

યશાયા એકલો મંદિરમાં હતો, ત્યારે તેને યહોવાના ગૌરવનું દર્શન મળ્યું અને તેડું પણ મળ્યું.

મરિયમ એકલી બેઠી હતી, ત્યારે તેને દૂતે દર્શન આપીને ઈસુની મા થવાની વધામણી આપી.

એલીશા ખેતરમાં એકલો હતો ત્યારે એલિયા પ્રબોધકનો ઝભ્ભો તેના ઉપર પડયો.

યૂસફ એકલો હતો ત્યારે તેણે પોતાના ભાઈઓને પોતાની ઓળખ આપી.

ઇસહાક એકલો દરરોજ સાંજે ખેતરમાં મનન કરવા જતો.

પાઉલ બદલાણ પછી એકલો અરબસ્તાન ચાલ્યો ગયો, અને ૩ વર્ષ સુધી રહ્યો.

પ્રભુ ઈસુ એકલા અરણ્યમાં ૪૦ દિવસ સુધી રહ્યા, ત્યારે ત્યાં કેવો અજાયબ અનુભવ થયો!

એલિયાને શાંત પળોમાં દેવનો અવાજ સંભળાયો. આવા શાંત સમયે ઈશ્વરને માણસ સાથે વાત કરવાની તક મળે છે. આવા સમયે તે માણસને ઘડે છે.

જ્યાં સુધી મુલાકાતમંડપ ઉપર વાદળ છવાયેલું હોય ત્યાં સુધી મુસાફરી કરશો નહિ. એકાંતમાં અને એકલાપણાના સમયોમાં વાદળો વિખેરાઈ જશે.

પીસ્કાલ નામનો લેખક લખે છે, કે જીવનમાં આવતી અડધી માંદગીનું કારણ એ છે, કે માણસ ૩૦ મિનિટ પણ એકલો બેસીને વિચારવા માગતો નથી કે મારાં કરેલાં કાર્યોનું પરિણામ શું આવશે?

## ૩૮. આકાશમાંથી પાણી રેડયું

ઈ.સ. ૧૬૦માં રોમન સમ્રાટ માર્કસ ઓરેલીઅસે જર્મનીમાં પડાવ નાખ્યો. એક સમયે તે દુશ્મનોથી સંપૂર્ણપણે ઘેરાઈ ગયો. દુશ્મનોએ પાણીનો પુરવઠો કાપી નાખ્યો. પોતાની આવી નિ:સહાય પરિસ્થિતિનું વર્ણન કરતાં પોતાના જર્નલમાં આ પ્રમાણે નોંધ કરી હતી :

"મેં તરત મારા દેશના દેવોની પ્રાર્થના કરી, પણ મને કશો ઉત્તર મળ્યો નહિ. પછી મને અચાનક ખ્રિસ્તી લોકો યાદ આવ્યા. મેં તેમને તેમના દેવની પ્રાર્થના કરવા માટે વિનંતી કરી. પછી આ ખ્રિસ્તીઓએ જમીન પર ઊંધા પડીને તેમના દેવની પ્રાર્થના કરી. મારા માટે અને મારા આખા લશ્કર માટે તેમણે પ્રાર્થના કરી, કે પાણીના આ સંકટમાંથી અમારો ઉગારો થાય. પાંચ દિવસથી અમને પાણી મળ્યું નહોતું. ત્યાર બાદ આ ખ્રિસ્તીઓ જે દેવની પ્રાર્થના કરતા હતા, જે દેવ વિષે હું કશું જાણતો નહોતો, તેણે અમારી અજાયબી વચ્ચે આકાશમાંથી પાણી રેડયું. તરત જ અમને એવા ઈશ્વરની ખાતરી થઈ કે, જે પ્રાર્થનાનો જવાબ આપે છે."

આ બનાવ પછી માર્કસ ઓરેલીઅસે આખા રોમમાં ઠરાવ બહાર પાડયો, કે ખ્રિસ્તીઓને ખ્રિસ્તની પાછળ ચાલવા બદલ સતાવવા નહિ. યાકૂબનો પત્ર ૫; ૧૬-૧૮.

"એકબીજાને માટે પ્રાર્થના કરો, ન્યાયી માણસની પ્રાર્થના સાર્થક થાય છે."

## ૩૯. નાયગરાનો ધોધ

નાયગરાનો ધોધ આજે વિશ્વવિખ્યાત છે. દેશ-વિદેશના લોકો જોવા આવે છે. પણ એક વખત એવો હતો જ્યારે આ ધોધ અમેરિકા અને કેનેડા બંને દેશોની બરબાદીનું કારણ બની ગયો હતો. એના પ્રચંડ પાણી આ બંને દેશોની જમીનમાં એટલા બધાં ફરી વળ્યાં હતાં કે ખેતી કરવી અશક્ય બની ગયું હતું. એક માણસને વિચાર આવ્યો કે જો આ પાણીમાં નુકસાન કરવાની આટલી પ્રચંડ શક્તિ રહેલી છે, તો સારા કામને માટે પણ એ શક્તિ ઉપયોગમાં લેવાય તો ઘણો ફાયદો થાય. પછી તેના ઉપર બંધ બાંધવામાં આવ્યો, નહેરો ખોદવામાં આવી અને તેની પ્રચંડ શક્તિને નાથીને અન્ય માર્ગે વાળવામાં આવી, તો આજે નાયગરા ધોધના પાણીની પ્રચંડ શક્તિ દ્વારા અમેરિકા અને કેનેડાને વીજળી પૂરી પાડવામાં આવે છે.

★ ★ ★

મુક્તિફોજના સ્થાપક જનરલ વિલિયમ બુથ બ્રિટનમાં સુવાર્તા ફેલાવવા માગતા હતા, અને એને માટે યોગ્ય માણસો શોધતા હતા. પછી એમણે આ કામ માટે કોને પસંદ કર્યા એ જાણો છો? જેલના કેદીઓને અને વેશ્યાઓને. આવા લોકોને તેમણે અપીલ કરી, તેમને પ્રથમ સુવાર્તા આપી, તેમનાં બદલાણ થતાં તેઓ પોતાની પ્રચંડ શક્તિથી સુવાર્તાની સેવા માટે સાલ્વેશન આર્મીના સોલ્જરો બની ગયા. તમારી શક્તિઓ પીછાણો અને તેને યોગ્ય દિશામાં વાળો.

# ૪૦. મહાન અપંગ માનવી

૧૯૬૨ના ફેબ્રુઆરીની ૨૦મી તારીખે અમેરિકન અવકાશ યાત્રીઓ અવકાશ યાનમાં બેઠા અને લગભગ ૧૦૦ માઈલના અંતરમાં તેઓ અવકાશમાં ઘૂમ્યા. ત્યાર પછીના ચાર કલાકમાં તેઓએ પૃથ્વીની ૩ વખત પ્રદક્ષિણા કરી. ત્યારબાદ અગાઉથી નક્કી કરવામાં આવ્યું હતું તેજ પ્રમાણે તેના સાહસિક યાત્રીઓએ આટલાન્ટીક મહાસાગરમાં ઠરાવેલી જગાએ ઉતરાણ કર્યું. લાખો લોકોએ વિજ્ઞાનની આ સિદ્ધિને બિરદાવી. વિજ્ઞાનીઓની આ અજાયબીની મુક્તકંઠે પ્રશંસા થઈ.

આ યશસ્વી અને સફળયાત્રાનો યશ એક એવા માણસને ફાળે જાય છે, જેના વિષે દુનિયા ખાસ જાણતી નથી. જોન કેપ્લરનો જન્મ ૧૫૭૧ની સાલમાં અધૂરા માસે થયો હતો. એના જન્મ સમયે એની સ્થિતિ એવી હતી, કે ડૉક્ટરોએ જણાવ્યું કે આવી સ્થિતિમાં દસ લાખે એકાદ જણ બચી શકે છે.

ત્યાર બાદ ચાર વર્ષની ઉંમરે એને અછબડા નીકળ્યા, જેમાં તેની આંખોને નુકસાન થયું અને તેના બંને હાથ તદ્દન નબળા થઈ ગયા.

થોડા વખત પછી તેનાં બંને માબાપ મરણ પામ્યાં. આવો છોકરો દુનિયાને શું ઉપયોગી બની શકવાનો! શું કરી શકવાનો!

પરંતુ જોન કેપ્લરની વાત તદ્દન જુદી હતી. તેણે મનમાં નિર્ણય કર્યો હતો, કે પોતે ખગોળશાસ્ત્રી બનશે અને તે બન્યો. આજે વિજ્ઞાનીઓ ઈશ્વરના આભારી છે કે જોન કેપ્લર ખગોળશાસ્ત્રી બની શક્યો. આ જ માણસ એ હતો, કે જેણે ગ્રહોની ગતિના ત્રણ

અગત્યના નિયમો શોધ્યા હતા. આ એ જ માણસ હતો જેણે દૂરબીનમાં વપરાતા કાચની શોધ કરી હતી, જે દ્વારા વિજ્ઞાનીઓ ગ્રહો અને નક્ષત્રોને બરાબર જોઈ શકે છે. અને આ એ જ માણસ હતો જેણે વિજ્ઞાનની કેટલીક ગણતરીઓનો પાયો શોધ્યો હતો.

આ બધી શોધોના ઉપયોગ સિવાય અને તેમની મદદ વગર અમેરિકન અવકાશયાત્રીઓ કદી અવકાશમાં ઊડી શક્યા ના હોત.

જે ઈશ્વર શૂન્યમાંથી સર્જન કરી શકે છે, એ ઈશ્વરને અપંગ માનવીનો અજાયબ રીતે ઉપયોગ કરવામાં જરાપણ વાંધો આવતો નથી. જગતમાં હજારો એવાં અપંગ માનવીઓ થઈ ગયાં જેઓ દુનિયાને માટે શાપરૂપ કે ભારરૂપ નહિ, પણ આશીર્વાદ સમાન બની ગયાં છે. ઉપયોગી જીવનો જીવી ગયાં છે.

"નકામા જે હતા જગમાં,
લીધા કામે પ્રભુ તેં તો."

# ૪૧. પ્રકાશતો દીવો

૨૦૦ વર્ષો પહેલાં અમેરિકાનું ફિલાડેલ્ફીઆ શહેર સૂર્ય આથમતાંની સાથે જ અંધારપટમાં છવાઈ જતું હતું. રાત્રીના અંધકારમાં કોઈ સારા માણસની બહાર નીકળવાની હિંમત ચાલતી નહોતી. લૂંટાઈ જવાના ભયને કારણે અને જંગલી કૂતરાઓના ભયને કારણે કોઈ માણસ રાત્રીના અંધકારમાં બહાર નીકળી શકતો નહિ.

જોન કલીફટન નામના માણસે પોતાના મનમાં આવેલા વિચારને અમલમાં મૂક્યો. તેણે એક દીવો સળગાવીને પોતાના ઘરના દરવાજા બહાર મૂક્યો. દરરોજ રાત્રે તે આ પ્રમાણે દીવો સળગાવીને મૂકતો. આજુબાજુના લોકોએ જોયું કે, આ દીવાનો ઝાંખો પ્રકાશ થોડે ઘણે અંશે અંધારાને હટાવે છે. જો વધારે દીવા હોય તો વધુ અજવાળું પાથરી શકાય. અને એક પછી એક દરેક ઘરની બહાર આવા દીવા સળગવા લાગ્યા. આજુબાજુ બધે અજવાળું પથરાયું, લોકોની બીક ઓછી થઈ ગઈ.

"તમે.... જીવનનું વચન પ્રગટ કરીને જ્યોતિઓ જેવા જગતમાં દેખાઓ છો એવા થાઓ." ફિલિપી ૨; ૧૫.

યોહાન વિષે સાક્ષી પૂરવામાં આવી કે તે "સળગતો તથા પ્રકાશતો દીવો" હતો.

આપણે દરેક જણ આપણા વિશ્વાસ, આશા અને પ્રેમનો દીવો સળગાવીએ તો એ જોઈને જગતના લોકો જાણશે, કે પ્રકાશ આવ્યો છે. અંધકારમાં બેઠેલા લોકો ઉપર પ્રભાતનાં કિરણો પડશે.

## ૪૨. મેં કદી એનો વિચાર કર્યો નથી.

ટેકસાસના એક ધનવાન ગણાતા કુટુંબમાં એક જાણીતા પાળકને ભોજન માટે નિમંત્ર્યા હતા. ભોજન પછી ઘરના માલિક પાળકને બહારની લોબીમાં લઈ ગયા, જ્યાંથી આજુબાજુનું દશ્ય સુંદર રીતે દેખી શકાય.

ધનવાન માણસે એક દિશા તરફ હાથ લાંબો કરીને પાળકને કહ્યું, કે પેલા તેલના કૂવા જોઈ શકો છો? પચ્ચીસ વર્ષ પહેલાં મારી પાસે કશું જ નહોતું, પરંતુ આજે તમારી નજર પહોંચે ત્યાં સુધીનો વિસ્તાર અને તેલના કૂવાનો હું માલિક છું.

બીજી દિશામાં આંગળી કરીને બોલ્યો, પેલાં અનાજનાં ખેતરો દેખાય છે તે બધા મારાં છે.

પછી ત્રીજી દિશામાં ફરીને બોલ્યો, કે પેલાં ઢોર-પ્રાણીઓ દેખાય છે તે બધાં મારી માલિકીનાં છે.

ત્યાર પછી ચોથી દિશામાં આંગળી કરીને બોલ્યો, કે આ સામેના જંગલો પણ મારાં છે. હું એ બધાનો માલિક છું.

પાળક એની સફળતાનાં વખાણ કરશે એવી આશાથી તે થોડીવાર માટે થોભ્યો. પાળકે એક હાથ પેલા માણસના ખભે મૂક્યો અને બીજો હાથ આકાશ ભણી ઊંચો કરીને બોલ્યા કે મિત્ર, આ દિશા તરફ તમારી કેટલી મિલકત છે? સ્વર્ગમાં તમે કંઈ એકઠું કર્યું છે?

પેલા માણસે શરમથી માથું ઝુકાવીને કહ્યું, મેં એ વિષે કદી વિચાર જ કર્યો નથી.

પેલા મૂર્ખ ધનવાન માણસની માફક જગતનાં બધાં વાનાં તેની પાસે હતાં, પણ આત્માને તે ભૂલી ગયો હતો.

ઈસુએ દૃષ્ટાંતમાંના એ ધનવાન માણસને શું કહ્યું? "આજ રાત્રે તારો જીવ તારી પાસેથી લઈ લેવામાં આવે તો એ બધાં વાનાં કોનાં થશે?"

તમે તમારી સાથે કશું લઈ જઈ શકતાં નથી, પણ તમારી અગાઉ ત્યાં મોકલી શકો છો. નાઝરેથનો સુથાર આપણે માટે સ્વર્ગમાં ઘર તૈયાર કરી રહ્યો છે, પણ માલસામાન આપણે પૃથ્વી પરથી મોકલવાનો છે.

# ૪૩. ડ્રાઉં ડ્રાઉં કરતાં દેડકાં

એક ગામડાનો ખેડૂત એક દિવસે શહેર પહોંચ્યો, અને એક મોટી હોટેલના માલિકને મળીને કહેવા લાગ્યો, કે તમારી હોટેલમાં ખોરાક માટે સેંકડો દેડકાંના પગ લેવામાં તમને રસ છે? હોટેલનો માલિક ખુશ થઈ ગયો અને બોલ્યો કે, આટલાં બધા દેડકાં એક સાથે ક્યાંથી મળે?

ખેડૂતે કહ્યું કે મારા ઘરની બાજુમાં એક તળાવ છે અને આ તળાવમાં પુષ્કળ દેડકાં છે. રાત-દિવસ આ હજારો દેડકાં ડ્રાઉં ડ્રાઉં કરીને મને હેરાન કરી મૂકે છે. રાત્રે ઊંઘી શકતો નથી, કે દિવસે બરાબર કામ કરી શકતો નથી. આ દેડકાંથી ત્રાસી ગયો છું. તમે જો એ બધાં લઈ જાઓ તો મને ખૂબ રાહત થાય.

બંને વચ્ચે કરાર થયો. ખેડૂત હોટેલના માલિકને સેંકડો દેડકાં લાવી આપશે અને એના બદલામાં માલિક તેને પૈસા આપશે. પછી ખેડૂત પાછો ઘેર ગયો.

એક અઠવાડિયા પછી ખેડૂત પાછો આવ્યો ત્યારે તેના હાથમાં માત્ર બે જ દેડકાં હતાં. તેણે કહ્યું મારી ભૂલ થઈ. હું તો માનતો હતો કે તળાવમાં પુષ્કળ દેડકાં છે, પણ બે જ હતાં. પણ આ બે દેડકાં એટલો બધો અવાજ કરતાં હતાં, કે જાણે સેંકડો દેડકાં બોલતાં હોય એવું લાગતું હતું.

મંડળીમાં જોર જોરથી ખૂબ અવાજ સંભળાતો હોય કે આ બરાબર નથી, પેલું બરાબર નથી, આ થવું જોઈએ અને તેમ હોવું જોઈએ, ત્યારે યાદ રાખજો કે એ થોડા જ માણસોના બૂમ બરાડા હશે. ફરિયાદો કરનારા થોડા જ લોકો હોય છે, પણ તેમના બૂમ બરાડા એટલા બધા હોય છે કે મંડળીનું વાતાવરણ ડહોળાય જાય છે.

## ૪૪. પ્રાર્થનામાં જોડાયેલા હાથ

પ્રાર્થનામાં જોડાયેલા બે હાથનું ચિત્ર તમે ઘણી જગાએ જોયું હશે. આ ચિત્ર જગતમાં ખૂબ પ્રખ્યાત બની ગયું છે. આ ચિત્રનો ઇતિહાસ પણ એટલો જ રસિક છે.

જર્મન આર્ટિસ્ટ આલ્બ્રેચ ડુરર ચિત્રકાર હતો અને પોતાની કલાનો વિકાસ કરવા અને એમાં વધુ અભ્યાસ કરવા માટે તે ઘર છોડીને ચાલી નીકળ્યો. તેને બીજો એક એવી જ ઇચ્છાવાળો મિત્ર મળી ગયો. બંનેને વધુ અભ્યાસ કરી ચિત્રકારની દુનિયામાં આગળ વધવું હતું. બંને મિત્રો એક રૂમ ભાડે રાખી સાથે રહેવા લાગ્યા. પરંતુ બંને જણ એટલા ગરીબ હતા કે કલાનો અભ્યાસ કરવો અને સાથે ગુજરાન માટે રોટલો કમાવો એ બંને બાબતો સાથે બની શકે એમ નહોતું. આથી આલ્બ્રેચના મિત્રએ રસ્તો કાઢયો કે પોતે કોઈ જગાએ મજૂરી કરી રોટલો કમાશે અને આલ્બ્રેચ કલાના ક્ષેત્રમાં વધુ ધ્યાન આપી અભ્યાસ કરશે. અને જ્યારે આલ્બ્રેચનાં ચિત્રો વેચાય ત્યારે આલ્બ્રેચ નોકરી કરી ગુજરાન માટે કમાશે અને પોતે કલાનો અભ્યાસ કરશે. બંને મિત્રો આ વાત ઉપર સંમત થયા.

થોડા સમય પછી આલ્બ્રેચે લાકડાનાં પાટિયાં ઉપર દોરેલું સુંદર ચિત્ર વેચાયું અને થોડાં નાણાં મળ્યાં. શરત પ્રમાણે હવે આલ્બ્રેચ મહેનત મજૂરી કરી રોટલો કમાય અને તેનો મિત્ર ચિત્રકલાનો અભ્યાસ કરે. પરંતુ એવું બન્યું કે મિત્રએ સખત મજૂરી કરી હતી જેને કારણે તેના હાથ તદ્દન ખરબચડા થઈ ગયા

હતા અને આંગળીઓ ચિત્રકામ માટે નકામી બની ગઈ હતી. જ્યારે આલ્બ્રેચે આ જાણ્યું ત્યારે તેને ખૂબ દુ:ખ થયું.

એક દિવસે આલ્બ્રેચ ડુરર સાંજના કામ કરીને ઘેર પાછો આવ્યો, ત્યારે તેણે જોયું તો તેનો મિત્ર પોતાના ખરબચડા બે હાથ પ્રાર્થનામાં જોડીને બેઠો હતો. આ જોઈને આલ્બ્રેચના મનમાં વિચાર આવ્યો, કે મારા મિત્રના પ્રાર્થનામાં જોડાયેલા આ બે હાથનું ચિત્ર દોરીને જગતને બતાવી આપીશ કે મારા માટે તેણે કેટલો મોટો ભોગ આપ્યો છે. આમ કરવાથી હું મારા મિત્ર પ્રત્યેનું ઋણ અદા કરીશ. મારા મિત્રને અગાઉના જેવા હાથ અને આંગળીઓ હું પાછી આપી શકું એમ નથી, પણ મારી કલાના વિકાસ માટે તેણે મજૂરી કરીને જે હાથો ખરબચડા બનાવી દીધા છે એ હાથોને હું અમર અને પ્રખ્યાત બનાવીશ.

અને આમ, આભારની લાગણીથી તેણે દોરેલું ચિત્ર આજે દુનિયાભરમાં પ્રખ્યાત બની ગયું છે. Folded hands in Prayer.

આ સુંદર, પ્રાર્થનામાં જોડેલા બે હાથનું ચિત્ર અને એની પાછળ રહેલો પ્રેમ, આભાર અને ભ્રાતૃભાવની લાગણીસભર વાત આપણા મન-હૃદયને સ્પર્શ્યા વિના રહે એમ નથી.

યશાયા ૫૩માં લખ્યાં પ્રમાણે "આપણે માટે તે કચડાયો અને વિંધાયો." તમે ઋણ અદા કર્યું?

# ૪૫. હેન્ડલનું પ્રખ્યાત મસાયા સંગીત

આ ગીત-સંગીત દુનિયાભરમાં ખૂબ જ પ્રખ્યાત છે. એમાં ઈશ્વરના ગૌરવનાં દર્શન થાય છે. આ ગીતનો ઇતિહાસ પણ જાણવા જેવો છે.

આ ગીતનો રચનાર જ્યોર્જ ફ્રીડેરીક હેન્ડલ માંદગીમાં પટકાયો હતો. તંદુરસ્તી તદ્દન નબળી બની ગઈ હતી. એના શરીરનું જમણું અંગ લકવાની અસરથી જકડાઈ ગયેલું હતું. એની પાસે જે કંઈ થોડા ઘણા પૈસા હતા તે બધા ખરચાઈ ગયા હતા. જેઓની પાસેથી તેણે ઉછીના પૈસા લીધા હતા તે બધાની ઉઘરાણી વધી ગઈ હતી. કેટલાક લેણદારોએ તો તેને જેલમાં ધકેલી દેવાની ધમકી આપી હતી.

જ્યોર્જ હેન્ડલ આ બધી પરિસ્થિતિથી એટલો બધો કંટાળી ગયો હતો, અને નિરાશ બની ગયો હતો, કે આવા અતિ દુ:ખદ અનુભવમાંથી પસાર થતાં તેણે પોતાનો વિશ્વાસ પણ ગુમાવી દીધો. આવી અગ્નિપરીક્ષામાંથી તે પસાર થઈ રહ્યો હોવા છતાં, કોઈ અગમ્ય શક્તિ અને પ્રેરણા પામીને તેણે પોતાની પ્રખ્યાત અને મહાન કૃતિ હાલેલૂયાહ સ્ત્રોતની રચના કરી જે "હેન્ડલનું મસાયા" તરીકે વિશ્વભરમાં પ્રખ્યાત બની ગયું છે.

ઇંગ્લૅંડનાં રાણી વિકટોરીઆના રાજ્યભિષેક વખતે આ ગીત-સંગીત વગાડવામાં આવ્યું હતું. પ્રણાલિકા એવી હતી કે જ્યારે આ ગીત વાજિંત્રો સાથે શરૂ થાય ત્યારે દરેક સભાજનો ઊભા થાય, પણ રાજવી શાહી સત્તાને ઊભા થવાની જરૂર નહિ. પણ જ્યારે આ ગીત સંગીતના સૂર રેલાવા માંડયા ત્યારે રાણીથી

ગાદી ઉપર બેસી રહેવાયું નહિ અને પ્રણાલિકા તોડીને તે ઊભા થઈ ગયેલાં અને ઈશ્વરના ગૌરવ આગળ પોતાનો તાજ ઉતારીને નમન કર્યું.

૧ યોહાન ૫; ૪ પ્રમાણે "જે કોઈ દેવથી જન્મેલું છે તે જગતને જીતે છે, અને જે જયે જગતને જીત્યું છે તે આપણો વિશ્વાસ છે."

જે કોઈ વ્યક્તિ પોતાને **કંઈક** સમજે છે અથવા મહત્ત્વની ગણાવે છે એવી વ્યક્તિનો ઉપયોગ ઈશ્વર કરતો નથી, પણ એવી વ્યક્તિઓનો ઉપયોગ કરે છે જેઓ પોતાનું કશું જ ગણાવતી નથી. હું કંઈ જ નથી એવું જે માને છે - તેમનો ઉપયોગ ઈશ્વર ભરપૂરપણે કરે છે.

મોટાં મોટાં પક્ષીઓ, જેવાં કે ગરૂડ, ઘુવડ, ટર્કી, શાહમૃગ - તેઓને તમે કદી ગાતાં સાંભળ્યાં છે? નહિ ને! પણ નાનાં નાનાં પક્ષીઓ જેવાં કે કેનેરી, આગીયો, કોયલ વિગેરે - નાનાં પક્ષીઓ સુંદર ગાઈ શકે છે.

## ૪૬. આપો અને તમને આપશે

એક દંતકથા પ્રમાણે એક ધર્મશાળાનો માલિક ખૂબ ઉદાર માણસ હતો. કોઈ ગરીબ માણસ તેને ત્યાંથી ખાલી હાથે કદી પાછો ફરે નહિ. નવાઈ એ વાતની હતી, કે જેમ જેમ તે ઉદારતાથી આપતો જતો એમ એમ તે વધારે સુખી અને ધનવાન થતો જતો હતો.

જ્યારે આ માલિક મરણ પામ્યો ત્યારે તેના દીકરાએ તેનો વહીવટ સંભાળ્યો, પણ આ દીકરાનો સ્વભાવ તેના બાપ કરતાં તદ્દન ઉલટો હતો. એક રાત્રે અજાણ્યો માણસ ત્યાં આવ્યો અને કહ્યું કે ત્રણ વરસ ઉપર હું આવ્યો હતો ત્યારે, જૂના માલિકે મને આશરો આપ્યો હતો. અને ઘણી મદદ પણ આપી હતી. આજે ફરી આશરો લેવા માટે આવ્યો છું. નવા માલિકે તેને ધમકાવ્યો કે હવે અહીં મફતમાં કોઈને રહેવા દેવામાં આવતા નથી. હવે અહીં બહુ ઓછા માણસો આવે છે અને તેથી પહેલાંના જેવી સ્થિતિ રહી નથી. આવક પણ ઘટી ગઈ છે.

અજાણ્યા મુસાફરે કહ્યું કે, હું તેનું કારણ સમજી શકું છું, અને કારણ એ છે કે બે જોડીઆ ભાઈઓ છે તેઓને તમે ધર્મશાળામાંથી હાંકી કાઢયા લાગે છે. આ બે જોડીઆ ભાઈઓનાં નામ છે, **"આપો"** અને બીજાનું નામ **"અપાશે"** તમે 'આપો' ને કાઢી મૂક્યો અને એને કારણે તેનો જોડીઆ ભાઈ 'અપાશે' એ પણ જતો રહ્યો. આ બંને જોડીઆ ભાઈઓ જ્યાં ને ત્યાં સાથે જ રહેતા હોય છે.

નીતિવચન ૩; ૯-૧૦માં લખ્યા પ્રમાણે "તારા દ્રવ્યથી તથા તારા પ્રથમ ફળથી યહોવાનું સન્માન કર, એમ કરવાથી તારી વખારો ભરપૂર થશે, અને તારા દ્રાક્ષકુંડો નવા દ્રાક્ષારસથી ઊભરાઈ જશે."

એક સળગતી મીણબત્તી જ્યારે બીજી મીણબત્તીને સળગાવે છે ત્યારે પહેલી મીણબત્તીને કશું જ ગુમાવવું પડતું નથી, ઉલટાનો બે મીણબત્તીનો પ્રકાશ અંધકારને દૂર કરે છે.

"આપો અને અપાશે,
સ્વર્ગનાં દ્વારો ઊઘાડાશે,
આશિષ બહુ ઊભરાશે રે, વહાલાંઓ દેવનાં."

## ૪૭. વૃદ્ધ માણસનું માયાળુપણું

ડી. એલ. મૂડીના પિતા મરણ પામ્યા ત્યારે તેમની વિધવા પત્નીને નવ બાળકોને ઉછેરવાની કપરી જવાબદારી ઉઠાવવી પડી હતી. ઘરમાં ગરીબાઈ હતી. નવ નવ બાળકોને શું ખવડાવવું તે એક મોટો પ્રશ્ન હતો. આથી બે ભાઈઓએ નિર્ણય કર્યો કે તેઓ કોઈ બીજા ગામમાં જઈને ત્યાં જે કંઈ કામ મળે તે કરીને થોડા નાણાં કમાશે. પોતાના ગામથી ૧૩ માઇલ દૂરના બીજા એક ગામે જવા માટે આ બે ભાઈઓ ચાલી નીકળ્યા, તેમાંનો એક હતો ભવિષ્યનો મહાન પ્રખ્યાત ઉપદેશક ડવાઈટ એલ. મૂડી.

આ આખા પ્રસંગનું વર્ણન ડવાઈટના મુખે સાંભળો :-

"અમારે માટે ઘર અને ગામ છોડીને જવું એ હૃદયને ભાંગી નાખે એવો પ્રસંગ હતો. વળી નવેમ્બર મહિનાની કડકડતી ઠંડીમાં ૧૩ માઈલ ચાલીને જવાનું એ એથી પણ અઘરું હતું. છતાં અમે બે ભાઈઓ ચાલી નીકળ્યા. ગામ પાસેની નદી ઓળંગીને અમે થોભ્યા અને પાછા ફરીને અમારા ગામને ઘરને અશ્રુભીની આંખે જોયાં. અમને લાગતું હતું, કે કદાપી આ અમે છેલ્લી વખતે અમારા ગામને અને ઘરને જોઈએ છીએ. ફરી ક્યારે અહીં પાછા આવીશું તેનો કોઈ અંદાજ નહોતો. કદાપી કદી જ પાછા ફરી શકીશું નહિ એમ લાગતું હતું.

આખરે અમે એ ગામમાં પહોંચ્યા. અહીં અમને કંઈક નાનું-મોટું કામ મળશે એવી આશા હતી. અમે બંને ભાઈઓ કામની શોધમાં શેરીઓમાં આમથી તેમ રખડતા હતા. એવામાં અમને રસ્તામાં એક વૃદ્ધ માણસ મળ્યા. તેમણે કહ્યું, તમે બંને આ

ગામમાં નવા આવ્યા હો એમ લાગે છે, કેમ કે મેં તમને અગાઉ કદી જોયા નથી. પછી તેમણે ખૂબ પ્રેમથી મારા માથા ઉપર પોતાનો હાથ મૂક્યો, અને બીજા હાથથી એક પેની કાઢીને મારા હાથમાં મૂકી અને હમદર્દીથી કહ્યું, "દીકરાઓ, હિંમત હારશો નહિ. જો કે તમને પૃથ્વી પર પિતા નથી, પણ આકાશમાં તમારો બીજો એક પિતા છે, જે તમને ખૂબ ચાહે છે, અને તે તમને કદી ત્યજી દેશે નહિ."

ડવાઈટ એલ. મૂડી, તેમના મરણ સુધી આ વૃદ્ધ માણસની મદદ, ઉત્તેજન અને પ્રેમાળ શબ્દોને ભૂલ્યા નહોતા. તેમણે કહ્યું, જ્યારે અમારે હિંમત અને ઉત્તેજનની ખરેખર જરૂર હતી ત્યારે જ આ વૃદ્ધ ખ્રિસ્તી માણસે અમને એ પૂરાં પાડયાં.

## ૪૮. ભેટ

અમેરિકાના ભૂતપૂર્વ પ્રેસિડન્ટ મિ. વિલ્સન, એક વખતે ટ્રેઈન દ્વારા મુસાફરી કરતા કરતા મોન્ટાનામાં થોભ્યાં. ત્યાં એકઠી થયેલી માનવમેદની આગળ ટૂંકું પ્રવચન કરવાના હતા. મંચ ઉપર મિ. વિલ્સનની બાજુમાં તેમના પત્ની મિસિસ વિલ્સન ઊભા હતાં અને પાછળ કેટલાક અગત્યના માણસો અને અંગરક્ષકો ઊભા હતા.

બે નાના છોકરાઓ ગમે તેમ કરી ટોળામાંથી આગળ ધસી ગયા અને છેક આગળની હરોળમાં ઊભા રહી ગયા. મિ. વિલ્સનનું પ્રવચન ચાલુ હતું, એવામાં પેલા બે છોકરાઓમાંથી એક જણે નાનો કાગળનો અમેરિકન રાષ્ટ્રધ્વજ પોતાના હાથમાં ઊંચો કર્યો, જાણે તે પ્રેસિડન્ટને આપવા માગતો હોય તે રીતે. મિસિસ વિલ્સનની નજર એના ઉપર પડી અને તેમણે જરા આગળ વધીને, વાંકા વળીને તે ધ્વજ પેલા છોકરા પાસેથી લઈ લીધો અને તેનો આભાર માન્યો.

બીજો છોકરો પણ કંઈક આપવા માગતો હતો, પણ અમેરિકાના પ્રેસિડન્ટને આપી શકાય એવી કોઈ વસ્તુ તેની પાસે નહોતી. ગજવાં ફંફોસતાં તેને એક નાનો ચલણી સિક્કો મળી આવ્યો, જે તેણે હાથમાં લઈને ઊંચો કર્યો. મિસિસ વિલ્સને તેને જોયો અને આભાર માનીને તે સિક્કો તેમણે સ્વીકારી લીધો.

..... પણ આ વાત અહીં પૂરી થતી નથી. પાંચ વર્ષ પછી મિ. વિલ્સન મરણ પામ્યા ત્યારે તેમની અંગત બ્રીફકેશ મિસિસ વિલ્સને ઉઘાડી અને તેમાં જોયું તો એક અલગ નાના ખાનામાં

સુંદર કપડામાં વિંટાળેલી કોઈક વસ્તુ હતી. કપડું ખોલીને જોયું તો તેમાં પેલા બે નાના છોકરાઓએ આપેલી ભેટો સાચવીને રાખવામાં આવી હતી.

છેલ્લા પાંચ વર્ષથી આ અમૂલ્ય ભેટો પ્રેસિડન્ટની સાથે ને સાથે જ તેમની અંગત બ્રીફકેશમાં ફરતી હતી. જ્યાં જ્યાં તેઓ ગયા ત્યાં ત્યાં આ નાની ભેટો પણ ગઈ. અમેરિકાના પ્રેસિડન્ટને શાની ખોટ હોય! તેમ છતાં પ્રેમથી આપેલી આ નાની ભેટો તેમણે જતન કરીને સાચવી રાખી હતી.

ઈશ્વર કેટલો મહાન છે, સર્વશક્તિમાન છે, ધનવાન છે, અને છતાં તેનાં બાળકો જ્યારે પ્રેમથી અને માનથી કોઈ ભેટ ધરે છે ત્યારે તે તેને સ્વીકારીને ખજાનામાં સાચવી રાખે છે. આવી નાની નાની ભેટો ઈશ્વરને આનંદ આપે છે અને ઈશ્વર યાદ રાખીને આપનારને આશીર્વાદ પણ આપે છે.

પ્રભુ ઈસુએ કર્નેલ્યસને શું કહ્યું? "તારી પ્રાર્થનાઓ તથા તારાં દાન દેવની આગળ યાદગીરીને સારુ પહોંચ્યાં છે." પ્રે. કૃત્ય ૧૦:૫.

# ૪૯. પ્રિન્સ ઓફ પીસ

૧૯૬૧ની સાલમાં ઇંગ્લૅંડની રાણીના પતિ પ્રિન્સ ફિલિપે ઇંગ્લૅંડની મુસાફરી ટ્રેઈન દ્વારા કરવાનો નિર્ણય કર્યો. એને માટે ખાસ ટ્રેઈન તૈયાર કરવામાં આવી હતી. એક સાંજે એક નાના ગામડાથી થોડે દૂર આ ગાડી થોભાવી દેવામાં આવી, જેથી પ્રિન્સ ફિલિપ રાત્રે ગાડીમાં જ આરામ કરી શકે. રેલવેના સમયપત્રક પ્રમાણે તે રાત્રે બીજા પાટા ઉપરથી બીજી પાંચ ગાડીઓ પસાર થવાની હતી. પરંતુ મુશ્કેલી એ હતી કે જો આ પાંચ ગાડીઓ ત્યાંથી પસાર કરવામાં આવે તો તેના અવાજને કારણે પ્રિન્સની ઊંઘમાં ખલેલ પડે, અને જો એમ થાય તો રેલવે સત્તાવાળાનું આવી બને.

આથી તેમણે ઉપાય કર્યો, કે બીજી પાંચ ગાડીઓ પ્રિન્સની રાજવી ગાડીને ક્રોસ કરીને જાય નહિ, પણ એ ગાડીઓને બે માઈલ દૂર ઊભી રાખવી, તેમાંથી બધા મુસાફરોને ઉતારી લેવા અને બસો તથા ટેક્ષીઓ મારફતે તેઓને આગળના સ્ટેશને લઈ જવા અને ત્યાં તૈયાર રખાયેલી બીજી ગાડીઓ મારફતે આગળની મુસાફરી કરાવવી. અને આવું જ બન્યું, જેથી પ્રિન્સની ઊંઘમાં ખલેલ પડી નહિ.

આની સાથે બીજા એક 'પ્રિન્સ ઓફ પીસ'ને સરખાવો, જેને આ પૃથ્વી ઉપર માથું મૂકવાનું ઠામઠેકાણું નહોતું. લોંકડાને દર અને આકાશના પક્ષીઓને માળા હોય છે, પણ માણસના દીકરાને આ પૃથ્વી પર માથું મૂકવાનું ઠેકાણું નહોતું.

# ૫૦. બાળવાને સારુ તૈયાર

પચાસ વર્ષો સુધી વૈજ્ઞાનિકોએ અણુ-પરમાણુ ઉપર ખૂબ શોધખોળ કરી. આખરે ૧૯૩૯ની સાલમાં બે જર્મન વૈજ્ઞાનિકો પોતાની શોધની સફળતા સાથે બહાર આવ્યા અને જગતને જણાવ્યું કે અણુ-પરમાણુમાં અગાધ શક્તિ રહેલી છે. આ શક્તિ અમર્યાદિત છે અને તેનો ઉપયોગ થાય તો વૈજ્ઞાનિક ક્ષેત્રે તેમ જ ઔદ્યોગિક ક્ષેત્રે મોટી ક્રાંતિ લાવી શકાય.

૧૯૪૨ની સાલમાં ઇટાલીયન વૈજ્ઞાનિકે શીકાગો યુનિવર્સિટીમાં પ્રયોગ કરીને પરમાણુમાં રહેલી શક્તિ બહાર કાઢી, તો પહેલી વખત જગતને જાણ થઈ કે પરમાણુ આગથી ભરેલો છે. પછી તો એમાંથી એટમ બોમ્બ બન્યા. મોટાં મોટાં વહાણો અને સબમરીનો આગની શક્તિથી ચાલતાં થયાં.

વૈજ્ઞાનિકોએ સાબિત કર્યું, કે દુનિયામાં બધું જ આગથી ચાલે છે. પર્વતો, પાણી, જમીન, હવા ખોરાક, ધાતુ તમામ વસ્તુઓમાં અણુ-પરમાણુ સમાયેલું છે, અને દરેક પરમાણુમાં આગ રહેલી છે. જાણે કે માણસ આગ ઉપર ચાલી રહ્યો છે. આગ ઉપર જીવી રહ્યો છે.

એક ફિલોસોફરે કહ્યું કે :-

"Every thing comes from Fire

and goes back to the Fire."

વૈજ્ઞાનિકો તો હવે આ તારણ પર આવ્યા છે, પરંતુ ૧૯ સૈકાઓ પહેલાં પ્રભુના એક સંતે પવિત્રાત્માની પ્રેરણાથી આજ વાત લખી હતી. પિતરનો બીજો પત્ર ૩; ૭.

"પણ હમણાંનાં આકાશ તથા પૃથ્વી તેજ શબ્દથી ન્યાયકાળ તથા અધર્મી માણસોના નાશના દિવસ સુધી રાખી મૂકેલાં છતાં **બાળવાને સારુ** તૈયાર રાખેલાં છે."

અંગ્રેજી તરજુમા પ્રમાણે આ વાત વધુ સ્પષ્ટ સમજાશે.

"But the present heavens and the earth by the same word have been **stored** with **fire**."

૧૯ સૈકાઓ પહેલાં સંત પિતરે આ માહિતી જગતને આપી હતી કે પૃથ્વી આગથી ભરેલી છે.

## ૫૧. વરસાદ માટે પ્રાર્થના

અમેરિકાના એક પાળક ઇંગ્લૅંડ ગયા. ત્યાં વિશ્વાસના પ્રેરિત એવા જ્યોર્જ મૂલરને મળવાની ઘણી ઇચ્છા હતી. તેમની જાણમાં આવ્યું કે કોઈ એક જગ્યાએ આજે સાંજે જ્યોર્જ મૂલરની સભા થનાર છે, તેથી તેઓ ત્યાં પહોંચી ગયા. ત્યાં ગયા પછી કોઈએ તેમને કહ્યું કે આજે જ્યોર્જ મૂલર આવી શકે એમ નથી, કારણ કે તેઓ બીજે કોઈ સ્થળે ગયા છે.

ઘણા બધા લોકો ત્યાં એકઠા મળ્યા હતા. આ સમય દુકાળનો હતો. ઘણા વખતથી વરસાદ પડયો નહોતો. ખેતરોમાં પાક સુકાઈ રહ્યો હતો. ઝાડ ઉપરનાં પાંદડાં સુકાઈ ગયાં હતાં, ઝરણાં અને કૂવાઓ સુકાઈ ગયા હતાં. વરસાદ પડે એવી કોઈ નિશાનીઓ દેખાતી નહોતી. આવા વખતે પણ લોકો ઈશ્વરનું ભજન કરવા અને દેવનાં વચનો સાંભળવા એકઠા થયા હતા.

એટલામાં બધાના આશ્ચર્ય વચ્ચે જ્યોર્જ મૂલર ત્યાં આવી પહોંચ્યા. સભાની શરૂઆત કરતાં એક આગેવાને મૂલરને વિનંતી કરી કે આપણે વરસાદ માટે પ્રાર્થના કરીએ તો કેમ! થોડીવાર શાંત રહ્યા પછી મૂલરે કહ્યું, "જરૂર, આપણે વરસાદને માટે પ્રાર્થના કરીએ."

મૂલર પોતાની જગાએ ઊભા થયા, અને નાના બાળકની માફક ઈશ્વરને વરસાદ માટે વિનંતી કરવા લાગ્યા. લોકોની ચિંતામય સ્થિતિ, ખોરાક અને પાણીની તંગી, એ બધા વિષે મૂલરે ઈશ્વરની આગળ પ્રાર્થના કરી. ઈશ્વર દયા કરીને આ લોકો માટે વરસાદ મોકલો.

પ્રાર્થના પૂરી કરીને મૂલર પોતાની જગાએ બેસી ગયા. મિટિંગ પૂરી થઈ અને લોકો પોતાને ઘેર પહોંચે તે પહેલાં તો ધોધમાર વરસાદ તૂટી પડયો. બધે જ પાણી પાણી થઈ રહ્યું.

પ્રભુ યહોવા શું કહે છે! તેનું વચન સાંભળો :

"તેઓ હાંક મારે તે પહેલાં હું તેઓને ઉત્તર દઈશ, અને હજી તેઓ બોલતા હશે, એટલામાં હું તેઓનું સાંભળીશ." યશાયા ૬૫; ૨૪.

★ ★ ★

સમય અને જીવનનાં વર્ષોની ગણતરી કોઈએ આ પ્રમાણે કરી છે :

જો તમારી ઉંમર ૧૫ વર્ષની છે, તો તમારા જીવનમાં સવારના ૧૦:૨૫નો સમય થયો છે.

૨૫ વર્ષની ઉંમર હોય તો, ૧૨:૪૨ વાગ્યા છે.

૩૫ વર્ષની ઉંમર હોય તો, ૩:૦૦ વાગ્યા છે.

૪૫ વર્ષની ઉંમર હોય તો, ૫:૧૫ વાગ્યા છે.

૫૫ વર્ષની ઉંમર હોય તો, ૭:૩૫ વાગ્યા છે.

૬૫ વર્ષની ઉંમર હોય તો, ૯:૫૫ વાગ્યા છે.

૭૦ વર્ષની ઉંમર હોય તો રાતના ૧૧ વાગ્યા છે.

એક કલાક પછી દિવસ પૂરો થશે.

## ૫૨. નવ ડોલરની મૂંઝવણ

પ્રખ્યાત પાળક અને ઉપદેશક જ્યોર્જ બ્રુકસના અનુભવની આ વાત છે.

પહેલા વિશ્વયુદ્ધ વખતની આ વાત છે. એ સમયે જ્યોર્જ બ્રુકસ એક નાના ગામડાની નાની અને ગરીબ એવી મંડળીના પાળક હતા. કોલોરાડોમાં આવેલી આ નાની મંડળી તદ્દન ગરીબ હતી. પાળક માટે રહેવાનું મકાન પણ નહોતું. આથી તેમણે ચૌદ ડોલરના માસિક ભાડાથી એક ઘર ભાડે લીધું. મકાન માલિક જરા કરડો માણસ હતો. શરૂઆતે જ તેણે જણાવ્યું, કે જે મહિને ઠરાવેલી તારીખે તમે જો ભાડું નહિ આપો તો તાત્કાલિક મકાન ખાલી કરી આપવું પડશે. જ્યોર્જ બ્રુકસે માગણી સ્વીકારી, કારણ કે એ સિવાય બીજો કોઈ રસ્તો જ નહોતો.

મહિનો પૂરો થવા આવ્યો અને ભાડું આપવાની તારીખ નજદીક આવી ગઈ હતી. છતાં જ્યોર્જની પાસે ૧૪ ડોલર ભેગા થયા નહોતા. બહુ મોટી મૂંઝવણ હતી. જેમ તેમ કરીને પાંચ ડોલર ભેગા થયા, પણ બાકીના નવ ડોલર લાવવા ક્યાંથી? અને જો નવ ડોલર નહિ મળે તો બે દિવસ પછી આ મકાન ખાલી કરવું પડશે અને બીજે જવું પણ ક્યાં? નવ ડોલરની મોટી મૂંઝવણ હતી. પતિ-પત્ની પ્રાર્થના કરતાં હતાં કે ઈશ્વર કોઈ રસ્તો કાઢે.

ભાડું આપવાનો છેલ્લો દિવસ હતો. બપોરના ભોજન માટે પતિ-પત્ની ટેબર પર બેઠાં. ભોજનમાં માત્ર ટોસ્ટ અને ચા હતા.

તેઓ ખૂબ આતુરતાથી નવ ડોલર માટે પ્રાર્થના કરતાં હતાં. તેમનો વિશ્વાસ નબળો પડતો જતો હતો.

એવામાં જ્યોર્જ બ્રુકસે બારી બહાર જોયું તો તેમની મંડળીનો એક સભાસદ ચર્ચના કંપાઉન્ડમાં દાખલ થઈ રહ્યો હતો. આ માણસ કદી દેવળમાં આવતો નહોતો. મંડળી સાથે બહુ સંબંધ પણ રાખતો નહોતો. આથી મિ. બ્રુકસે માન્યું કે આ માણસ કોઈ મદદ માગવા આવતો હશે. શું મદદ માગશે?

પેલો માણસ ધીમેથી અંદર આવ્યો અને બોલ્યો, "મિ. જ્યોર્જ, ઘણા વખતથી હું ચર્ચમાં આવ્યો નથી, મને યાદ છે ત્યાં સુધી છેલ્લા નવ રવિવારોએ હું ગેરહાજર રહ્યો છું, અને મારો નિયમ છે તે પ્રમાણે છેલ્લા નવ રવિવારના દાન પેટે નવ ડોલર મારે તમને આપવાના બાકી છે. આજે મને સતત પ્રેરણા થઈ કે મારે આ નવ ડોલર આજે જ તમને આપી દેવા જોઈએ. તેથી આવતા રવિવારની રાહ જોયા વગર જ આજે હું તમને તે આપવા આવ્યો છું..." એમ કહી નવ ડોલર જ્યોર્જ બ્રુકસના હાથમાં મૂકીને તે પાછો વળી ગયો. આ સત્ય ઘટનાને તમે શું કહેશો?

ઈશ્વરના કાન એટલા બહેરા નથી કે તે આપણું ન સાંભળે, અને હાથ એટલા ટૂંકા નથી કે મદદ માટે ન લંબાવે!

## ૫૩. ભંગીત હૃદય

એક મંડળી.

મંડળીમાં એક જાણીતું કુટુંબ. કુટુંબમાં ત્રણ વ્યક્તિ. પતિ, પત્ની અને પુત્ર.

પતિનો ધીકતો ધંધો, ખૂબ કમાણી. ધંધા અર્થે અવાર-નવાર બહાર ગામ જવું અને રહેવું પડે. ઘરમાં ધ્યાન આપી શકે નહિ.

પત્ની સમાજ સેવિકા. રોજ કોઈ ને કોઈ મિટિંગ, પાર્ટી, ક્લબ. મોટે ભાગે ઘરની બહાર જ હોય. રવિવારે એટલી થાકી જાય કે ચર્ચમાં જઈ શકાય નહિ.

ઘરનો ત્રીજો સભ્ય - પુત્ર, માબાપના પ્રેમથી વંચીત, ચર્ચમાં જવાને બદલે મિત્રોની સોબતમાં પડયો રહે. પૈસાની તો તંગી નહોતી. કુછંદમાં અને નાના-મોટા ગુનાઓમાં સંડોવાઈ ગયેલો. ઘર એને માટે ફક્ત હોટલ બરાબર હતું. જમવાનું અને રાત્રે સૂવાનું મળે એટલે બસ. જો કોઈ વાર ગુનામાં સંડોવાય અને પોલીસ પકડી જાય તો તેના પિતા વકીલ મારફતે પૈસા આપી છોડાવી લે અને ફરજ પૂરી થઈ એમ ગણી સંતોષ માને.

એક દિવસે આ છોકરો પોતાની કારમાં ખૂબ ઝડપી ગતિએ જઈ રહ્યો હતો. દારૂનો નશો અને કારની ઝડપી ગતિ એનો અર્થ જ અકસ્માત. એક મોટો અકસ્માત થયો અને છોકરાનો દેહ લોચો થઈ ગયો.

પાળકને દફનક્રિયા કરાવવાની હતી. કુટુંબ જાણીતું અને પૈસાવાળું હોવાથી ઘણા લોકો દફનક્રિયામાં હાજર હતા. પાળકે

સંદેશો આપી દફનક્રિયા પૂરી કરી. શબપેટીમાં રહેલા છોકરાના મૃતદેહને લોકો જોઈને આગળ વધતા હતા.

છેલ્લે, એની મા શબપેટી પાસે આવી. છોકરાના મૃતદેહ ઉપર ઝૂકીને જોરથી રડવા લાગી અને રડતાં રડતાં મોટેથી બોલતી હતી : "દીકરા, મારા દીકરા, તેં શા માટે મારું હૃદય ભાંગી નાખ્યું. શા માટે, શા માટે મારું હૃદય તેં ચીરી નાખ્યું." લોકો આ સ્ત્રીને શાંત કરવા પ્રયત્નો કરતા હતા, તેમ તેમ તે વધારે જોરથી બૂમો પાડતી હતી : ઓ દીકરા, શા માટે તે મારું હૃદય ભાંગી નાખ્યું!

હવે પાળકથી ના રહેવાયું. તે જોરથી બોલી ઊઠયો, "ઓ બેદરકાર માતા, તું શા માટે તારા દીકરાને દોષ દે છે. હવે તારો દીકરો તને ઉત્તર આપી શકે એમ નથી. ઓ સ્ત્રી, તું શાંત થઈ જા અને તારા દીકરાને દોષ દઈશ નહિ. તારું હૃદય ભાંગનાર તારો દીકરો નહિ, પણ તું પોતે જ છે. તારા ભંગીત થયેલા હૃદયને માટે તું પોતે જ જવાબદાર છે. દીકરા પ્રત્યેની તારી બેદરકારીને કારણે જ આજે તારું હૃદય ભાંગી ગયું છે, માટે મહેરબાની કરીને શાંત રહે."

"દરેક ડાહી સ્ત્રી પોતાના ઘરની આબાદી વધારે છે, પણ મૂર્ખ પોતાના જ હાથથી તેને તોડી પાડે છે." નીતિવચન ૧૪;૧.

"સદગુણી સ્ત્રી કોને મળે? કેમ કે તેનું મૂલ્ય તો રત્નો કરતાં વધારે છે."

## ૫૪. સર્જનના હાથ

ડૉકટર ઓપરેશન થિયેટરમાંથી બહાર આવે છે. હાથ ઉપર પહેરેલાં રબ્બરનાં મોજાં કાઢે છે. ત્યાર બાદ લગભગ દસ મિનિટ સુધી પોતાના હાથ ધૂએ છે. ગરમ પાણીથી, સાબુથી અને બ્રશ ઘસીને બરાબર હાથને ચોખ્ખા કરે છે. ત્યારે આપણને લાગે - અને ડૉકટરને પણ લાગે, કે આખી દુનિયામાં તેમના જેવા ચોખ્ખા હાથ કોઈનાય નહિ હોય. એકદમ ચોખ્ખા હાથ. મેલ રહિત, જંતુ રહિત.

પણ સત્ય હકીકત તદ્દન જુદી છે. ગરમ પાણીથી, સાબુથી અને બ્રશ બરાબર ઘસીને ધોઈને ચોખ્ખા કરેલા એ ડૉકટરના હાથમાં એક ચોરસ સેન્ટીમીટરમાં, દસ હજાર જીવતાં જીવાણુંઓ હજી ચોંટી રહેલાં હોય છે. એનો અર્થ એ થયો કે બધા જ પ્રયત્નો કર્યા પછી પણ ડૉકટરના હાથમાં એક ચોરસ ઈંચમાં ૭૦,૦૦૦ જીવાણુંઓ હજી બાકી રહી ગયાં છે. હાથ ચોખ્ખા કરવાના બધા જ પ્રયત્નો-શુદ્ધ છે એમ કહી શકાય નહિ.

જો ડૉકટરના હાથ માટે આ સાચું છે તો, બીજા બધા માણસો જેઓ ડૉકટરના જેવા હાથ ચોખ્ખા કરવાની કાળજી લેતા નથી એમના વિષે શું? દરેક માણસે પ્રામાણિકપણે કબૂલ કરવું જ રહ્યું, કે મારા હાથ ચોખ્ખા નથી.

બાઇબલના સંદેશા સાથે આ વિચાર કેટલો બધો બંધબેસતો આવે છે.

દેવનું વચન કહે છે :-

"કોઈ ન્યાયી નથી, એક પણ નહિ,
સમજનાર કોઈ નથી,
દેવને શોધનાર કોઈ નથી,
સઘળા ભટકી ગયા છે,
સઘળાએ પાપ કર્યું છે
સઘળા પાપને આધિન છે."
કોઈના હાથ ચોખ્ખા નથી.

- રૂમી ૩; ૧૦-૧૨.

# ૫૫. વિજયવંત જીવન

પૃથ્વી પર તેણીનો આ બીજો ઉનાળો હતો. હજી તે ઘણી નબળી અને પથારીવશ હતી. ડૉક્ટરોએ કહ્યું, આ બેબીને પેટની અને મગજની તકલીફો છે અને લાગે છે કે તે સાજી થઈ શકશે નહિ.

પણ તે બચી ગઈ, પરંતુ પડોશીઓએ કહ્યું, આના કરતાં તો તે મરી ગઈ હોત તો વધારે સારું! એની જોવાની, સાંભળવાની અને બોલવાની શક્તિ ચાલી ગઈ હતી. સાત વરસની ઉંમરની આ બાળકી મૂંગી, બહેરી અને બોબડી હતી. કેટલાંક બાળકો તો તેને ગાંડી કહીને ચીડવતા હતાં. પરંતુ તેની મા આવી સ્થિતિમાં પણ પોતાની દીકરીને ખૂબ ચાહતી હતી.

આવાં અપંગ બાળકોને શિક્ષણ આપનાર આન સુલીવાનની મુલાકાત થઈ. આને આ નાની દીકરીને ધીમે ધીમે કેળવવા માંડી. તેના હાથની હથેળીમાં પોતાની આંગળીથી ચિત્રો દોરીને તેને સમજાવતી. ઘણા પ્રયત્નો બાદ એક દિવસે આ છોકરી "વાહ-વાહ" એવા શબ્દો પહેલી વખત તેના મોંએથી બોલી. બધાને ખૂબ આનંદ થયો આ ખૂબ સારી શરૂઆત હતી.

તેર વર્ષ બાદ આ છોકરી રેડક્લીફ કોલેજના ડીનની ઓફિસમાં ટાઈપરાઈટર ઉપર બેઠી, અને કોલેજમાં દાખલ થવા માટેની પરીક્ષા આપી અને બધા વિષયોમાં ખૂબ સારી રીતે ઉત્તીર્ણ થઈ. ચાર વર્ષ પછી રેડક્લીફ કોલેજમાંથી સ્નાતકની ડિગ્રી તેણે મેળવી. તે આ કોલેજમાંથી સ્નાતક થઈને નીકળી ત્યારે બહેરી અને

આંધળી હતી પણ હવે બોબડી રહી નહોતી. બરાબર બોલી શકતી હતી.

આ સ્ત્રી - હેલન કેલરે જગતમાં પોતાનું આગવું સ્થાન બનાવી લીધું. ઘણા બધા તેના મિત્રો બન્યા. રાજાની સાથે ટેબલ ઉપર બેસીને તેણે ભોજન લીધું અને રાણી સાથે બાગમાં ફરતી હતી.

તે એક સારી વક્તા બની હતી, સારી લેખિકા હતી. ગ્લાસગો યુનિવર્સિટીએ તેણીને માનદ ડિગ્રી એનાયત કરી અને ડીને જ્યારે તેણીના સફેદ થઈ ગયેલા વાળવાળા માથા ઉપર ડિગ્રીના માનમાં ટોપી પહેરાવી ત્યારે તેણીએ જવાબમાં એટલું જ કહ્યું, "સાહેબ, આંધળાપણું અને બહેરાપણું માનવી આત્માની ઉન્નતિ માટે અંતરાયરૂપ નથી બની શકતું એ તમારા વાક્ય સાથે હું સંપૂર્ણ સહમત છું."

હેલન કેલર, પ્રકાશથી અને સુંદરતાથી ભરેલી એવી સફળતા હતી.

## ૫૬. ડેડી પરિસ્થિતિ સંભાળી શક્યા નહિ.

માતા મરણ પામી ત્યારે દીકરી ખૂબ નાની હતી, અને તેના પિતા જુવાન અને શહેરના જાણીતા વકીલ હતા. પોતાની પત્નીના મરણ પ્રસંગે ખૂબ ધીર અને ગંભીર રહીને આખી પરિસ્થિતિ સંભાળી લીધી. પુત્રી પ્રેમને કારણે તેમણે બીજાં લગ્ન કર્યાં નહિ. તેમણે નક્કી કર્યું, કે તે પોતે પોતાની દીકરીનો ઉછેર કરશે. પોતે દીકરીની મા અને બાપ બંને બની રહેશે. અને તેમણે આખી પરિસ્થિતિ સંભાળી લીધી. દીકરીને પણ પોતાના પિતા માટે ખૂબ પ્રેમ અને માન હતાં.

દીકરી મોટી થઈ અને હવે કોલેજમાં જવા જેવી થઈ એવા સમયે તેના પિતાને શહેરની મુખ્ય કોર્ટના ન્યાયાધિશ બનાવવામાં આવ્યા. કાયદાકિય બાબતોમાં તેઓ નિષ્ણાત ગણાતા. દીકરીના મનથી તેના પિતા ખૂબ હોંશિયાર, બુદ્ધિશાળી અને ગમે તેવી પરિસ્થિતિમાં સ્થિર રહીને રસ્તો કાઢી શકે એવા કુશળ હતા. એવી કોઈ પરિસ્થિતિ નહિ હોય જેમાંથી મારા પિતા રસ્તો ના કાઢી શકે. દુનિયાના મહાન માણસોમાંના એક મારા પિતા છે.

ઘણા સમય સુધી બધું બરાબર ચાલ્યું. અચાનક એક દિવસ કોલેજ સમય દરમિયાન આ દીકરી માંદી પડી ગઈ. કોલેજના સત્તાવાળાઓએ તાત્કાલિક તેણીને એક જાણીતી હોસ્પિટલમાં ખસેડી. ડૉક્ટરોએ તેને તપાસી અને પછી પોતાના માથાં હલાવ્યા. તેમણે કહ્યું, તેના પિતાને જલદી ખબર આપો, અને બોલાવો.

જ્યારે આ છોકરીએ જાણ્યું કે મારા પિતા અહીં આવી રહ્યા છે ત્યારે તે માંદગીમાં પણ હસી અને બોલી, હવે બધું બરાબર થઈ જશે. મારા પિતાને ખબર છે કે ક્યારે શું કરવું, તેઓ બધી પરિસ્થિતિ સંભાળી લેશે.

થોડા કલાકોમાં હોસ્પિટલના કંપાઉન્ડમાં એક કાર આવીને થોભી, અને તેમાંથી એક ઊંચી અને પ્રભાવશાળી વ્યક્તિ ઊતરી અને સીધી દાદરનાં પગથિયાં ભણી દોડી. રૂમમાં આવીને માંદી દીકરીના ખાટલા પાસે ઊભી રહી. દીકરીએ પોતાના પિતા સામે જોયું અને પરાણે થોડું હસી શકી. મહાન જાણીતા ન્યાયાધિશ દીકરીના પલંગ ઉપર બેઠા અને દીકરીના બંને હાથ પોતાના મજબૂત હાથમાં લઈને મસળવા લાગ્યા. ઘણીવાર સુધી તેઓ એમ જ બેસી રહ્યા. ધીમે ધીમે દીકરીના હાથ ઠંડા પડી રહ્યા હતા, શ્વાસ ધીમો પડી રહ્યો હતો. થોડીવાર પછી તેમને ખબર પડી કે હવે દીકરી રહી નથી.

પિતા, દીકરીને મરતાં બચાવી શક્યા નહિ. અન્ય ગમે તેવી પરિસ્થિતિને પહોંચી વળનાર અને સંભાળી લેનાર પિતા દીકરીના મરણની પરિસ્થિતિ સંભાળી શકયા નહિ.

મરણ કોઈની રાહ જોતું નથી, કોઈની શરમ રાખતું નથી, કોઈને માટે થોભતું નથી. મરણ આગળ ગમે તેવો માનવી લાચાર બની જાય છે. દરેક સૃજાયેલી વ્યક્તિને માટે મરણ નિશ્ચિત છે. મરણની સ્થિતિને કોઈ સંભાળી શકતું નથી કે અટકાવી શકતું નથી.

## ૫૭. મરણની બીક

મિસ્ટર વિન્ચેસ્ટર નામની એક વ્યક્તિએ રાઈફલો બનાવવાના અને વેચવાના ધંધામાં સારી કમાણી કરી હતી. ૧૯૧૮ની સાલમાં તે મરણ પામ્યો. તેની પત્ની સારાહે દુઃખમાં હોવાથી સાંત્વન મેળવવા માટે તાંત્રિક વિદ્યાનો સહારો લઈ પોતાના મૃત પતિના આત્માનો સંપર્ક કરી વાતચીત કરવાનો નિર્ણય કર્યો. તાંત્રિક વિદ્યાના માધ્યમ દ્વારા તેના પતિના આત્માએ તેને જણાવ્યું, કે જ્યાં સુધી તું આપણા મકાનનું બાંધકામ ચાલુ રાખીશ, ત્યાં સુધી તારે મરણનો સામનો કરવો પડશે નહિ.

સારાહને મરણની બહુ બીક લાગતી હતી. આથી તેમાંથી બચવા માટે તેના મૃત પતિના આત્માએ કહેલી વાત માની લીધી અને ૧૭ રૂમોવાળું એક અધૂરા બાંધકામવાળું મકાન વેચાતું લીધું, અને તેના ઉપર નવા બાંધકામની શરૂઆત કરી. આ સ્ત્રી ૮૫ વર્ષની ઉંમરે મરણ પામી ત્યાં સુધી આ બાંધકામનો પ્રોજેક્ટ ચાલુ રહ્યો. જે જમાનામાં એક મજદૂરને રોજના ૫૦ સેન્ટ મજદૂરી મળતી હતી. એવા સસ્તા જમાનામાં આ મકાનના બાંધકામ પાછળ આ સ્ત્રીએ પાંચ મિલિયન ડોલર (લગભગ ૫૦ લાખ રૂપિયા)નો ખર્ચ કર્યો. આ મકાનમાં ૧૫૦ ઓરડાઓ હતા, ૧૩ બાથરૂમો હતા, ૨૦૦૦ બારણાં અને ૧૦,૦૦૦ બારીઓ હતી, ૪૭ અગ્નિ સળગાવવાની જગાઓ હતી. આ સ્ત્રી મરણ પામી ત્યારે એટલા બધા પૈસા અને બાંધકામની સામગ્રી મૂકતી ગઈ, કે બીજાં ૮૦ વર્ષ સુધી મકાનનું બાંધકામ ચાલુ રાખી શકાય.

આજે આ મકાન યાત્રીઓનું આકર્ષણ બની રહ્યું છે. પણ એથી વિશેષ કહી શકાય કે માણસને મરણની કેટલી બધી બીક લાગે છે. એનું આ મૂગું પ્રતિક છે.

પ્રભુ ઈસુએ પોતાના મરણ અને પુનરુત્થાન દ્વારા મરણની બીકને દૂર કરીને આશામાં ફેરવી નાખી છે.

હેબ્રી ૨; ૧૫ પ્રમાણે "ઈસુ ખ્રિસ્તના મરણ અને પુનરુત્થાનને કારણે જેઓ મરણની બીકથી આખા જીવનપર્યંત દાસત્વમાં હતા તેઓને મુક્ત કરવામાં આવ્યા છે."

ઈસ્ટરની પ્રભાત મરણની બીકને દૂર કરીને નવા જીવનની આશા આપે છે. બંધનમાંથી મુક્તિની આશા આપે છે. અંધકારની છાયામાં બેઠેલાઓને પ્રભાતનાં કિરણોની આશા આપે છે.

# ૫૮. સેવાનું પરિણામ

એક જુવાને રસ્તામાંથી પસાર થતા એક મોટી ઉંમરના માણસને એક ટ્રાકટ આપી. પેલા માણસે હસીને લીધી, પછી ઉમેર્યું, કે "હું પણ પહેલાં તમારી જેમ આમ જ ટ્રાકટો વહેંચતો હતો, પણ કંઈ જ પરિણામ આવ્યું નહિ, તેથી થાકીને એ કામ બંધ કર્યું." પેલા જુવાને કહ્યું, "હું કેવી રીતે પ્રભુ પાસે આવ્યો તેની ટૂંકી સાક્ષી તમને આપું. હું ખ્રિસ્તી કુટુંબમાં જન્મેલો પણ ખ્રિસ્તી વિશ્વાસ વિષે મેં કદી દરકાર કરેલી નહિ. કેટલાંક વર્ષો અગાઉ મારા કામને અંગે આ શહેરમાં હું આવેલો, ત્યારે ફલાણી જગાએ કોઈ ભાઈએ મને એક ટ્રાકટ આપી. જો કે તરત મેં તે વાંચી નહિ, પણ ખિસ્સામાં મૂકી દીધી. કેટલાક દિવસો પછી પેલી ટ્રાકટ મારા ખિસ્સામાંથી મળી. મેં તે વાંચી. પછી તો ચાર-પાંચ વખત એ ટ્રાકટ વાંચી ગયો. "ખ્રિસ્ત ઈસુનું લોહી" એ મથાળા હેઠળની એ ટ્રાકટે મારા જીવનમાં ઉથલ-પાથલ મચાવી દીધી. છેવટે મેં ઈસુ ખ્રિસ્તના લોહીનો આશરો લીધો. ઈસુ ખ્રિસ્તને મારા તારનાર તરીકે સ્વીકાર્યા. તે દિવસથી ખ્રિસ્ત મારા આનંદ અને શાંતિનું મૂળ બની ગયા. મેં નિર્ણય કર્યો કે જ્યારે જ્યારે સમય મળે, ત્યારે આ રીતે બીજાઓને ટ્રાકટો વહેંચીને મારે મારું ઋણ અદા કરવું જોઈએ. વર્ષોથી આ રીતે હું સેવા કરી રહ્યો છું."

જુવાને જોયું તો પેલા માણસની આંખોમાંથી આંસુ વહેતાં હતાં. થોડીવારે પેલા માણસે જુવાનને કહ્યું, "મારી આંખોમાં તારી આંખો પરોવીને જો. કંઈ ઓળખાય છે?" જુવાને ધારી ધારીને જોયું તો ખાતરી થઈ, કે વર્ષો અગાઉ તેને ટ્રાકટ આપનાર તે આ જ માણસ હતા. બંને જણ આનંદથી એકબીજાને ભેટયા.

પેલા માણસને આનંદ અને સંતોષ થયો કે તેની મહેનત નકામી ગઈ નથી. તેણે આપેલી ટ્રાક્ટનાં પવિત્રાત્મા દ્વારા સુખદ પરિણામ આવ્યાં હતાં.

પછી પેલા માણસે ઉમેર્યું, "વર્ષોથી મેં ટ્રાક્ટ વહેંચવાનું બંધ કર્યું હતું, પરંતુ હવે ફરીથી શરૂ કરીશ, પ્રભુ ઈસુ આવશે ત્યાં સુધીમાં કદાપી બીજું પરિણામ પ્રકાશમાં આવશે."

ગલાતીઓના પત્રમાં પ્રેરિત પાઉલ સલાહ આપતા લખે છે કે, "સારું કરતાં આપણે થાકવું નહિ, કેમ કે જો થાકી નહિ જઈએ તો યોગ્ય સમયે લણીશું" (૬; ૯).

"ભાઈઓ, તમારા કામમાં સદા મચ્યા રહો, કેમ કે પ્રભુમાં તમારું કામ નિરર્થક નથી એ તમે જાણો છો." ૧ કોરિંથી ૧૫; ૫૮.

# ૫૯. ભૂલ સુધારી લો

ઘણાં વર્ષો પહેલાં એક ઈશ્વરવિદ્યાશાળાના પ્રોફેસર સ્ટુઅર્ટ બ્લેકી પોતાના વિદ્યાર્થીઓએ યાદ કરેલા બાઇબલના પાઠો વર્ગમાં સાંભળી રહ્યા હતા. એક વિદ્યાર્થીએ બોલવાનું શરૂ કર્યું ત્યારે તેણે બાઇબલને ડાબા હાથમાં પકડયું હતું. પ્રોફેસર સ્ટુઅર્ટ ગુસ્સાથી ગરજી ઊઠયા, "નાલાયક, ધર્મપુસ્તકને જમણા હાથથી પકડ અને બેસી જા." આ કડવી વાત સાંભળી પેલા વિદ્યાર્થીએ પોતાનો જમણો હાથ ઊંચો કર્યો, ત્યારે ખબર પડી કે તેનો જમણો હાથ કપાઈ ગયેલો હતો. બધા જ વિદ્યાર્થીઓ હેબતાઈ ગયા. એક ક્ષણ માટે પ્રોફેસર પણ હેબતાઈ ગયા ને વિચારમાં પડી ગયા. પછી તેઓ પેલા વિદ્યાર્થી પાસે જઈને પ્રેમથી તેના ગળામાં પોતાના હાથ પરોવીને તેને ચૂમ્યા અને બોલ્યા, "બેટા, મને માફ કરી દે." તેમની આંખોમાં આંસુ આવી ગયાં." મને તારા આ કપાયેલા હાથની ખબર નહોતી, હું તારો ગુનેગાર છું, બોલ મને માફ કરીશ ને!" પ્રોફેસરની આ નમ્રતાની ઘેરી અસર પેલા વિદ્યાર્થી ઉપર થઈ.

કેટલાક સમય બાદ એક સભામાં આ બની ગયેલી ઘટના વર્ણવવામાં આવી. મિટિંગ પૂરી થતાં પહેલાં એક યુવાન સુવાર્તિક આગળ આવ્યો, તેણે પોતાનો કપાયેલો જમણો હાથ ઊંચો કરીને કહ્યું, "હું જ તે વિદ્યાર્થી હતો. જો તે દિવસે પ્રોફેસર સ્ટુઅર્ટ બ્લેકીએ પોતાની ભૂલ સુધારી ના હોત તો હું સેમિનરી છોડીને જતો રહ્યો હોત, અને ગુસ્સાના આવેશમાં મારી જૂની જિંદગીમાં

પાછો સરી જાત. પરંતુ આજે હું સફળ સુવાર્તિક છું અને તેનું સઘળું માન પ્રોફેસર બ્લેકીને ફાળે જાય છે."

તમારી ભૂલ સુધારી લો, જેથી કોઈને વધુ નુકસાન ના થાય, કોઈનું જીવન વેડફાઈ ના જાય.

"એ માટે, પવિત્ર તથા વહાલાંઓ, દેવના પસંદ કરેલાને ઘટે તેમ, દયાળુ હૃદય, મમતા, નમ્રતા, વિનય તથા સહનશીલતા પહેરો એ સઘળાં ઉપરાંત પ્રીતિ જે સંપૂર્ણતાનું બંધન છે તે પહેરી લો." કોલોસી ૩; ૧૨, ૧૩.

# ૬૦. પૃથ્વી પરનો છેલ્લો દિવસ

ધારો કે, તમારી પાસે પૃથ્વી પર જીવવાનો એક જ દિવસ બાકી હોય તો તમે શું કરો?

ગુન્ટર નામની વ્યક્તિએ આ સવાલ ૬૨૫ જુવાનોને પૂછયો. એમાંના ૨૦ ટકા જુવાનોએ જવાબ આપ્યો, કે પૃથ્વી પરના અમારા એ છેલ્લા દિવસને અમે ખાવા-પીવામાં અને મોજમસ્તીમાં ગુજારીએ. ૧૮ વર્ષની એક યુવતીએ તદ્દન જુદો જ જવાબ આપ્યો. તેણે જણાવ્યું કે, "મારો છેલ્લો દિવસ હું પ્રભુમંદિરમાં ગાળું, ત્યાં એકલી બેસીને ઈશ્વરની સંગત કરું, તેનો આભાર માનું. ૧૮ વર્ષ સુધી ઈશ્વરે મને જે સુખ અને આનંદિત જીવન આપ્યું તેને માટે ઈશ્વરની સ્તુતિ કરું."

જોન વેસ્લીને આવો જ સવાલ એક સ્ત્રીએ પૂછયો હતો. "મિસ્ટર વેસ્લી, ધારો કે તમારી જાણમાં આવે કે આવતી કાલે રાત્રે બાર વાગે તમારું મરણ થવાનું છે, તો તમે શું કરો? એ અગાઉનો સમય તમે કેવી રીતે પસાર કરો?"

વેસ્લીએ જવાબ આપ્યો કે, "મેડમ, આજે સાંજે હું મારા પ્રોગ્રામ પ્રમાણે ગ્લાઉસેસ્ટરમાં સંદેશો આપીશ, અને ફરીથી આવતી કાલે સવારે પાંચ વાગે બીજી એક મિટિંગમાં સંદેશો આપીશ. ત્યાર પછી હું ટેવકેશબરી જઈશ અને બપોર પછીની મિટિંગમાં ત્યાં સંદેશો આપીશ. અને સાંજે સોસાયટીની મિટિંગમાં હાજરી આપીશ. ત્યાર પછી મિસ્ટર માર્ટીનની મુલાકાત લઈશ અને તેના ઘરની મરામત કરવામાં મદદ કરીશ. એ કુટુંબની સાથે થોડો સમય ગાળીશ, ત્યાં પ્રાર્થના કરીશ. ત્યાર પછી રાત્રે દસ વાગે હું

મારા કામમાં નવરો થઈશ. દસ વાગે મારા સ્વર્ગીય પિતાના હાથમાં મને પોતાને સોંપીને સૂઈ જઈશ અને આરામ કરીશ અને જાગીશ ત્યારે સ્વર્ગીય મહિમામાં હોઈશ."

તમે શું કરો? છેલ્લા ૨૪ કલાક કેવી રીતે પસાર કરો?

જો ઈસુનો સ્વીકાર ના કર્યો હોય તો સ્વર્ગીય ઈનામને માટે તૈયારી કરો. કોઈની માફી માગવાની બાકી હોય તો માગી લો, કોઈનું દેવું ચૂકવવાનું બાકી હોય તો ચૂકવી દો, કોઈની મુલાકાત કરવાની બાકી હોય તો કરી લો. કોઈને ઉત્તેજન આપવાનું હોય તો આપો.

ગઈ કાલને આપણે બદલી શકતા નથી, અને આવતી કાલની ફુલાશ પણ મારી શકતા નથી, પરંતુ આજનો દિવસ તો ખાતરીપૂર્વકનો છે, અને તેનો ઉપયોગ ઈશ્વરની ઇચ્છા પ્રમાણે જરૂર કરી શકીએ છીએ.

## ૬૧. તોલ - માપ

બિશપ પોટર, આટલાન્ટિક સમુદ્ર માર્ગે યુરોપ જઈ રહ્યા હતા. જ્યારે તેઓ વહાણમાં ગયા, ત્યારે ખબર પડી કે તેમની કેબીનમાં બીજો એક મુસાફર પણ તેની સાથે મુસાફરી કરી રહ્યો હતો. આથી તેઓ કપ્તાન પાસે ગયા અને કહ્યું, "તમે મારી સોનાની આ ઘડિયાળ અને બીજી કીમતી ચીજો તમારી પાસે સાચવી રાખશો?" બિશપે પોતાની કેબિનમાં બીજા માણસને જોઈને વિચાર્યું કે કદાપી આ માણસ સારો ના હોય અને મારી કીમતી વસ્તુઓ ચોરાઈ જાય તો શું થાય! આથી તેઓ પોતાની કીમતી ચીજો કપ્તાનને સાચવવા આપવા માગતા હતા.

કપ્તાને તેમની વસ્તુઓ લીધી અને કહ્યું, "ભલે બિશપ, તમારી વસ્તુઓ સાચવી રાખવામાં આવશે. તમારી કેબિનનો બીજો માણસ પણ થોડી વાર પહેલાં અહીં આવ્યો હતો, અને જેવું તમે એના વિષે વિચાર્યું એવું જ તેણે પણ તમારા વિષે વિચારીને તેની કીમતી વસ્તુઓ મને સાચવવા આપી ગયો છે."

એકદમ કોઈના માટે હલકો ખ્યાલ બાંધી દેશો નહિ. કોઈના માટે બોલતાં કે વિચારતાં પહેલાં ખાતરી કરી લો. જે માપધોરણથી તમે બીજાને માપશો, એ જ ધોરણથી તમને પણ માપવામાં આવશે.

માથ્થી ૭; ૧ પ્રમાણે "તમે કોઈનો ન્યાય ના કરો જેથી તમારો ન્યાય પણ કરવામાં આવશે નહિ."

## ૬૨. ટેલિફોન ઓપરેટર

એક રાત્રે સભા પૂરી થયા પછી પ્રખ્યાત ઉપદેશક હર્બ ટેલર ટેલિફોન બુથ ઉપર ટેલિફોન કરવા ગયા. તેમણે ટેલિફોન ઓપરેટરને પોતાનું નામ જણાવ્યું અને કયા નંબર ઉપર ફોન કરવો છે તે જણાવ્યું એટલે ટેલિફોન ઓપરેટરે ફોન જોડી આપ્યો. હર્બ ટેલરે ફોનના પૈસા બોક્સમાં નાખ્યા અને થોડી મિનિટો ફોન ઉપર વાત કરી. જ્યારે તેમણે ફોનનું રીસીવર પાછું હેન્ડલ પર મૂક્યું ત્યારે તેમની અજાયબી વચ્ચે તેમણે બોક્સમાં નાખેલા બધા પૈસા પાછા નીચે આવી ગયા.

ફરી હર્બ ટેલરે ઓપરેટરને ફોન પર બોલાવી અને પૂછયું કે, "મને ખબર નથી કે હમણાં મારો ફોન લીધો તે તમે જ છો કે કેમ, પણ મેં નાખેલા બધા પૈસા પાછા આવી ગયા છે - આમ કેમ બન્યું?"

ઓપરેટરે કહ્યું, "મને ખબર છે. આજે રાત્રે તમારી સભામાં હું હાજર હતી અને તમે પ્રામાણિકતા ઉપર સંદેશો આપ્યો હતો, અને મારે એ જોવું હતું કે તમે જે સંદેશો આપ્યો તે તમારા પોતાના જીવનમાં ઉતાર્યો છે કે નહિ - માટે મેં જ હેન્ડલ ઘુમાવીને તમારા નાખેલા પૈસા પાછા નાખ્યા. કહેવાતા ખ્રિસ્તીઓ મોટે ભાગે આવા પૈસા છોડતા નથી. પણ હવે મને ખાતરી થઈ કે તમે ખરેખર પ્રામાણિક ઉપદેશક છો." હર્બ ટેલરે એ પૈસા પાછા બોક્સમાં નાખ્યા અને ઓપરેટરને રૂબરૂ મળવાની ઇચ્છા દર્શાવી. ઓપરેટર તેમને મળવા આવી. એમની એ ટૂંકી મુલાકાત અને

વાતચીતને પરિણામે પેલી ઓપરેટર છોકરીએ ઈસુને પોતાનું જીવન સોંપ્યું.

સાવચેત રહો. તમે જે ઉપદેશ કરો છો એને તમારા જીવનમાં ઉતારો.

Practise what you Preach.

જૂના કરારમાં દાનિયેલ વિષે લખ્યું છે, કે દાનિયેલ વિશ્વાસુ હતો અને તેથી તેઓને તેનામાં કોઈ દોષ કે ગુનો મૂકવાનું કારણ મળ્યું નહિ. દાનિ. ૬; ૪.

જેઓ ઈશ્વર પ્રત્યે સાચા છે તેઓ માણસો પ્રત્યે પણ સાચા રહેવાના.

## ૬૩. શાબાશ, વિશ્વાસુ ચાકર

૧૯૮૧માં પેપ્સી દ્વારા ૧૦,૦૦૦ મીટરની દોડ સ્પર્ધા યોજવામાં આવી હતી. બીલ બ્રોડહર્સ્ટ નામનો એક જુવાન, જેનું દસ વર્ષ અગાઉ મગજનું ઓપરેશન કરવામાં આવ્યું હતું અને એને કારણે તેનો ડાબો પગ લંગડાતો હતો, તે પણ આ સ્પર્ધામાં ભાગ લેવા આવ્યો હતો. ૧૨૦૦ દોડવીરોની લાઈનમાં તે પણ દોડવાની શરતમાં સામેલ થયો હતો. સમય થતાં બંદૂકનો ભડાકો થયો અને લોકોએ ગર્જનાના પોકારો કર્યા અને દોડવીરો દોડવા લાગ્યા. બીલે પણ લંગડાતા પગે દોડવાની શરૂઆત કરી. પગ જલદી ઉપડતા નહોતા, તેના શરીરે પરસેવો થયો, પગમાં દર્દ થવા લાગ્યું, પરંતુ તેણે દોડવાનું ચાલુ રાખ્યું. તે હિંમત હારી જઈને બહાર નીકળી ગયો નહિ. અંતે ૨ કલાક અને ૨૯ મિનિટે તેણે દોડ પૂરી કરી. ટોળામાંથી એક જુવાન માણસ આગળ આવ્યો અને બીલને કહ્યું, મારા કરતાં તમે વધારે મહેનત કરી છે, અને આમ કહીને મારાથોન દોડના પ્રખ્યાત દોડવીર બીલ રોજર્સે પોતાના ગળાનો મેડલ કાઢીને બીલ બ્રોડહર્સ્ટના ગળામાં પહેરાવ્યો અને તેને વિજયી થયેલો ઘોષીત કર્યો.

ખ્રિસ્તી જીવનની દોડમાં કોણ પ્રથમ આવે છે તે મહત્ત્વનું નથી, પણ ધીરજથી દોડીને કોણ વિશ્વાસુપણે પોતાની દોડ પૂરી કરે છે એ મહત્ત્વનું ગણાય છે. અંત સુધી વિશ્વાસુ રહીને દોડ પૂરી કરનાર એ વિજયી થયેલો ગણાય છે.

મિશનરી જોન વિલ્યમ્સ એડીનબર્ગમાં વિશાળ મેદની આગળ

પોતાના મિશનરી કાર્યનું અજાયબ રીતે વર્ણન કરી રહ્યા હતા, અને લોકો એ સાંભળીને અજાયબ થતા હતા.

ત્યાર પછી બીજા એક મિશનરીનો વારો આવ્યો. ધીમા અવાજે પણ મક્કમ અવાજે તેમણે પોતાના કાર્યનો અહેવાલ આપતાં કહ્યું, કે "મિસ્ટર જોન વિલ્યમ્સના જેવી મારી બહુ મોટી સફળતા નથી. મેં ઘણા વર્ષો સુધી દૂરના ટાપુમાં ખ્રિસ્તને ખાતર સેવા કરી છે, પણ બહુ મોટું પરિણામ આવ્યું નથી. પણ મને એ વાતનો દિલાસો છે કે જ્યારે માલિક બદલો ચૂકવવા માટે આવશે ત્યારે તે એમ નહિ કહે કે "શાબાશ, સારા તથા સફળ ચાકર", પરંતુ તે એમ કહેશે કે "શાબાશ, સારા તથા વિશ્વાસુ ચાકર" અને મેં વિશ્વાસુ રહેવા પ્રયત્નો કર્યા છે." માથ્થી ૨૫; ૨૧.

પ્રેરિત પાઉલ લખે છે "હું સારી લડાઈ લડયો છું, મેં મારી દોડ પૂરી કરી છે, મેં વિશ્વાસ રાખ્યો છે." ૨ તીમોથી ૪; ૭.

## ૬૪. જાત અનુભવ

જોન ગ્રીફીન નામના અમેરિકન માણસને કાળા લોકોનો અનુભવ લેવો હતો. ધોળા લોકો કાળા લોકો સાથે કેવો વર્તાવ કરે છે તેનો જાત અનુભવ લેવો હતો. તેથી તેણે પોતાના શરીરે કાળો રંગ લગાડી ચામડી કાળી બનાવી અને ધોળા લોકોમાં રહેવા લાગ્યો. પાછળથી તેના અનુભવોનું એક પુસ્તક લખ્યું **"મારા જેવો કાળો"** આમાં તેને બહુ માઠા અનુભવો થયા.

બીજી એક ૩૦ વર્ષની જુવાન સ્ત્રીને વૃદ્ધ સ્ત્રીઓનો અનુભવ કરવો હતો. આ સ્ત્રી પોતે ડિઝાઇનર હતી. અમેરિકામાં વૃદ્ધ સ્ત્રીઓ કેવું જીવન જીવે છે એનો અનુભવ કરવા માટે આ સ્ત્રી અઠવાડિયામાં એક વખત વૃદ્ધ સ્ત્રીનો મેકઅપ કરીને ફરતી. આમ તેણે ત્રણ વરસ સુધી કર્યું. તેનો અનુભવ પણ સારો નહોતો. વૃદ્ધ સ્ત્રીના મેકઅપમાં ફરતાં ઘણીવાર લોકો તેનું અપમાન કરતા, તેને બીવડાવતા અને કેટલીક વાર તો તેને લૂંટી પણ લેવામાં આવી, આ સ્ત્રીને અનુભવ થઈ ગયો કે વૃદ્ધ થવું એ કેટલું મુશ્કેલ છે.

માણસનો અનુભવ લેવા ઈશ્વર પોતે માણસ બન્યો અને ઈસુ ખ્રિસ્તના રૂપમાં પુત્ર તરીકે પૃથ્વી પર આવ્યા. ત્રણ વર્ષના ગાળામાં ઈસુને માણસનો અનુભવ થયો. તેમનું પરીક્ષણ થયું, તેમને ધિક્કારવામાં આવ્યા, તેમને મારવામાં આવ્યા અને આખરે વધસ્તંભ ઉપર જડીને મારી નાખવામાં આવ્યા.

શબ્દ સદેહ થઈને આપણામાં આવીને વસ્યો. તે આપણા જેવો થયો. માણસના સુખ-દુઃખનો અનુભવ કર્યો.

હેબ્રીઓને પત્ર ૨; ૧૭-૧૮માં લખ્યા પ્રમાણે "તેને સઘળી બાબતોમાં પોતાના ભાઈઓના જેવા થવું હતું, જેથી તે લોકોના પાપનું પ્રાયશ્ચિત કરવાને દેવને લગતી બાબતોમાં દયાળુ તથા વિશ્વાસુ પ્રમુખયાજક થાય. કેમ કે તેનું પરીક્ષણ થવાથી તેણે દુઃખ સહન કર્યાં, તેથી જેઓનું પરીક્ષણ થાય છે તેઓને સહાય કરવાને તે શક્તિમાન છે."

સરખાવો ફિલિપી ૨; ૫-૮.

## ૬૫. વધતું જતું અંતર

ખડકવાળા પહાડોમાં એક જગા છે જેને "જુદા પાડો" એ નામથી ઓળખવામાં આવે છે. અહીં જે વરસાદ પડે છે તે બે ભાગમાં વહેંચાઈ જાય છે. વરસાદનું અમુક પાણી પહાડની પૂર્વ તરફ વહેવા માંડે છે, અને બીજું કેટલુંક પાણી પશ્ચિમ તરફ વહે છે. પૂર્વ તરફ વહી જતું પાણી મસુરી નદીમાં જાય છે, મસુરી નદી દ્વારા એ પાણી મીસીસીપી નદીમાં જાય છે, ત્યાંથી મેક્સીકોના અખાતમાં જાય છે, અને ત્યાંથી મહામોટા આટલાંટિક સમુદ્રમાં ભળી જાય છે.

વરસાદના પાણીનો જે ભાગ પહાડની પશ્ચિમ તરફ વહે છે તે કોલંબિયા નદીમાં મળે છે, અને ત્યાંથી પેસીફિક સમુદ્રમાં ભળી જાય છે.

શરૂઆતમાં પડતા વરસાદનું પાણી એક સાથે જ પડે છે- એક જગાએ પડે છે, પણ પહાડ તેમને બે ભાગમાં વહેંચી નાખે છે. શરૂઆતે બંને પાણીની વચ્ચેનું અંતર નહિવત્ જેવું છે. પણ ધીમે ધીમે તેમની વચ્ચેનું અંતર વધતું જાય છે, અને વધતાં વધતાં આખરે બંને વચ્ચે પાંચ હજાર માઈલનું થઈ જાય છે, અને તે પણ એક બીજાની વિરુદ્ધ દિશામાં.

શરૂઆત બહુ નાની છે, પણ આખરે બંને વચ્ચે મોટું અંતર પડી જાય છે, પાપ પણ એવું જ છે. શરૂઆતે બહુ વાંધાજનક લાગતું નથી, નુકસાનકારક જણાતું નથી, પણ છેવટે ઈશ્વરથી એટલું બધું દૂર થઈ જાય છે, કે પાછા ફરવું અશક્ય બની જાય છે.

# ૬૬. નર્કની શિક્ષા

એક પાળકે એક રવિવારે "નર્કની અનંત શિક્ષા" એ વિષય ઉપર સંદેશો આપ્યો. બીજા દિવસે એક જુવાન પાળક પાસે આવ્યો અને કહ્યું, "પાળક સાહેબ, ગઈ કાલે તમારો સંદેશો સાંભળ્યાં, અને મને લાગે છે કે તમારી અને મારી વચ્ચે થોડો મતભેદ છે." પાળકે પૂછયું, "શાનો મતભેદ છે?" જુવાને જવાબ આપ્યો, કે "ગઈ કાલે તમે સંદેશામાં કહ્યું કે દુષ્ટો અનંત કાળની શિક્ષામાં જશે, પણ મારું માનવું છે કે એમ નહિ થાય. હું એ વાત માનતો નથી." પાળકે કહ્યું, "બસ, આટલી જ વાત છે ને! તો તો જુવાન, મતભેદ તમારી અને મારી વચ્ચે નથી. જો તમે માથ્થી ૨૫; ૪૬ વાંચો તો તમને સમજાશે કે મતભેદ તમારી અને ઈશ્વરની વચ્ચે છે, અને હું તમને સલાહ આપું છું કે જલદી જઈને આ બાબતે ઈશ્વર સાથે સમાધાન કરો."

એક ખ્રિસ્તી માણસ સાંજની મિટિંગમાં જઈ રહ્યો હતો. રસ્તામાં એક ઘરમાંથી એક જુવાન નીકળ્યો અને પોતાના ઘોડા ઉપર બેઠો. પેલા ખ્રિસ્તી માણસને મિટિંગમાં જતો જોઈને તેની મશ્કરી કરવા માટે તેણે તેને પૂછયું કે, તમે મને કહી શકશો કે અહીંથી નર્ક કેટલું દૂર છે? પેલો ખ્રિસ્તી માણસ થોડીવાર માટે અવાક્ થઈ ગયો. પછી સ્વસ્થ થઈને બોલ્યો, નર્ક અહીંથી બહુ દૂર નથી, તમે ધારો છો એના કરતાં બહુ વહેલા ત્યાં પહોંચી શકશો. પેલો જુવાન માણસ હસ્યો, અને ઘોડાને એડી મારી દોડાવ્યો અને આગળ જતો રહ્યો.

પેલો ખ્રિસ્તી માણસ ધીમે ધીમે ચાલતો ચાલતો રસ્તાના વળાંક આગળ આવ્યો, તો ત્યાં તેણે લોકોનું ટોળું જમા થયેલું જોયું. શું હશે એમ ધારી તે ટોળામાં દાખલ થયો. જોયું તો પેલો જુવાન, જેની સાથે થોડીવાર પહેલાં જ તેણે વાત કરી હતી તે લોહીલુહાણ દશામાં રસ્તા ઉપર મરેલો પડયો હતો. તેનો ઘોડો બેકાબુ બન્યો અને તેણે પોતાના અસ્વારને ફેંકી દીધો, એક મોટા પથ્થર સાથે તેનું માથું ભટકાયું અને ત્યાં જ તે મરણ પામ્યો.

નર્ક બહુ દૂર નથી. તમે ધારો છો એના કરતાં બહુ વહેલા ત્યાં પહોંચી જશો.

જો તમારી અને ઈશ્વરની વચ્ચે મતભેદ હોય, તો જલદી જઈને તે બાબતે ઈશ્વર સાથે સમાધાન કરી લો.

ભૂલો મા, દેવની મશ્કરી કરાય નહિ, જે માણસ જે કંઈ વાવે છે, તે જ તે લણશે.

## ૬૭. સફળ સેવાનું રહસ્ય

સ્કોટલેન્ડના પ્રખ્યાત ઉપદેશક પાળક રોબર્ટ મુરે મેકચેન ૩૦ વર્ષની યુવાન વયે મરણ પામ્યા. તેમની ધર્મસેવા દ્વારા ઘણા બધા લોકો ઈસુ ખ્રિસ્તની પાસે આવ્યા હતા.

એક જુવાન પાળક સ્કોટલેન્ડની મુલાકાતે આવ્યા. તેમણે રોબર્ટ મુરેની ધર્મસેવા વિષે સાંભળ્યું હતું અને તેમની સફળ સેવાનું રહસ્ય શું છે તે જાણવાની જિજ્ઞાસા હતી. રોબર્ટ મુરેની મંડળીના એક આગેવાન પેલા પાળકને મુરેની લાઇબ્રેરીમાં લઈ ગયા. ત્યાં ટેબલ ઉપર કેટલાંક પુસ્તકો પડયાં હતાં. જે ખુરસી ઉપર બેસીને મુરે સંદેશા તૈયાર કરતા હતા તે ખુરસી ત્યાં પડી હતી. પછી આગેવાને ખુરસી હલાવી અને પેલા જુવાન પાળકને કહ્યું, "આ ખુરસી ઉપર બેસો, અને તમારા હાથની કોણીઓ ટેબલ ઉપર ગોઠવો." પાળકે તે પ્રમાણે કર્યું. હવે તમારા બંને હાથની વચ્ચે તમારું માથું ગોઠવો અને રડો અને આંસુઓ સારો, કેમ કે રોબર્ટ મુરે એવું જ કરતા હતા."

ત્યાર પછી પેલા આગેવાન, પાળકને પ્રભુમંદિરમાં લઈ ગયા અને કહ્યું, "તમારા બંને હાથની કોણીઓ પુલ્પિટ ઉપર ગોઠવો, અને તમારા બંને હાથની વચ્ચે તમારું માથું ગોઠવો." પાળકે એ પ્રમાણે કર્યું. હવે આંસુઓને વહેવા દો, કેમ કે રોબર્ટ મુરે એ જ પ્રમાણે કરતા હતા.

રોબર્ટ મુરેની સફળતાનું રહસ્ય આ જ હતું. તેઓ પ્રભુની આગળ પોતાના લોકો માટે રડીને પ્રાર્થના કરતા અને માફી માગતા.

ધર્મજાગૃતિ માટે આંસુઓ અજમાવો.

## ૬૮. હું તને ઘણા પર ઠરાવીશ

એક તોફાની રાત્રે પતિ-પત્ની એક નાની હોટલમાં આવ્યા અને હોટલના કલાર્કને વિનંતી કરી, કે કોઈ રૂમ આજની રાત પસાર કરવા મળશે કે કેમ! હોટલમાં કોઈ રૂમ ખાલી નહોતો, જગા નહોતી, પરંતુ હોટલનો કલાર્ક માયાળુ હતો, અને તેણે વિચાર્યું કે આવી તોફાની રાત્રે આવાં સારાં પતિ-પત્નીને અડધી રાત્રે કેવી રીતે પાછાં કાઢું? તેઓ ક્યાં જશે? આથી તેણે પેલાં પતિ-પત્નીને કહ્યું, કે "હોટલમાં તો કોઈ રૂમ ખાલી નથી, પરંતુ જો તમને વાંધો ના હોય તો મારી ઓરડીમાં તમે ઊંઘી જઈ શકો છો." શરૂઆતમાં પતિ-પત્નીને થોડો હિચકાટ આવ્યો, પણ કલાર્કે આગ્રહ કર્યો કે આવી તોફાની રાત્રે બહાર જવા કરતાં મારી રૂમમાં આરામ કરો તો મને જરા પણ વાંધો નથી. અને તેઓ રોકાઈ ગયાં.

બીજી સવારે બીલ ચૂકવતી વખતે પેલા માણસે કલાર્કને કહ્યું, કે "તમે બહુ ભલા અને માયાળુ માણસ છો અને તમારે તો યુનાઈટેડ સ્ટેટ ઓફ અમેરિકાની કોઈ મોટી હોટલના મેનેજર થવું જોઈએ. કદાચ કોઈ દિવસ તમારે માટે હું આવી મોટી હોટલ બંધાવીશ." કલાર્ક હસ્યો, અને જવાબમાં કહ્યું કે, "તમે સારી મજાક કરી લો છો."

આ વાતને થોડાં વર્ષો પસાર થઈ ગયાં. એક દિવસ કલાર્કને એક કાગળ મળ્યો, અને તેમાં લખનારે પેલી તોફાની રાતના બનાવનું વર્ણન કરી ઉલ્લેખ કર્યો હતો અને કલાર્કને ન્યુયોર્ક આવવા માટે આમંત્રણ આપ્યું હતું. સાથે આવવા જવાની પ્લેનની ટિકિટ પણ સામેલ હતી.

સરનામા પ્રમાણે કલાર્ક ન્યુયોર્કમાં પહોંચ્યો ત્યારે પેલા માણસે તેને આવકાર્યો અને પાંચમા એવન્યુની ૩૪મી સ્ટ્રીટ પર બાંધેલા ભવ્ય મકાનને બતાવીને કહ્યું કે, "આ હોટલ મેં તમારા માટે બંધાવી છે, અને તમે આવો અને તેના મેનેજર બનીને તેનો વહીવટ કરો."

પેલા કલાર્કને જાણે સ્વપ્ન આવ્યું હોય એવું લાગ્યું અને આ માણસ તેની મશ્કરી કરતા હોય એવું લાગ્યું, પરંતુ પેલા માણસે ગંભીરતાથી કહ્યું, "હું મશ્કરી કરતો નથી પણ આ હકીકત છે."

કલાર્કે પૂછયું, તમે કોણ છો? પેલા માણસે જવાબ આપ્યો, "મારું નામ વિલ્યમ વેલ્ડોર્ફ એસ્ટર છે." આ હોટલ "વેલ્ડોર્ફ-એસ્ટોરિયા"ના નામે જાણીતી બની, અને પેલો જુવાન કલાર્ક જે આ હોટલનો પહેલો મેનેજર બન્યો તે જ્યોર્જ સી. બોલ્ડર.

"શાબાશ, સારા તથા વિશ્વાસુ ચાકર, તું થોડામાં વિશ્વાસુ માલૂમ પડયો છે, હું તને ઘણા પર ઠરાવીશ" લૂક ૧૯; ૧૭.

આ પૃથ્વી પરની આપણી વિશ્વાસુપણે કરેલી સેવાઓ ઈશ્વરના મહિમાની મહાન બાબતો માટે તૈયાર કરે છે.

વિશ્વાસુપણું, ભલાઈ, માયાળુપણું વિગેરે પવિત્ર આત્માનાં ફળો છે.

## ૬૯. થોડામાં વિશ્વાસુ

લંડનમાં એક સાંજે બે માણસો ચર્ચા કરી રહ્યા હતા, કે હવામાન સારું નથી અને તેથી લંડન મિશનરી સોસાયટીની આજની મિટિંગ રાખવી કે રદ કરવી?

એક માણસે કહ્યું, "ગમે તે હોય પણ આજની મિટિંગ રાખવી, શા માટે રદ કરવી? હું મારી જવાબદારીમાંથી છટકવા માગતો નથી."

બીજા માણસે દલીલ કરી કે એ બરાબર છે, પણ આવા વાતાવરણમાં કોણ મિટિંગમાં આવશે? આપણી મહેનત નકામી જશે, આપણો સમય આપણે બગાડીશું.

પહેલા માણસે કહ્યું, "આપણે મિટિંગની જાહેરાત કરી દીધી છે, અને કદાપી કોઈ આવે પણ ખરું! તેથી મિટિંગ શરૂ કરીએ. જુઓ કોઈક આવી રહ્યું છે."

અને એ સાંજે વરસતા વરસાદમાં, એક પ્રેક્ષકની હાજરીમાં તેઓએ મિટિંગની શરૂઆત કરી. એક માણસ ત્યાંથી પસાર થઈ રહ્યો હતો, તે લગભગ પલળી ગયો હતો, અને આ નાના ચેપલમાં તેણે લાઈટો જોઈ, તેથી થોડીવાર આશરો લેવા માટે અને કપડાં સૂકાય જાય તે માટે તે અંદર પ્રવેશ્યો અને બાંકડા ઉપર બેઠો. હવે પ્રેક્ષકોની સંખ્યા બમણી થઈ ગઈ - બે પ્રેક્ષકો - સાંભળનારા થયા. તેણે સાંભળ્યું તો વક્તા બહુ જોરથી અને અસરકારક રીતે ઉત્તર અમેરિકાના ઇન્ડિયનોમાં સેવા આપવા માટે આગળ આવવા અપીલ કરી રહ્યા હતા.

મિટિંગ પૂરી થઈ ત્યારે બીજા આગેવાને પહેલા આગેવાનને ટકોર કરી કે આજે આપણે અમથો આપણો સમય બગાડયો.

પરંતુ એ ખોટો ઠર્યો. જે માણસ થોડીવાર માટે આશરો લેવા ચેપલમાં આવીને બેઠો હતો તેણે ઈશ્વરનું તેડું સાંભળ્યું અને સ્વીકાર્યું. અને એકાદ મહિનામાં તેણે પોતાનો ધંધો વેચી દીધો અને બ્રિટીશ કોલંબિયાના ઇન્ડિયનો મધ્યે મિશનરી તરીકે સેવા કરવાની તૈયારી કરી. તે ત્યાં ગયો અને ૩૫ વર્ષ સુધી ત્યાં રહીને સેવા કરી.

ઝખાર્યાહ ૪; ૧૦માં લખ્યા પ્રમાણે "આરંભમાં નાના દેખાતા કામના દિવસને કોણે તુચ્છકાર્યો છે."

થોડું એ વધારે બની જાય છે, જ્યારે ઈશ્વર એમાં આવે છે ત્યારે.

પ્રખ્યાત બાપ્ટીસ્ટ ઉપદેશક ચાર્લ્સ સી. સ્પર્જન પાસે એક જુવાન ઉપદેશક આવ્યો અને ફરિયાદ કરી કે, મારી પાસે હોવી જોઈએ એવી મોટી મંડળી નથી. હું બહુ નાની મંડળીનો પાળક છું. સ્પર્જને પૂછયું, "કેટલા માણસો તારી મંડળીમાં આવે છે? કેટલા જણને તું ઉપદેશ કરે છે?" પાળકે જવાબ આપ્યો, ફક્ત સો માણસો. સ્પર્જને કહ્યું, "ન્યાયકાળના દિવસે હિસાબ આપવા માટે એ પૂરતા છે."

પ્રેરિત પાઉલ તીમોથીને પત્ર લખતાં લખે છે કે, "તારું સેવાકાર્ય પૂર્ણ કર." ૨ તીમોથી ૪; ૫. એ સેવાકાર્ય નાનું હોય કે મોટું હોય. આપણે જ્યાં કંઈ છીએ, આપણી પાસે જે કંઈ છે, તેનાથી બને તેટલી સેવા કરીએ. થોડામાં વિશ્વાસુ રહીએ.

ફાનસ જે કરે છે તે સૂર્ય કરી શકતો નથી-

ફાનસ રાત્રે પ્રકાશ આપે છે.

## ૭૦. ઈશ્વર, હાથમાં રૂમાલ સાથે

કન્ઝરવેટીવ બેપ્ટીસ્ટ થીઓલોજીકલ સેમિનારના પ્રેસિડન્ટ વેરનોન ગ્રાઉન્ડેસે ૧૯૭૩ના વર્ષના ગ્રેજ્યુએટ થનારા વિદ્યાર્થીઓને યોહાન ૧૩ના આધારે પડકાર આપ્યો. તેમણે જણાવ્યું, કે "હું તમને એક પ્રતીક આપવા માગું છું, જે તમારી આવનાર સેવામાં ખૂબ ઉપયોગી સાબિત થશે." વિદ્યાર્થીઓ વિચારતા હતા કે શું પ્રતીક આપશે? કદાપી બાઇબલનું કોઈ વાક્ય હશે, અથવા કોઈ પુસ્તક આપશે અથવા કોઈ મેડલ હશે? તેઓની અજાયબી વચ્ચે પ્રેસિડન્ટે તેઓને સફેદ રંગના કાપડનો એક ટુકડો આપ્યો.

ગ્રેજ્યુએટ થનાર એક વિદ્યાર્થી, જે પાછળથી પરદેશમાં મિશનરી બન્યો હતો, તેણે જણાવ્યું કે સફેદ રંગના કાપડનો ટુકડો આપીને અમને એમ બતાવ્યું કે અમારે જગતમાં સેવકો તરીકે જવાનું છે. આ સફેદ કાપડનો ટુકડો-રૂમાલ મેં વર્ષો સુધી સાચવી રાખ્યો છે, અને આ રૂમાલ મને હમેશાં યાદ અપાવે છે કે મારું મૂળભૂત તેડું તે સેવા કરવા માટેનું છે.

આ રૂમાલ એક એવી વ્યક્તિનું પ્રતીક છે, જે સેવા કરાવવા નહિ, પણ સેવા કરવા માટે આવી હતી. માથ્થી ૨૦; ૨૮.

★ ★ ★

એક મિશનરી ઈન્ડિયન્સ જાતિમાં સુવાર્તાની સેવા માટે ગયા. શરૂઆતમાં લોકોએ હિચકાટ અનુભવ્યો અને આનાકાની સાથે તેમનો સ્વીકાર કર્યો, અને **"સફેદ ચામડીના માણસ"** તરીકે તેને ઓળખાવ્યો.

જેમ જેમ તેઓ આ મિશનરીને ઓળખતા ગયા, તેમનો સ્વભાવ જાણતા ગયા, તેમ તેમ તેમના વિચારોમાં પરિવર્તન આવ્યું અને હવે તેઓ તેને **"માનવંત સફેદ માણસ"** એ નામથી ઓળખવા લાગ્યા.

સમય જતાં તેઓને આ મિશનરીના હૃદયની ભલાઈ, અને પ્રેમની જાણ થઈ અને તે લોકોની ભલાઈ માટે કામ કરી રહ્યા છે એવી ખાતરી થઈ, ત્યારે તેઓ તેને **"સફેદ ઇન્ડિયન"** ના નામથી બોલાવવા લાગ્યા. આનો અર્થ એ થયો કે હવે તેઓ મિશનરીને પોતામાંના એકના જેવો ગણવા લાગ્યા.

જ્યારે કોઈ એક ઇન્ડિયનને અકસ્માતે પગમાં ઘા પડયો ત્યારે આ મિશનરી તેને પોતાના ઘરમાં લાવ્યા, તેના પગ ધોયા અને તેના પગે દવા લગાવી તેની સારવાર કરી. લોકો આ બધું જોઈને બહુ આશ્ચર્ય પામ્યા. આ બનાવ પછી તેઓ આ મિશનરીને **"ઈશ્વર તરફથી આવેલા માણસ"** તરીકે ઓળખવા લાગ્યા.

"તમારામાં જે કોઈ મોટો થવા ચાહે, તે તમારો સેવક થાય." માથ્થી ૨૦; ૨૬.

"ઈસુએ પોતાનાં લૂગડાં ઉતારીને રૂમાલ લીધો અને તેને પોતાની કમરે બાંધ્યો." યોહાન ૧૩; ૪.

સેવક થનારે પોતાનાં લૂગડાં ઉતારવાં પડશે, અને ઈસુ ખ્રિસ્તનો રૂમાલ બાંધવો પડશે.

# ૭૧. દેવની શાંતિ

અમેરિકાના ભૂતપૂર્વ પ્રેસિડન્ટ જીરાલ્ડ આર. ફોર્ડ તેમના એક પુસ્તકમાં નીચેની વાત નોંધે છે.

૧૯૪૮ની સાલમાં ગ્રીસમાં સિવિલ વોર થઈ તે સમયે એક ગામડાના માણસે ગ્રીસ છોડીને અમેરિકા જતા રહેવાની યોજના કરી. જતાં પહેલાં તેણે પોતાના ગરીબ અને ચિંતામય એવા પડોશીને પૂછ્યું કે "હું અમેરિકા જઈને ત્યાંથી તારે માટે શું મોકલાવું?"

શું પૈસા મોકલું? જવાબ મળ્યો, ના.

ખોરાક મોકલાવું? જવાબ મળ્યો, ના.

કપડાં મોકલાવું? જવાબ મળ્યો, ના.

ઘરની ચીજ વસ્તુઓ? જવાબ મળ્યો, ના.

ગરીબ પડોશીએ કહ્યું, "જો તારે મોકલવું જ હોય તો એક ટન શાંતિ મોકલાવજે. મોકલી શકીશ?"

આજે આખી દુનિયા શાંતિ ઝંખે છે. નિરાશા અને દુ:ખથી ભાંગી પડેલા શિષ્યોને ઈસુએ કહ્યું, "મારી શાંતિ હું તમને આપીને જાઉં છું. જગત જેમ આપે છે તેમ હું આપતો નથી. તમારા હૃદયોને વ્યાકુળ થવા ન દો." યોહાન ૧૪; ૨૭. સરખાવો ફિલિપી ૪; ૬-૭.

પ્રેરિત પાઉલ રૂમી ૫; ૧માં લખે છે, કે "આપણને વિશ્વાસથી ન્યાયી ઠરાવવામાં આવ્યા છે, તેથી આપણે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે દેવની સાથે સમાધાન પામીએ છીએ."

# ૭૨. મદદગાર

સને ૧૯૫૩ની સાલમાં એડમન્ડ હિલેરી અને તેના શેરપા સાથી તેન્જીંગ નોરગેએ સફળતાપૂર્વક માઉન્ટ એવરેસ્ટ ઉપર ચઢાણ કર્યું, એ વાત જગજાહેર બની ચૂકી છે. પરંતુ એમાં બનેલી એક નાની ઘટના લોકોના ધ્યાનમાં આવી નથી.

પર્વતારોહણ કરીને પાછા ઊતરતી વખતે એડમન્ડ હિલેરીનો પગ લપસ્યો અને તેણે પોતાનું સમતોલનપણું ગુમાવ્યું. તેની સાથે ઊતરી રહેલા તેન્જીંગના ધ્યાનમાં આ વાત આવી ગઈ. એક ક્ષણનો વિલંબ કર્યા વગર તેણે પોતાના હાથમાંની કુહાડી બરફમાં જોરથી ઊંડે સુધી ઘુસાડી દીધી. પછી એનો સહારો લઈને તેણે દોરડાને સખત રીતે પકડી રાખ્યું. આમ કરવાથી તેણે બંને જણને પડતા બચાવી લીધા. ધીમે ધીમે હિલેરીનું સમતોલનપણું પાછું આવી ગયું, અને યોગ્ય જગાએ પોતાના પગો ગોઠવી દીધા, અને નીચે ઊતરવાની પ્રક્રિયા ચાલુ રહી.

પાછળથી જ્યારે રિપોર્ટરે તેન્જીંગને "હિરો" તરીકે ઓળખાવ્યો, ત્યારે તેણે કોઈ પણ પ્રકારનું માન સ્વીકારવાની ના પાડી, અને એના બદલે તેણે જણાવ્યું કે, "પર્વતારોહકો હમેશાં એકબીજાની મદદ કરે છે. તેણે આગળ કહ્યું, કે આ તો મારી ફરજમાંનો એક ભાગ હતો."

ઈસુએ કહ્યું છે કે, "તમે એકબીજાના ભાર ઊંચકો." સેવામાં મદદગાર બની રહો.

રૂમીઓના પત્રના ૧૬મા અધ્યાયમાં પ્રેરિત પાઉલ ઘણા

બધાને સલામ પાઠવે છે. જેઓએ તેની સેવામાં મદદ કરી હતી, સેવામાં મદદગાર બન્યા હતા, ઉપયોગી રહ્યા હતા.

બહેન ફેબી - મંડળીના સેવિકા - તેને મદદ કરજો, કેમ કે તે પોતે, ઘણાંને તથા મને પોતાને સહાય કરનાર થઈ છે.

પ્રિસ્કા તથા આકુલા - મારી સાથે કામ કરનારા, તેઓએ મારા જીવને સારુ પોતાની ગરદનો ધરી છે.

મરિયમ - જેણે તમારે સારુ ઘણી મહેનત કરી છે - વિગેરે વિગેરે.

પર્વતારોહકોની માફક આપણે કહી શકીએ એમ છીએ, કે ખ્રિસ્તીઓ હમેશાં એકબીજાની મદદ કરે છે?

## ૭૩. ખ્રિસ્તની પ્રીતિ ફરજ પાડે છે.

હડસન ટેલરે જ્યારે ચાઈના ઈનલેન્ડ મિશનની શરૂઆત કરી ત્યારે આ મિશનક્ષેત્રમાં દાખલ થવા માગતા યુવાનોનો ઇન્ટરવ્યુ લેવામાં આવતો. એક સમયે કેટલાક જુવાનો, જેમણે આ સેવામાં દાખલ થવા અરજીઓ કરી હતી તેમનો ઇન્ટરવ્યુ લેવામાં આવ્યો. તેઓ શા માટે અને કયા હેતુસર આ સેવામાં જોડાવા માગે છે, એ અંગેના સવાલો પૂછવામાં આવ્યા.

શા માટે તમે આ મિશનરી સેવામાં જોડાવા ઇચ્છો છો? હડસન ટેલરે પૂછ્યું. એક જણે જવાબ આપ્યો : "હું આ સેવામાં જવા માગું છું, કારણ કે ઈસુ ખ્રિસ્તે આજ્ઞા આપી છે કે આખા જગતમાં જઈને સુવાર્તા પ્રગટ કરો."

બીજાએ કહ્યું, "હું આ સેવામાં જોડાવા માગું છું, કારણ લાખો લોકો ખ્રિસ્ત વગર નાશમાં જાય છે, અને તેઓને બચાવવા માગું છું."

બીજા કેટલાકે જુદા જુદા જવાબો આપ્યા.

હડસન ટેલરે કહ્યું, "આ સેવામાં જોડાવાના આ તમારા હેતુઓ ગમે તેટલા સારા હોય, પણ જ્યારે કસોટીઓ આવશે, પરીક્ષણો આવશે, સતાવણીઓ આવશે અને કદાપી મરણ પણ આવે, ત્યારે તમે તમારા હેતુઓમાંથી ડગી જશો, હારી જશો અને નિષ્ફળ પુરવાર થશો."

પરંતુ એક હેતુ છે, જે તમને કસોટીઓ, સતાવણીઓ અને પરીક્ષણોમાં પણ ટકાવી રાખશે, અને તે છે, **"ખ્રિસ્તનો પ્રેમ."** ખ્રિસ્તનો પ્રેમ તમને સર્વ સંજોગોમાં ટકાવી રાખશે."

આફ્રિકામાં કામ કરતા એક મિશનરીને કોઈએ પૂછયું, કે તમે જ્યાં અને જે રીતે કામ કરી રહ્યા છો એ તમને ગમે છે?

મિશનરીએ જવાબ આપ્યો કે, "ગમે છે? ના, મને અને મારી પત્નીને એ ધૂળીયા રસ્તા નથી ગમતા, અમારી ઝૂંપડીમાં બકરાં ઘૂસી આવે એ અમને નથી ગમતું. પરંતુ પોતાને જે નથી ગમતું એ ખ્રિસ્તને ખાતર ના કરવું એમાં કંઈ માણસાઈ કહેવાય! ગમવું કે ના ગમવું એ મહત્ત્વની બાબત નથી. પરંતુ અમને ખ્રિસ્તનો પ્રેમ ફરજ પાડે છે કે "જાઓ" અને અમે "જઈએ છીએ." ખ્રિસ્તનો પ્રેમ અમને ટકાવી રાખે છે. ખ્રિસ્તનો પ્રેમ અમને આગળ જવા માટે સામર્થ્ય આપે છે."

નિયમ હેઠળ ખ્રિસ્તની સેવા કરવી એ ફરજ છે, અને પ્રેમ હેઠળ સેવા કરવી એ આનંદ છે.

નિયમને કારણે - આજ્ઞાને કારણે સેવા કરવી અને પ્રેમને કારણે સેવા કરવી એ બેમાં મોટો ફેર છે.

"કેમ કે ખ્રિસ્તની પ્રીતિ અમને ફરજ પાડે છે."

૨ કોરિંથી ૫; ૧૪.

## ૭૪. માણસ માત્ર, ભૂલને પાત્ર

મિસ્ટર ગ્લેડસ્ટન, બ્રિટિશ પ્રેસિડન્ટોમાંના એક મહાન માણસ હતા. તેમણે ઘણાં સારાં અને મહાન કામો બ્રિટિશ રાજ્ય માટે કર્યાં હતાં. પણ તેમની એક મહાન વાત પ્રચલિત બની ગઈ છે.

તેઓને પાર્લામેન્ટમાં વક્તવ્ય આપવાનું હતું. તેમના સેક્રેટરીએ તેમનું ભાષણ તૈયાર કર્યું હતું. આ ભાષણમાં અપાયેલી કેટલીક માહિતી અને આંકડાઓ ખોટા હતા, ચોક્કસ નહોતા. આથી જ્યારે ગ્લેડસ્ટને આ ભાષણ પાર્લામેન્ટમાં આપ્યું, ત્યારે વિરોધપક્ષે અને તેમના વિરોધીઓએ તેમની ખૂબ હાંસી ઉડાવી. તેમને મૂર્ખ કહેવામાં આવ્યા. તેમના ઉપર ટીકાઓની ઝડી વરસાવવામાં આવી.

તેમના સેક્રેટરીએ આ જાણ્યું ત્યારે તે ધ્રૂજવા લાગ્યો. તેને ખાતરી થઈ ગઈ કે હવે પ્રેસિડન્ટ તેને ડિસમિસ કરી નાખશે. અને તેની આ મોટી ભૂલને કારણે તે ડિસમિસ થવાને લાયક હતો. એની ભૂલને કારણે - બેદરકારીને કારણે પ્રેસિડન્ટને નીચું જોવાપણું થયું હતું.

પરંતુ પ્રેસિડન્ટ ગ્લેડસ્ટન તેને મળ્યા ત્યારે એકપણ ગુસ્સાનો શબ્દ તેને કહ્યો નહિ. તેમણે ફક્ત એટલું જ કહ્યું કે, "કોઈપણ માણસ ભૂલ કરી શકે છે, અને ભૂલને એની વિરુદ્ધમાં ગણવી જોઈએ નહિ."

સેક્રેટરીએ પ્રેસિડન્ટને બધાની આગળ નીચા પાડયા હતા, છતાં પ્રેસિડન્ટે તેને માફી આપી. અને કામમાં ચાલુ રાખ્યો.

પિતરે ઈસુ ખ્રિસ્તને જેટલા નીચા પાડયા હતા, એટલા બીજા કોઈએ પાડયા ન હતા. જ્યારે ઈસુ ખ્રિસ્તને તેની મદદની જરૂર હતી, એવા સમયે જ પિતરે ઈસુનો નકાર કર્યો. પરંતુ પુનરુત્થાન પછી ઈસુએ એ જ પિતરને ખાસ સંદેશો મોકલાવ્યો માર્ક ૧૬; ૭. અને પોતાનું પ્રથમ દર્શન એ જ પિતરને આપ્યું. લૂક ૨૪; ૩૪. ઈસુએ એને માફી આપી અને મોટી જવાબદારી સોંપી. "મારા હલવાનને પાળ" યોહાન ૨૦; ૧૫-૧૮.

જુવાન સુવાર્તિક માર્કે ભૂલ કરી અને સુવાર્તિક મુસાફરીમાંથી પાછો ઘેર આવતો રહ્યો. બાર્નાબાસે તેને ફરીથી પોતાની સાથે સુવાર્તિક મુસાફરીમાં લીધો. તેની ભૂલને આગળ કરીને તેને હમેશ માટે ડિસમિસ કર્યો નહિ. પ્રે. કૃત્ય ૧૫; ૩૬-૪૧.

# ૭૫. સમ્રાટ નેપોલિયનનો કરુણ અંત

સમ્રાટ નેપોલિયન હમેશાં પોતાની શક્તિ ઉપર આધાર રાખનારો માણસ હતો. એક પછી એક તે ઘણી લડાઈઓ જીત્યો. તેણે જાહેર કર્યું કે, જે શક્તિશાળી છે તેના પક્ષમાં ઈશ્વર પણ રહે છે. આમ કહીને તે ઈશ્વરની શક્તિનો નકાર કરતો હતો. તે હમેશાં પોતાની લશ્કરી તાકાત ઉપર ભાર મૂક્તો અને એના ઉપર આધાર રાખતો.

આવા આત્મવિશ્વાસમાં તેણે રશિયા ઉપર ચઢાઈ કરી. શરૂઆતમાં બધું ઠીક ચાલ્યું, પણ એક દિવસે સ્નો પડવાનો શરૂ થયો. જો કે સ્નો બહુ નુક્સાનકર્તા નથી છતાં નેપોલિયનનું લશ્કર આગળ વધ્યું નહિ અને નેપોલિયનને હાર ખાઈને પાછા ફરવું પડ્યું.

ત્યાર બાદ એણે ફરી લશ્કર એકઠું કર્યું અને વોટર લુની લડાઈમાં ઊતર્યો. ઇતિહાસકાર હ્યુગોના વર્ણન પ્રમાણે નેપોલિયન મોટી તોપ તેના હાથમાં રાખીને એ તોપ દ્વારા તોપમારો ચલાવતો. જાણે કોઈ નિશાનબાજ હાથમાં નાની રિવૉલ્વર રમાડતો હોય, એવી રીતે નેપોલિયન તોપ તેના હાથમાં રમાડતો. પરંતુ એવું બન્યું કે વોટર લુની લડાઈની શરૂઆતમાં જ એક રાત્રે વરસાદ પડ્યો અને બધે કાદવ કાદવ થઈ રહ્યો, અને નેપોલિયનની લોખંડની ભારે તોપ ભીની અને પોચી જમીનમાં કાદવમાં એવી ખૂંપી ગઈ કે તેનો ઉપયોગ નકામો બની ગયો. તે બીનઉપયોગી બની ગઈ.

બીજું બન્યું એવું કે વોટર લુની લડાઈની આગલી રાત્રે નેપોલિયને ડુંગળી ખાધી. હવે ડુંગળી એ ઊંઘને વધારનાર ફળ

ગણાય છે. આને કારણે બીજી સવારે હમેશાંની માફક તેના શરીરમાં જોઈએ એવી સ્ફૂર્તિ જલદી આવી નહિ.

ત્યાર બાદ એના પોતાના અશ્વદળ અને સામેના દુશ્મનના લશ્કર વચ્ચે ઊંડી ખીણ હતી, એને ધ્યાનમાં લીધા વગર જ એણે પોતાના લશ્કરને આગેકૂચનો હુકમ આપ્યો, પરિણામ એ આવ્યું કે એનું મોટાભાગનું લશ્કર પેલી ખીણમાં દટાઈ ગયું.

કોઈકે કહ્યું કે, નેપોલિયન જેવા મહાસમ્રાટને હરાવવા માટે ઈશ્વરે કેવી વસ્તુઓનો ઉપયોગ કર્યો - સ્નો, વરસાદનું પાણી, ડુંગળી અને ખીણ. આ બધી નાની નાની બાબતો નેપોલિયનની હારનું કારણ બની અને એના અભિમાનના ચૂરેચૂરા થઈ ગયા.

તેણે સમુદ્રમાંના એક ખડક સાથે પોતાને સાંકળોથી બાંધી દીધો અને ત્યાં જ મરણ પામ્યો. મોટી મોટી લડાઈઓ જીતીને અઢળક ધન ભેગું કરનાર નેપોલિયન મરણ પામ્યો ત્યારે તેની પાસે જો કોઈ વસ્તુ બચી હોય તો તે તેના જૂના મિલટરી જોડા, જે તેણે મરતા અગાઉ પોતાના ઠંડા પડી ગયેલા પગોમાં પહેરાવવાનો આગ્રહ રાખ્યો હતો.

જેઓ ઈશ્વરથી દૂર અને સ્વતંત્ર રહેવા માગે છે, અને પોતા ઉપર જ આધાર રાખે છે તેઓને શું કહેવું? પછી તે વ્યક્તિ હોય, સમાજ હોય કે રાષ્ટ્ર હોય.

જૂના કરારમાં દાઉદ અને ગોલિયાથની વાત સરખાવો.

દાઉદ કહે છે - શું તું તરવાર, ભાલો અને ઢાલ લઈને મારી સામે લડવા આવે છે? ગોલિયાથનું બળ તેની તરવારમાં, ભાલામાં અને ઢાલમાં હતું. પોતાની શક્તિ ઉપર હતું. પણ

જુવાન દાઉદનો ઉત્તર જુઓ - "હું સૈન્યોના દેવ યહોવાના નામમાં તારી સાથે લડવા આવું છું."

ગોલિયાથે પોતા ઉપર આધાર રાખ્યો, દાઉદે ઈશ્વર ઉપર આધાર રાખ્યો અને તરવાર, ભાલો અને ઢાલની સામે દાઉદની ગોફણનો વિજય થયો.

ઈશ્વર પોતાના કાર્ય માટે નાની ગણાતી વસ્તુઓ - જેમ કે ગોફણ, સ્નો, વરસાદ, ડુંગળી વિગેરેનો ઉપયોગ કરી શકે છે.

ઈશ્વર આગળ ભલભલા સમ્રાટો અને શક્તિશાળીઓનાં અભિમાન ચૂરચૂર થઈ જાય છે.

"મારાથી નીરાળા રહીને તમે કંઈ કરી શકતાં નથી." યોહાન ૧૫;૫.

# ૭૬. મનાશ્શેહ

પાસ્ટર વિલિયમ સેન્ગસ્ટર એક દાખલો આપતાં જણાવે છે, કે તેમનો એક મિત્ર એક વર્ષે નાતાલની રજાઓ ગાળવા તેમને ત્યાં આવ્યો હતો. નાતાલના દિવસો નજદીક હતા અને વિલિયમ સેન્ગસ્ટર તેમના મિત્રોને નાતાલ કાર્ડ લખી રહ્યા હતા. તેમના ટેબલ પર જેઓને કાર્ડ લખવાનાં હતાં તેમના નામનું લિસ્ટ પડ્યું હતું. પેલા મિત્રએ એ લિસ્ટમાં એક નામ જોયું અને તેને નવાઈ લાગી. તેણે વિલિયમને પૂછ્યું કે, "એ નામની વ્યક્તિને તો તમે નાતાલનું કાર્ડ લખવાના નથી, એ બરાબર છે?" પાળકે પૂછ્યું, શા માટે નહિ? મિત્રએ કહ્યું, "તમે ભૂલી ગયા, આજથી ૧૮ મહિના પહેલાં આ માણસે તમારી વિરુદ્ધ કેવી રીતે વાતો કરી હતી? શું તમને એ યાદ નથી? તમે એને કાર્ડ લખવાના છો?"

વિલિયમ સેન્ગસ્ટરે જવાબ આપ્યો, "મિત્ર, તે સમયે મેં જે ઠરાવ મારા મનમાં કર્યો હતો એ ઠરાવ મને યાદ છે. તે સમયે મેં મનમાં ઠરાવ કર્યો હતો કે, ઈશ્વરની કૃપાથી, આ માણસે મારી વિરુદ્ધ કરેલી વાતોને હું ભૂલી જઈશ." નક્કી કર્યા પ્રમાણે તે વ્યક્તિને નાતાલનું કાર્ડ પોસ્ટ કરવામાં આવ્યું.

યૂસફે પોતાના પ્રથમ દીકરાનું નામ પાડ્યું "મનાશ્શેહ" જેનો અર્થ થાય છે "વીસરી જવું" યૂસફે કહ્યું, દેવે મારાં સર્વ કષ્ટ તથા મારા બાપના ઘરનું સર્વ મને વીસરાવી દીધું છે. ઉત્પ. ૪૧; ૫૧.

કેટલીક બાબતો એવી છે જે ભૂલી જવામાં, વીસરી જવામાં મઝા છે. યૂસફના જીવનમાં ઘણી બાબતો એવી બની

હતી જે નર્યો અન્યાય હતો. તે જુવાન છોકરો હતો ત્યારે તેના ભાઈઓએ અદેખાઈથી તેને ગુલામ તરીકે મિસરમાં વેચી દીધો. તેને પરદેશમાં અજાણ્યા લોકો મધ્યે રહેવું પડ્યું, પોતાની કિશોરાવસ્થા અને જુવાનીના સમયમાં પોતાના વહાલા બાપથી દૂર રહેવું પડ્યું. તેને કેટલોક સમય જેલમાં પણ રહેવું પડ્યું. આ બધું સહન કર્યા પછી પણ તેને પોતાના ભાઈઓ પ્રત્યે કોઈ દ્વેષભાવ નથી. આ બધું તે વીસરી ગયો. અને જ્યારે પોતાનો પ્રથમ દીકરો જન્મ્યો ત્યારે તેણે તેનું નામ 'મનાશ્શેહ' પાડ્યું, જેને અર્થ "વીસરી જવું."

કેટલીક બાબતો યાદ રાખવા કરતાં ભૂલી જવી સારી. "મનાશ્શેહ."

## ૭૭. દેવનું અવાચ્ય દાન

૧૯માં સૈકાની શરૂઆતે ભયથી ધ્રૂજતી દુનિયાનું ધ્યાન સમ્રાટ નેપોલિયનની લડાઈ કૂચ તરફ મંડાયેલું હતું. નેપોલિયન એક પછી એક લડાઈઓ જીતતો જીતતો આગળ વધી રહ્યો હતો. જગત આખું ચિંતામાં હતું. સમગ્ર દુનિયાનું ધ્યાન નેપોલિયન તરફ અને એની લડાઈઓ તરફ હતું.

આવા સમયે જગતમાં કેટલાંક બાળકોનો જન્મ થયો. આ નવાં જન્મેલાં બાળકો તરફ ધ્યાન આપવાનો સમય જગત પાસે નહોતો. કોઈએ ધ્યાન આપ્યું નહિ.

સને ૧૮૦૯માં ટ્રાફાલગર અને વૉટર લુની લડાઈઓના વચગાળાના સમયમાં, લીવરપુલમાં વિલ્યમ ઈ. ગ્લેડસ્ટનનો જન્મ થયો.

ઇંગ્લૅંડના સમર્સબરીમાં આલ્ફ્રેડ લૉર્ડ ટેનિસનનો જન્મ થયો.

બોસ્ટનમાં ઓલિવર વેન્ડેલ હોલ્મ્સનો જન્મ થયો.

જર્મનીના હેમ્બર્ગ શહેરમાં ફેલિક્સ મેન્ડેલસનનો જન્મ થયો, અને અબ્રાહમ લીંકન કેન્ટકીમાં જન્મ્યા.

લોકોનાં મન લડાઈઓમાં પરોવાયેલાં હતાં, બાળકોમાં નહિ. અને છતાં એ હકીકત છે કે જગતના ઇતિહાસમાં એ લડાઈઓ કરતાં આ નવાં જન્મેલાં બાળકોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે અને ફાળો આપ્યો છે. લડાઈઓ કરતાં આ નવાં જન્મેલાં બાળકોએ આગળ જતાં જગતના ઇતિહાસમાં વિવિધ ક્ષેત્રે મોટી અસર ઊભી કરી.

ઈસુ ખ્રિસ્તના જન્મ સમયે પણ એવું જ બન્યું. બેથલેહેમની ગભાણમાં સૂતેલા બાળ ઈસુ તરફ બેથલેહેમમાં એકઠાં થયેલાં લોકોએ કોઈ ધ્યાન આપ્યું નહિ. ફક્ત થોડા ભરવાડો સિવાય બીજું કોઈ આવ્યું નહિ. બીજા બધા લોકોને વસ્તીગણતરીમાં રસ હતો, એમાં કોઈ રોકાયેલા હતા. કોઈએ નવા જન્મેલા બાળક ઈસુ તરફ ધ્યાન આપ્યું નહિ. પરંતુ એ ઈસુએ આખા જગતને બદલી નાખ્યું. સર્વ યુગોને માટે અપાયેલા ઈશ્વરના એ અવાચ્ય દાને માણસોનો ઈશ્વર સાથે મિલાપ કરાવ્યો, અને એના મરણ અને પુનરુત્થાન દ્વારા પાપની માફી અને ઉદ્ધાર પ્રાપ્ત કર્યા.

## ૭૮. ઈશ્વર જ્યારે પીઠ ફેરવે છે.

યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરિકાના ત્રીજા વાઈસ પ્રેસિડેન્ટ મિસ્ટર આરોન બુરનો ઉછેર એક ધાર્મિક કુટુંબમાં થયો હતો, તેમ છતાં મિસ્ટર બુર ઈશ્વરથી દૂર હતા. તેમના દાદા જોનાથાન એડવર્ડ, જેઓ ઈશ્વર ઉપર અથાગ શ્રદ્ધા રાખનારા હતા, તેમણે આરોન બુરને ખૂબ સમજાવ્યા અને તેઓ ઈસુ ખ્રિસ્તને સ્વીકારે એ માટે ઘણા પ્રયત્નો કર્યા, પણ એ બધા પ્રયત્નો વ્યર્થ ગયા. આરોન બુરે કોઈનું માન્યું નહિ. ઉલટાનું તેમણે જાહેર કર્યું કે તેમને ઈશ્વરની સાથે કોઈ લેવા-દેવા નથી, અને વિનંતી કરી કે ઈશ્વર તેમને એકલા છોડી દે.

આગળ જતાં તેમણે રાજકીય ક્ષેત્રે ઘણી પ્રગતિ કરી અને સફળતાઓ પણ મેળવી, આમ છતાં વારંવાર નિરાશાઓ પણ આવી જતી હતી. જીવનમાં ઘણી ગડમથલનો સામનો પણ કરવો પડ્યો, આમ છતાં પોતાનું અક્કડપણું છોડ્યું નહિ.

જ્યારે તેઓ ૪૮ વર્ષની ઉંમરના હતા ત્યારે એક દ્વંદ્વ યુદ્ધમાં તેમણે એલેકઝાંડર હેમિલ્ટનને મારી નાખ્યા હતા. ત્યાર બાદ તેઓ બીજાં ૩૨ વર્ષ જીવ્યાં, પરંતુ આ બધો વખત તેઓ દુ:ખી અને પરિણામ વગરનું એવું જીવન જીવ્યા.

તેમના જીવનમાં આ દુ:ખી સમય દરમિયાન તેમણે તેમના મિત્રોને આ પ્રમાણે કહ્યું:

"૬૦ વર્ષ પહેલાં મેં ઈશ્વરને કહ્યું હતું કે મને એકલો રહેવા દો, અને હું પણ ઈશ્વરને એકલો રહેવા દઈશ. મતલબ કે ઈશ્વર મારી કોઈ વાતમાં દખલ કરે નહિ અને હું પણ

ઈશ્વરની કોઈ વાતમાં દખલ કરીશ નહિ. અને ત્યાર પછી આજ દિન સુધી ઈશ્વરે મને એકલો જ રાખ્યો છે, અને મારી કોઈ ચિંતા કરી નથી, મને છોડી દીધો છે."

આરોન બુરને જે જોઈતું હતું તે ઈશ્વરે આપ્યું.

માણસ જ્યારે ઈશ્વર પ્રત્યે મન કઠણ કરે છે, ઈશ્વર પ્રતિ પોતાની પીઠ ફેરવે છે, ત્યારે ઈશ્વર પણ માણસ ભણી પોતાની પીઠ ફેરવી લે છે.

રૂમીઓના પત્રના ૧લા અધ્યાયની ૧૪-૩૨ કલમોમાં એ જ વાત મળે છે.

"તે કારણથી દેવે તેઓને અધમ મનોવિકારોને સ્વાધિન કર્યાં." કલમ ૨૬.

"દેવનું જ્ઞાન મનમાં રાખવાનું તેઓને ગમ્યું નહિ, માટે જે ઉચિત નથી, એવાં કામ કરવાને સારુ દેવે તેઓને ભ્રષ્ટ બુદ્ધિને સ્વાધિન કર્યાં." કલમ ૨૮.

માણસ જ્યારે ઈશ્વર વગર જીવવાનો પ્રયત્ન કરે છે, ત્યારે આખરે તેને ઈશ્વરના ન્યાયનો સામનો કરવો પડે છે અને અનંતકાળ પણ ઈશ્વર વગર જ ગાળવો પડે છે. જો તે પસ્તાવો ના કરે તો.

નર્કની બહાર રહેવાનો રસ્તો છે, પણ એક વાર નર્કમાં ગયા પછી બહાર નીકળવાનો રસ્તો નથી.

# ૭૯. બાબેલનો ટાવર

અમેરિકાના શીકાગો શહેરમાં આવેલો સિયર્સ ટાવર ખૂબ પ્રખ્યાત છે. જોવાલાયક સ્થળ છે. ખૂબ યાત્રીઓ ત્યાં દરરોજ આવે છે. આ ટાવરમાં ૧૧૦ માળ આવેલા છે અને લગભગ ૧૪૫૪ ફૂટ ઊંચો છે.

કેટલાક સમય પહેલાં ૨૫ વર્ષના એક નટ જુવાને આખા શહેરનું ધ્યાન પોતાના તરફ ખેંચ્યું. જ્યારે આ જુવાન આ ટાવરની લોખંડ અને કાચની એવી સુંવાળી સપાટી ઉપર થઈને દુનિયાના ઊંચામાં ઊંચા આ સિયર્સ ટાવર ઉપર ચઢી ગયો, ત્યારે બધા લોકોએ તેની વાહ વાહ કરી. તેને ધન્યવાદ આપ્યા. ૭ કલાક અને ૩૦ મિનિટમાં આ જુવાન બહાદુરીપૂર્વક ટાવરની ટોચે પહોંચ્યો. જ્યારે તે ઉપર ચઢતો હતો ત્યારે ચઢવા માટેનાં ૫૦ પાઉન્ડ વજનનાં હથિયાર તેની સાથે હતાં. આટલું બધું વજન અને વળી ૪૦ માઈલની ઝડપે ફૂંકાતા પવનનો સામનો પણ તેને કરવાનો હતો. પરંતુ આ બધાનો સામનો કરીને જ્યારે તે ટાવરની ટોચે પહોંચ્યો ત્યારે તેણે પોતાનું નામ કાયમ કરી દીધું.

જ્યારે તે નીચે આવ્યો ત્યારે પોલીસ તેની રાહ જોઈ રહી હતી. પોલીસે તેને તેની બહાદુરી માટે ધન્યવાદ તો આપ્યા, પણ તેને ત્યાંથી સીધો શહેરની જેલમાં લઈ જવામાં આવ્યો. અયોગ્ય વર્તન, પરવાનગી વગર ટાવર ઉપર ચઢવાનું કૃત્ય, અને તેના ચઢવાને કારણે ટાવરને ઘણું નુક્સાન થયું - આ બધા આક્ષેપો તેના ઉપર મૂકવામાં આવ્યા. સરકારી મિલકતને

નુકસાન કરવાને કારણે તેને જેલ ભેગો કરી દેવામાં આવ્યો. પોતાનું નામ અમર કરવા નીકળ્યો હતો, પણ આખરે જેલમાં ગયો.

ઉત્પત્તિ ૧૧;૧-૯માં બાબેલના ટાવરની વાત મળે છે. અહીં લોકો ટાવર બાંધવા માગે છે, જેથી તેઓનું નામ કાયમ કરી શકે.

"આપણે પોતાને સારુ નામ કરીએ."

ટાવર બાંધવાની પાછળ તેઓનો હેતુ એ હતો, કે અમે નામ કરીએ, અમર થઈ જઈએ, લોકો અમને યાદ કરે, અમારી વાહ વાહ કરે. તેઓ પોતાની એક્તા કરવા અને દેખાડવા માગતા હતા, અને ઈશ્વરનો વિરોધ બતાવવા માગતા હતા.

"ચાલો, આપણે એક એવો ટાવર બાંધીએ જેની ટોચ આકાશ સુધી પહોંચે." પણ તેઓ ભૂલી ગયા કે ટાવરની એ ટોચે ઈશ્વર બેઠો છે. અને ઈશ્વરે તેમની ભાષા બદલી નાખી અને તેઓની આખી યોજના પડી ભાંગી.

માણસો અનેક પ્રકારના ટાવર બનાવીને ઊંચે જવા માગે છે, પણ તેઓ ભૂલી જાય છે, કે ટાવરની ટોચે હજી ઈશ્વર બેઠો છે અને તે તેઓને ત્યાંથી નીચે લાવશે.

# ૮૦. સઘળું હિતકારક

ચીન દેશની આ વાર્તા છે.

ચીનમાં એક માણસ ઘોડા પાળવાનું કામ કરતો હતો. આ ધંધામાંથી એનું ગુજરાન ચાલતું હતું.

એક દિવસે એનો એક ઘોડો નાસી ગયો. આ માણસ બહુ દુઃખી થયો. તેના પાડોશીઓ અને મિત્રો તેને ઘેર શોક કરવા અને તેને દિલાસો આપવા માટે આવ્યા.

માણસે સવાલ કર્યો કે, "મને કેવી રીતે ખબર પડે, કે આ જે બન્યું તે સારું બન્યું કે ખોટું?"

થોડા દિવસો પછી એવું બન્યું કે તેનો પેલો નાસી ગયેલો ઘોડો પાછો આવ્યો, અને તેની સાથે બીજા ત્રણ-ચાર ઘોડા લેતો આવ્યો. ફરી એના પાડોશીઓ અને મિત્રો આનંદ પ્રગટ કરવા માટે તેના ઘેર ભેગા થયા.

ફરી પેલા માણસે તેઓને સવાલ કર્યો કે, "હું કેવી રીતે જાણું કે આ જે બન્યું તે સારું કે ખોટું?"

તેજ સાંજે એવું બન્યું કે પેલા નવા આવેલા ઘોડાઓમાંથી એક ઘોડાએ આ માણસના જુવાન દીકરાને લાત મારી, જેને કારણે તેનો પગ ભાંગી ગયો.

ફરી પાછા પડોશીઓ - મિત્રો શોક કરવા ભેગા થયા.

પેલા માણસે ફરી સવાલ ઊઠાવ્યો કે, "મને કેવી રીતે ખબર પડે કે આ જે કંઈ બન્યું તે સારું થયું કે ખરાબ?"

થોડા દિવસો લડાઈ ફાટી નીકળી. ઘેર ઘેરથી જુવાન માણસોને ફરજિયાત લડાઈમાં લઈ જવામાં આવતા હતા.

પરંતુ પેલા માણસના દીકરાને લડાઈમાં લઈ ગયા નહિ. કારણ કે તેનો એક પગ ભાંગેલો હતો.

ફરી પાછા પાડોશીઓ અને મિત્રો....

આ વાર્તા અહીં બંધ કરીએ.

માનવી જ્ઞાન અને બુદ્ધિથી જીવનમાં બનતા બનાવો અને પ્રસંગોનો યોગ્ય ખુલાસો કરવો અઘરો છે. પણ એક વાત જાણીએ છીએ, કે સઘળા બનાવો-પ્રસંગો પાછળ ઈશ્વરનો હાથ કામ કરે છે. પેલા માણસની માફક આપણે સવાલ પૂછવાની જરૂર નથી, કે "હું કેવી રીતે જાણું કે આ જે બન્યું તે સારું થયું કે ખરાબ?" કારણ કે "આપણે જાણીએ છીએ કે દેવના પર પ્રેમ રાખનારા માટે એકંદરે સઘળું હિતકારક નીવડે છે." રૂમી ૮;૨૮.

ઈશ્વર આપણે માટે સઘળું હિતકારક બનાવે છે. દુ:ખદાયક લાગતા પ્રસંગોને ઈશ્વર આશીર્વાદના રૂપમાં ફેરવી શકે છે.

યૂસફે એના ભાઈઓને ખરું જ કહ્યું, "તમે તો મારું ભૂંડું કરવા ચાહ્યું હતું, પણ દેવે તેમાં મારું ભલું કરવા ધાર્યું..." ઉત્પત્તિ ૫૦;૨૦.

# ૮૧. વારસો

જેક વુર્મ એનું નામ.

સાલ ૧૯૪૯ની.

આ સમયે કોઈ કારણસર જેક વુર્મ સાવ ભાંગી પડ્યો હતો. તેની નોકરી ચાલી ગઈ હતી. ખિસ્સામાં કશું જ બચ્યું નહોતું. આવી સ્થિતિમાં એક દિવસે તે સાન ફ્રાન્સીસ્કોના દરિયા કિનારે એકલો ફરી રહ્યો હતો. ફરતાં ફરતાં એક બાટલી તેના પગોમાં અથડાઈ. આ બાટલીમાં એક કાગળ હતો. આ કાગળમાં ડેઈઝી સીંગર એલેકઝાંડર, જે સીવવાના સીંગર મશીનોની કંપનીનો વારસદાર હતો, તેની છેલ્લી ઇચ્છા અને વસીયતનામું લખેલું હતું. આ કાગળમાં લખ્યું હતું કે, "સર્વપ્રકારની ગુંચવણનો નીવેડો લાવવા માટે, જે કોઈ નસીબદાર માણસને આ બાટલી અને તેમાંનો કાગળ મળે તેને હું મારી આખી જાગીર આપી જાઉં છું." બાર વર્ષ અગાઉ આ બાટલી લંડનની થેમ્સ નદીમાં ફેંકી દેવામાં આવી હતી, અને ત્યાંથી સમુદ્રમાં ફરતી ફરતી-અથડાતી આખરે નોકરી ધંધા વગરના, પૈસા વગરના એવા જેક વુર્મના પગોમાં આવી પડી. બાટલીમાંના કાગળમાં લખાયેલ લખાણને કોર્ટે માન્ય રાખ્યું, અને એમ જેક વુર્મ છ મિલિયન ડોલરનો માલિક બન્યો.

ઈસુ ખ્રિસ્તે આપણને તેના વારસદારો ગણાવ્યા છે, અને ખ્રિસ્તની સંપત્તિ અને વારસો જેક વુર્મના વારસા કરતાં અનેક ઘણો ચઢિયાતો છે. ગીતશાસ્ત્ર ૩૭;૧૮માં લખ્યું છે કે "યહોવા યથાર્થીઓની જિંદગીના સર્વ પ્રસંગો જાણે છે, અને તેઓનો વારસો સર્વકાળ ટકશે."

## ૮૨. અંધકારના ઓળા

વિલિયમ કાઉપર સારો ખ્રિસ્તી માણસ હતો. પરંતુ જીવનના એક તબક્કે એના ઉપર અંધકારના ઓળા ઊતરી પડ્યા. ખૂબ નિરાશામાં આવી પડ્યો, હતાશ બની ગયો. એક અંધકારભરી રાત્રે તેણે તેના ઘોડાગાડીવાળાને બોલાવ્યો, અને કહ્યું કે, "ઘોડાગાડી તૈયાર કર અને મને થેમ્સ નદી પર આવેલા લંડન બ્રીજ ઉપર લઈ જા." કાઉપર એટલો બધો હતાશમાં આવી ગયો હતો, કે તેણે લંડન બ્રીજ ઉપરથી નદીમાં કૂદી પડીને આપઘાત કરવાનો નિર્ણય કર્યો હતો.

કોચમેને ઘોડાગાડી તૈયાર કરી. તે કાઉપરની માનસિક અવસ્થા જાણી ચૂક્યો હતો. તેણે હોંશિયારી વાપરી. તેણે કાઉપરને ઘોડાગાડીમાં બેસાડીને હંકારી. બે કલાક સુધી ઘોડાગાડી ચાલતી રહી... ચાલતી રહી. પછી તેણે કાઉપરને વિવેકથી કહ્યું, "સાહેબ, મને લાગે છે કે આ રાત્રીના અંધકારમાં હું રસ્તો ભૂલી ગયો છું, અને આપણે કદાપી બીજા કોઈ રસ્તે આવ્યા હોય એવું લાગે છે." બહુ મોડું થતું હોઈને કાઉપર ઘોડાગાડીમાંથી નીચે ઊતરી ગયો અને પગપાળા લંડન બ્રીજ ઉપર જવાનો નિર્ણય કરી ચાલવા માંડ્યો. થોડુંક ચાલ્યા પછી એને ખબર પડી કે પોતે પોતાના ઘરના દરવાજા આગળ જ ઊભો હતો. કોચવાને ઘોડાગાડીને ફક્ત ચક્કર જ મરાવ્યાં હતાં, ઘરની આજુબાજુ.

ઈશ્વરના સલામતીભર્યા હાથો અને પવિત્ર આત્માની પ્રેરણાની કાઉપરને ખાતરી થઈ કે આ સમય એવો છે, જ્યારે મારે ફક્ત ઈશ્વર ભણી જ મારી દૃષ્ટિ ઊંચી કરવી રહી, અને નદીમાં કૂદી પડવું જોઈએ નહિ. ઈશ્વર ભણી આભારની

લાગણીથી કાઉપર પોતાના ખુરસી ટેબલ પર બેઠો અને ગીત લખ્યું.

### ગીતના શબ્દો

"ઈશ્વર અજાયબ રીતે કામ કરે છે,
માર્મિક રીતે હલન-ચલન કરે છે.
દરિયાના પાણીમાં તે પોતાનાં પગલાં
ગોઠવે છે, અને તોફાન ઉપર
સવારી કરે છે. ઓ બીકણ સંતો,
નવી હિંમત કેળવો, જે વાદળો તમને
બહુ મોટાં અને કાળાડીંબાગ લાગે છે તે
ભાંગીને આશીર્વાદના રૂપમાં તમારા
માથા ઉપર વરસી પડશે."

કાઉપરના આ ગીતના શબ્દોએ ઘણા હતાશ થયેલાં લોકોને દિલાસો આપ્યો છે. કાઉપર ૧૮મી સદીમાં થઈ ગયો.

૩૩માં ગીતશાસ્ત્રમાં ભક્ત દાઉદ એ જ સાક્ષી પૂરતા લખે છે કે, "જુઓ, યહોવાના ભક્તો, તથા તેની કૃપા પર આશા રાખનારાં ઉપર તેની (ઈશ્વરની) કૃપાદૃષ્ટિ છે, જેથી તે તેઓનાં જીવનો મોતથી બચાવે, અને દુકાળના સમયે તેઓને જીવતા રાખે."

ગી.શા. ૭૭;૧૦માં ભક્ત લખે છે તેમ, નિર્બળતાના સમયોમાં, હતાશાના સમયોમાં, અંધકારના ઓળા ઊતરે એવે સમયે, પૂર્વના વર્ષોમાં-સમયોમાં, ઈશ્વરના જમણા હાથનાં વર્ષો-સમયો સંભારો, એનાં દયાનાં કૃત્યોનું સ્મરણ કરો.

ઘણા બધાં પ્રભુના સંતો-સેવકો ઉપર અંધકારના ઓળા ઊતરી ચૂક્યા છે, પરંતુ વિશ્વાસની આગાહી ઉજ્જવળ અને પ્રકાશિત રહી છે.

# ૮૩. તેનાં ચંપલ ઊંચકવા હું યોગ્ય નથી

પ્રખ્યાત પિયાનોવાદક બીથોવને પોતાના જીવનનાં છેલ્લાં વર્ષો જે ઘરમાં પસાર કર્યાં હતાં, તે ઘરની મુલાકાતે યાત્રીઓની એક ટોળી આવી પહોંચી. ઘરની સાર-સંભાળ લેનાર માણસ તેઓને ફરી ફરીને ઘર બતાવતો હતો. ફરતાં-ફરતાં એક રૂમમાં આવ્યા. જ્યાં બીથોવનનો જૂનો પિયાનો હતો. પેલા માણસે પિયાનો ઉપરથી કપડું હઠાવીને યાત્રીઓને કહ્યું, આ બીથોવનનો પિયાનો છે.

એક જુવાન બહેન આગળ આવી અને પિયાનો આગળની ખુરસી ઉપર બેઠી અને બીથોવનના સોનેટોમાંનું એક સોનેટ ગીત પિયાનો ઉપર વગાડવા લાગી. પછી તે સ્ત્રી ઊઠીને પેલા ઘરના રક્ષકને કહેવા લાગી, કે "હું ધારું છું કે ઘણા લોકો જેઓ આ સ્થળની મુલાકાતે આવતા હશે તેઓને બીથોવનનો પિયાનો વગાડવાનું ગમતું હશે?" પેલા માણસે જવાબ આપ્યો, "ગયા ઉનાળામાં દુનિયાનો પ્રખ્યાત પેડરેવસ્કી અહીં આવ્યો હતો, અને તેની સાથેના ઘણાં મિત્રોની ઇચ્છા હતી કે પેડરેવસ્કી (જે પોતે દુનિયાનો પ્રખ્યાત પિયાનોવાદક હતો) બીથોવનનો પિયાનો વગાડે," પરંતુ તેણે મિત્રોને કહ્યું, "બીથોવનનો પિયાનો વગાડવા માટે હું લાયક નથી. બીથોવનના જેટલી યોગ્યતા મારામાં નથી." પેલી બહેન શરમાઈ ગઈ.

ઈશ્વરની પવિત્રતાનું દર્શન જોયા પછી યશાયા પોકારી ઊઠ્યો, અફસોસ છે મને.

યોહાન બાપ્તિસ્મીએ મસીહ-ખ્રિસ્ત વિષે સાક્ષી આપતાં કહ્યું, "મારા કરતાં તે સમર્થ છે, ને તેનાં ચંપલ ઊંચકવા હું યોગ્ય નથી." માથ્થી ૩; ૧૧. પ્રામાણિક કબૂલાત માણસને મહાન બનવાના માર્ગે દોરી જાય છે.

## ૮૪. કાયર ન થઈએ તો -

એક પાળક કેટલાંક વર્ષો સુધી એક મંડળી ઉપર રહ્યા હતા, છતાં બહુ ઓછું પરિણામ તેમની સેવામાં જોયું હતું. તેઓ આ મંડળી છોડી જવા માગતા હતા.

એક રાત્રે તેમને સ્વપ્ન આવ્યું, અને સ્વપ્નમાં જોયું તો પોતે એક નાની કુહાડી દ્વારા એક મોટા ગ્રેનાઇટ ખડકને તોડી રહ્યા હતા. કલાકો સુધી તેમણે કુહાડીથી ગ્રેનાઇટ ખડક ઉપર ઘણા પ્રહારો કર્યા, છતાં ખડકને કશી આંચ આવી નહિ. એક નાનો ટુકડો પણ અલગ પડ્યો નહિ. અંતે થાકીને એમણે કહ્યું, આનો કશો અર્થ નથી. હું કામ છોડીને જતો રહીશ. અચાનક એક માણસ ત્યાં આવ્યો અને પાળકને કહ્યું, શું આ કામ માટે તેમને નીમવામાં આવ્યા નથી? શા માટે તમે જતા રહેવા ઇચ્છો છો? પાળકે જણાવ્યું, કે આ કામ ઘણું અઘરું છે અને વ્યર્થ છે. કોઈ અસર ઉપજાવવાનું કે પરિણામ લાવવાનું તમારું કામ નથી. તમારા હાથમાં કામ છે, અને પરિણામ બીજા કોઈના હાથમાં છે, માટે તમે તમારું કામ કર્યે જાઓ.

ફરીથી પાળકે કુહાડી લઈને ખડકમાં મારી, અને તેના પહેલા જ ઘાએ ખડકના સો ટુકડા થઈ ગયા.

પાળક જ્યારે સ્વપ્નમાંથી જાગી ઊઠ્યા ત્યારે એક અજાયબ પાઠ અને સંદેશાએ તેમના હૃદય ઉપર અસર પાડી હતી.

ગલાતી ૬;૯ પ્રમાણે, "તો સારું કરતાં આપણે થાકવું નહિ, કેમ કે જો કાયર ન થઈએ તો યોગ્ય સમયે લણીશું."

# ૮૫. બેવડી નાગરિક્તા

૧૯૯૨ની ઑલિમ્પીક્સ દરમિયાન રમતની કોમેન્ટરી આપનારા વારંવાર એક શબ્દનો પ્રયોગ કરતા હતા - "બેવડી નાગરિક્તા."

ઑલિમ્પીક્સમાં તરવાની હરીફાઈમાં ઊતરેલો માર્ટિન ઝુબેરો બેવડી નાગરિક્તા ધરાવતો રમતવીર હતો. તેનાં જન્મ અમેરિકામાં થયો હતો. ત્યાં જ તે ફ્લોરીડાની યુનિવર્સિટીમાં ભણ્યો હતો. અને ત્યાં જ તરવાની તાલીમ લઈને હરીફાઈમાં ઊતર્યો હતો. આમ છતાં તે સ્પેઈનના ઝંડા નીચે તરતો હતો. માર્ટિનના પિતા સ્પેઈનના નાગરિક હતા અને એ રીતે તે પોતે પણ એક રીતે સ્પેઈનનો નાગરિક હતો. આમ તે બંને દેશનું નાગરિકત્વ ધરાવતો હતો. ઑલિમ્પીક્સની રમતોમાં તેણે પોતાના પિતાના દેશને રજૂ કરવાનું પસંદ કર્યું અને એમાં તે ગૌરવ અનુભવતો હતો.

આપણે પણ બે દેશના નાગરિક છીએ. આ દુનિયા, જેમાં રહીએ છીએ તેના નાગરિક છીએ અને આપણા પિતાનો દેશ, સ્વર્ગ, તેના પણ નાગરિક છીએ. બેવડી નાગરિક્તા ધરાવીએ છીએ. ફિલિપી ૩;૨૦ પ્રમાણે "આપણી નાગરિક્તા તો સ્વર્ગની છે."

માર્ટિન ઝુબેરોએ પોતાના પિતાના દેશને રજૂ કર્યો, એ દેશના ઝંડા નીચે રમતમાં ઊતર્યો. આપણે કયા દેશના ઝંડા નીચે છીએ? આ જગત કાયમનું રહેઠાણ નથી.

શું દુનિયા જાણે છે કે આપણે આપણાં પિતાના દેશના સ્વર્ગના-ઝંડા નીચે કૂચ કરી રહ્યા છીએ? લોકો આગળ કયા દેશને રજૂ કરીએ છીએ?

# ૮૬. સંતોને ઓગાળી નાખો

૧૫૯૯થી ૧૬૫૮ દરમિયાનના ગાળામાં ગ્રેટબ્રિટનમાં ઓલિવર ક્રોમવેલ થઈ ગયો, તેના સમયમાં આખા ગ્રેટબ્રિટનમાં ચલણી સિક્કાઓની ભારે ખોટ પડી હતી. આથી તેણે કેટલાક પસંદ કરેલા ચુનંદા અધિકારીઓને હુકમ કર્યો, કે આખા રાજ્યમાં ચાંદીની તપાસ કરો અને જ્યાંથી મળે ત્યાંથી એકઠી કરો, જેથી આપણી જરૂરિયાતોને પહોંચી વળીએ.

કેટલાક મહિનાઓ પછી આ અધિકારીઓએ પોતાનો હેવાલ રજૂ કર્યો. હેવાલમાં જણાવ્યું, કે "અમે ચાંદીની ખૂબ શોધખોળ કરી પણ ક્યાંય ચાંદી મળતી નથી. પરંતુ અમારી અજાયબી વચ્ચે મોટા કેથેડ્રલમાં અમે મોટા પ્રમાણમાં ચાંદી જોઈ. ત્યાં ચાંદીનાં બનાવેલા સંતોનાં અનેક પૂતળા અમે જોયાં. જોકે અમે એ સંતોનાં પૂતળાં હોવાથી હાથ લગાડવાની હિંમત કરી નહિ."

આ સાંભળીને ક્રોમવેલે હુકમ જારી કર્યો, કે "સંતોનાં પૂતળાંને ઓગાળી નાખો, જેથી સંતો ફરતા રહે. આજની આ જરૂરિયાત છે."

રૂમી ૯;૩માં પ્રેરિત પાઉલ લખે છે કે "મારા ભાઈઓને બદલે હું શાપિત થાઉં - ખ્રિસ્તથી બહિષ્કૃત થાઉં એવી મને ઇચ્છા થાય છે."

તેઓને ખ્રિસ્તમાં લાવવાને માટે પ્રેરિત પાઉલ ઓગળી જવા તૈયાર છે. મૂસા પણ કંઈક એવું જ કહે છે. જો તું મારા લોકોને ના બચાવે તો મારું નામ જીવનના પુસ્તકમાંથી કાઢી નાખજે. ઓગળી જવા તૈયાર.

# ૮૭. માતાઓ અને પિતાઓને-

જોસેફ ગેબોર ઝેકોસ્લોવેકીઆમાં ઊછર્યો હતો. આ સમયે ત્યાં સામ્યવાદનું બહુ જોર હતું. ધર્મને એક નબળાઈ તરીકે ઓળખવામાં આવતો હતો. એનો પિતા સામ્યવાદના સિદ્ધાંતોના ક્લાસ ચલાવતો હતો અને જુવાનોને સામ્યવાદના સિદ્ધાંતો શિખવતો હતો. પરંતુ જોસેફની મા ખ્રિસ્તી હતી. આ મા દર રવિવારે જોસફને અને તેના ભાઈઓને લઈને ચર્ચમાં જતી હતી.

દર રવિવારે ચર્ચમાં જવા માટે તેઓ વહેલી સવારે ઊઠતાં અને ર કલાકની ગાડીની મુસાફરી કરીને પ્રેગુ પહોંચતાં. ત્યાં ચર્ચમાં જઈને ર કલાકની ભજનસેવામાં ભાગ લેતાં. ત્યાર પછી પાસેના કોઈ રેસ્ટોરન્ટમાં જમીને ફરી પાછાં બીજી ભક્તિસભામાં ર કલાક ગાળતાં. ત્યાર પછી ફરી ૩ કલાકની ગાડીની મુસાફરી કરીને ઘેર પહોંચતાં.

જોસેફ મોટો થયા પછી પોતાના જ લોકોમાં મિશનરી બનીને કામ કરવા લાગ્યો. નાના છોકરા તરીકે ચર્ચમાં જતો હતો, એ દિવસો યાદ કરતાં એની આંખો ભીની થતી, અને પોતાની ધાર્મિક માનો આભાર માનતો, કે જેણે તેને ઈસુ ખ્રિસ્તની ઓળખ કરાવી અને ખ્રિસ્તની સેવા માટે ઉત્તેજન આપ્યું.

ઘણા ખ્રિસ્તી લોકો નિયમિત દેવળમાં જાય છે. પણ એવા ઘણા છે જેઓ અનુકૂળતા હોય, તો જ જશે. ઘણી ધાર્મિક માતાઓ પોતાનાં બાળકોને પ્રભુમાં ઉછેરે છે, પણ કેટલીક માતાઓ બેપરવા રહે છે. "આપણે એકઠાં મળવાનું પડતું મૂકીએ નહિ." હેબ્રી ૧૦;૨૫.

## ૮૮. તમે મને સાંભળી શકો છો ?

એક માણસને તેની પત્ની સાથે વાતચીત કરવામાં મુશ્કેલી પડતી હતી. તેણે માન્યું કે તેની પત્ની બરાબર સાંભળી શકતી નથી. આથી તેણે તેની પત્નીની જાણ બહાર તેની ચોક્કસાઈ કરવા માટે પત્નીની પરીક્ષા લેવાનો નિર્ણય કર્યો.

એક સાંજે તે પોતે રૂમનાં એક ખૂણામાં ખુરસી લઈને બેઠો. તેની પીઠ તેની પત્ની તરફ હતી. તેની પત્ની રૂમની સામેની બાજુએ શાક સમારતી હતી. આ પતિએ ધીમેથી કહ્યું, "તમે મને સાંભળી શકો છો?" આનો કોઈ ઉત્તર મળ્યો નહિ.

પછી તેણે ખુરસી થોડી નજીક ખસેડી અને ફરી બોલ્યો, "તમે મને સાંભળી શકો છો?" પરંતુ કોઈ જવાબ તેણે સાંભળ્યો નહિ.

ફરી થોડું વધારે નજીક આવ્યો ને ફરી એ જ બોલ્યો, પરંતુ જવાબ નહિ.

આથી તે માણસ એકદમ તેની પત્નીની પાસે ગયો અને બોલ્યો, "તમે મને સાંભળી શકો છો?" પત્ની એકદમ ઉશ્કેરાઈ અને બોલી, "આ ચોથી વખત હું કહું છું કે 'હા'. હું ક્યારનીય તમને સાંભળું છું અને હા કહું છું, પણ તમે સાંભળતાં જ નથી. મને લાગે છે, તમારે ડૉક્ટરને બતાવવું જોઈએ."

બીજાનો ન્યાય કરવા અને અન્ય વિષે એકદમ અભિપ્રાય બાંધી લેવા અંગે આ કેવી ચેતવણી છે!

હકીકતમાં પેલો પતિ જ ઓછું સાંભળતો હતો અને એથી તેને તેની પત્ની સાથેની વાતચીતમાં મુશ્કેલી પડતી હતી,

પણ તેણે અભિપ્રાય બાંધી લીધો, કે તેની પત્ની બરાબર સાંભળી શક્તી નથી. તેથી મુશ્કેલી પડે છે અને ટેસ્ટ લીધો.

"તમે બીજાનો ન્યાય કરો નહિ, જેથી તમારો ન્યાય કરવામાં આવે નહિ." લૂક ૬;૩૭.

ઘણી વાર માણસો પોતાની ભૂલો ઢાંકવા માટે બીજાની ભૂલો શોધતા ફરે છે. કેટલી બધી વખત આપણે સામા માણસનો વાંક કાઢીએ છીએ પણ હકીકતમાં આપણો જ વાંક હોય છે, પણ જોઈ શક્તા નથી.

તમારા કલંકને ઢાંકવા માટે બીજાને ખોટી રીતે કલંકિત કરશો નહિ.

તમારા ખરડાયેલા હાથ-પગને ઢાંકવા માટે બીજાના ઉપર કાદવ ઉછાળશો નહિ.

# ૮૯. દૂધમાં અને દહીંમાં-

એક માણસ બેઝબોલની રમત જોવા ગયો હતો. આજુબાજુ બેઠેલા લોકોને આ માણસની વર્તણૂક જોઈને નવાઈ લાગી. કારણ, આ માણસ ગમે તે ટીમે ગોલ કર્યો હોય, પણ આનંદની ચિચિયારીઓ પાડતો. આખરે પાસેના માણસે એને પૂછ્યું, "તમે કઈ ટીમ તરફના છો? તમે તો ગમે તે ટીમે ગોલ કર્યો હોય, પણ હમેશાં ચિચિયારીઓ પાડો છો. તમે બંને બાજુ બોલો છો."

પેલા માણસે કહ્યું, "જુઓ હું દૂરના ગામડે રહું છું. અને મને આવી રમતો જોવાનો બહુ લાભ મળતો નથી. તેથી કઈ ટીમ જીતે છે એનું મને બહુ મહત્ત્વ નથી, હું તો રમતનો આનંદ માણું છું અને એવા આનંદ સાથે ઘેર જઈશ."

કેટલી બધી વાર ખ્રિસ્તીઓ પણ બંને બાજુ પગ રાખતા હોય છે. જ્યારે આપણે ચર્ચમાં કે ખ્રિસ્તીઓની સંગતમાં હોઈએ ત્યારે એક પ્રકારનું વલણ ધરાવીએ, અને બોલીએ, પરંતુ જ્યારે અન્યધર્મી લોકોની સાથે બેઠા હોઈએ ત્યારે આપણું વર્તન અને બોલવું જુદા જ પ્રકારનું હોય, જાણે આપણને અને ઈસુ ખ્રિસ્તને કોઈ સંબંધ નથી. આપણે કઈ તરફ છીએ એની જ ખબર પડતી નથી.

પિતરનો દાખલો લો. પ્રભુ ઈસુને પકડવામાં આવ્યા, તે રાત્રે પિતર ઈસુની સાથે હતો, ત્યારે બહુ હિંમતથી અને વિશ્વાસથી તેણે કહ્યું, કે જો મારે મરવું પડે તોપણ હું ખ્રિસ્તની સાથે રહીશ. પણ ત્યાર પછી થોડા જ કલાકો બાદ જ્યારે તે

ચોકીદારો સાથે બેઠો હતો ત્યારે તો તે જાણે ઈસુને ઓળખતો જ નથી એમ જાહેર કરે છે. જોકે પાછળથી તેણે પસ્તાવો કર્યો અને ઈસુએ તેને માફી આપી.

યહોશુઆ ઇસ્ત્રાએલી લોકોને નિર્ણય કરવા પડકાર આપે છે. તમે બંને બાજુ પગ રાખો છો. એથી આજે નિર્ણય કરો કે તમે કઈ બાજુ છો. કાં તો યહોવાને અનુસરો કાં તો બઆલને. બે મતની વચ્ચે ઢચુપચુ રહેશો નહિ. દૂધમાં અને દહીંમાં, એમ બંને જગાએ પગ ના રાખશો. ખ્રિસ્તી મંડળીમાં ખ્રિસ્તી તરીકે દફતરે નામ હોય અને સરકારી નોકરીમાં લાભ લેવા માટે વણકર અથવા પછાત જાતિના લિસ્ટમાં નામ હોય એવા અનેક દાખલા આપણા સમાજમાં મળશે.

કોણ જીતે છે એનું મહત્ત્વ નથી, પણ લાભ ક્યાં મળે છે એનું મહત્ત્વ વધારે છે.

## ૯૦. ધનવાન ગરીબ

જોન જી. વેન્ડલ અને તેની છ બહેનો ધનવાન ગરીબ હતાં. તેઓને તેમનાં માતાપિતા તરફથી બહુ મોટો વારસો મળ્યો હતો. તેમ છતાં તેઓ બહુ થોડું વાપરી શક્તાં હતાં.

જોને પોતાની છમાંથી પાંચ બહેનોને સમજાવીને કુંવારી રાખી હતી, જેથી લગ્નમાં ખર્ચો કરવો પડે નહિ. ન્યુયોર્ક શહેરમાં પચાસ વર્ષ સુધી એક જ જૂના મકાનમાં તેઓ સાથે જ રહેતાં હતાં. જ્યારે છેલ્લી બહેન મરણ પામી ત્યારે તેની મિલકતની આકારણી કરવમાં આવી ત્યારે બધાને ખબર પડી કે તેની પાસે ૧૦૦ મીલિયન ડોલર હતા. આમ છતાં તેની પાસે પોતાનો સીવેલો એવો એક જ ડ્રેસ હતો, જે તેણે ૨૫ વર્ષ સુધી વાપર્યો હતો. વેન્ડલ અને તેની બહેનો અતિશય ધનવાન હોવા છતાં ભિખારીની માફક જીવન જીવતાં હતાં.

ઈસુએ મૂર્ખ ધનવાનું દૃષ્ટાંત આપ્યું. લૂક ૧૨;૧૩-૨૧ ત્યાર પછી ચેતવણી આપી કે "જે પોતાને સારુ દ્રવ્યનો સંગ્રહ કરે છે, અને દેવ પ્રત્યે ધનવાન નથી, તે એવો જ છે."

આપણે વેન્ડલના જેવા ધનવાન ના હોઈએ, પણ જે કંઈ ઈશ્વરે આપ્યું છે, તેના કારભારી તરીકે તેનો યોગ્ય વહીવટ કરીએ તો જે ખરેખરું જીવન છે તેને ધારણ કરીશું. ૧ તીમોથી ૬;૧૮-૧૯.

તમે કેટલા ધનવાન છો?

# ૯૧. સંતોષી સદા સુખી

ફિલિપ પરહામ, એક ધનવાન એવા ઉદ્યોગપતિની વાત જણાવતાં લખે છે કે-

એક દિવસ આ ધનવાન માણસ માછલાં પકડવા સમુદ્રમાં હોડી લઈને ગયો હતો. એક સ્થળે હોડી ઊભી રાખી તે માછલાં પકડવા માટેની જાળ સમુદ્રમાં નાખીને બેઠો હતો, ત્યારે તેની હોડીથી થોડે જ દૂર બીજો એક માણસ આરામથી પોતાની હોડીમાં બેઠો બેઠો મોજ માણી રહ્યો હતો. આ માણસ આળસુ છે, માછલાં પકડતો નથી, કામ કરતો નથી એમ માની ધનવાને તેને કહ્યું : "શા માટે તું માછલાં પકડતો નથી?"

જવાબ મળ્યો : "કારણ કે આજના દિવસ માટે પૂરતાં માછલાં પકડ્યાં છે."

ધનવાન માણસ : "તારે જોઈએ તે કરતાં વધારે માછલાં કેમ પકડતો નથી?"

માછીમાર બોલ્યો : "વધારે માછલાં પકડીને હું શું કરું?"

ધનવાન માણસ : "તું વધારે પૈસા કમાઈ શકે. તેમાંથી વધારે સારી અને નવી હોડી ખરીદી શકે. વધારે ઊંડા પાણીમાં જઈને વધારે માછલાં પકડી શકે. સારી નાઈલોનની જાળ ખરીદી શકે, વધારે માછલાં પકડીને વધારે નાણાં કમાઈ શકે અને મારા જેવો ધનવાન માણસ બની શકે!"

માછીમાર બોલ્યો : "પછી હું શું કરું?"

ધનવાન બોલ્યો : "પછી તું બેસીને આરામ કરી શકે."

માછીમાર બોલ્યો : "તમે શું ધારો છો! અત્યારે હું શું કરી રહ્યો છું. હું અત્યારે પણ આરામ જ કરી રહ્યો છું. તમે જે કહો છો એ જ તો હું કરી રહ્યો છું."

પ્રભુ ઈસુએ કહ્યું, "કોઈનું જીવન તેની પુષ્કળ મિલકતમાં રહેલું નથી." લૂક ૧૨; ૧૫.

માણસ ગમે તેટલું કમાય, તોપણ તેને સંતોષ થતો નથી. નાણાં કમાવા માટે માણસ એટલો તનતોડ પ્રયત્ન અને મહેનત કરે છે, કે આખરે થાકીને લોથપોથ થઈ જાય છે. અને જીવનનો આનંદ ગુમાવી બેસે છે. ધન-દોલત અને ભૌતિક વસ્તુઓ કરતાં જીવન અતિ મૂલ્યવાન છે.

સરખાવો માથ્થી ૬; ૨૫-૩૪.

In former Portuguese Africa, blacks were observed walking miles with their sick past the government hospital to a much more primitive Christian Clinic.

When asked why, seeing that the medicines were the same, They replied "This might be so, but it is not the same hand."

Medicines, and add your Personal touch with love to your Petient.

# ૯૨. અંત સુધી

૧૯૬૯ની સાલના ઑક્ટોબર માસની ૨૦મી તારીખે સાંજે ૭ વાગેના સમયે મેક્સિકો સીટીના ઓલિમ્પીક સ્ટેડિયમમાં હજારો દર્શકો રમતોનો છેલ્લો ભાગ જોઈ રહ્યા હતા. મારાથોન દોડના દોડવીરો આખરી લાઈન સુધી આવી પહોંચ્યા હતા. આ દોડવીરોમાંનો સૌથી છેલ્લે દોડી રહેલો રમતવીર લાઈન ક્રોસ કરે તેની બધા રાહ જોઈ રહ્યા હતા. લગભગ અંધારું થવા આવ્યું હતું. છેવટે દર્શકોએ પોલીસવાનનું હોર્ન સાંભળ્યું અને દરવાજા તરફ નજર કરી તો જોયું કે ટાન્જાનિયાની ધ્વજા નીચે સૌથી છેલ્લે દોડતો માણસ, જેનું નામ જોન સ્તેફન અખ્વારી હતું, તેને લઈને પોલીસવાન સ્ટેડિયમમાં આવી પહોંચી હતી. ૨૬ માઈલની દોડની હરીફાઈમાં સૌથી છેલ્લી દોડ પૂરી કરનાર તે હતો. દોડતાં દોડતાં પડી જવાને કારણે તેના પગમાં ઈજા થઈ હતી, તેમાંથી લોહી વહેતું હતું અને પાટા બાંધવામાં આવ્યા હતા. જ્યાં દોડની હદ પૂરી થતી હતી, તે લાઈન ઉપર પગ મૂકનાર તે સૌથી છેલ્લી વ્યક્તિ હતો. લોકોએ ઊભા થઈને તેને આવકાર્યો અને જાણે દોડમાં તે જ પ્રથમ આવ્યો હોય એમ તાળીઓના ગડગડાટથી તેને વધાવી લીધો.

કોઈએ તેને પૂછ્યું, "તમે શા માટે રમતમાંથી અધવચ્ચેથી નીકળી ના ગયા?" તેણે જવાબ આપ્યો, "મારા દેશે સાત હજાર માઈલ દૂર મને રમતની શરૂઆત કરવા માટે મોકલ્યો નહોતો, પરંતુ હું મારી દોડ પૂરી કરું એટલા માટે મારા દેશે સાત હજાર માઈલ દૂર મને મોકલ્યો હતો."

રમતમાં ભાગ લેનાર બધા જ રમતવીરોને મેડલ મળતો નથી, પરંતુ જેઓ અંત સુધી રમતમાં ટકી રહે છે, તેઓ મેડલ મેળવનારા કરતાં જરાય ઊતરતાં નથી.

પ્રેરિત પાઉલ લખે છે : "મેં મારી દોડ પૂરી કરી છે, મેં વિશ્વાસ રાખ્યો છે." ૨ તીમોથી ૪;૭.

ખ્રિસ્તી સેવામાં જેઓ અંત સુધી વિશ્વાસુ રહે છે, તેઓને ન્યાયીપણાનો મુગટ આપવામાં આવશે.

પ્રભુ આપણી પાસે જે માગે છે તે માત્ર "સફળતા" નહિ, પણ "વિશ્વાસુપણું."

શાબાશ, સારા તથા વિશ્વાસુ ચાકર.....

## ૯૩. ધન્યતા ભરેલી ખાતરી

ક્વીન વિક્ટોરીઆ બેચેન હતાં. એક રવિવારે સંત પાઉલ કેથેડ્રલમાં પાળકનો સંદેશો સાંભળ્યા પછી તેઓ બેચેન બની ગયાં. પોતાના અનંતકાળના જીવન સંબંધી બેચેની અનુભવવા લાગ્યા. ભક્તિસભા બાદ તેમણે પોતાના ચેપ્લેઈનને પૂછ્યું, "શું કોઈ પણ માણસ એવો હશે જેને પોતે સ્વર્ગમાં જવાની ખાતરી હોય?"

ચેપ્લેઈને એવો જવાબ આપ્યો જેનાથી ક્વીન વધારે બેચેન બની ગયાં. ચેપ્લેઈને જવાબમાં કહ્યું, કે "કોઈ માણસને એવી સંપૂર્ણ ખાતરી હોય એ વિષે કોઈ પણ રીતે હું જાણતો નથી."

'કોર્ટ ન્યુઝ' નામના મેગેઝિનમાં આ બનાવ વિષે લખવામાં આવ્યું. એક પાળકે આ વાંચ્યું ત્યારે તેને બીક લાગી કે ચેપ્લેઈનને જે જવાબ ક્વીનને આપ્યો તેનાથી તો રાણી વિક્ટોરીઆ ગેરમાર્ગે દોરવાઈ જશે અને અનંતજીવનની જે ઈશ્વરીય ભેટ છે, એ અમૂલ્ય ભેટથી રાણી વંચીત રહેશે. આથી આ પાળક જોન ટાઉનસને રાણી વિક્ટોરીઆને આ પ્રમાણેનો એક પત્ર લખી મોકલ્યો:

**"ધ્રૂજતા હાથે, પરંતુ હૃદયમાંના ભરપૂર પ્રેમથી આ લખવાની હિંમત કરું છું, કે આપણે અત્યારે પણ અનંતજીવનની ખાતરી પામી શકીએ છીએ. મેજેસ્ટીને હું નીચેનાં બાઇબલના વાક્યો અને વચનો વાંચવાની વિનંતી કરું છું. યોહાન ૩;૧૬ અને રૂમીઓને પત્ર ૧૦;૯-૧૦.**

"જેઓ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરે છે, અને ઈસુએ વધસ્તંભે પૂર્ણ કરેલા કાર્યને સ્વીકારે છે, તેઓને વિશ્વાસ દ્વારા તારણની ખાતરી મળી શકે છે."

ખ્રિસ્તનું રક્ત આપણને સંભાળી રાખે છે,
દેવનું વચન આપણને એની ખાતરી આપે છે.

# ૯૪. એ ઘડી અને એ સમય

એક માણસ, જેને હૃદયની ગંભીર બીમારી હતી, તે મૂંઝવણમાં પડી ગયો. તેણે એક મેગેઝિનમાં એક લેખ વાંચ્યો, કે ઈસુ ખ્રિસ્ત ઈ.સ. ૨૦૦૦માં પૃથ્વી પર પાછા આવશે અને વિશ્વાસ કરનારા તેના લોકોને જીવતા જ સ્વર્ગમાં લઈ જશે. માણસને આશા હતી કે ઈસુ આવે ત્યાં સુધી પોતે પૃથ્વી પર જીવતો રહે, જેથી તે મર્યા વગર આ પૃથ્વીનો ત્યાગ કરે. જીવતો જ સ્વર્ગે જાય. ઈ.સ. ૨૦૦૦ સુધી તે જીવતો રહેવા માગતો હતો.

ઈ.સ. ૧૮૪૩માં વિલિયમ મીલર નામના માણસે આગાહી કરી કે, ઈસુ ખ્રિસ્ત પાછા આવવાની ચોક્કસ મિનિટ સુદ્ધાં હું જાણું છું. આથી માર્ચ માસની ૨૧મી તારીખની મધ્યરાત્રે, તેની વાત માનનારા એવા એક ટોળાને લઈને એક ઊંચા ટેકરા ઉપર તે પહોંચ્યો. પણ ઈસુ આવ્યા નહિ અને મીલર ખોટો ઠર્યો.

મદ્રાસમાં બ્રધર લોરીએ પણ આવી જ આગાહી કરી હતી, અને ઘણા બધા લોકો - ગુજરાતમાંથી પણ નોકરી-ધંધો છોડીને કુટુંબ સાથે લોરી તેમને દોરી ગયા અને ત્યાં ભેગાં મળ્યા હતા. હમણાં ઈસુ ગગનમાંથી ઊતરી આવશે અને આપણે બધા તેની સાથે તણાઈ જઈશું. - એ રાહમાં અને રાહમાં, ઘણા બધા દિવસો વીતાવ્યા બાદ બધા નિરાશ થઈને ઘેર પાછા ફર્યા હતા.

બાઇબલના કેટલાક અભ્યાસી એવા વિદ્યાર્થીઓએ એક આગાહી કરી હતી, કે ઇઝરાયલ પાલેસ્ટાઈનમાં તેનું રાજ્ય

સ્થાપશે, ત્યાર પછી ૪૦ વર્ષ બાદ ઈસુનું બીજું આગમન થશે. ૧૯૪૮માં ઇઝરાયેલનું રાજ્ય સ્થાપન થઈ ગયું, અને તે વાતને ૪૦ વર્ષ વીતી ગયાં છે. તેઓની આગાહી ખોટી ઠરી છે.

હવે કેટલાક લોકો ઈસુના બીજા આગમનને ઈરાકના યુદ્ધ સાથે સાંકળે છે, અને ઈસુના આવવાની નવી તારીખ-સમય આપે છે.

આવા આગાહી કરનારા અનેક લોકો આવ્યા અને ગયા, પરંતુ તેમની આગાહી સાચી પડી નથી, અને પડશે પણ નહિ. કારણ કે, "બાપ સિવાય કોઈ એ જાણતું નથી, પુત્ર પણ નહિ" માથ્થી ૨૪;૩૬.

ઈસુના બીજા આગમન માટે આટલી બાબતો સચોટ છે:-

(૧) તે પાછા આવશે.

(૨) ક્યારે? તે આપણે જાણતા નથી.

(૩) આપણે બુદ્ધિપૂર્વક જીવીએ.

(૪) જ્યારે તે આવે ત્યારે તેને મળવા માટે તૈયાર હોઈએ.

"સાવધાન રહો. કેમ કે તમે જાણતા નથી એવી ઘડીએ માણસનો દીકરો આવશે." માથ્થી ૨૪;૪૪.

Any calculation about the Lord's return is a Miscalculation.

# ૯૫. શરીર યંત્ર

મોટરોની શોધખોળના શરૂઆતના સમયની આ વાત છે.

મોડેલ T ફૉર્ડ રસ્તા ઉપર દોડી રહી હતી. અચાનક એન્જિનમાં કંઈક ખરાબી થતાં મોટર રસ્તા ઉપર જ અટકી ગઈ. ડ્રાઈવરે નીચે ઊતરીને એન્જિન ખોલી તપાસ કરવા માંડી. બધા વાયરો ચેક કરી જોયા, પણ ક્યાં ખામી છે એની કશી ખબર પડી નહિ. ઘણી મહેનત કરવા છતાં મોટર ચાલુ થતી નહોતી.

એવામાં બીજી એક મોટર પાછળ આવીને ઊભી રહી. આ મોટરમાંથી સુટ-બુટ પહેરેલો એક માણસ નીચે ઊતર્યો અને પેલા ડ્રાઈવરને કોઈ મદદની જરૂર છે કે કેમ એમ પૂછ્યું. ડ્રાઈવરે પોતાની મુશ્કેલી જણાવી અને મદદ માટે વિનંતી કરી.

પેલા માણસે એન્જિનમાં આમ તેમ જોયું, તપાસ્યું, વાયરો આઘા પાછા કરી જોયા અને થોડી જ ક્ષણો પછી પેલા ડ્રાઈવરને કહ્યું, હવે ગાડી સ્ટાર્ટ કરો. અને તરત ગાડી સ્ટાર્ટ થઈ.

પછી પેલા માણસે ડ્રાઈવર સાથે હસ્તધૂનન કરવા પોતાનો હાથ લંબાવ્યો અને પોતાની ઓળખ આપતાં કહ્યું, "મારું નામ હેનરી ફૉર્ડ છે. મેં જ આ કાર બનાવી છે, એની ડિઝાઈન હું બરાબર જાણું છું, અને તેથી જ્યારે એમાં કંઈ પણ ખરાબી થાય, ત્યારે શું કરવું તે હું જાણું છું." પછી તે પોતાને માર્ગે આગળ વધી ગયા.

ગીતશાસ્ત્ર ૧૩૯માં ભક્ત દાઉદ લખે છે, કે ઈશ્વરે આપણને બનાવ્યા છે, તે આપણા શરીરની રચના જાણે છે.

આપણું ખોળિયું તેને અજાણ્યું નથી. અને તેથી જ્યારે આ શરીરમાં કંઈ પણ ખામી ઊભી થાય છે, મુશ્કેલી ઊભી થાય છે, ત્યારે ઈશ્વર એ બરાબર જાણે છે અને સમજે છે, એને દૂર પણ કરે છે.

ગી.શા. ૧૦૩;૧૪ પ્રમાણે "કેમ કે તે આપણું બંધારણ જાણે છે, આપણે ધૂળના છીએ એવું તે સંભારે છે."

આપણું બેસવું તથા ઊઠવું તે જાણે છે. આપણા વિચારો તે વેગળેથી સમજે છે.

આથી, જ્યારે પણ આપણા શરીરરૂપી યંત્રમાં ખામી લાગે, કોઈ ખરાબી લાગે, મુશ્કેલી લાગે ત્યારે તેના તરફ ફરીએ. આપણે શાની જરૂર છે એ તે જાણે છે, અને મદદ કરવા તૈયાર છે. એની મદદનો હાથ હમેશાં લંબાયેલો છે.

જેણે આપણને બનાવ્યા છે, તે જ આપણને સુધારી પણ શકે છે.

# ૯૬. પ્રામાણિક ગાય

અમેરિકાના ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ ઓઈઝોન હોવર એક વખતે નેશનલ પ્રેસ ક્લબ આગળ ભાષણ કરવા ગયા હતા. પોતાના ભાષણની શરૂઆતમાં તેમણે એમ કહીને માફી માગી કે હું કોઈ સારો-મોટો વક્તા નથી.

પછી પોતાના શ્રોતાજનો આગળ પોતાના બાળપણનો એક દાખલો આપ્યો. કેનસાસ ફાર્મનો આ બનાવ ટાંકતાં એમણે કહ્યું, કે એક વૃદ્ધ ખેડૂત હતો અને એની પાસે એક ગાય હતી. આ ગાય મારા પિતા ખરીદવા માગતા હતા. આથી અમે પેલા ખેડૂત પાસે ગયા. ખેડૂતને જઈને પૂછ્યું, કે આ ગાય કઈ ઓલાદની છે. ખેડૂતે ડોકું ધુણાવ્યું, કારણ કે ગાય કઈ ઓલાદની છે એની એને ખબર નહોતી.

પછી અમે બીજો સવાલ ખેડૂતને પૂછ્યો, કે ગાયના દૂધમાં કેટલા ટકાની ફેટ હોય છે. કેટલા ટકાની ફેટ વાળું દૂધ આપે છે? ખેડૂતે જવાબ આપ્યો, કે મને એનો અંદાજ નથી.

પછી અમે ત્રીજો સવાલ પૂછ્યો, કે વર્ષમાં આ ગાય કેટલા પૌંડ દૂધ આપે છે? ખેડૂતે માથું ધુણાવ્યું અને કહ્યું, મને એની ખબર નથી. પછી ખેડૂતે આગળ ઉમેર્યું કે, પણ આ ગાય ખૂબ પ્રામાણિક છે, અને એની પાસે જેટલું દૂધ હશે તે બધું જ તમને આપશે.

.... પછી પ્રેસિડેન્ટે પોતાની શરૂઆતની રીમાર્કમાં શ્રોતાજનોને કહ્યું, "હું આ ગાયના જેવો છું. મારી પાસે જેટલું હશે એ બધું જ તમને આપીશ."

ઈશ્વર આપણી પાસે હોય એના કરતાં વધારે કશું જ માગતા નથી. પરંતુ આપણી પાસે જે છે તે બધું જ માગે છે. "આપો તો બધું જ આપો, નહિ તો કંઈ જ નહિ."

તમારી પાસે પાંચ રોટલી અને બે માછલી છે? ભલે, વાંધો નહિ, જે છે તે આપો. પેલી વિધવા સ્ત્રીએ પોતાની પાસે જે હતું તે બધું જ આપી દીધું. અને ઈસુએ એ વિધવાની દમડીની પ્રશંસા કરી.

રૂમી ૧૨;૧ પ્રમાણે "તમારાં શરીરોનું જીવતું, પવિત્ર અને દેવને પસંદ પડે એવું અર્પણ કરો. એ તમારી બુદ્ધિપૂર્વકની સેવા છે."

પ્રામાણિક ગાય બની રહો.

# ૯૭. .... અને શાસ્ત્રીજી રડી પડ્યા

સને ૧૯૬૫માં ભારત અને પાકિસ્તાનનું યુદ્ધ થયું. યુદ્ધ પછી તે સમયના ભારતના વડાપ્રધાન સ્વ. લાલબહાદુર શાસ્ત્રીજી લુધિયાણાની એક હોસ્પિટલમાં મોતની સામે ઝઝૂમી રહેલા મેજર ભુપીન્દરસિંહને જોવા માટે ગયા. શાસ્ત્રીજીને આવેલાં જોઈને મેજર રડવા લાગ્યા. આથી શાસ્ત્રીજીએ આશ્ચર્યચકિત્ત થઈને પૂછ્યું, કે "મેજર, પંજાબીઓ તો પરાક્રમ અને બહાદુરી માટે જાણીતા છે, તો પછી તમે શા માટે રડો છો? શું મોતનો ડર લાગે છે?" મેજરે જવાબ આપતાં કહ્યું કે, "મોત નજીક હોવાના કારણે હું રડતો નથી, પરંતુ મારા ખબર-અંતર પૂછવા આવેલા મારા વડાપ્રધાનને સલામી આપવા માટે હું ઊભો થઈ શકતો નથી. તેનું મને દુ:ખ છે, અને એથી રડું છું."

મેજરની વડાપ્રધાન માટેની ભક્તિ અને માન જોઈને શાસ્ત્રીજી પણ રડી પડ્યા. આ પ્રસંગ બન્યો ત્યારે શાસ્ત્રીજીના પુત્ર સુનીલ શાસ્ત્રી પણ તે સમયે હાજર હતા. તેમણે પાછળથી આ બનાવનો ઉલ્લેખ કરતાં જણાવ્યું, કે બાબુજીની આંખોમાં મેં તે સમયે પ્રથમ વાર અને છેલ્લી વાર આંસુ જોયાં હતાં.

માલાખી ૧;૬માં ઈશ્વરપિતા પૂછે છે, કે પુત્ર પોતાના પિતાને માન આપે છે અને ચાકર ધણીને, ત્યારે જો હું પિતા હોઉં અને ધણી હોઉં તો મારું માન-સન્માન ક્યાં છે, મારો ડર ક્યાં છે? ઈશ્વર પ્રતિ આપણી ભક્તિ-માન સન્માન કેવાં છે?

## ૯૮. ઝીણો તોપણ રાઈનો દાણો

બિથોવન, મોઝાર્ટ અને શોપીન નામના વિદેશી સંગીતકારો સાતેક વર્ષની નાની ઉંમરે ઝળકી ઊઠ્યાં હતાં.

જોન રસ્કીન નામનો લેખક, પાંચ વર્ષની ઉંમરે પુસ્તકો વાંચવામાંથી માથું જ ઊંચું નહોતો કરતો.

યહૂદી મેનુહીન નામનો સંગીતકાર, ત્રણ વર્ષની વયે વાયોલીન વગાડતો હતો.

બેંગ્લોરના ત્રણ વર્ષની ઉંમરના નારાયણે શાસ્ત્રીય સંગીતના રાગ ઓળખવાની સિદ્ધિ મેળવી હતી.

ઈસુએ કહ્યું કે, "રાઈનું બી પૃથ્વી પરનાં સર્વ બી કરતાં નાનું છે, પણ વાવ્યા પછી તે ઊગી નીકળે છે, ને સર્વ છોડવા કરતાં મોટું થાય છે,... અને આકાશનાં પક્ષીઓ તેની છાયામાં વાસો કરે છે." માર્ક ૪;૩૦-૩૨.

રાઈના દાણા જેટલો વિશ્વાસ મોટા પહાડને ખસેડી શકે છે. પથ્થરોને પિગળાવી શકે છે. વિશ્વાસ વગર દેવને પ્રસન્ન કરવો એ શક્ય નથી.

"કેમ કે આરંભમાં નાના દેખાતા કામોના દિવસને કોણે તુચ્છકાર્યો છે?" ઝખાર્યા ૪;૧૦.

## ૯૯. બિશપનું જૂઠાણું

બિશપ મિલ્ટન રાઈટ એક દિવસે એક સેમિનરીના પ્રેસિડેન્ટની મુલાકાતે ગયા. મુલાકાત દરમિયાનની વાતચીતમાં બિશપે કહ્યું કે, "મારા બાઇબલના જ્ઞાન અને અભિપ્રાય પ્રમાણે હવે જગતમાં કશી જ નવી શોધખોળ થઈ શકશે નહિ. બાઇબલનાં વચનો પ્રત્યેની મારી આ દૃઢ માન્યતા છે, કે કશું જ નવું થનાર નથી."

કોલેજના પ્રેસિડેન્ટ બિશપની આ માન્યતા સાથે સંમત નહોતા, આથી એમણે કહ્યું, "શા માટે નહિ, હું તો માનું છું કે ૫૦ વર્ષમાં શક્ય બનશે કે માણસ પક્ષીઓની જેમ આકાશમાં ઊડવા લાગશે." આ સાંભળીને બિશપને આઘાત લાગ્યો. એમને મન આ બાઇબલની વિરુદ્ધનું દુર્ભાષણ લાગ્યું. બિશપે કહ્યું, "તમારી વાત બાઇબલ આધારિત નથી, બાઇબલ પ્રમાણે તો ફક્ત દૂતો જ ઊડી શકે છે. ફક્ત દૂતોને જ ઊડવાનો અધિકાર આપવામાં આવ્યો છે. ત્યાર બાદ બિશપે પ્રેસિડેન્ટને ચેતવણી આપી, કે તમારી આ માણસને આકાશમાં ઉડાવવાની વાતનું પુનરાવર્તન કરશો નહિ, નહિ તો તમારા ઉપર દુર્ભાષણ કરવાનો આરોપ આવશે."

સને ૧૮૭૦માં આ વાત બનેલી અને ત્યાર બાદ ૩૩ વર્ષ બાદ, આજ બિશપ મિલ્ટનના બે દીકરા, ઓરવિલ અને વિલ્બર હવાઈ મશીન દ્વારા પ્રથમ વખત અવકાશમાં ઊડ્યા. અને ત્યાર પછી તો આધુનિક વિમાનો શોધાયાં અને માનવી પક્ષીઓની માફક આકાશમાં ઊડવા લાગ્યો છે.

કોલેજના પ્રેસિડેન્ટ સાચા પડ્યાં અને બિશપ મિલ્ટન જૂઠા પડ્યા.

બાઇબલમાં કોઈ જગાએ એવું લખ્યું નથી કે, સૂર્ય પૃથ્વીની આજુબાજુ ફરે છે, તેમ છતાં ૧૬મી સદીની મંડળી અને આગેવાનોએ બાઇબલના ખોટા ખુલાસા કરીને ખગોળશાસ્ત્રી કોપરનીક્સને તેની માન્યતાને કારણે મંડળી બહાર મૂક્યો હતો. આજે હવે બધાને સમજાયું કે, કોપરનીક્સ સાચો હતો અને મંડળીના આગેવાનો ખોટા હતા, બાઇબલ આધારિત તેમની માન્યતા ખોટી હતી.

બીજા વિશ્વયુદ્ધ વખતે બાઇબલના કેટલાક શિક્ષકો-અભ્યાસીઓ, જેમણે બાઇબલના ખોટા અર્થઘટન કરીને ઈટાલીના સરમુખત્યાર મુસોલીનીને ખ્રિસ્તીવિરોધી જાહેર કર્યો હતો - તેઓને પોતાની ભૂલ સમજાઈ અને પોતે કહેલી વાતને ગળી જવી પડી હતી.

બાઇબલનાં વચનોના ખોટા ખુલાસા, ખોટાં અર્થઘટન કરવાથી સાવધ રહો. તમારી પોતાની માન્યતાને બાઇબલનાં વચનોનું રૂપ આપશો નહિ. દેવનાં વચનોનો ખોટા ખુલાસો આપીને તમારી માન્યતાને બાઇબલનો આધાર આપશો નહિ.

બાઇબલના વિરોધીઓના પ્રહારોથી જેટલું નુક્સાન થાય છે, એટલું જ નુક્સાન બાઇબલના મિત્રોના અજ્ઞાનને કારણે-ખોટાં અર્થઘટન કરવાને કારણે થાય છે.

**વાંચો - સભાશિક્ષક ૫; ૨.**

## १००. નમ્રતા

સૈનિકો હારબંધ આગળ ચાલતા હતા, અને તેમની પાછળ તેમના અધિકારી જનરલ ઘોડા ઉપર બેસીને આવતા હતા. જનરલે એક સૈનિકને બોલતો અને ફરિયાદ કરતો સાંભળ્યો. આ સૈનિક તેના સાથીને ફરિયાદ કરતો હતો કે, આપણને આગળ વધવાનો હુકમ આપવો એ જનરલ માટે સહેલી વાત છે, કારણ કે, જનરલ પોતે ઘોડા ઉપર સવાર થયેલો છે, જ્યારે આપણે તો પગે ચાલવું પડે છે.

આ સાંભળીને જનરલે પેલા સૈનિકને પાસે બોલાવ્યો. સૈનિક તો ધ્રૂજવા લાગ્યો કે હવે મને શિક્ષા થશે. પણ તેની અજાયબી વચ્ચે જનરલ ઘોડા ઉપરથી નીચે ઊતર્યા, અને ઘોડો પેલા સૈનિકને આપતાં કહ્યું, તું ઘોડા ઉપર બેસ. જનરલનો હુકમ સાંભળી સૈનિક ગભરાતો ગભરાતો ઘોડા ઉપર બેઠો. સૈનિક ઘોડા ઉપર બેસીને હજી તો ૧૦ ડગલાં પણ આગળ ગયો નહિ હોય, એવામાં તો ક્યાંકથી હવામાં સનસન કરતી બુલેટ આવી અને ઘોડા ઉપર બેઠેલાં પેલાં સૈનિકને વાગી. તે ત્યાં જ ઢળી પડ્યો અને મરણ પામ્યો.

જનરલે ટકોર કરતાં કહ્યું કે, "ઘોડા ઉપર સવારી કરવી એના કરતાં પગે ચાલવું કેટલું બધું સલામતીભર્યું છે."

# ૧૦૧. પ્રેરિત પાઉલની નમ્રતામાં વૃદ્ધિ

ઈ.સ. ૫૯ની સાલમાં જ્યારે તેનું બદલાણ થયું ત્યારે તેણે જાહેરાત કરી કે, પોતે "પ્રેરિત ગણાવાને યોગ્ય નથી."

ત્યાર પછી સમય પસાર થતો ગયો અને પાઉલ દેવની કૃપામાં વધવા વાગ્યો, ત્યારે ઈ.સ. ૬૪માં તેણે પોકાર્યું કે, "સઘળા પ્રેરિતોમાં હું સૌથી નાનો છું."

અને જ્યારે તે શહીદ બન્યો તેના થોડા સમય પહેલાં ઈ.સ. ૬૫માં તેણે જાહેર કર્યું કે, "સઘળા પાપીઓમાં હું મુખ્ય પાપી છું."

★★★

સંત ઑગસ્ટીનને કોઈએ પૂછ્યું કે, ખ્રિસ્તી ધર્મનો પહેલો આર્ટિકલ-સિદ્ધાંત કયો છે?

ઑગસ્ટીને જવાબ આપ્યો, નમ્રતા.

અને બીજો આર્ટિકલ કયો? નમ્રતા.

અને ત્રીજો? નમ્રતા.

# ૧૦૨. સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ હોતી નથી

મહાન ધર્મસુધારક માર્ટિન લ્યુથરની આ વાત - એની પત્નીની આ વાત છે.

એક સમયે માર્ટિન લ્યુથર ખૂબ જ નિરાશામાં આવી ગયા હતા. થાકી ગયા હતા. પોતાનાં પાપના ભારથી, જગતની દુષ્ટતાના ભારથી અને મંડળીમાં જે બધું ચાલતું હતું - એ બધાથી પોતે ઘણા હતાશ અને નિરાશ બની ગયા હતા.

એક સવારે તેમણે જોયું તો તેમની પત્ની શોકાવસ્થાનાં કાળાં વસ્ત્રો પહેરીને તૈયાર થયાં હતાં. માર્ટિનને નવાઈ લાગી અને પૂછ્યું, "કેટી, કોણ મરી ગયું છે?"

તેમની પત્ની કેટીએ જવાબ આપ્યો : "તમને ખબર નથી, સ્વર્ગમાં ઈશ્વર મરી ગયો છે!"

આ સાંભળીને માર્ટિને ગુસ્સામાં કહ્યું, "કેટી, આવી મૂર્ખાઈભરી વાત કરતાં તને શરમ આવતી નથી! ઈશ્વર કેવી રીતે મરી જઈ શકે!"

કેટીએ સામો સવાલ કર્યો, "કેમ ના મરી જઈ શકે!"

માર્ટિને કહ્યું, : "ઈશ્વર તો અમર છે, અને અનંતકાળ સુધી જીવતો છે."

કેટીએ પૂછ્યું, "શું એ સાચી વાત છે? તમે એમાં વિશ્વાસ ધરાવો છો?"

માર્ટિને કહ્યું, "જરૂર, મને વિશ્વાસ છે, અને હું એ માનું છું."

ત્યારે તેની પત્ની કેટીએ હસીને કહ્યું, "માર્ટિન, તમે માનો છો કે ઈશ્વર સર્વકાળ જીવતા ઈશ્વર છે, અને એમાં તમને જરા પણ શંકા નથી, અને છતાંયે તમે કેટલા બધા નિરાશ અને આશા વગરના બની ગયા છો! કેટલા બધા નાહિંમત બની ગયા છો. ઈશ્વર છે, પછી તમે શા માટે ચિંતા કરો છો અને નિરાશ થાઓ છો?"

માર્ટિન લ્યુથર પોતાની પત્નીની આ ડહાપણભરી વાત સાંભળીને બોલી ઊઠ્યા, "મારી પત્ની કેટલી બધી બુદ્ધિશાળી છે, તેણે મારી ઉદાસીનતા દૂર કરી."

★★★

કોઈ એક સ્ત્રીનો પતિ દારૂ પીધેલી હાલતમાં ગટરમાં પડ્યો હતો. તેનાં કપડાં ફાટી ગયાં હતાં. વાળ વિખેરાઈ ગયાં હતાં, તેનું મોં અને ચહેરો વિકૃત થઈ ગયેલાં હતાં.

તેની પત્નીને આ વાતની ખબર પડી, એટલે એક ફોટોગ્રાફરને સાથે લઈને ત્યાં પહોંચી અને તેનો એ હાલતમાં ફોટો લેવડાવ્યો. પછી એ ફોટાને તેમના લગ્નના ફોટા સાથે મૂક્યો. પેલો માણસ બીજે દિવસે ભાનમાં આવ્યો, સાવધ થયો ત્યારે તેનાં ઘરમાં આ બે ફોટા સાથે જોઈને નવાઈ પામ્યો. લગ્નના ફોટામાં કેવો સુંદર અને હેન્ડસમ દેખાય છે, જ્યારે બીજા ફોટામાં એ જ માણસ કેવો ચીંથરેહાલ અને ભિખારી જેવો દેખાય છે. આ બંને ફોટા જોઈને તેને હવે પોતાની સ્થિતિનું ભાન થયું. એની પ્રેરકબુદ્ધિ જાગૃત થઈ. તેને ખૂબ પસ્તાવો થયો. અને તે દિવસથી તેણે દારૂ પીવાનો છોડી દીધો અને સજ્જન માણસ તરીકે જીવવા અને રહેવા લાગ્યો.

જે કાયદાથી ના થઈ શકે તેને આ સ્ત્રીએ સહજમાં કરી બતાવ્યું. ભાષણોથી જે ના સુધરી શકે એને આ સ્ત્રીએ એક માત્ર ફોટાથી સુધારી દીધો, અને તે પણ કંઈ બોલ્યા વગર, ઝઘડો કર્યા વગર, સલાહ આપ્યા વગર.

કોણ કહે છે કે, સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ હોય છે!

"તારી સ્ત્રી તારા ઘરના અંત:પુરમાં ફળવંત દ્રાક્ષવેલાના જેવી થશે." ગી. શા. ૧૨૮;૩.

વળી, સદગુણી સ્ત્રીની બુદ્ધિ, ચાતુર્ય અને આવડતનાં જ્યાં વખાણ કરવામાં આવ્યાં છે તે વાંચો : નીતિવચન ૩૧; ૧૦-૩૧.

# Out lines of Sermons

# સંદેશાની રૂપરેખા

"અને તેણે પોતાનું મોં ઉઘાડીને
તેઓને ઉપદેશ કરતાં કહ્યું કે...."

William Evans declares :-

*"Preacher should know the
Science and Art of Preachiung."*

## ૧. ગુડફ્રાઈડે માટે જવાબદાર કોણ?

ઈસુને વધસ્તંભે જડાવવા માટે કોણ જવાબદાર ગણાય?

૧. ફરોશીઓ, જેઓ ઈસુને ધિક્કારતા હતા તેઓ? માર્ક ૩;૬.

૨. મુખ્ય યાજકો, જેઓએ નાણાં આપીને ઈસુને ખરીદી લીધા હતા તેઓ? માર્ક ૧૪;૧.

૩. દ્રોહી યહુદા, જેણે રૂપિયા ત્રીસમાં ઈસુ ગુરુને વેચી દીધા હતા તે? માર્ક ૧૪;૧૦-૧૧.

૪. લોકોનો સમુદાય, જેઓ પોકારતા હતા કે તેને વધસ્તંભે જડાવો, વધસ્તંભે જડાવો તેઓ? માર્ક ૧૫;૧૨-૧૪.

૫. ન્યાયાધીશ પિલાત, જેણે ઈસુને દંડાજ્ઞા ફરમાવી, ઈસુને વધસ્તંભે જડવાનો હુકમ આપ્યો તે? યોહાન ૧૯; ૬-૧૬.

૬. બારાબાસ, જેને ઈસુના બદલે છોડી દેવામાં આવ્યો, અને તેની જગ્યાએ ઈસુને વધસ્તંભે જડ્યા તે? લૂક ૨૩;૧૭,૧૮.

૭. હેરોદ રાજા, જેણે ઈસુનો તુચ્છકાર કર્યો, ઠઠ્ઠા કર્યા અને ભપકાદાર વસ્ત્રો પહેરાવીને પિલાતની પાસે મોકલ્યો તે? લૂક ૨૩;૧૧.

૮. ઈસુની સાથે વધસ્તંભે જડાયેલા પેલા ચોર, જેણે ઈસુની મશ્કરી કરી, ઠઠ્ઠા કર્યા તેઓ? લૂક ૨૩;૩૯-૪૩.

૯. પ્રભુ, શું તે હું છું? માથ્થી ૨૬;૨૧-૨૨.

ચિત્રકાર રેમબ્રાન્ડનું ત્રણ વધસ્તંભનું ચિત્ર ઉદાહરણ તરીકે વાપરી શકાય.

## ૨. દુઃખસહન સપ્તાહની વ્યક્તિઓ

ઈસુ ખ્રિસ્તના વધસ્તંભની આજુબાજુ ઘણી વ્યક્તિઓ સંકળાયેલી છે, ઘણા પ્રકારની લાગણીઓ જોડાયેલી છે.

**૧. પિતર :** તેણે ઈસુનો નકાર કર્યો ખરો, પણ પાછળથી પસ્તાવો પણ કર્યો. લૂક ૨૨;૫૬-૬૨.

**૨. યહૂદા :** તેણે ઈસુનો દ્રોહ કર્યો, અને પાછળથી પોતાનાં કૃત્યોનું ભાન થતાં પસ્તાવો કરવાને બદલે ગળે ફાંસો ખાઈને મરી ગયો. માથ્થી ૨૭;૩-૮.

**૩. આન્નાસ અને કાયાફાસ :** તેઓએ પોતાની સત્તાનો દૂર ઉપયોગ કર્યો. યોહાન ૧૮;૧૯-૨૪.

**૪. હેરોદ રાજા :** ઈસુને જોવા અને મળવા ઇન્તેજાર હતો, પણ બિનજવાબદાર રાજા હતો. લૂક ૨૩;૮-૧૨.

**૫. પિલાત :** બીકણ અને યોગ્ય ન્યાય કરવામાં ઢીલો. લૂક ૨૩;૧-૪.

**૬. કૂરેનીનો સીમોન :** ઈસુનો વધસ્તંભ ઊંચકવામાં નમ્રતા. એ દિવસ તેને માટે ધન્ય બની ગયો.

**૭. બારાબાસ :** વધસ્તંભ ઉપર ઈસુનું સ્થાન લેવા માટે તે યોગ્ય હતો, પણ ઈસુએ તેનું સ્થાન લીધું. માર્ક ૧૫;૬-૧૫.

**૮. ટોળું-સમુદાય :** મુખ્ય યાજકો અને શાસ્ત્રીઓથી અવળે માર્ગે દોરવાઈ ગયેલા આ લોકો હતા. લૂક ૨૩;૧-૨.

**૯. સૂબેદાર :** જે થયું હતું તે જોઈને તેણે દેવની સ્તુતિ કરી. કેટલાક રૂમી સિપાઈઓ પણ ધાર્મિક હતા. માથ્થી ૨૭;૫૪.

**૧૦. અરીમથાઈનો યૂસફ :** તેણે ઈસુને માટે છેલ્લી સાક્ષી આપી અને ઈસુને છેલ્લું માન આપ્યું. માથ્થી ૨૭;૫૭-૬૦.

**૧૧. ઈસુનો પ્રિય શિષ્ય-યોહાન :** અંત સુધી વિશ્વાસુ રહેનાર. યોહાન ૧૯;૨૬-૨૭.

**૧૨. ઈસુની મા, મરિયમ :** સર્વ દીકરાઓમાં સૌથી મહાન દીકરા માટે, મહાન માતાનો મહાન પ્રેમ. યોહાન ૧૯; ૨૬-૨૭.

## ૩. શેતાનનાં જૂઠાણાં

માણસને જૂઠાં વચનો આપીને શેતાન છેતરે છે, અને માણસ ભોળવાઈ જાય છે.

આદમ-હવાને ભલુંભૂંડું જાણવાના ઝાડના ફળ વિષે જૂઠો ખુલાસો અને વચન આપીને શેતાને છેતર્યાં. ઉત્પ. ૩.

તારણ સંબંધી શેતાન માણસને ત્રણ પ્રકારના ખુલાસા-વચનો આપે છે, જે ત્રણેય જૂઠા છે. જો માણસ ભોળવાય જાય તો નાશ પામે.

૧. **તમે સ્વર્ગમાં જવા માટે સારા અને પૂરતા લાયક છો. ચિંતા કરશો નહિ.**

શેતાન આવો વિચાર માણસના મનમાં મૂકે છે, અને માણસ માની લે છે અને તારણ સંબંધી બેદરકાર બની જાય છે.

પણ બાઇબલ કહે છે : સર્વએ પાપ કર્યું છે, કોઈ ન્યાયી નથી. રૂમી ૩;૧૦-૨૩.

નિકોદેમસ સારો, ધાર્મિક અને વિદ્વાન હતો, પણ ઈસુએ કહ્યું, તારે નવો જન્મ પામવો જ જોઈએ.

૨. **તમે એટલા બધા ખરાબ અને પાપી છો કે, તમારું તારણ થાય એ શક્ય જ નથી. તમે કદી સ્વર્ગે જઈ શકો એમ નથી.**

પરંતુ બાઇબલ કહે છે કે, પ્રભુ ઈસુ જગતમાં પાપીઓને તારવા માટે આવ્યા. લૂક ૧૯;૧૦.

ઉડાઉ દીકરો, સમરૂની સ્ત્રી, દાણી એવા અનેક દાખલા છે, જેઓને પસ્તાવો કરવાથી માફી મળી છે.

"There is none so good that he can save himself, There is none so bad that God can not save him."

૩. **પ્રેમાળ ઈશ્વર કોઈનો નાશ કરશે નહિ. બધા આપોઆપ તારણ પામી જવાના છે, માટે તારણની ચિંતા કરવાની જરૂર નથી.**

સર્વેતારણવાદની આ શેતાની ભ્રામક વિચારસરણી છે.

જેઓએ ઈસુ પર વિશ્વાસ કર્યો નથી તેઓ અપરાધી ઠરી ચૂક્યા છે. યોહાન ૩;૧૮.

વળી, જુઓ પ્રકટીકરણ ૨૨;૧૦-૧૫.

હેબ્રીઓના પત્રનો લેખક ચેતવણી આપતાં લખે છે કે, "આવા મહાન તારણ સંબંધી જો આપણે બેદરકાર રહીએ તો શી રીતે બચીશું."

## ૪. મફીબોશેથ

શાઉલના દીકરા યોનાથાનનો દીકરો મફીબોશેથ. તેની વાત ૨ શમૂએલ અધ્યાય ૨-૯ માં મળે છે.

મફીબોશેથનો અર્થ થાય 'બેશરમી.'

**૧. મફીબોશેથની સ્થિતિ :-**

**(a) દયાજનક હતી :** તે લંગડો હતો. ૫ વર્ષની ઉંમરે પડી જવાથી લંગડો થયો હતો. ૨ શમૂ. ૪;૪.

**(b) પિતા વગરનો હતો :** તેનો બાપ લડાઈમાં માર્યો ગયો હતો. નાનપણથી જ પિતાની છત્રછાયા ગુમાવી હતી. નિરાધાર હતો. ૧ શમૂ. ૩૧;૨.

**(c) કુટુંબ, સગાં કે મિત્રો વગરનો હતો :** શાઉલ તથા યોનાથાનના કુટુંબના બધા જ માર્યા ગયા હતા. એકલો મફીબોશેથ બાકી હતો. તેની સારસંભાળ લેનાર કોઈ નહોતું. ૨ શમૂ. ૯;૩. ચાકરના આશ્રયે રહેતો હતો.

**(d) ક્યાં રહેતો હતો? :** લો દેબારમાં, ૨ શમૂ. ૯;૪.

'લો દેબાર'નો અર્થ થાય છે - જ્યાં ખાવાનું નથી એવું સ્થળ. ભૂખમરાનું સ્થળ.

**૨. દાઉદ રાજાએ મફીબોશેથને શોધી કાઢ્યો. તેને બોલાવ્યો અને આમંત્રણ આપ્યું. ૨ શમૂ. ૯;૫.**

દાઉદ કહે છે : "બી મા, તારા બાપ યોનાથાનની ખાતરી હું નક્કી તારા પર કૃપા રાખીશ."

રાજાની આ કેટલી બધી મહેરબાની! કેટલી કૃપા! તેને શોધી કાઢ્યો અને કૃપા બતાવી.

જુઓ - આદમને શોધતો ઈશ્વર. ખોવાયેલા ઘેટાંને શોધતો ભરવાડ. ખોવાયેલા દીકરાની રાહ જોતો બાપ.

સરખાવો લૂક ૧૯;૧૦.

**૩. રાજા સાથે ભોજન સંગત :**

રાજાએ મફીબોશેથ માટે હમેશાં પોતાની સાથે મેજ પર જમવાની વ્યવસ્થા કરી. ૨ શમૂ. ૯;૧૦-૧૧.

"મફીબોશેથ રાજાના એક દીકરાની પેઠે મારી મેજ પર જમશે."

રાજાની મહેરબાની તો જુઓ! જેની સ્થિતિ દયાજનક હતી, લંગડો હતો, ઘરબાર વગરનો હતો, ભિખારીની અવસ્થામાં હતો, તે હવેથી રાજાની સાથે મેજ પર જમશે.

સરખાવો : પ્રકટીકરણ ૩;૨૦.

"હું તેની સાથે જમીશ અને તે મારી સાથે જમશે."

"તે મારે વાસ્તે ભાણું તૈયાર કરે છે." ગી. શા. ૨૩, વળી, જુઓ યોહાન ૧૪;૩.

ઈસુએ કહ્યું : તમારે માટે ભાંગવામાં આવેલું શરીર, લો, ખાઓ, તમારે માટે વહેવડાવાયેલું લોહી, લો, પીઓ.

# ૫. શું માણસ ઈશ્વરને લૂંટે?

બેન્ક લૂંટાય, દુકાનો લૂંટાય, સરકાર લૂંટાય, અને માણસ લૂંટાય એ તો આજકાલ સ્વાભાવિક બની ગયું છે. પરંતુ માણસ દ્વારા ઈશ્વર લૂંટાય એ કેવી વાત! માણસ પોતાના ઉત્પન્નકર્તાને લૂંટે, એ બની શકે?

માલાખી પ્રબોધકનો જવાબ છે, હા, એ શક્ય છે, અને બની રહ્યું છે.

કેવી રીતે અને કઈ બાબતોમાં માણસ ઈશ્વરને લૂંટી રહ્યો છે?

૧. **દાન અને દશાંશો આપવામાં માણસ ઈશ્વરને લૂંટી રહ્યો છે. માલાખી ૩;૮-૯.**

જૂનો કરાર દશમો ભાગ આપવાનું શીખવે છે, જ્યારે નવો કરાર તો સર્વસ્વ માગે છે.

દાન આપવામાં કોઈ ભોગ આપવો પડે છે? કશી કિંમત ચૂકવવી પડે છે?

Give till it hearts.

"તમારા દશાંશો ભર્યાપૂરા ભંડારમાં લાવો."

૨. **પ્રેમમાં માણસ ઈશ્વરને લૂંટી રહ્યો છે.** માલાખી ૧;૨.

ઈશ્વર કહે છે, મેં તમારા પર પ્રીતિ રાખી છે. એના જવાબમાં લોકોએ કહેવું જોઈતું હતું કે, હા, પ્રભુ, અને એમ જ અમે પણ તમારા પર પ્રેમ કરીએ છીએ. પણ એવી કબૂલાત કરવાને બદલે સામો પ્રશ્ન પૂછાય છે. કઈ બાબતમાં તેં અમારા પર પ્રીતિ રાખી છે! ઈશ્વરના પ્રેમમાં શંકા ઊઠાવવામાં આવે

છે. ઈશ્વરના આશીર્વાદો માટે આભાર માનવાને બદલે અને આશીર્વાદોના પ્રત્યુત્તરમાં સામો પ્રેમ કરવાને બદલે માણસ સવાલ પૂછતો થઈ ગયો છે.

યોહાન ૨૧માં ઈસુનો પિતરને સવાલ અને પિતરનો જવાબ સરખાવો.

"તારા પૂરા હૃદયથી ઈશ્વર પર પ્રેમ કર." ઈશ્વરના પ્રેમથી કોણ જુદાં પાડી શકે? રૂમી ૮;૩૮-૩૯.

**૩. ઈશ્વરનું અપમાન કરીને માણસ ઈશ્વરને લૂંટી રહ્યો છે. માલાખી ૧;૬.**

જો હું પિતા હોઉં તો મારું માન ક્યાં છે? ધણી હોઉં તો મારો ડર ક્યાં છે?

કેવી રીતે ઈશ્વરનું અપમાન કરવામાં આવે છે? અપવિત્ર અને ખોડખાંપણવાળાં અર્પણો ચઢાવીને.

ઈશ્વરને બધું ય ચાલશે એમ માનીને ગમે તેવું અર્પણ આપવામાં ઈશ્વરના માનને હાનિ પહોંચે છે.

આપણાં ખ્રિસ્તી અર્પણો કેવાં છે?

રૂમી ૧૨;૧, તેથી ભાઈઓ હું તમને વિનંતી કરું છું કે, દેવની દયાની ખાતર તમારાં શરીરોનું જીવતું, પવિત્ર અને દેવને પસંદ પડે એવું અર્પણ કરો.

# ૬. સંગત

"જેમ કેટલાએક કરે છે, તેમ આપણે એકઠાં મળવાનું પડતું ના મૂકીએ." હેબ્રી ૧૦;૨૫.

થોમા, જે એક રવિવારે સાંજની ભક્તિસભામાં ગેરહાજર હતો. ઇસ્ટરની સાંજે તેણે શિષ્યોની સાથે સંગતમાં હોવું જોઈતું હતું, પણ નહોતો. પરિણામે, ઈસુ ઊઠ્યા છે એ વાત તે માની શક્યો નહિ. આખું અઠવાડિયું તેણે શંકામાં, અવિશ્વાસમાં અને બેચેનીમાં વિતાવ્યું. એક રવિવારે ગેરહાજર રહેવાની કિંમત તેને ચૂકવવી પડી.

શિષ્યો વારંવાર સંગતમાં એકઠા મળતા હતા. તેઓની વિવિધ સંગત.

૧. **શોકાતુર સંગત :** માથ્થી ૨૬;૧૭-૨૫.

છેલ્લા ભોજન વખતે બધા એકઠા મળ્યા છે. ઈસુ કહે છે, "તમારામાંનો એક મને પરસ્વાધીન કરશે." આ સાંભળી બધા શોકાતુર બન્યા, આત્મખોજ કરવા લાગ્યા. "પ્રભુ, શું તે હું છું?"

૨. **આનંદિત સંગત :** યોહાન ૨૦;૧-૨૦.

શિષ્યો ફરી ઉપલી મેડીમાં મળ્યા છે ત્યાં પુનરુત્થાન પામેલા ઈસુ આવ્યા અને તેને જોઈને બધા હર્ષ પામ્યા.

શિષ્યોની સંગત હવે આનંદિત અને આશાવંતી બની ગઈ, કારણ કે તેમને ખાતરી થઈ કે, અમારો પ્રભુ જીવંત છે, અમારી સાથે છે.

કેટલીક વાર આપણે એવી રીતે જીવીએ છીએ, એવી

રીતે ગીતો ગાઈએ છીએ, જાણે કશો આનંદ ના હોય, કશી આશા ના હોય.

**૩. વિજયવંત સંગત** : પ્રે. કૃ. ૨;૪૪-૪૭.

જીતેલા રાજાના સૈન્યમાં જે જોશ હોય, ખુમારી હોય, ઉત્સાહ હોય, એવી વિજયની ખુમારી અને જોમ શિષ્યોમાં આવી ગયાં. તેનું કારણ હવે પવિત્ર આત્મા તેમનું સામર્થ્ય છે, હવે તેઓ અદ્દભુત કૃત્યો અને ચમત્કારો કરે છે. નિત્ય દેવની સ્તુતિ કરે છે, નિત્ય લોકો તારણ પામે છે. હવે તેમને મરણની પણ બીક નથી.

**૪. મહિમાવંત સંગત** : ૨ થેસ્સા. ૨;૧.

પ્રભુ ઈસુના બીજા આગમન સમયે એક મોટી સંગત મળશે. શિષ્યો ઉપરાંત, લાખો ને લાખો બીજા એવા લોકો આ સંગતમાં જોડાશે, કે જેમણે પોતાનાં વસ્ત્રો હલવાનના રક્તમાં ધોયેલાં છે. આ સંગત સદાકાળની સંગત હશે.

"હું તમારે માટે જગા તૈયાર કરવા જઈશ, અને પાછો આવીને તમને પણ ત્યાં લઈ જઈશ, જેથી જ્યાં હું છું ત્યાં તમે પણ રહો." યોહાન ૧૪; ૨,૩.

સંતોની આ સંગત, મહિમાવંતી આ સંગત, સદાકાળની આ સંગત - એમાં આપણે સામેલ થઈએ.

# ૭. ભાંગેલી વસ્તુઓ

પીળાં પર્ણો ફરી નથી થતાં
કોઈ કાળે લીલાં,
ભાંગ્યાં હૈયા ફરી નથી થતાં,
કોઈ કાળે રસીલાં,
પામે વૃદ્ધિ ક્ષય પછી
શશીપ્રાણીનું ન એ ભાવિ,
ના'વે એને ભરતી કદી
જ્યાં એકદા ઓટ આવી.

**૧. ભાંગેલો કોટ** : નહેમ્યાહ ૧;૩.

જે કોટથી શહેરનું રક્ષણ થતું હતું તે કોટ ભાંગી ગયો છે, તૂટી ગયો છે. આ સમાચાર સાંભળી નહેમ્યાહ પ્રાર્થના કરે છે, ઉપવાસ કરે છે અને રડે છે.

સમાજમાં, મંડળીમાં ભાંગેલા મનો, ભાંગેલા કુટુંબો, ભાંગેલા જીવનો અને ભાંગી ગયેલી પ્રાર્થનાની વેદીઓ - એ બધું મંડળીની અને સમાજની કરુણ પરિસ્થિતિ બતાવે છે. કેટલા જણ એને માટે પ્રાર્થના સાથે રડીને ચિંતા કરે છે?

**૨. ભાંગેલી ડબ્બી** : માર્ક ૧૩;૩.

મરિયમે અત્તરની સંગેમરમરની ડબ્બીઓ ભાંગી અને ઈસુના પગે અત્તર ચોપડ્યું. આ તો પ્રભુ ઈસુ પ્રત્યેના પ્રેમ, ભક્તિ અને લાગણીનું પ્રતીક છે. મોંઘી ડબ્બી - ૩૦૦ દીનારની કિંમત - એક મજૂરની આખા વર્ષની કમાણી - મરિયમે એક જ વખતમાં અર્પણ કરી દીધી. પરિણામે આખા ઘરમાં સુવાસ પ્રસરી રહી.

પ્રભુ ઈસુએ આ સ્ત્રીના પ્રેમની અને ભક્તિની કિંમત પીછાણી અને કહ્યું, "જ્યાં કંઈ સુવાર્તા પ્રગટ થશે ત્યાં આ સ્ત્રીએ જે કર્યું છે તે કહેવામાં આવશે."

૩. **ભાંગેલું શરીર :** ૧ કોરિંથી ૧૧;૨૪.

"તમારા માટે ભાંગવામાં આવેલું આપણા પ્રભુ ઈસુનું શરીર." વધસ્તંભે ઈસુના શરીરને ભાંગવામાં આવ્યું, કચડવામાં આવ્યું. આપણા અપરાધોને લીધે તે વીંધાયો અને કચડાયો.

ઈશ્વર પિતાએ પોતાના પુત્રના શરીરને ફાંસીને માંચડે ભંગાવા દીધું, અને જેમ શેરડી પીલાઈને તેમાંથી રસ નીકળે, એમ ઈસુનું શરીર પીલાઈને તેમાંથી લોહીની ધારાઓ વહેવા લાગી.

આ તો માણસ માટે ઈશ્વરના દિવ્ય પ્રેમનું અજોડ અર્પણ છે.

૪. **ભાંગેલી રોટલી :** ૧ કોરિંથી ૧૧;૨૩, ૨૪.

પ્રભુ ઈસુના મરણની યાદગીરી રૂપે પ્રભુભોજનની સ્થાપના કરવામાં આવી. લો, ખાઓ, એ મારું શરીર છે, લો, પીઓ, એ નવા કરારનું મારું લોહી છે.

પાપનો પસ્તાવો કરતાં, કબૂલાત કરતાં, ઈશ્વરના અજાયબ પ્રેમને ઓળખી, પ્રભુ ઈસુના બલિદાનના પ્રત્યુત્તરમાં આપણાં અર્પણો ચઢાવીએ.

# ૮. ઓનેસિફરસ

૨ તીમોથી ૧;૧૫-૧૮.

પ્રભુએ મંડળીમાં ઘણાં એવાં કુટુંબો અને વ્યક્તિઓ આપ્યાં છે, જે મંડળી માટે, પ્રભુના સેવકો માટે, પ્રભુની સેવા માટે પોતાની ગરદનો ધરવા તૈયાર છે.

કોરિંથની મંડળીમાં આકુલા અને પ્રિસ્કીલાનું એક એવું કુટુંબ હતું, જેમણે પાઉલને ખાતર પોતાની ગરદનો ધરી હતી.

બીજું સ્તેફનનું કુટુંબ હતું, જે આખાયાનું પ્રથમ ફળ હતું.

એફેસસની મંડળીમાં બીજો એક ઉમદા માણસ મળી આવે છે, જેનું નામ છે **ઓનેસિફરસ**. નામનો અર્થ છે - લાભદાયક. એના અર્થ પ્રમાણે તે ખરેખર પ્રેરિત પાઉલને માટે લાભદાયક પુરવાર થયો છે. તે પાઉલનો મિત્ર હતો.

**એણે શું કર્યું ?**

**(a)** પાઉલ રોમની જેલમાં હતો, એકલો હતો, **ત્યારે તેણે પાઉલને શોધી કાઢ્યો, ને તેને મળવા ગયો.**

પાઉલ લખે છે કે, "આસિયામાંના સઘળાએ મારો ત્યાગ કર્યો છે." વળી ૪;૧૬માં તે લખે છે કે, "સઘળા મને મૂકીને જતા રહ્યા છે. આવી એકલતાના સમયમાં કોઈ મળવા આવે ત્યારે કેટલો આનંદ થાય!"

પ્રભુ ઈસુ કહે છે : "હું જેલમાં હતો ત્યારે તમે મને જોવા આવ્યા." માથ્થી ૨૫;૩૬.

**(b) ખંતથી મને ખોળી કાઢીને મને મળ્યો.**

પાઉલને શોધવા ઓનેસિફરસને ઘણું ફરવું પડ્યું હશે. એક જેલથી બીજી જેલમાં રખડવું પડ્યું હશે. પણ ખંતથી આખરે શોધી કાઢ્યો.

કલમ ૧૭ "મને મળ્યો" Moffatt તરજૂમા પ્રમાણે "He braced me up" તે મને ભેટ્યો. છાતીએ લગાવ્યો. આ મુલાકાત કેટલી બધી આનંદિત બની રહી હશે!

એક વૃદ્ધ સ્ત્રી મરણ પામી. તે એકલી અટુલી પોતાની ઓરડીમાં રહેતી હતી. તેણે પોતાની ડાયરીમાં નોંધ કરી હતી, કે, છેલ્લા આઠ વર્ષથી મને કોઈ મળવા આવ્યું નથી.

**(c) તેણે મને ઉત્તેજન આપ્યું :**

એક વાર નહિ, પણ વારેવારે ઉત્તેજન આપ્યું. એનાથી પાઉલને કેટલી હિંમત મળી હશે, કેટલો દિલાસો મળ્યો હશે.

કેટલા બધા લોકોને આજે હિંમત અને દિલાસાની જરૂર છે, ઉત્તેજનની જરૂર છે.

**(d) તે શરમાયો નહિ :**

પાઉલનાં બંધનોને લીધે ઓનેસિફરસ શરમાયો નહિ. ૨ તીમોથી ૧;૮માં પાઉલ તીમોથીને લખે છે કે, "ઈસુના લીધે હું બંદીવાન છું, એને લીધે તું શરમાઈશ નહિ."

જેલમાં પડેલી અને સાંકળોનાં બંધનમાં પડેલી વ્યક્તિને મળતાં ઘણાંને શરમ લાગે, નાનમ લાગે, આબરૂ જવાની બીક લાગે. પરંતુ ઓનેસિફરસ એવો માણસ નહોતો.

**(e)** જ્યારે પાઉલે આ લખ્યું ત્યારે ઓનેસિફરસ મૃત્યુ પામેલો હોય એમ લાગે છે.

કલમ ૧૬માં ઓનેસિફરસના કુટુંબ પર પ્રભુ દયા કરે એવી પ્રાર્થના છે. જો તે જીવતો હોય તો પાઉલ તેના ઉપર દયાની પ્રાર્થના કરત.

વળી કલમ ૧૯માં તે સલામ પાઠવે છે, ત્યારે લખે છે કે, ઓનેસિફરસના કુટુંબના માણસોને ક્ષેમકુશળ કહેજે.

વળી, કલમ ૧૮માં લખ્યા પ્રમાણે "પ્રભુ કરે કે **તે દિવસે** તેના તરફથી તેના પર કૃપા થાય." "તે દિવસે" - એટલે ન્યાયકાળને દિવસે - પુનરુત્થાનને દિવસે. હાલની - હમણાંની વાત નથી.

આ બધા ઉપરથી લાગે છે કે, પાઉલે આ લખ્યું ત્યારે ઓનેસિફરસ હયાત નહોતો. પરંતુ પાઉલ તેની સેવાઓ ભૂલી ગયો નથી.

ઈસુ પ્રભુ આપણો ઉત્તમ મિત્ર છે. તેણે આપણને શોધી કાઢ્યા છે. પાપના કાદવ કીચડમાંથી શોધ્યા છે.

તે આપણે માટે શરમાયો નહિ. આપણી પાપી અને અધમાવસ્થા જોઈને તે શરમાયો નહિ. આપણને મિત્ર કહેતાં તે શરમાતો નથી.

અને તે આપણને ઉત્તેજન આપે છે, હિંમત આપે છે.

# ૯. ફેલિક્સ

પ્રે. કૃ ૨૪;૨૫.

બાઇબલમાં વિરોધાભાસી પાત્રો એક સાથે જોવા મળે છે.
દા.ત. (૧) વેદીની આગળ ઊભેલો હાબેલ અને કાઈન.
(૨) એલિયા અને ઇઝેબેલ રાણી
(૩) યાકૂબ અને એસાવ
(૪) ઈસુ અને પિલાત
(૫) છેલ્લા ભોજન વખતે યોહાન અને યહુદા
(૬) કાઈસારિયાના ગવર્નરના મહેલમાં પાઉલ અને ફેલિક્સ.

આ બધાં એકબીજાથી ઉલટાં લક્ષણો ધરાવતાં પાત્રો છે.

I **ફેલિક્સ** : પ્રથમ ગુલામ હતો, પણ ક્લોડિયસની મહેરબાનીથી તે આગળ વધતાં વધતાં કાઈસારિયાનો ગવર્નર બન્યો. તે ક્રૂર અને ઘાતકી હતો. એની છાપ અન્યાયી માણસ તરીકેની હતી. તોફાનો કરાવનાર તરીકે જાણીતો હતો.

એની સાથે રાજસિંહાસન ઉપર બેઠેલી સ્ત્રી તે હેરોદ આગ્રીપાની દીકરી દુશીલા છે. ફેલિક્સે તેને પોતાની મોહજાળમાં ફસાવીને પોતાની સ્ત્રી બનાવી દીધી છે; પણ દુશીલા પરણિત છે, અને તેનો વિદેશી પતિ હયાત છે.

આ બંનેની આગળ પાઉલ કેદીને હાજર કરવામાં આવ્યો. અને તેને કંઈક બોલવાની આજ્ઞા આપવામાં આવી. તેઓ ધારતાં હશે કે, પાઉલ તેમને માટે સારું સારું બોલશે, તેમનાં વખાણ કરશે. પરંતુ અહીં તો એક કેદી, રાજા-રાણીની આગળ

સંદેશો આપે છે. હિંમતથી તેમનાં પાપ વિષે બોલે છે. જેમ નાથાન પ્રબોધકે હિંમતથી દાઉદ રાજાને સંભળાવ્યું હતું એમ જ, "તું જ તે માણસ છે."

**II પ્રેરિત પાઉલના સંદેશાના ત્રણ મુદ્દા :**

૧. સદાચાર

૨. સંયમ

૩. આવનાર ન્યાયકાળ

પાઉલ જ્યારે **સદાચાર** વિષે બોલતો હતો, ત્યારે ફેલિક્સ ગભરાયો, કેમ કે તે પોતે અન્યાયી હતો, લાંચ લેતો હતો, નિર્દોષ લોકોને જેલમાં પૂર્યા હતા, લોકોનાં ઘર ઉજાડ્યાં હતાં. જ્યારે પાઉલ બોલતો હતો, ત્યારે ફેલિક્સને પોતાનો ભૂતકાળ આંખ આગળ દેખાતો હતો.

પાઉલ બીજા મુદ્દા ઉપર આવ્યો - **સંયમ.** અને ફેલિક્સ અને દુશીલા બંને ધ્રૂજવા લાગ્યાં. કારણ તેમનો સંબંધ અનૈતિક હતો. દુશીલા પોતાના પતિને તરછોડીને ચાલી આવી હતી અને ફેલિક્સ સાથે રહેતી હતી. જે તેનો પરણિત પતિ ન હતો.

પછી પાઉલ તેના ત્રીજા મુદ્દા ઉપર આવ્યો - **આવનાર ન્યાયકાળ.** દરેકને ઈશ્વરના ન્યાયાસન આગળ ઊભા રહીને જવાબ આપવો પડશે, અને ફેલિક્સ ભયભીત બની ઊઠ્યો.

**III હમણાં નહિ :** વાર્તાનો અંત કરુણ છે. ફેલિક્સ ધ્રૂજી ઊઠ્યો, ભયભીત થયો, અને ભાન થયું, તેમ છતાં તેણે પસ્તાવો કર્યો નહિ, ખ્રિસ્તનો સ્વીકાર કર્યો નહિ. પાઉલને તેણે કહ્યું, "હમણાં તો તું જા, મને અનુકૂળ પ્રસંગે હું તને ફરી બોલાવીશ."

સુવાર્તા કહે છે, હાલ જ માન્યકાળ છે, આજે જ તારણનો દિવસ છે. જ્યારે ફેલિક્સ કહે છે - હમણાં નહિ, ફરી કોઈ અનુકૂળ પ્રસંગે. ફેલિક્સ, સુવાર્તામાંના પેલા ધનવાન માણસની માફક સ્વર્ગના દરવાજા સુધી આવીને ત્યાંથી પાછો વળી ગયો. અફસોસ, કે ફેલિક્સના જીવનમાં એક "અનુકૂળ" સમય ફરી કદી આવ્યો નહિ.

નિર્ણય કરવાનું આવતી કાલ ઉપર મુલતવી રાખશો નહિ. કદાપી કોઈના જીવનમાં આવતી કાલ ના પણ ઊગે.

અથવા, આજે સુવાર્તાની જે અસર મન ઉપર થઈ હોય તે આવતી કાલે ઓછી થઈ જાય, અને અઠવાડિયા પછી તો બિલકુલ જતી રહે.

# ૧૦. જ્યેષ્ઠપણું

હેબ્રી ૧૨; ૧૬-૧૭.
ઉત્પતિ ૨૫; ૨૭-૩૪.

કુટુંબમાં પ્રથમજનિત પુત્ર એ જ્યેષ્ઠપુત્ર ગણાય છે. એસાવ ઇસ્કાહનો જ્યેષ્ઠપુત્ર હતો. જ્યેષ્ઠપણામાં હક, જવાબદારી અને ચેતવણી રહેલાં છે.

ઈસુ ખ્રિસ્ત માટે પણ આ શબ્દ વપરાય છે. He is first born of all Creation. કોલોસી ૧;૧૫.

He is first born from the dead. કલોસી ૧;૧૮, પ્રકટી. ૧;૫.

He is first born amoung many brothers. રૂમી ૮;૨૯.

I **જ્યેષ્ઠપણાના હક :** ત્રણ પ્રકારના હક મળતા:

**a. અધિકાર - સત્તા :** કુટુંબમાં પિતા પછી બીજું સ્થાન પ્રથમજનિત પુત્રનું ગણાય. અન્ય ભાઈઓમાં તે મુખ્ય ગણાય.

ઇસ્ત્રાએલી કુટુંબમાં જમવાના ટેબલ પર દરેક ભાઈને તેના ક્રમ પ્રમાણે બેસવાનું રહેતું. પ્રથમજનિત સૌથી આગળ બેસે, એ તેનો હક છે. ઉત્પતિ ૪૩;૩૩, ૪૮;૧૭-૧૯.

**b. યાજક તરીકેની સેવા :** પ્રથમ જનિત હોય તેણે કુટુંબના યાજક તરીકેની ફરજો બજાવવાની. કુટુંબનાં અન્ય સભ્યો માટે અર્પણો-બલિદાનો ચઢાવવાનાં. ઇસ્ત્રાએલનો પ્રથમ જનિત ખાસ અર્થમાં અર્પણ કરાયેલો ગણાતો.

**C. વારસાનો બમણો હિસ્સો મળતો :** પ્રથમજનિતને કુટુંબના વારસાનો બેવડો હિસ્સો મળતો. આ તેનો હક હતો. પુન. ૨૧;૧૫-૧૭.

એસાવે થોડા ખોરાકને માટે પોતાનું જ્યેષ્ઠપણું વેચી દીધું, ત્યારે તેણે શું ગુમાવ્યું તેનો ખ્યાલ હવે આવે છે?

જ્યેષ્ઠપણું વેચી દેવાને કારણે હવે તે નાનાભાઈ યાકૂબનો દાસ બની ગયો.

**II નવા કરારની મંડળી :**

નવા કરારની ખ્રિસ્તી મંડળીએ પણ જ્યેષ્ઠપુત્ર-પ્રથમજનિત ગણાય છે. જુઓ હેબ્રી ૧૨;૨૩. "પ્રથમજનિત એવી મંડળીની પાસે તમે આવ્યા છો."

પ્રથમજનિત તરીકે મંડળીને આશીર્વાદનો બમણો હિસ્સો આપવામાં આવ્યો. એફેસી ૩;૮-૧૦, ૧;૩.

પ્રથમજનિત તરીકે મંડળીને યાજકપદ આપવામાં આવ્યું છે. ૧ પિતર ૨;૯, ૨;૫.

પ્રથમજનિત તરીકે મંડળીને રાજ્યાધિકાર આપવામાં આવ્યો છે. રાજમાન્ય યાજક વર્ગ. વળી, જુઓ લૂક ૧૨;૩૨ "તમને રાજ્ય આપવાની બાપની ઇચ્છા છે." વળી ન્યાય કરવાનો અધિકાર પણ મંડળીને આપવામાં આવ્યો. ૧ કોરિંથી ૬;૨-૩.

**III ચેતવણી :**

એસાવે જ્યેષ્ઠપણું ગુમાવ્યું, તેની સાથે ઘણું બધું ગુમાવ્યું અને હેબ્રીઓના પત્રનો લેખક લખે છે તેમ, જ્યેષ્ઠપણું પાછું મેળવવા એસાવ આંસુઓ સાથે કરગરવા લાગ્યો, પણ તેનો સ્વીકાર થયો નહિ.

મંડળી પણ જો પોતાનું જ્યેષ્ઠપણું ગુમાવે, પોતાના હક અને અધિકારો ગુમાવે, તો એસાવની માફક તેનો પણ સ્વીકાર થશે નહિ. પ્રકટીકરણ ૨;૫ પ્રમાણે "હું તારી દીવીને તેની જગાએથી ખસેડી દઈશ." અને પ્રકટી. ૩;૧૬.

વ્યક્તિને અને મંડળીને - બંનેને આ લાગુ પડે છે.

# ૧૧. ચાર (૪) નો આંકડો

૧. ચાર પ્રકારની અંજીરી - ચાર પ્રકારના માણસો.

૨. ચાર તોફાનો.

૩. ચાર અશક્ય બાબતો.

**I ચાર પ્રકારની અંજીરી :**

ઇસ્ત્રાએલીઓમાં કહેવત છે કે, અંજીરી અને જૈતવૃક્ષ કદી મરતાં નથી. અંજીરી વર્ષમાં દસ મહિના ફળ આપે છે. જૂનમાં અને સપ્ટેમ્બરમાં બે વખત ફળ આપે છે. ચાર પ્રકારની અંજીરી ચાર પ્રકારના માણસો બતાવે છે.

**a. ફળવંત અંજીરી :** ઉત્પતિ ૪૯;૨૨, યોહાન ૧૫;૪-૫, ગી.શા. ૧;૧-૩.

**b. નિષ્ફળ અંજીરી :** લૂક ૧૩;૬-૯.

**c. જંગલી ફળ આપનાર અંજીરી :** યશા. ૫;૧-૭.

**d. ફળનો દેખાવ કરનાર અંજીરી :** માથ્થી ૨૧;૧૮-૨૨.

**II ચાર તોફાનો :**

**a. તોફાનોમાં યૂના :** યૂના ૧ લો અધ્યાય. નાસી જતા યૂનાને તોફાન દ્વારા શિક્ષણ આપીને પાછો લાવવામાં આવ્યો.

**b. પ્રેરિત પાઉલ તોફાનમાં :** પ્રે. કૃ. ૨૭. ઈશ્વરનું પરાક્રમ લોકો જોઈ શકે માટે આ તોફાન મોકલવામાં આવ્યું.

**c. ઈસુ તોફાનમાં :** લૂક ૮;૨૨-૨૫. ઈસુ સાથે હોય છતાં તોફાન આવી શકે છે, તેમ છતાં હોડી કદાપી ડૂબી શક્તી નથી.

**d. શિષ્યો તોફાનમાં :** માથ્થી ૧૪. આ તોફાન દ્વારા શિષ્યોની કસોટી થઈ, અને તેમનો વિશ્વાસ વધ્યો. તેમણે પગે

પડીને ઈસુનું ભજન કર્યું અને કબૂલ કર્યું કે, ખરેખર તું દેવનો દીકરો છે.

ચારે તોફાનમાં કોઈનું મરણ થયું નથી.

**III ચાર અશક્ય બાબતો :**

હેબ્રીઓના પત્રમાં ચાર અશક્ય બાબતો જણાવી છે.

**a. નવેસરથી પસ્તાવો કરાવવો અશક્ય છે.** હેબ્રી ૬;૪-૬.

**b. જૂઠ્ઠું બોલવું દેવને અશક્ય છે.** ૬;૧૮.

**c. પાપ દૂર કરવા ઘેટાં-બકરાંના લોહીથી માફી મેળવવી અશક્ય છે.** ૧૦;૪.

ઈસુના લોહી દ્વારા જ માફી મળે છે.

**d. વિશ્વાસ વગર દેવને પ્રસન્ન કરવો અશક્ય છે.** ૧૧;૬.

વિશ્વાસ કર, એટલે તું અને તારાં ઘરનાં સર્વ તારણ પામશો.

## ૧૨. નવું વર્ષ - વર્ષનો પ્રથમ દિવસ

બાઇબલમાં નવા વર્ષે - વર્ષના પ્રથમ દિવસે-

૧. **પ્રાયશ્ચિત** : હઝ. ૪૫;૧૮.

પસ્તાવો કરો, માફી મેળવો ને આખું વરસ આનંદમાં ગાળો.

૨. **આજ્ઞાંકિતપણું** : એઝરા ૧૦;૧૭.

એઝરા દ્વારા ઈશ્વરે આપેલી આજ્ઞા પ્રમાણે વર્ષના પ્રથમ દિવસે લોકોએ કર્યું.

વર્ષના પહેલા દિવસે આજ્ઞાંકિત રહેવાની પ્રતિજ્ઞા કરો.

૩. **મુસાફરીની શરૂઆત** : એઝરા ૭;૯.

એઝરાએ પહેલા મહિનાની પહેલી તારીખે બાબેલથી યરુશાલેમ જવાની શરૂઆત કરી.

બાબેલ - ગુંચવાડો - ભાષાનો થયો હતો.

યરુશાલેમ - શાંતિનું નગર.

એઝરા વર્ષના પ્રથમ દિવસે ગુંચવાડામાંથી નીકળીને શાંતિના નગરે જવા નીકળ્યો.

નવા વર્ષે મુસાફરી શરૂ કરી ક્યાં જવાના? ક્યાં જવા નીકળ્યા છો? મુસાફરી સફળ થાઓ.

૪. **ભજન - ભક્તિ** : નિર્ગમન ૪૦;૨.

મુલાકાત મંડપનો માંડવો વર્ષના પહેલા મહિનાના પહેલા દિવસે તૈયાર કરવાનો.

મુલાકાત મંડપ એ તો ઇસ્ત્રાએલીઓ માટે અરણ્યમાં ભજનનું સ્થાન હતું. ઈશ્વરની મુલાકાતનું સ્થળ હતું.

નવા વર્ષે ભજન-ભક્તિ માટે નિર્ણય કરો. આખું વર્ષ મુલાકાત મંડપમાં/ચર્ચમાં આવીશું, ભજન કરીશું.

નવા વર્ષે તમારો મુલાકાત મંડપ ઊભો કરો.

**૬. આનંદના સમાચાર :** ઉત્પતિ ૮;૧૩.

વર્ષના પહેલા મહિનાની પહેલી તારીખે નૂહને આનંદના સમાચાર મળ્યા કે, પૃથ્વી પરથી પાણી ઓસરી ગયાં છે. જમીન વસવા લાયક બની છે.

પાછલા દિવસો સંતાપભર્યા હતા. બધે જ પાણી પાણી હતું, પણ એ અંધકારના દિવસો વીતી ગયા છે, અજવાળું થયું છે, જમીન કોરી થઈ ગઈ છે, બીક દૂર થઈ છે.

નવા વર્ષે ભૂતકાળના તમામ સંતાપો દૂર થાય અને અજવાળું મળે, આનંદના સમાચાર મળે.

**૭. પ્રભુનું વચન આવ્યું :** હઝ. ૨૯;૧૭.

વર્ષના પ્રથમ મહિનાની પ્રથમ તારીખે યહોવાનું વચન મારી પાસે આવ્યું. અને વારંવાર આવવા લાગ્યું.

વર્ષના પ્રથમ દિવસે યહોવાનું વચન પામો. અને આખું વરસ વચન પામતા રહો.

# ૧૩. ઈસ્ટર

## ઇતિહાસનો સૌથી મહાન બનાવ

ઇતિહાસનો સૌથી મહાન બનાવ તે ઈસુનું પુનરુત્થાન છે. જો પુનરુત્થાન ના થયું હોત તો ઈસુના જન્મનું મહત્ત્વ કોઈ પણ માણસના જન્મથી જરા પણ વધારે ના હોત. ૧ કોરિંથી ૧૫;૧૪-૧૭.

ઇતિહાસનો આ મહાન બનાવ ત્રણ મહાન બાબતો પ્રગટ કરે છે. માથ્થી ૨૮;૧-૨૦.

**૧. મહાન સામર્થ્ય** : ૨૮;૨.

ઈસુના પુનરુત્થાન વખતે ધરતીકંપ થયો, દૂત આકાશથી ઊતરી આવ્યો, ચોકીદારો ધ્રૂજી ગયા - મરણતોલ થઈ ગયા. આ બધું દેવના મહાન પરાક્રમને લીધે થયું. દેવનું સૌથી મહાન પરાક્રમ તો ઈસુને મૂએલામાંથી ઊઠાડ્યા તે છે. એફેસી ૧;૧૯-૨૦.

ઉત્પત્તિમાં - પૃથ્વીના સર્જનમાં દેવનું જે સામર્થ્ય હતું, તેના કરતાં ઈસુના પુનરુત્થાનમાં અતિ ઘણું વધારે હતું.

દેવનું આ મહાન સામર્થ્ય જાણો. ફિલિપી ૩;૧૦.

**૨. મહાન જૂઠાણું :**

દેવના મહાન સામર્થ્યને, મહાન જૂઠાણાથી દાબી દેવા જગતે પ્રયત્નો કર્યા, પણ નિષ્ફળ ગયા. ચોકીદારો તો નગરમાં જઈને જે બન્યું હતું તે સાચેસાચું કહેવા માગતા હતા, પણ યાજકો અને વડીલોએ લાંચ આપીને તેઓને જૂઠું કહેવાનું દબાણ કર્યું, ''અમે રાત્રે ઊંઘતા હતા ત્યારે શિષ્યો આવીને ઈસુના શબને ચોરી ગયા.'' મહાન જૂઠાણું.

શિષ્યો માટે ઈસુનું શબ ચોરી જવું તદ્દન અશક્ય હતું. કારણ કે :

a. તેઓ બીને નાસી ગયા હતા.

b. રૂમી સિપાઈઓનો ચોકી પહેરો હતો.

c. કબર ઉપર ભારે પથ્થર મૂકીને કબરને સીલ કરવામાં આવી હતી.

**૩. મહાન આજ્ઞા :**

આકાશ તથા પૃથ્વી પર જેને સઘળો અધિકાર અપાયો છે. (કલમ ૧૯), એ અધિકારની રૂએ ઈસુએ આજ્ઞા આપી કે, “જઈને સર્વ દેશનાઓને શિષ્ય કરો, બાપ, પુત્ર અને પવિત્ર આત્માના નામે બાપ્તિસ્મા આપતા જાઓ.”

ઈસુની આ તેની મંડળીને **આજ્ઞા** છે, વિનંતી નથી.

ઈસ્ટરની ઉજવણી કરતાં પ્રેરિત પાઉલના જેવી ઇચ્છા રાખીએ કે, “હું તેને તથા તેના પુનરુત્થાનના સામર્થ્યને જાણું.”

## ૧૪. ઈસુ રડ્યો - ઈસુ ગુસ્સે થયો

લૂક ૧૯;૨૮-૪૪.

ત્રણ વાર ઈસુ રડ્યા તેની નોંધ સુવાર્તિકોએ લીધી છે.

a. લાજરસની કબર આગળ

b. યરુશાલેમને જોઈને

c. ગેથસેમાને બાગમાં

**શા માટે ઈસુ રડ્યા?**

**૧. કારણ કે યરુશાલેમે તેની કૃપા દૃષ્ટિનો સમય જાણ્યો - ઓળખ્યો નહિ.**

શહેરને કૃપાનો અને શાંતિનો સમય આપ્યો, પ્રબોધકો અને રાજાઓ આપ્યા, અનેક તકો આપી તેમ છતાં લોકોએ તેનો ઉપયોગ કર્યો નહિ. માથ્થી ૨૩;૩૭. લોકોની બેદરકારીએ ઈસુના હ્રદયને વ્યથા પહોંચાડી. એમાં લોકો માટેનો ઈસુનો પ્રેમ દેખાય છે.

**૨. તેના ઉપર આવનાર ન્યાયશાસનને કારણે :**

શહેરના લોકોની બેદરકારીને કારણે શહેર ઉપર દેવનું ન્યાયશાસન આવવાનું છે, તેની જે હાલત થવાની છે તેને કારણે ઈસુ રડ્યા.

ન્યાયશાસન - લૂક ૨૧;૨૦-૨૪.

માથ્થી ૨૩;૩૮. ઘર ઉજ્જડ કરવામાં આવશે, લોકોને બંદીવાસમાં લઈ જવાશે. આ બધું બનવાનું છે તે જાણીને ઈસુ દુ:ખી થયા.

ઈસુના મરણ બાદ ૭૦ વર્ષ પછી હિટલરે ૨ લાખ યહૂદીઓની કતલ કરી.

**ઈસુ ગુસ્સે થયા :** માથ્થી ૨૧;૧૨-૧૭.

ઈસુ યરુશાલેમ આવ્યા ત્યારે શહેરને જોઈને રડ્યા અને પછી ગુસ્સે થયા.

**શા માટે ગુસ્સે થયા :**

**a.** કારણ કે લોકોએ પ્રભુના ઘરને અપવિત્ર કર્યું હતું. વેપારનું ધામ બનાવ્યું હતું, લૂંટારાનું કોતર કર્યું હતું, આ બધું જોઈને ઈસુના મનમાં ગુસ્સો આવ્યો. પ્રભુમંદિર પ્રત્યેનો ઈસુનો પ્રેમ અને આસ્થા જોઈ શકાય છે. ઈસુનો આ ગુસ્સો વ્યાજબી હતો.

સ્વ. વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના સમયમાં પંજાબમાં શીખોનાં સુવર્ણમંદિરની આવી જ હાલત થઈ હતી, શસ્ત્રો, દારૂગોળો અને લડાઈનાં સાધનો મંદિરમાં ભરવામાં આવ્યા હતાં. પ્રાર્થનાનું મંદિર આંતકવાદીઓનો અડ્ડો બની ગયું હતું. એ મંદિરમાં ઓપરેશન બ્લુ સ્ટાર કરવા જતાં ઈન્દિરા ગાંધીને જાન ગુમાવવો પડ્યો. આ છે માનવીની ભયાનક્તા.

**b.** મંદિરમાં વેપારીઓ અને ધર્મગુરુઓ ધર્મના નામે લોકોને છેતરતા હતા. વેચવા-લેવામાં અન્યાય કરતા હતા. ગરીબોને લૂંટતા હતા અને વિધવાઓનાં ઘર ખાઈ જતા હતા. નાણાંની અદલાબદલીમાં, પ્રાણીઓનાં અર્પણોમાં લોકોને છેતરવામાં આવતા હતા. આ બધું જોઈને ઈસુ ગુસ્સે થયા. મંદિરને શુદ્ધ કર્યું.

# ૧૫. મૂસા

"જાણે અદૃશ્યને જોતો હોય એમ તે અડગ રહ્યો."

હેબ્રી. ૧૧;૨૭.

ઈશ્વરે મૂસાને વચન આપ્યું હતું કે, "હું તારી સાથે છું." આ વચન ઉપર ભરોસો રાખી મૂસા પ્રત્યેક સંજોગોમાં અડગ રહ્યો, ઘણું સહન કર્યું. (નિર્ગમન : ૩૩;૧૪).

**૧. ફારૂનનો વિરોધ અને તિરસ્કાર સહન કર્યો :**

ફારૂન મૂસાને અને મૂસાના દેવને માનવા તૈયાર નથી. "ઈશ્વર કોણ છે કે તેની વાણીને હું આધીન થાઉં?" નિર્ગમન ૫;૨.

મૂસાએ ફારૂનનો તિરસ્કાર સહન કર્યો અને દેવ પર વિશ્વાસ રાખી અડગ રહ્યો.

**૨. લોકોના ટોળાનો ધિક્કાર અને ફરિયાદો :**

મૂસા ઇસ્ત્રાએલીઓને મિસરમાંથી બહાર કાઢી લાવ્યો, પરંતુ લોકો મૂસાની વિરુદ્ધ કચકચ અને ફરિયાદ કરતા રહ્યા. મિસરમાંની કાકડી અને કચુંબરને યાદ કરીને મૂસાનો વિરોધ કરતા રહ્યા. (ગણના ૧૧;૪-૫). મૂસા ફરિયાદોથી થાકી ગયો હતો (૧૧;૧૪). આમ છતાં વિશ્વાસથી તે અડગ રહ્યો અને બધું સહન કર્યું.

જ્યારે લોકો તમારી વિરુદ્ધ ફરિયાદો કરતા હોય, કચકચ કરતા હોય, ત્યારે ઈશ્વર ઉપર વિશ્વાસ રાખી સહન કરો.

**૩. સગાંઓ અને મિત્રોની ટીકાઓ :**

બીજાઓ તો ઠીક, પણ જ્યારે સગાંઓ અને મિત્રો ટીકાઓ કરે ત્યારે અઘરું લાગે છે.

મરિયમ અને હારૂને પણ મૂસાની ટીકાઓ કરી, કચકચ કરી ત્યારે મૂસાને કેવું દુઃખ લાગ્યું હશે! પ્રભુ ઈસુને પણ તેના ભાઈઓનો વિરોધ સહન કરવો પડ્યો હતો. મૂસાને પણ સહન કરવો પડ્યો (ગણના ૧૨;૧) તેમ છતાં તે અડગ રહ્યો.

**૪. સાથી આગેવાનોનો પડકાર :**

સાથી આગેવાનોએ મૂસા માટે મોટી મૂંઝવણ ઊભી કરી. તેઓ રિપોર્ટ લાવ્યા કે, કનાન જીતવું મુશ્કેલ છે (ગણના ૧૩;૨૬-૩૨). આથી લોકો હિંમત હારી ગયા. નિરાશ થયા ને મૂસા વિરુદ્ધ કચકચ કરવા લાગ્યા. એટલે સુધી કે તેમણે કહ્યું, ચાલો, આપણે બીજો આગેવાન બનાવીએ અને પાછા મિસરમાં જઈએ. (ગણના ૧૪;૧-૪).

વળી અધુરામાં પૂરું કોરાહ, દાથાન અને અબીરામે ૨૫૦ અધિપતિઓને મૂસાની વિરુદ્ધ એકઠાં કર્યા અને મૂસાના અધિકાર સામે પડકાર ફેંક્યો (ગણના ૧૬;૧-૩).

તમારી નિમણૂક પરથી તમને દૂર કરવાના પ્રયત્નો થાય, તમારા અધિકારો સામે પડકાર ઊઠે, તો મૂસાની માફક ઝીલી લો અને વિશ્વાસ રાખી અડગ રહો. જો તમે સાચા છો તો, ઈશ્વર તમારું રક્ષણ કરશે. જુઓ, ગણના ૧૬;૩૦-૩૩, ગી.શા. ૩૭;૯, ૩૫,૩૬.

# ૧૬. કરિંથનું નાળું

૧ રાજા ૧૭;૧-૧૬.

ઈશ્વરની આજ્ઞા પ્રમાણે એલિયા કરિંથના નાળા પાસે જઈને રહ્યો. કાગડા મારફતે ખોરાક મળતો હતો અને નાળાનું પાણી પીને તે રહેતો હતો. હવે ત્યાં લખ્યું છે કે, "થોડી મુદત પછી એમ થયું કે તે પાણીનું નાળું સુકાઈ ગયું."

સવાલ થાય કે નાળું કેમ સુકાઈ ગયું? જે નાળાના પાણી ઉપર એલિયાની શારીરિક જરૂરિયાતનો આધાર હતો એ જ નાળું સુકાઈ ગયું.

## કરિંથનું નાળું કેમ સુકાઈ ગયું?

૧. પાણીનું નાળું સુકાઈ ગયું, એ તો એલિયાની પ્રાર્થનાનો જવાબ હતો. શું એલિયાએ એવી પ્રાર્થના નહોતી કરી કે વરસાદ બંધ થાય! અને ઈશ્વરે તેની પ્રાર્થનાનો જવાબ આપ્યો ને વરસાદ બંધ થયો, અને વરસાદ બંધ થયો એટલે નાળું સુકાઈ ગયું - આ તો સ્વાભાવિક વાત છે.

શું તમે તમારા વિશ્વાસ માટે, ઈશ્વરના આશીર્વાદો માટે આભારની પ્રાર્થના કરી છે? જો ના કરી હોય અને નાળું સુકાઈ જાય તો આશ્ચર્ય પામશો નહિ.

૨. વરસાદ બંધ થવાને કારણે આખા દેશમાં દુકાળ હતો, પાણીની તંગી હતી, ત્યારે કરિંથના નાળાનું પાણી સુકાઈ જાય એમાં નવાઈ શી? જે સ્થિતિ આખા દેશમાં હતી એ જ સ્થિતિ આ નાળાની થઈ. એમાંથી એ બાકાત કેવી રીતે રહી શકે! બીજા લોકો જે દુઃખ ભોગવતા હતા એ જ દુઃખ એલિયાને

પણ વેઠવું પડે એમાં શી નવાઈ? એલિયા એકલો કેવી રીતે બાકાત રહી શકે!

બીજા લોકો જે દુ:ખો ભોગવતા હોય, એવાં દુ:ખો આપણા ઉપર ના આવી શકે, કારણ કે આપણે ખ્રિસ્તી છીએ - એમ માનવાની જરૂર નથી. ખ્રિસ્તી હોવાને કારણે આપણે બાકાત નથી.

૩. ઈશ્વરે ચમત્કાર કરી નાળાને પાણીથી ભરી દીધું નહિ, પણ તેને સુકાઈ જવા દીધું, કારણ કે એલિયા માટે ઈશ્વરની બીજી યોજના હતી. એલિયા ત્યાંથી ઊઠીને ઈશ્વરની બીજી વ્યવસ્થા સ્વીકારે એ માટે નાળાનું પાણી સુકાઈ જવાની જરૂર હતી. ઈશ્વરે એલિયાને સારફાથની વિધવા પાસે મોકલ્યો. એક નાળું સુકાઈ ગયું તો ઈશ્વરે બીજા નાળાની વ્યવસ્થા તૈયાર રાખી હતી.

**ત્રણ બાબતો :**

૧. જ્યારે ઈશ્વર કોઈ એક નાળું સુકાવા દે છે, ત્યારે નવી તકો માટે, નવા આશીર્વાદો માટે હોય છે.

૨. એક નાળું, જેના ઉપર આપણે આધાર રાખતા હોઈએ તે સુકાઈ જાય, તો ઈશ્વર બીજા વધુ સારા નાળાની વ્યવસ્થા આપણા માટે પૂરી પાડશે.

૩. કોઈ એક નાળા ઉપર નહિ, પણ ઈશ્વર ઉપર આધાર રાખીએ. કારણ કે નાળું તો ગમે ત્યારે સુકાઈ જશે.

# ૧૭. ત્રણ બદલાણ

પ્રેરિતોનાં કૃત્યોના અધ્યાય ૮, ૯, ૧૦માં ત્રણ વ્યક્તિઓના બદલાણની વાત મળે છે.

અધ્યાય ૮માં - હબસી ખોજાનું બદલાણ

અધ્યાય ૯માં - તાસર્સના શાઉલનું બદલાણ

અધ્યાય ૧૦માં - રૂમી સૂબેદાર કર્નેલ્યસનું બદલાણ

**ત્રણમાં સામ્ય છે અને તફાવત પણ છે :**

૧. ત્રણે વ્યક્તિઓ સામાન્ય રીતે ધાર્મિક અને નૈતિક રીતે સારી હતી. છતાં ત્રણે ખોવાયેલી હતી. તારણની જરૂરવાળી હતી.

૨. ત્રણે પાસે ખાસ સંદેશાવાહક મોકલવામાં આવ્યા. ઉપદેશ વગર તેઓ કેમ સાંભળશે?

૩. આ ત્રણે વ્યક્તિઓ આખી માનવજાતના પ્રતિનિધિ છે:
હબસી ખોજો - કાળો - એ હામનો વંશજ હતો.
શાઉલ - યહૂદી હતો અને શેમનો વંશજ હતો.
કર્નેલ્યસ - વિદેશી હતો અને યાફેથનો વંશજ હતો.

હામ, શેમ અને યાફેથ ત્રણે નૂહના દીકરા, જેમનાથી આખી માનવજાત ઉત્પન્ન થઈ.

૪. **હબસી ખોજો :** રાજકીય માણસ હતો.
કાંડાકે રાણીનો ખજાનચી.
**શાઉલ :** ઈશ્વરવિદ્યાનો પ્રોફેસર, પ્રખર તત્ત્વજ્ઞાની હતો.
**કર્નેલ્યસ :** મિલટરીનો-લશ્કરી માણસ.

૫. **પહેલો** - હબસી ખોજો દેવનાં વચન વાંચવાથી પ્રેરણા પામ્યો ને બદલાણ થયું.

**બીજો** - શાઉલ, આકાશી દર્શન પામ્યો.

**ત્રીજો** - કર્નેલ્યસ, તેને દૂતનું દર્શન થયું ને બદલાણ પામ્યો.

૬. **હબસી ખોજો** - ઘર તરફ જતો હતો.

**શાઉલ** - ઘેરથી નીકળીને જતો હતો.

**કર્નેલ્યસ** - ઘરમાં હતો.

૭. **હબસી ખોજો** - મનની શાંતિની શોધમાં હતો. અશાંત મનની સ્થિતિમાં હતો.

**શાઉલ** - શાંતિનો ભંગ કરવા જતો હતો. ખ્રિસ્તીઓને પકડવા જતો હતો.

**કર્નેલ્યસ** - દેવની શાંતિની શોધમાં હતો.

## ૧૮. પિતૃદિન

ખ્રિસ્તી મંડળીઓમાં માતૃદિન તો ઉજવાય છે, પણ પિતૃદિન બહુ ઓછો ઉજવાય છે. જેટલું ધ્યાન માતા ઉપર અપાય છે, એટલું પિતા ઉપર અપાતું નથી.

**બાઇબલમાંથી કેટલાક પિતાઓ વિષે :**

**૧. એલ્કાનાહ :** દ્રવ્યવાન હતો અને માનપાત્ર હતો.

**a. ભજનસેવામાં અને ઈશ્વરની સેવામાં પોતાનાં બાળકોને નમૂનો આપતો હતો** ૧ શમૂ. ૧;૩.

વરસોવરસ તે કુટુંબ સાથે શીલોહમાં યહોવાના ભજનને માટે તથા યજ્ઞ કરવા જતો. આ તેના વિષેની સુંદર સાક્ષી પૂરવામાં આવી છે.

નવા કરારમાં ઈસુના પાલક પિતા યૂસફ વિષે પણ આવી જ સાક્ષી છે. "તેનાં (ઈસુનાં) મા-બાપ વરસોવરસ પાસ્ખાપર્વ પાળવા સારુ યરુશાલેમ જતાં હતાં." (લૂક ૨;૪૧).

**b. એલ્કાનાહે પુત્ર શમૂએલને પ્રભુની સેવામાં સોંપવાની બાબતમાં હાન્નાને સહકાર આપ્યો.**

હાન્ના પોતાના પુત્ર શમૂએલને મંદિરમાં સેવા અર્થે સોંપવા એલ્કાનાહને પૂછે છે ત્યારે તેણે જવાબ આપ્યો કે, "તને જે સારું લાગે તે કર" (૧ શમૂ. ૧;૨૩). હાન્નાએ આપેલા વચનની આડે તે આવતો નથી. ના પાડતો નથી, ઉલટાની રાજીખુશીથી સંમતિ આપી.

૨. **ઝબદી :** યાકૂબ અને યોહાનનો બાપ ઝબદી પણ એલ્કાનાહની માફક પોતાના બંને દીકરાને પ્રભુની પાછળ જતાં રોકતો નથી. માથ્થી ૪;૨૨.

ઝબદી વૃદ્ધ હતો, જો બંને જુવાન દીકરા આમ જતા રહેશે તો મારું શું થશે એવો **પ્રશ્ન** તેણે ઊભો કર્યો નહિ. પણ જ્યારે ઈસુએ તેઓને તેડ્યા ત્યારે વૃદ્ધ બાપે આશીર્વાદ આપીને તેમને વિદાય કર્યા. ઝબદીના આ ત્યાગ અને ભોગને ઇતિહાસ અને સુવાર્તાઓ વીસરી ગઈ નથી. નવા કરારમાં જ્યાં જ્યાં યાકૂબ અને યોહાનનું નામ આવે છે ત્યાં વાંચીએ છીએ કે:

"ઝબદીના દીકરા યાકૂબ તથા યોહાન"

૩. **એલી :** આ એક નબળો પિતા ગણાય છે, નિષ્ફળ પિતા ગણાય છે. મંદિરની સેવાના કામમાં એટલો બધો રચ્યો પચ્યો હતો કે બધો સમય એમાં જ જતો, પરિણામે તે પોતાના દીકરાઓ ઉપર પૂરતું ધ્યાન આપી શક્યો નહિ. તેઓને ખોટું કરતાં વારી શક્યો નહિ. તેના બંને દીકરા ઓફની અને ફિનહાસ અવળે માર્ગે ચઢી ગયા, ઈશ્વરને ભૂલી ગયા. પરિણામે એલીના આખા કુટુંબ ઉપર ઈશ્વરનો શાપ આવ્યો. "એલીના કુટુંબ વિષે મેં સમ ખાધા છે કે યજ્ઞથી કે અર્પણથી એલીના કુટુંબની દુષ્ટતાનું પ્રાયશ્ચિત થશે નહિ." (૧ શમૂએલ ૩;૧૪).

વળી, કાળવૃતાંતમાં વંશાવળી આપવામાં આવી છે, ત્યાં એલીની વંશાવળી વિષે લેખક મૌન સેવે છે. એલીની વંશાવળી આપતો નથી.

૪. બીજા રાજાઓના પુસ્તકના અધ્યાય ૪માં એક વિચિત્ર પિતાની વાત મળે છે. ત્યાં એનું નામ આપવામાં આવ્યું નથી. માનું નામ શૂન્નામી છે.

આ કુટુંબમાં ઘણા ભૌતિક આશીર્વાદો મળ્યા હતા.

a. શૂન્નામીનો પતિ પૈસેટકે સુખી હતો ક. ૮.
b. તેની સ્ત્રી ધનવાન ગણાતી ક. ૮.
c. એલિશા ભક્તની મફત પરોણાચાકરી કરતાં હતાં ક. ૮.
d. વધારાની ઓરડી બાંધી હતી ક. ૧૦.
e. તેમની પાસે નોકર-ચાકર હતા. ક. ૧૯, ૨૨.
f. સારી ખેતી હતી.

**પરંતુ આ પિતા વિષે શું કહી શકાય?**

કેમ કે,

a. તેનો દીકરો માંદો હતો, તોપણ તેણે કામને વધારે મહત્ત્વ આપ્યું.
b. માંદા બાળકને નોકરોને હવાલે સોંપ્યું. ક. ૧૯.
c. પાછળથી બાળકની તંદુરસ્તીની તપાસ પણ કરી નહિ ક. ૨૦.
d. બાળક ક્યારે મરણ પામ્યું તે પણ તે જાણતો નથી. ક. ૨૦-૨૨.
e. બાળકને સજીવન કરવામાં આવ્યો એ ચમત્કાર વિષે પણ તેને કશી ખબર નથી. ક. ૩૪-૩૬.
   ઘરમાં શું ચાલે છે તેનાથી અજાણ અને બેદરકાર પિતા કહી શકાય.
f. ભજન કરવામાં પણ તે ગેરહાજર છે ક. ૩૭.
   આભાર માનતો નથી [વહાલા પિતાઓને અર્પણ]

# ૧૯. પ્રભુ પક્ષપાત કરતો નથી.

માણસોમાં પક્ષપાત હોય, નોકરીમાં, બઢતીમાં, પરીક્ષાઓના પરિણામમાં વિગેરે સ્થળે ભેદભાવ કે પક્ષપાત હોઈ શકે, પરંતુ ઈશ્વર કદી પક્ષપાત કરતો નથી. બધા પ્રત્યે સમદૃષ્ટિ ધરાવે છે, ભલા-ભૂંડા બંને ઉપર વરસાદ વરસાવે છે, અને સૂર્ય પણ ઉગાવે છે.

**ત્રણ બાબતોમાં પક્ષપાત નથી :**

૧. **મરણમાં :** ૨ શમૂએલ ૧૪;૧૪.

"બધાએ મરવાનું એ નક્કી છે."

ધનવાન - ગરીબ, ભણેલો - અભણ, ધાર્મિક - અધાર્મિક, પુરુષ - સ્ત્રી, તારણ પામેલો - તારણ નહિ પામેલો - એવા કશા જ ભેદભાવ મરણ રાખતું નથી. દરેકને માટે મરણ નક્કી છે.

૨. **તારણ :**

માણસનું તારણ કરવામાં ઈશ્વર પક્ષપાતી નથી. પ્રે.કૃ. ૧૦;૩૪માં પિતર લખે છે કે "હવે હું જાણું છું કે દેવ પક્ષપાતી નથી, પણ દરેક દેશમાં જે કોઈ તેની બીક રાખે છે ને ન્યાયીપણું કરે છે, તેને તે માન્ય કરે છે."

યોહાન ૩;૧૬.... "જે કોઈ વિશ્વાસ કરશે તે તારણ-અનંતજીવન પામશે" બધાને માટે તારણનો માર્ગ ખુલ્લો છે.

બધાને તારણની ઉદ્ધારનારની જરૂર છે, એમાં પણ કોઈ પક્ષપાત નથી. નિકોદેમસ વિદ્વાન માણસને પણ નવો જન્મ પામવાની જરૂર હતી. કોઈ પક્ષપાત નથી.

### ૩. ન્યાય કરવામાં :

૧ પિતર ૧;૧૭ પ્રમાણે "અને જે પક્ષપાત વગર, તેની કરણી પ્રમાણે દરેકનો ન્યાય કરે છે... તેથી તમારા અહીંના પ્રવાસનો વખત બીકમાં કાઢો."

દરેકનો ન્યાય થવાનો છે, દરેકને ઈશ્વરના ન્યાયાસન આગળ ઊભા રહેવાનું છે, દરેકને જવાબ આપવાનો છે, એમાં કોઈ જ ભેદભાવ-પક્ષપાત નથી. કોઈ બાકાત નથી.

"તારા કારભારનો હિસાબ આપ" એ સવાલનો સામનો દરેક જણને કરવાનો છે.

# ૨૦. ત્રણ આપઘાત

બાઇબલમાં ત્રણ વ્યક્તિઓના આપઘાતની વાત નોંધવામાં આવેલી છે. આ ત્રણે વ્યક્તિઓ ઈશ્વરની પસંદ કરાયેલી હતી, છતાં તેઓનો અંત આપઘાતથી આવ્યો.

**૧. યહૂદા ઇસ્કારીઓત :**

ઈસુએ તેને શિષ્ય થવા તેડ્યો હતો, તેના ઉપર વિશ્વાસ મૂક્યો હતો, તેમ છતાં તેણે ઈસુને પરસ્વાધિન કરાવ્યા અને આપઘાત કરીને મરી ગયો.

**કારણ :** લોભ, પૈસાની લાલચ, મોટા થઈ જવાની મહત્ત્વકાંક્ષા.

**૨. શાઉલ રાજા :**

ઇસ્ત્રાએલનો પ્રથમ રાજા, પસંદ કરાયેલો તેમ છતાં લડાઈના મેદાનમાં પોતાની જ તરવાર પર પડીને આપઘાત કર્યો.

**કારણ :** સત્તાનો મોહ, અને એ મોહમાં આંધળો બનીને દાઉદને દુશ્મન બનાવ્યો.

**૩. સામશૂન :**

પસંદ કરાયેલો ઇસ્ત્રાએલનો ન્યાયાધીશ, બળવાન માણસ, પરંતુ અંધ બની ગયો, ગુલામ બન્યો અને આખરે મકાન પાડી નાખી પોતે તેની નીચે ચગદાઈ મર્યો.

**કારણ :** સ્ત્રી પ્રત્યેનો મોહ, લાલસા, વાસના.

# ૨૧. ચાર માર્ગ

"તમારું હિત થાય માટે જે માર્ગો મેં તમને ફરમાવ્યા છે તે સર્વ માર્ગોમાં તમે ચાલો." (યિર્મે. ૭;૨૩).

**૧. દમસ્કનો માર્ગ :**

તાર્સસનો શાઉલ યરુશાલેમથી દમસ્કના માર્ગે જતો હતો, અને માર્ગમાં તેને ઈસુ ખ્રિસ્ત મળ્યા, તેનું બદલાણ થયું, અને શાઉલમાંથી તે પાઉલ બન્યો. નવું નામ મળ્યું, નવું કામ મળ્યું. પ્રે.કૃ. ૯.

આ માર્ગ વ્યક્તિગત અનુભવ અને બદલાણનો માર્ગ છે.

**અયૂબ :** "હું જાણું છું કે મારો ઉદ્ધારનાર જીવે છે."

**આંધળો માણસ :** "એક વાત હું જાણું છું, કે હું આંધળો હતો, પણ હવે દેખતો થયો છું."

**૨. યરુશાલેમની કાલવરીનો માર્ગ :**

વધસ્તંભ ઊંચકીને ઈસુ આ માર્ગે ચાલ્યા. આ માર્ગ દુ:ખ સહનનો માર્ગ છે, આ માર્ગ શિષ્યપણાનો માર્ગ છે, આ માર્ગ સ્વનકારનો માર્ગ છે, આ માર્ગ નમ્રતાનો માર્ગ છે.

"જે કોઈ મારી પાછળ આવવા ચાહે તેણે પોતાનો નકાર કરવો અને પોતાનો વધસ્તંભ ઊંચકીને મારી પાછળ આવવું."

"સ્તંભને ઊંચક, બીતો મા,
તુજ આગળ આ વાટ ચાલ્યો હું
આજ લગ તેમાં છે મહિમા." ભજનસંગ્રહ ગીત ૩૭૩.

**૩. યરુશાલેમથી યરેખોનો માર્ગ :**

"એક માણસ યરુશાલેમથી યરેખો જતો હતો...."

આ માર્ગે ભલો સમરૂની આવ્યો, તેણે ઘાયલ માણસના ઘા રૂઝવ્યા.

આ સેવાનો માર્ગ છે. બીજાના ઘા રૂઝવવાનો માર્ગ છે. અન્યને મદદ કરવાનો માર્ગ છે.

**૪. યરુશાલેમથી એમોસનો માર્ગ :**

કલીઓપાસ અને તેનો મિત્ર આ માર્ગે જતા હતા. તેઓ નિરાશ અને શંકાથી ઘેરાયેલા હતા. તેઓની આંખો બંધ હતી. લૂક ૨૪.

આ માર્ગ નિરાશાનો અને શંકાઓનો માર્ગ હતો, પરંતુ માર્ગમાં ઈસુ તેમને મળ્યા. તેમની નિરાશા દૂર કરી. તેમની શંકાઓનું સમાધાન કર્યું અને તેમની બંધ આંખો ખોલી નાખી. આ માર્ગ પર જતાં ઈસુ આપણી આંખો ઉઘાડે છે. અને આપણે ઈસુને ઓળખી શકીએ છીએ.

આ ચારે માર્ગ યરુશાલેમથી નીકળે છે, અને વિવિધ દિશામાં જાય છે.

જો અગાઉ તમે આ માર્ગે ગયા ના હો, તો પ્રભુ યહોવા કહે છે :

"જે માર્ગે તમે અગાઉ કદી ગયા નથી
તે માર્ગે હું તમને ચલાવીશ."

# ૨૨. ઈસુની વંશાવળી

માથ્થી : પ્રથમ અધ્યાય

ઈસુની વંશાવાળીના ત્રણ તબક્કા પાડવામાં આવ્યા છે :

ઇબ્રાહીમથી દાઉદ સુધી - ૧૪ પેઢી.

દાઉદથી બાબેલના બંદીવાસ સુધી - ૧૪ પેઢી.

બંદીવાસથી ઈસુ ખ્રિસ્ત સુધીની - ૧૪ પેઢી.

આ ત્રણ તબક્કા યહૂદી ઇતિહાસના મહત્ત્વના તબક્કા છે.

આ વંશાવળીમાં ચાર સ્ત્રીઓનાં નામ જોવા મળે છે. યહૂદીઓ તેમની વંશાવળીમાં સ્ત્રીનું નામ કદી મૂકે નહિ. પણ અહીં માથ્થીએ ચાર સ્ત્રીઓના નામ મૂકીને મોટું આશ્ચર્ય ઉપજાવ્યું છે.

**આ ચાર સ્ત્રીઓ :**

**૧. રાહાબ** - યરેખોની વેશ્યા હતી. યહોશુઆ ૨;૭.

**૨. રૂથ** - બિનયહૂદી - મોઆબેણ હતી. મોઆબીઓને યહૂદીઓ ધિક્કારતા હતા.

**૩. તામાર** - વ્યભિચારીણી સ્ત્રી ગણાતી હતી. ઉત્પતિ ૩૮.

**૪. બાથશેબા** - સુલેમાન રાજાની મા. તે ઉરીયાની પત્ની હતી, પણ દાઉદ રાજાએ બળજબરીથી તેને પોતાની બનાવી હતી. ૨ શમૂએલ ૧૧;૧૨.

ઈસુની વંશાવળીમાં આ ચાર નામ મૂકીને માથ્થીએ બતાવી આપ્યું, કે ઈસુ ખ્રિસ્તમાં દીવાલો અને અંતરાયો દૂર કરવામાં આવ્યા છે.

૧. ખ્રિસ્તમાં યહૂદી-બિનયહૂદીનો ભેદ દૂર કરવામાં આવ્યો છે. રાહાબ અને રૂથ બિનયહૂદી સ્ત્રીઓ હતી.

૨. પુરુષોના નામોની સાથે સ્ત્રીઓનાં નામ મૂકીને માથ્થી જણાવે છે, કે દેવના રાજ્યમાં કોઈ પુરુષ નથી, કોઈ સ્ત્રી નથી. પુરુષ-સ્ત્રીનો ભેદ દૂર કરવામાં આવ્યો છે.

૩. દેવના રાજ્યમાં અને ખ્રિસ્ત ઈસુમાં સંત અને પાપી વચ્ચેની દીવાલ તોડી નાખવામાં આવી છે, પાપી ગણાતી સ્ત્રીને પણ ઈસુની વંશાવળીમાં સ્થાન અપાયું છે. ઈશ્વર તેની યોજનામાં પાપી માણસનું બદલાણ કરીને તેને વાપરી શકે છે.

ઈસુએ કહ્યું : હું ન્યાયીઓને નહિ, પણ પાપીઓને તેડવા આવ્યો છું.

માથ્થીએ તેની સુવાર્તાની શરૂઆતમાં વંશાવળીથી કરીને આખી સુવાર્તાનું હાર્દ ખુલ્લું કર્યું છે, દેવની યોજના અને દેવનો પ્રેમ ખુલ્લાં કર્યા છે.

# ૨૩. ઈસુનું મન

"ખ્રિસ્ત ઈસુનું મન જેવું હતું તેવું તમે પણ રાખો." ફિલિપી ૨;૫.

**ઈસુનો નમૂનો :**

**૧. તમારા હકને વળગી રહેશો નહિ :**

"પોતે દેવ સમાન હોવા છતાં તેણે દેવસમાન પકડી રાખવાને ઇચ્છ્યું નહિ." કલમ ૬.

પ્રેરિત પાઉલ ૧ કોરિંથી ૯;૪-૧૨માં પોતાના હક ગણાવે છે, પરંતુ સુવાર્તાને લીધે તેણે પોતાના એ બધા હકો જતા કર્યા.

Do not demand your own rights. હક કરતાં ફરજને વધારે મહત્ત્વ આપો.

**૨. સેવક બનો :**

**તેણે દાસનું રૂપ ધારણ કર્યું.** કલમ ૭.

ઈસુએ પોતાને ખાલી કર્યો, દાસ માટે ગ્રીકમાં અહીં જે શબ્દ વપરાયો છે તેનો ખરો અર્થ "ગુલામ" થાય છે, અને ગુલામને કશા હક હોઈ શકે નહિ.

ઈસુએ કહ્યું : "જે કોઈ પ્રથમ થવા ચાહે તે સર્વનો દાસ થાય" માર્ક ૧૦;૪૪.

સેવક થઈને ઈસુએ રૂમાલ લીધો. યોહાન ૧૩.

**૩. નમ્ર બનો :**

**"તેણે પોતાને નમ્ર કર્યો."** કલમ ૮.

તેણે પોતાને એટલો બધો નમ્ર કર્યો કે, તે ધિક્કારાયેલો

અને તરછોડાયેલો બન્યો. જેને જોઈને લોકો મુખ અવળું ફેરવે એવો બન્યો. યશા. ૫૩.

નમ્ર જનોને ધન્ય છે, કેમ કે તેઓ પૃથ્વીનું વતન પામશે.

**૪. આધીન બનો :**

**વધસ્તંભના મરણને આધીન થઈને.** ક. ૮.

ઇસ્હાક પોતાના પિતાની ઇચ્છાને આધીન હતો.

ઈશ્વર યજ્ઞ કરતાં આજ્ઞાપાલન ચાહે છે. પિતર, તું નહિ ચાહતો હોય ત્યાં બીજા તને બાંધીને લઈ જશે - એ માટે તું તૈયાર છે? તો મારી પાછળ આવ.

ઈશ્વર કહે, તે કરવા તૈયાર છો?<br>
તે મોકલે, ત્યાં જવા તૈયાર છો?<br>
તે આપે, તે લેવા તૈયાર છો?<br>
તે માગે, તે આપવા તૈયાર છો?<br>
- તો મારી પાછળ આવો.

Love so amazing, so divine,<br>
demands my soul, my life, and my all.

## ૨૪. ત્રણ રાજ્યાભિષેક - ત્રણ મુગટ

ઇંગ્લાંડનાં રાણીના રાજ્યાભિષેક વખતે તેમને તરવાર, રાજદંડ, પૃથ્વીનો ગોળો, વિંટી અને રાજમુગટ યથાવિધિ પ્રાર્થનાપૂર્વક આપવામાં આવે છે. તેમના માથે રાજમુગટ મૂકવાની ક્રિયા પૂરી થયા બાદ ધર્માધ્યક્ષો અને અમીર-ઉમરાવો તેમને વંદન કરે છે. ત્યાર બાદ અગત્યની વિધિ આવે છે. રાણી પોતાનો કિંમતી મુગટ ઉતારીને બાજુએ મૂકે છે, અને પ્રભુભોજન માટે ઘૂંટણે પડે છે. રાજાઓના રાજાની આગળ રાણી પોતાનો મુગટ ઉતારીને ઘૂંટણે પડે છે.

**I માણસોને હાથે થયેલો ખ્રિસ્ત ઈસુનો રાજ્યાભિષેક :** યોહાન ૧૯;૨.

વધસ્તંભ ઉપર ઈસુનો રાજ્યાભિષેક કરતાં કાંટાનો મુગટ ઈસુને પહેરાવવામાં આવ્યો. હાથમાં રાજદંડ તરીકે સોટી આપવામાં આવી, અને સલામ કરતાં કહેવામાં આવ્યું કે, "સલામ, યહૂદીઓના રાજા!" "ઈસુ નાઝારી યહૂદીઓનો રાજા!" એવો લેખ કોતરાવ્યો. જાંબુડીયા રંગનો ઝભ્ભો પહેરાવ્યો.

કાંટાનો મુગટ, એ દુ:ખ અને મરણની નિશાની છે. માનભંગ થયાની નિશાની છે. માનવજાતનાં પાપનું પરિણામ છે.

**II દેવને હાથે થયેલો ખ્રિસ્તનો રાજ્યાભિષેક :** હેબ્રી ૨;૯.

વધસ્તંભ ઉપર માનભંગ અને શરમનો મુગટ પહેરાવવાને કારણે હવે દેવ બાપે તેને ઊંચો કર્યો (ફિલિપી ૨;૯), અને માન અને મહિમાનો મુગટ પહેરાવ્યો. હવે ઈસુ માત્ર સુથારનો

દીકરો નહિ. પણ દેવનો દીકરો છે. વિજયવંત રાજા છે. ગૌરવ અને માનનો મુગટ પહેરેલો, ખ્રિસ્ત દેવને જમણે હાથે બેઠેલો છે.

ક્યાં કાંટાનો મુગટ પહેરેલો નમ્ર અને દીન ઈસુ, અને ક્યાં ગૌરવનો મુગટ પહેરેલો મહિમાવંત ઈસુ.

**III ઈસુને હાથે થનાર આપણો રાજ્યાભિષેક : યાકૂબ ૧;૧૨.**

રાજા તથા ન્યાયાધીશ તરીકે આવનાર ખ્રિસ્તના હાથે આપણો રાજ્યાભિષેક કરવામાં આવશે, મુગટો પહેરાવવામાં આવશે. ઈસુ પર વિશ્વાસ કરનારાઓને ન્યાયી ઠરાવીને તેઓને જીવનનો અને ન્યાયીપણાનો મુગટ પહેરાવવામાં આવશે. પ્રેરિત પાઉલ ખાતરીથી જણાવે છે કે "મારે સારુ ન્યાયીપણાનો મુગટ રાખી મૂક્યો છે, તે અદલ ઇન્સાફ કરનાર ન્યાયાધીશ મને આપશે, અને કેવળ મને જ નહિ, પણ જે સર્વ તેના પ્રગટ થવાની ઇચ્છા રાખે છે તેઓને પણ આપશે." ૨ તીમોથી ૪;૮.

ડી. એલ. મૂડી, ગંભીર માંદગીમાં હતા ત્યારે છેલ્લો શ્વાસ લેતાં તેમણે તેમની પત્ની અને બાળકોને જણાવ્યું કે, "આ મારો વિજય છે. મારો મુગટ ધારણ કરવાનો દિવસ છે, આ મારા રાજ્યાભિષેકનો દિવસ છે, તે મહિમાવાન છે."

# ૨૫. લુતની વહુને સંભારો

લૂક ૧૭;૩૨.

પ્રભુ ઈસુના બીજા આગમન વખતે શું બનશે એ બે બનાવો દ્વારા સમજાવવામાં આવ્યું છે. નૂહના દિવસોમાં થયું તેમ તથા લોટના દિવસોમાં થયું તેમ થશે.

લુતની સ્ત્રીનો બચાવ થાય એ માટે ઘણાં કારણો હતાં, તેને ઘણી તકો મળી હતી, તેમ છતાં તેનો નાશ થયો.

૧. તે એક ન્યાયી અને ધાર્મિક માણસની પત્ની હતી. ૨ પિતર ૨;૭-૮. ન્યાયી માણસની પત્ની હોવા છતાં તેનો બચાવ થયો નહિ. સગાં-વહાલાં ધાર્મિક-ન્યાયી હોય તેથી ફાયદો થશે નહિ. કારણ એ વ્યક્તિગત બાબત છે.

૨. આ સ્ત્રીએ દૂતોને પરોણા રાખ્યા હતા. તેમને ભોજન જમાડ્યું હતું - છતાં તે બચી નહિ. ઉત્પતિ ૧૯;૩. પ્રભુના સેવકોને મદદ કરવી તે સારું છે, પણ તેનાથી તારણ થશે નહિ.

૩. આ સ્ત્રીને પ્રભુ તરફથી સીધો સંદેશો મળ્યો હતો. (ક. ૧૩). સદોમના નાશ વિષે તેને અગાઉથી ખબર આપવામાં આવી હતી, છતાં તેનો બચાવ થયો નહિ.

૪. લુતની સ્ત્રીએ ચમત્કાર જોયો હતો. કલમ ૧૧. દૂતોએ ચમત્કાર કરીને એકઠા થયેલા લોકોને આંધળા કરી નાંખ્યાં એ સ્રીએ જોયું હતું, છતાં તે બચી નહિ. ચમત્કારો માણસને બચાવી શકે નહિ.

૫. દૂતો જાતે આ સ્ત્રીનો હાથ પકડીને તેને નગરની બહાર લાવ્યા હતા (ક. ૧૬, ૧૭) બચાવ પામવા તેણીને

૭. "People do not miss Church service because they live too far from the church building, It is because they live too far from God."

૮. "આપણા જીવનમાં વર્ષો ઉમેરાયા કરે એ પૂરતું નથી; આપણા વર્ષોમાં જીવન ઉમેરાયા કરવું જોઈએ."

૯. લોર્ડ લિંગ ડેઈલ કહે છે - ૦

"એક પલ્લામાં મારી મા મૂકો અને બીજા પલ્લામાં આખું જગત મૂકો, તો મા વાળું પલ્લું નમી જશે."

૧૦. "પ્રેમ અને યુદ્ધ સરખાં છે, તેમાં શરૂઆત કરવી સહેલી છે, અટકવું અઘરું છે."

૧૧. બર્નાડ શૉ કહે છે -

"જીવનમાં સૌથી મોટી બે કરુણતા છે,
એક પરણવું તે, અને બીજી, નહિ પરણવું તે."

૧૨. અમર્સન કહે છે -

"સુખ એવી જાતનું અત્તર છે, જે બીજાની ઉપર છાંટતી વખતે તેના છાંટા તમને પણ ઊડ્યા વગર રહે નહિ."

૧૩. "અસત્ય શબ્દમાં જ પ્રગટ થાય છે એવું નથી, આંકડામાં પણ પ્રગટ થાય છે."

૧૪. જોન વેસ્લીએ સલાહ આપતાં કહ્યું -

"તમે જેટલું કરી શકો એટલું ભલું કરો,
કરી શકો એ બધી રીતે કરો,

કરી શકો એ બધો સમય કરો,
કરી શકો એ બધા લોકોનું કરો,
કરી શકો ત્યાં સુધી કરો. - ભલું કરો."

૧૫. જવાહરલાલ નહેરુએ કહ્યું -

"હું એક વાર ગુસ્સે થાઉં છું, તો પછી મારો ગુસ્સો કાબૂમાં રહેતો નથી; પણ મારા કાબૂમાં ના હોય એવાં ઘણાને કાબૂમાં લાવી શકું છું."

૧૬. "You are guilty, unless you prove your inocent,
you are inocent, unless you are proved guilty.

૧૭. નમ્રતાને હવા ભરેલા ઓશીકા સાથે સરખાવવામાં આવી છે. જેમાં, જો કે કશું હોતું નથી, છતાં તે ધક્કાઓને આશ્ચર્યજનક રીતે હળવા તો કરે છે.

૧૮. બિલી ગ્રેહામ :

"અંત્યોખની મંડળી બે યહૂદી, બે હબસી અને એક રોમનની બનેલી હતી. જાતિ અને વર્ગનું મહત્ત્વ નથી. તેઓ કોણ હતા એ નહિ, પણ કોના હતા (ખ્રિસ્તના) તે અગત્યનું હતું."

૧૯. "રસ્તે પડ્યા તો,
રણમહીં રસ્તા પડી ગયા;
બેસી રહ્યા જે મંજિલે,
ભૂલા પડી ગયા."

૨૦. "Cover up your sins, and God will uncover them in Judgement,
uncover your sins, and God will cover them in grace.

૨૧. જર્મનીના એક પ્રોટેસ્ટંટ મિનિસ્ટર રેવ. માર્ટિન નિયોમોલર, હીટલરના સમયમાં મંડળીની નિષ્ક્રિયતા વિષે આ પ્રમાણે કહે છે :

"In Germony, the Nazis first came for the communists, and I did not speak up because I was not a communist.

Then they came for the Jews, and I did not speak up because I was not a Jew.

They they came for trade unionist, and I did not speak up because I was not a trade unionist.

Then they came fot the catholics, and I was a protestant, So I did not speak up.

Then they came for me... by that time there was no one to speak up for me."

## ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના અન્ય પ્રકાશનો

| ક્રમ | પુસ્તકનું નામ | રકમ |
|---|---|---|
| ૧ | પ્રેષિતોના કાર્યો દ્વારા મળતો ઈશ્વરી સંદેશ | ૮૦-૦૦ |
| ૨ | માર્કનો સંદેશ | ૫૦-૦૦ |
| ૩ | ગિરિપ્રવચનનો સંદેશ | ૪૦-૦૦ |
| ૪ | કરિંથવાસીઓને લખેલા પહેલા પત્રનો સંદેશ | ૪૦-૦૦ |
| ૫ | અયૂબ | ૬૦-૦૦ |
| ૬ | રૂથનો સંદેશ | ૨૫-૦૦ |
| ૭ | વિશ્વવ્યાપી જળપ્રલય | ૧૫-૦૦ |
| ૮ | તમારા સંજોગોના સંચાલક | ૨૫-૦૦ |
| ૯ | ખાલી કબરનો ચુકાદો | ૨૦-૦૦ |
| ૧૦ | માણસના મૃત્યુ પછી તેના શરીર અને આત્માનું શું થાય છે? | ૩૦-૦૦ |
| ૧૧ | વધામણીની વાતો | ૧૦-૦૦ |
| ૧૨ | નાતાલની વાતો | ૧૦-૦૦ |
| ૧૩ | બારાબ્બાસ | ૩૦-૦૦ |
| ૧૪ | ઝબકાર અને ઝાંખી | ૨૦-૦૦ |
| ૧૫ | પ્રબોધકો અને તેના કાર્યો | ૨૦-૦૦ |
| ૧૬ | રેવ. થોમાભાઈ પાથાભાઈ | ૧૦-૦૦ |
| ૧૭ | આત્મામાં સ્વપ્નો અને સંદર્શનો | ૧૫-૦૦ |
| ૧૮ | બેન-હર | ૨૦-૦૦ |
| ૧૯ | કૌટુંબિક વેદી | ૧૦-૦૦ |
| ૨૦ | પુલ્પિટ હેલ્પસ ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૨૧ | પુલ્પિટ હેલ્પસ ભાગ-૩ | ૩૦-૦૦ |
| ૨૨ | વિશ્વાસ માર્ગદર્શિકા | ૨૫-૦૦ |
| ૨૩ | વધસ્તંભના સપ્તવચન | ૧૫-૦૦ |
| ૨૪ | ફબીઓલા | ૩૫-૦૦ |
| ૨૫ | વધસ્તંભ અને ચપ્પુ | ૩૫-૦૦ |
| ૨૬ | વહાલાં પંખીડા | |
| ૨૭ | ચિરાયેલો પડદો | |
| ૨૮ | નિર્મળા | |
| ૨૯ | યોનેકો | |
| ૩૦ | અને કમાની આંસુભરી પ્રાર્થનાનાં પરિણામ | ૧૫-૦૦ |
| ૩૧ | સભાશિક્ષક | ૩૦-૦૦ |

28BGP2